પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર


॥ ૨૦ ॥

બંગાળી લિપિમાં
શ્રી નવકાર મહામંત્ર

নমো অরিহংতাণং
নমো সিদ্ধাণং
নমো আয়রিয়াণং
নমো উবজ্ঝায়াণং
নমো লোএ সব্বসাহূণং
এসো পঞ্চ নমূক্কারো
সব্ব পাবপ্পণাসণো
মংগলাণং চ সব্বেসিং
পঢমং হবঈ মংগলং।

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદિવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદિવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદિવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# Bengali language

অ আ ই ঈ উ ঊ ঋ ঌ এ

অ আ ই ঈ উ ঊ ঋ ঌ এ

ঐ ও ঔ অং অঃ

ঐ ও ঔ অং অঃ

ক খ গ ঘ ঙ চ ছ জ

ক খ গ ঘ ঙ চ ছ জ

ঝ ঞ ট ঠ ড ঢ ণ ত

ঝ ঞ ট ঠ ড ঢ ণ ত

থ দ ধ ন প ফ ব ভ ম

থ দ ধ ন প ফ ব ভ ম

য র ল য শ ষ স হ ড়

য র ল য শ ষ স হ ড়

ক্ষ ঢ় য় ং ঃ ঁ

ক্ষ ঢ় য় ং ঃ ঁ

১ ২ ৩ ৪ ৫ ৬ ৭ ৮ ৯ ১০

১ ২ ৩ ৪ ৫ ৬ ৭ ৮ ৯ ১০

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૨૦ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

नमो


- **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 20**

June 2019
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

- **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

- **SPONSOR**

Shri C. K. Mehta
Mumbai

---

- **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com
www.navkarday.com
Amazon Kindle

---

- **SHRI AARADHNA DHAM JAIN TIRTH**

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


- **ખાસ વિજ્ઞપ્તિ**

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.

# નમો




ગઈકાલે સાંજે ૪ વાગ્યે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માંથી વાંચના ચાલતી હતી, તેમાં સહજમલ અને તથાભવ્યત્વનાં ભાવોનું સવિસ્તર વિવેચન કરતાં-કરાવતાં થયું કે આવા પદાર્થો આટલી સરલ રીતે પ્રસ્તુત કરનાર સાહેબજીએ પ્રથમ પોતે આ પદાર્થો સાથે કેવો તાર જોડયો હશે કે 'આપણું અનિષ્ટ કરનાર વ્યક્તિ તો ફક્ત ને ફક્ત સહજમલનાં દબાણના કારણે પ્રવૃત્તિ કરનાર ગૌણ નિમિત્ત છે' એમ સંવેદી શક્યા!

આવા અન્ય અદ્‌ભૂત ચિંતનો સાહેબજીના જ શબ્દોમાં જોઈએ તો : જ્યારે પણ જીવ ઉપર અશુભનું દબાણ જણાય, ત્યારે તેમાં કોઈ બાહ્યકારણનું બળ છે એ કલ્પના ભ્રાન્ત છે, મુખ્ય બળ તો સહજમલનું છે. શુભતત્ત્વનું જોર જણાય ત્યારે તે પરમેષ્ઠિ ભગવંતો અને બાહ્યનિમિત્તોનો પ્રભાવ છે એમ સમજવું. બાહ્યનિમિત્તો બળવાન છે પણ તે જીવને ઉંચે લઈ જવા માટે. નીચે તો તે પોતાના કારણે જ પડે છે.

જેમ ચઢવા માટે નિસરણી આવશ્યક છે, પણ પડવાની ક્રિયા કોઈના આધારે થતી નથી પણ સ્વયમેવ થાય છે, તેમ જીવનું ઉર્ધ્વગમન આલંબનોથી અને જીવનું પતન સ્વયમેવ થાય છે, એમ માનીએ તો જ સહજમલને અને તથાભવ્યત્વને માન્યું કહેવાય, કેમકે પોતાની મેળે તથાભવ્યત્વનો વિકાસ નથી, જ્યારે સહજમલ તો પોતાની મેળે જ કાર્ય કરે છે. સમગ્ર સૃષ્ટિ અને તેમાં રહેલા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવો જીવના તથાભવ્યત્વના વિકાસમાં પ્રતિપળ સહાય કરે છે. એક બીજું સુંદર ચિંતન : ચિત્તને શુદ્ધ તથા સ્થિર કરવાનો ઉપાય મૈત્ર્યાદિભાવો અને ઈશ્વર પ્રણિધાન છે.

# નમો

સુખીને જોઈને મૈત્રી ઉદ્ભવે પણ ઈર્ષ્યા નહીં, દુઃખીને જોઈને કરૂણાર્દ્રતા રહે પણ તટસ્થતા નહીં, ગુણીને જોઈને અનુમોદન થવું જોઈએ પણ દ્વેષ નહીં, પાપીને જોઈને ઉદાસીનતા કેળવાય પણ તિરસ્કાર નહીં.

આવા અનુપમ ને પરમાત્મભાવની નજીક લાવનારા આત્મહિતકારી ચિંતનોનાં ધોધને ઝીલવાનો અવસર આપણને મળ્યો, તેમાં પરમકૃપાળુ પરમાત્માની અસીમ અમીવૃષ્ટિ તો ખરી જ, સાથે સાહેબજીની અનરાધાર કૃપા કે સ્વઆત્મકલ્યાણ માટે જો આવા ચિંતનો આલેખ્યા ન હોત, તો તેનાં વાચક-વાહક આપણે ન બની શક્યા હોત!

૭૦ વર્ષથી ૪૫ વર્ષ પૂર્વે સુધી આ ડાયરીઓ સુરક્ષિત રહી શકી, તેમાં અધ્યાત્મયોગી આચાર્યદેવ શ્રીમદ્વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજા, અમારા ગુરૂમહારાજ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજયકુંદકુંદસૂરીશ્વરજી મહારાજ આદિ મહાત્માઓનું ઋણ માથે ચડાવવું રહ્યું તથા શ્રાવકોમાં હિંમતભાઈ બેડાવાળા, બાબુભાઈ કડીવાળા, ચંદ્રકાંતભાઈ કાંતિલાલ, હીરાભાઈ અમદાવાદવાળા અને મુંબઈના સી.કે.મહેતા જેવા આરાધકોનું. અમુકને સાહેબજીએ છુટક-છુટક ડાયરીઓ વાંચવા આપેલી, જ્યારે છેલ્લે રાજકોટવાળા શશીકાંતભાઈ મહેતા પાસે તો ઘણી ડાયરીઓ સુરક્ષિત હતી. અન્ય સ્થાનોએથી પણ ડાયરીઓ આવતાં આ તત્ત્વખજાનો સમૃદ્ધ થતો જ રહ્યો.

આપણા સુધી આજે આવી શ્રેષ્ઠ રીતિએ પહોંચાડવાનું શ્રેય તો બે પુણ્યાત્માઓને ફાળે જાય છે : તેમાં એક શ્રાદ્ધવર્ય પરમ ગુરૂભક્તાત્મા **સી.કે.મહેતા**ની અગાધ આર્થિક ઉદારતા, સહયોગ અને બીજા સુશ્રાવિકા પરમ વિનયશીલ **ભારતીબેન દિપકભાઈ મહેતા**નો અંતરની ભક્તિપૂર્વકનો બૌદ્ધિક અને માનસિક કાર્યશ્રમ! તે બંનેનું પરિણામ એટલે જ આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ભાગ ૨૦.

બસ, પૂજ્ય દાદાગુરૂમહારાજ પંન્યાસજી ભગવંતના હસ્તાક્ષરે લખાયેલ આલેખાયેલ આ અદ્ભૂત ચિંતનોનાં પઠન-પાઠન દ્વારા સૌ આત્મશ્રેયને સાધનારા બનીએ.

જૂન, ૨૦૧૯
**હાલાર તીર્થ, આરાધનાધામ.**

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

નમો



## કલ્પ અને યુગની સામે
## મારા આ ૮ દસકા મહામૂલાં...

જેઓએ પૂજ્ય પંન્યાસજી મહારાજને પ્રત્યક્ષ જોયા કે સૂણ્યાં નથી, તેઓની કોરી આંખો કે કાનને પણ આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની શ્રેણીમાં પૂજ્ય ગુરુમહારાજનું સૂક્ષ્મ દર્શન-શ્રવણ થાય છે, તે જાણીને અત્યંત હર્ષ થાય છે અને જેઓએ તેમને જોયા-જાણ્યા-સૂણ્યા છે, તેવા પૂણ્યાત્માઓ માટે તો વાંચન વેળાએ છે જાણે રોજ દિવાળી કે દર મહિને અક્ષયપાત્ર મળ્યે 'જ્ઞાનપાંચમ' સમો નિરવધિ આનંદ!

સાધુતાને શિખરે બિરાજેલ મારા ગુરુમહારાજ ખરે જ અસાધારણ હતા! તેઓએ એકદા એક સંસ્કૃત શ્લોકનો અનુવાદ કરી મને સમજાવેલું કેઃ કષ્ટ કરીને ગુમાવેલું ધન પણ પરત મળી શકે, અભ્યાસ કરીને જતી રહેલી વિદ્યા ય પરત મળે, ઉપચાર કરીએ તો બગડેલું આરોગ્ય પણ પાછું ફરે... કિન્તુ આ પળ... જે ગઈ, તે તો ગઈ જ!

આ લખું છું ત્યાં જ જૂઓ, આ પળ વર્તમાનમાંથી અતીત બની ગઈ અને ભવિષ્યની પળ વર્તમાન બનીને સામે આવી ગઈ! સમયને ન તો પકડી શકાય, ન સંગ્રહ કરી શકાય. બસ, વીજળીને ઝબકારે અનાદિ-અનંત સમયને પસાર થતો જોઈ શકાય. એવા અનેક કલ્પ અને યુગની સામે મને મળેલા આ ૮ દસકાઓ મારી માટે વધુ મહામૂલાં છે, કારણકે એમાં મળી રહ્યો છે ચિરંજીવ બની રહેવા સર્જાઈ રહેલ આ અક્ષયપાત્રોનો મહામૂલ્યવાન આભ સમો લાભ!

જૂન, ૨૦૧૯
મુંબઈ

સી. કે. મહેતા









'અમૃતં તુ વિદ્યા ।' 'સા વિદ્યા યા વિમુક્તયે ।'

'શીલવ્રતફલા વિદ્યા ।'

'જ્ઞાનસ્ય ફલં વિરતિઃ ।'

'બ્રાહ્મી તુ ભારતી ભાષા ગીર્વાગ્ વાણી સરસ્વતી ।'

## નૂતન વર્ષે પ્રાર્થના

તરંગો મૈત્રીના નિખિલ જગમાં વિસ્તૃત બનો,
મહાકારુણ્યે સૌ જગજન સદા હે પીગળજો,
સમસ્ત પ્રાણીમાં મધુર મુદિતા ઉજ્જ્વલ બનો,
ઉપેક્ષા પાપીની સકલ ઉર હો.

o रत्नासने निषीदसि चलसि सुवर्णे
किं देयमस्ति भवते जगदीश्वराय ।
कैवल्यवामनयना - हृत - मानसाय
दत्तं मनो जिनपते! कृपया गृहाण ॥

ભાવાર્થ: રત્નાસને બેસો છો, સુવર્ણકમળ ઉપર ચાલો છો, તો હે જગદીશ્વર! આપને આપવા યોગ્ય શું છે? કેવળજ્ઞાન રૂપી સ્ત્રીએ હરણ કરેલ મનવાળા... હે જિનપતિ! આપને મેં મારું મન આપ્યું છે, તે તમે કૃપા કરીને ગ્રહણ કરો.

o भवन्ति नम्रास्तरवः फलोद्गमैः
न चाम्बुभि र्भूरिविलंबिनो घनाः ।
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः
स्वभाव एवैष परोपकारिणाम् ॥ ભાવાર્થ:

નમી રહે વૃક્ષ નવા ફળોથી, નીચા નમે મેઘ નવા જળોથી,
સમૃદ્ધિથી સંત ગર્વ ન ધારે, સ્વભાવ એ જ પરોપકારીનો.

नमो

<u>પીંડવાડા, સં. ૨૦૪૮, કારતક સુદ-૧, તા. ૭-૧૧-૯૧, ગુરૂવાર</u>

ધર્મ સર્વનું કલ્યાણ કરે છે.

એ ધર્મ પછી ભલેને પોતાનો કરેલો હોય કે પરનો.
ધર્મમાં સર્વનું કલ્યાણ કરવાની શક્તિ રહેલી ન હોય,
તો અન્યના ધર્મનું ભલેને અનુમોદન કરે,
તો અનુમોદન કરનારને તેનો લાભ કેવી રીતે મળે?

Imp. ધર્મમાં સર્વકલ્યાણકર શક્તિ છે,
માટે અનુમોદન કરનારને તેનો લાભ મળે છે,
નહિ કે અનુમોદન કરે છે માટે લાભ મળે છે.

અનુમોદન ન કરનાર તેનો લાભ મેળવી શકતો નથી
એ વાત સત્ય છે, પરન્તુ તેટલા માત્રથી 'અનુમોદનમાં શક્તિ
છે અને ધર્મમાં નહિ' એમ સાબિત થઈ શકતું નથી.
'શક્તિ તો ધર્મમાં છે. તેનો લાભ અનુમોદન કરે તો મળે,
ન કરે તો ન મળે' એટલો જ તેનો અર્થ છે.
ધર્મમાં શક્તિ ન માને અને અનુમોદનમાં જ માને, તો તે
સાચું અનુમોદન જ નથી. અનુમોદન ધર્મનું કરવાનું છે
નહિ કે ધર્મમાં શક્તિ ન માનનારની વાચિક અનુમોદનામાત્રનું.
પછી તે ધર્મ સ્વનો હો યા પરનો,
એ વિશ્વાસ ઉપર જ સાચું અનુમોદન થઈ શકે છે.

તળાવમાં પાણી છે, તો જ પાઈપ દ્વારા ઘરમાં લાવી શકાય.

પાઈપની જગ્યાએ અનુમોદન છે.

પાણીથી ભરેલા તળાવના સ્થાને સ્વ - પરકૃત ધર્મ છે.

ધર્મમાં સ્વ-પરનો ભેદ નથી, કેમકે

તેનો પ્રારંભ જ સર્વને તુલ્ય માનવાથી થાય છે અને

તેનો અંત પણ સ્વ-પરના ભેદના પૂર્ણપણે છેદમાં આવે છે.

એનું જ નામ 'પૂર્ણ સમત્વ' છે.

ધર્મના પ્રારંભમાં અને ધર્મના અંતમાં

આ સમતા એકસરખી ઉપયોગી અને આવશ્યક પણ છે.

તેના અભાવમાં ધર્મનું અસ્તિત્વ જ નથી. કહ્યું છે કે:

સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યના કામ,<br>
છાર ઉપર તે લીંપણું, ઓગ ઝાંખર ચિત્રામ. ...૧

વળી પણ કહ્યું છે કે:

આત્મસાખે ધર્મ જે, તિહાં જનનું શું કામ?<br>
જન મનરંજન ધર્મનું, મૂલ ન એક બદામ. ...૧

આત્મસાક્ષીએ સાચો ધર્મ તે છે કે જે આચરતી વખતે સ્વ-પરનો ભેદ ન હોય, સર્વકલ્યાણની સરખી કામના હોય. સામાન્યથી જીવત્વ જાતિ - સર્વ જીવ સમાન છે. એ સમાન ધર્મને આગળ કરવાથી સાધકને જે સમતા પ્રાપ્ત થાય છે,

તે સંગ્રહનયના સામાયિકની વિચારણાનું જ એક ફળ છે.
વ્યવહારનય અને નૈગમનય આચરણરૂપ ઈચ્છે છે,
ઋજુસૂત્રનય આચરણા સાથે ઉપયોગને પણ ઈચ્છે છે.
શબ્દનય સંયતના ઉપયોગને જ
ઉપયોગ અને આચરણાની એકતાબદ્ધ માને છે.
સમભિરૂઢનય અપ્રમત્ત ગુણસ્થાનકે અને એવંભૂતનય
કેવળજ્ઞાન દશામાં સામાયિકનો સ્વીકાર કરે જ છે.
ભિન્ન ભિન્ન નયોની સામાયિકનો સ્વીકાર કરવાની
વાતમાં ભલે ભેદ પડતો હોય, પરન્તુ સર્વ જીવોને
પોતાના સામાન્યથી અભેદસ્વરૂપ માનવાના પાયા ઉપર
જ તે તે માન્યતાઓ ખડી થયેલ છે, એટલે જ સમતા
સામાયિકના અર્થે પ્રત્યેકની ફરજ થઈ પડે છે કે તેણે
ચૈતન્ય સંબંધે આત્માના અભેદની ભાવના કરવી જોઈએ.

કહ્યું છે કે:

जारिस सिद्धसहावो तारिसभावो हु सव्वजीवाणं।
तेण सिद्धंतरुई कायव्वा भव्वजीवेहिं ॥१॥

અર્થાત્: જેવો સિદ્ધનો સ્વભાવ છે,
તેવો જ ખરેખર સર્વ જીવોનો સ્વભાવ છે,
તેથી ભવ્ય જીવોએ સિદ્ધોમાં રુચિ કરવી જોઈએ.

નમો

અરિહંતોના સર્વકાળ - સર્વક્ષેત્ર - સર્વભાવોને નમસ્કાર.

બુદ્ધિની સમજણ, હૃદયનો ભાવ
અને ચિત્તની શ્રદ્ધા પ્રભુમય બને.

નમસ્કારો મનસ્કારશુદ્ધ્યુપાયો મતો જિનૈઃ ।
યૈર્ન જ્ઞાતો ન ચાઽભ્યસ્તો સ તેષામતિ દુર્લભઃ ॥૧॥

અર્થઃ ભગવાન વડે શુદ્ધિનો ઉપાય નમસ્કાર મનાયો છે. જે લોકો વડે આ ઉપાય જણાયો નહિ અને અભ્યાસ કરાયો નહિ, તેઓને નમસ્કારભાવ દુર્લભ બને છે.

દેહભાવેન દાસોઽસ્મિ જીવભાવે ત્વદંશકઃ ।
આત્મભાવે ત્વમેવાઽહમિતિ મે નિશ્ચિતા મતિઃ ॥૧॥

– રામાયણ (ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

શાશ્વતાનન્દ રૂપાય, તમસ્તોમૈકભાસ્વતે ।
સર્વદાય નમસ્તસ્મૈ, કસ્મૈચિત્પરમાત્મને ॥૧॥

(પરિશિષ્ટ-૨)

'મનસશ્ચાપ્રતિઘાતો, વાજીકુર્વન્તિ માનવમ્ ।'

અર્થઃ મનની સ્ખલનારહિત સવારી કરે તે 'માનવ'. મનોભંગ ન થાય તેવી સ્થિતિ, એ મુખ્ય વાજીકરણ છે, એ રસાયણ પણ છે. 'રસાયણ' એટલે જે ઘડપણ આવતું અટકાવે, શરીર સ્વસ્થ રાખે, રોગ આવતા અટકાવે અને

જીવનતત્ત્વો અને સત્ત્વ વધારે. વાજીકરણોમાં એ બધા
ગુણો ઉપરાંત જાતીય શક્તિ વધારવાનો ગુણ પણ છે.

રસાયણ અને વાજીકરણ એ કેવળ ઔષધો નથી,
પરન્તુ મનની સ્થિતિ પણ છે.
મન સ્થિર અને શાંત જે જે ઉપાયોથી થાય,
તે બધાં આધ્યાત્મિક રસાયણ અને વાજીકરણ છે.
તે ભોજન-પાન હો, સુંદર રૂપ-સ્પર્શ હો,
ગીત-સંગીત હો, સુંદર અને સુશોભિત વસ્ત્ર-અલંકાર હો,
મૈત્રી-પ્રેમ હો કે પછી પ્રીતિ-ભક્તિ હો.
જો તું સુંદર અને બળવાન બનવાનું ઈચ્છતો હો,
તો બ્રહ્મ રૂપી ઉંબરા ઉપર
પ્રભુનામ રૂપી (મણિ) રત્નનો દીપક મૂક.

ऊर्ध्वबाहुर्विरौम्येष न च कश्चित् शृणोति मे ।
धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ? ॥१॥

-महाभारत

અર્થાત: હાથ ઊંચો કરીને હું અવાજ કરું છું,
કિન્તુ કોઈ મારું સાંભળતું નથી.
જો ધર્મથી જ અર્થ-કામ પ્રાપ્ત થાય છે,
તો તે ધર્મ કેમ સેવાતો નથી?

કારતક સુદી - ૨, શુક્રવાર

તથા ચ તત્ત્વાર્થ ટીકાયાં -

'જીવો જીવત્વાવસ્થઃ સિદ્ધઃ ।'

અર્થાત્ઃ તે કારણે સિદ્ધપણું તે જીવની પોતાની અવસ્થા છે.
અહીં કોઈ પૂછે કે સિદ્ધ તથા સંસારીને તુલ્ય કેમ કહો છો?
ઉત્તરઃ જે વસ્તુની જાતિ એકતા છે, તે કદી પલટતી નથી.
જીવદ્રવ્યનો એ ધર્મ છે કે
અનાદિનો કર્માવૃત હોવા છતાં સ્વજાતિ મૂકતો નથી.
એ રીતે મારી તથા પરમાત્માના જીવની જાતિ એક છે.

શ્રી ઠાણાંગસૂત્રમાં કહ્યું છે કે: एगे आया ।

યદ્યપિ અત્યંત મોહાધીન થઈને અજ્ઞાનમાં પડ્યો
હોવા છતાં સંગ્રહનયથી જીવ(ત્વ)પણું તેવું જ છે.
સત્તાથી સર્વ જીવ શુદ્ધ, નિર્મળ ગુણ-પર્યાયમય વસ્તુ છે.
યદ્યપિ સંસારી જીવ અશુદ્ધ પરિણામી છે અને
તેના જ્ઞાનાદિ ગુણ આવરાયેલા છે,
તો પણ સત્તાએ શુદ્ધ અને નિરામય છે,
માટે સ્વાત્માનું સ્વરૂપ પરમાત્માની સમાન વિચારવું,
એ તત્ત્વાવલંબનની થવાનો માર્ગ છે.

દેવચંદ્રજી ચોવીસીમાં શ્રી ધર્મનાથપ્રભુના સ્તવનમાં કહ્યું છે કે:

नमो

ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ,
આપણો આતમા તેહવો ભાવિએ,
જાતિ જસુ એકતા તેહ પલટે નહિં,
શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી... પૃ.૩૪૭, ભા.૨

o જીવનો ઔપાધિકભાવ

સંયોગ-સંબંધથી છે, સમવાય સંબંધથી નહિ.
જે વિભાવ, તે તદુત્પત્તિ સંબંધ છે, તાદાત્મ્ય સંબંધ નહિ.
વિભાવ પરિણતિ તે આત્માનો મૂળ ધર્મ નહિ.
સંસારી આત્મા પરાનુગત થઈ રહ્યો છે,
તેને જો બળાત્કારે સ્વરૂપમાં જોડીએ, તો ટકી શકે નહિ.
પરવિજાતીયથી જોડવો બંધને વધારે છે,
માટે પર-સ્વજાતિ જીવ, જે સાધ્ય અને શુદ્ધતાની છે,
તેથી જોડીએ તો સ્વજાતિ સ્વરૂપરંગી થાય.
આત્માનું અને પરમાત્માનું સ્વરૂપ તુલ્ય છે,
તેથી તે સ્વરૂપે રસિક થાય તો કર્મ આવરિત છતાં સ્વરૂપ
રુચિ ઉપજે. તે રુચિથી સ્વરૂપને સદ્દહે, જાણે, તેમાં રમે,
ઉદ્યમ કરે, પરભાવ તજે અને અનુક્રમથી સંપૂર્ણ સ્વરૂપ પામે.
તે માટે પરમાત્માની ભક્તિનો રંગી થયેલો આત્મા
શુદ્ધ કારણના રસથી તત્ત્વપરિણતિમાં મગ્ન થઈ શકે.

नमो

પોતાના આત્મસ્વરૂપને જોતો, ધ્યાવતો, સંભારતો અને
પ્રગટ કરવાના પ્રયત્ન કરતો થઈ જાય.

આત્માનો ગ્રાહક ધર્મ ખીલે અનાદિની પરગ્રાહકતા તજે.
જેટલે આત્માની પરિણતિ આત્મધર્મની ગ્રાહક થઈ,
તે કર્માદિક ગ્રહણ ન કરે, તેટલે સંવર પરિણતિ થઈ.
આત્મવીર્ય એ સ્વરૂપ ગ્રાહક ધર્મ ખીલે પુદ્ગલ કર્મ
આત્મપ્રદેશે ટકે નહિ, સદ્પુદ્ગલ નિર્જરાને નિઃકર્મા થાય.
એ રીતે આત્માનું સિદ્ધપણું પરમાત્માના આલંબને છે
એ જ પ્રભુજીનો પરમ ઉપકાર છે.

પ્રભુના એ ગુહ્ય-ઉપકારનું બહુમાનપૂર્વક ધ્યાન ધરીએ.
સાધકને એ હી જ પરમ આધાર છે.

V.V. [signature].

કારતક સુદ 3, શનિવાર

સર્વ જીવો પ્રત્યે કરેલા અપરાધોના પ્રાયશ્ચિત રૂપે
તેમની ક્ષમા માંગીને સર્વ જીવને હિતકારી શ્રી અરિહંતાદિ
પરમેષ્ઠિઓને નમસ્કાર કરવાનો છે, જેથી તેમના પ્રભાવે
ફરીથી જીવો પ્રત્યે અપરાધ કરવાના પરિણામ અને
અયોગ્ય પ્રવૃત્તિ ન થાય.

જગતમાં શ્રી પરમેષ્ઠિઓની જેમ જ સર્વનું હિત કરવાના
પરિણામ ધર્મ અને પ્રવૃત્તિ પણ પરહિતપરાયણ જ રહે.

પરમેષ્ઠિ ભગવંતોના અચિન્ત્ય પ્રભાવે તેમની આજ
જ સર્વ જીવોનું હિતચિન્તન અને હિતપ્રવર્તન થાય તથા
અહિતચિન્તન અને અહિતપ્રવર્તન સર્વથા નિવર્તન પામે.

એવું શુદ્ધ સાધકત્વ તેમના પ્રભાવે મળે,
વળી કર્મબંધ અટકે, સંવર-નિર્જરા થાય,
ભવભ્રમણ મટે અને શુદ્ધ આત્મરમણતા તે પ્રાપ્ત થાય.

<u>જૈન ધર્મનો ટૂંકસાર</u>   <u>કારતક સુદી ૪</u>

સર્વ જીવો સાથે મૈત્રી અને આત્મસમાન પ્રવર્તન દ્વારા
ભવભ્રમણ નિવારવું અને આત્મસ્વરૂપ પામવું તે છે.

વિચાર, આચાર અને પ્રચાર એ ત્રણ જુદા નથી,
પરંતુ એકના જ ત્રણ સ્વરૂપો છે.

પહેલાં વિચારની - સમજણની જરૂર છે.
સમજણ પાકી થવાની સાથે વિચાર જ આચાર બનશે
અને આચાર પરિપક્વ થતાં તે પ્રચાર બની જશે.
આચારની મૂંગી પણ પ્રબળ અસર તે જોનારની ઉપર થશે.
વિચારની સાથે આ ત્રણે સ્વરૂપ સંકળાયેલા છે.

o વિવેકી આત્મા પ્રભુને પ્રસન્ન કરવા માટે,
પ્રભુ પ્રસન્નતા દ્વારા ચિત્તને પ્રસન્ન કરવા માટે,
સૌ પ્રથમ પોતાના અંતઃકરણને શુદ્ધ કરે છે.

આ ક્રિયાને 'ચિત્તનું માર્જન' પણ કહેવાય છે.
માર્જન કરવા માટે ઈર્ષ્યા-દ્વેષની વૃત્તિઓને
નિર્મૂળ કરવી પડે છે, દબાવી દેવા પડે છે.
પ્રભુ જેમ મારાં છે, તેમ સર્વના છે.
જીવોનો દ્વેષ કરવો એ એક અપેક્ષાએ
પ્રભુનો જ દ્વેષ કર્યા બરાબર છે.
ચિત્તવૃત્તિનું આવું માર્જન કર્યા વગર
જે વ્યક્તિ ઉપાસનામાં પ્રવેશ કરવા ઇચ્છે છે,
એના ઉપર પ્રભુની પ્રસન્નતા ઉતરતી નથી.
પ્રભુ પ્રસન્નતાના ઉપાય દ્વારા ચિત્ત પ્રસન્નતા થતી નથી.
આધ્યાત્મિક શબ્દમાં 'અધિ' એટલે આધારે (આત્માના).

કારતક સુદ ૫

સઘળી આરાધનાનું મૂળ નમ્રવૃત્તિ છે.
પ્રભુએ સપ્રતિક્રમણ ધર્મ કહ્યો છે,
તેના પાછળ પણ એ જ રહસ્ય છે.
જીવો પ્રત્યે આક્રમણ તે અધર્મ છે.
આક્રમણ અનુપયોગે પણ થઈ ગયું હોય,
તો તેનાથી પાછા ફરવું, પ્રતિક્રમણ કરવું તે ધર્મ છે.
ધર્મના સાધકે આક્રમક નહિ, પણ સ્વસંરક્ષક બનવાનું છે.

'સ્વ' ચરિત આત્મા.

જેનું સંસ્કરણ તો જ થાય જો તેનામાં નમ્રવૃત્તિ સદા ટકી રહે.
ધર્મનો વિરાટ મહિમા જેના ધ્યાનમાં સહજ પણ આવે,
તેઓ નમ્ર બન્યા સિવાય રહી શકે જ નહિ.
ધર્મનો પ્રતિપક્ષ અધર્મ છે.
અધર્મના માર્ગે ચાલવામાં રહેલી આપત્તિ
અને ધર્મ માર્ગે ચાલવામાં રહેલી સંપત્તિ,
તે બન્નેનું જ્ઞાન અને સંવેદન જેઓને પણ થાય છે,
તેઓ હંમેશા નમ્ર રહે છે.

નમ્રતામાં સદા ક્ષમા, ઔદાર્ય, દાક્ષિણ્ય, સૌજન્ય, શમ-દમ અને સંતોષ છે. નમ્રવૃત્તિ એ ગુણમાત્રની જનની છે. એ નમ્રવૃત્તિ વડે જ ગણધર ભગવંતો 'ગણધરો' અને ત્રિભુવનપતિ શ્રી જિનેશ્વર ભગવંતો 'જિનેશ્વરો' બને છે. સર્વ પ્રકારની શુભ પ્રવૃત્તિઓનો સૌમાં એકીસાથે સંચય કરાવનાર વૃત્તિનું નામ 'નમ્રવૃત્તિ' જ છે, કેમકે તે મૈત્રી-પ્રમોદ સ્વરૂપ, કારુણ્યમય અને માધ્યસ્થ્યથી ભરપૂર છે. જે રીતે નીચે રહેલાને ઊંચે જવા માટે નમવું પડે છે, તેમ આધ્યાત્મિક સાધનામાં પણ ઘણી નીચી સપાટીએ રહેલા જીવોને ઊંચે ચઢવા માટે નમ્રવૃત્તિ જ સહાયક છે.

## 'તાત્ત્વિક નમ્રવૃત્તિ' એટલે શું?

સકલ વિશ્વના જીવોમાં પ્રચ્છન્નપણે રહેલ પ્રભુત્વ જોવું અને પોતાનામાં પ્રગટપણે રહેલ ક્ષુદ્રત્વને નિહાળવું તે.

'નમવું' એટલે માન છોડીને ગુણને માન આપવું.
'નમવું' એટલે પોતાની જાતને (પાપી ટોપલાદિ) તૃણતુલ્ય ગણવા, સર્વ પ્રકારના પરિષહ - ઉપસર્ગોને યોગ્ય માનવા.

કારતક સુદ ૬/૭

જ્ઞાન એ વસ્તુતંત્ર છે, ભાવના એ પુરુષતંત્ર છે.
જ્ઞાન જ્ઞેયને અને ભાવના પુરુષના આશયને અનુસરે છે.
જે પુરુષ પોતાના આત્માને શીઘ્રપણે કર્મથી મુકાવવા ઇચ્છે, તે પુરુષ તેના ઉપાયરૂપ જ્ઞાનને માટે જેમ ઉદ્યમ કરે, તેમ તેના ઉપાયભૂત ભાવના માટે પણ સદા પરિશ્રમ કરે છે.
જ્ઞાનથી આત્મતત્ત્વના શુદ્ધ સ્વરૂપને જાણી શકાય છે.
ભાવનાથી આત્માના શુદ્ધ સ્વરૂપને પામી શકાય છે.
જ્ઞાન થયા પછી પણ આત્મસ્વરૂપને પામવા ભાવનાનો આશ્રય ન લેવાય, તો જાણેલું જ્ઞાન ફળહીન બને છે.

જ્ઞાનનું ફળ વિરતિ છે, વિરતિ સમતાસ્વરૂપ છે.
સમતા સકલ સત્ત્વહિતાશયરૂપ છે. સકલ સત્ત્વહિતાશય (એ માત્ર જ્ઞાનથી નહિ પણ) ભાવનાથી લભ્ય છે.

સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય ભાવ આવ્યા વિના; આત્મ-તુલ્ય સ્નેહના પરિણામ જાગ્યા વિના; મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, માધ્યસ્થ્યભાવ ભાવ્યા વિના હિંસાદિ ટળતાં નથી, તે વિના સમતા ટકતી નથી. સમતા વિના વિરતિ ન ફળે અને વિરતિ વિના જ્ઞાન વંધ્ય બને છે.

જ્ઞાનનો વિષય જ્ઞેય છે, ભાવનાના વિષયો ધ્યેય તરીકે સર્વ જીવરાશિ અને તેમનાં સુખ-દુઃખ છે.

'જે સુખ પોતાને અભિષ્ટ છે, તે સુખ સર્વને મળે' અને 'જે દુઃખ પોતાને અનિષ્ટ છે, તે સર્વને ન મળે' એ જાતિનો ભાવ જાગ્યા સિવાય આત્માની શુદ્ધિ કેવી રીતે થાય? ઈર્ષ્યા, અસૂયાદિ ચિત્તના મળો કેવી રીતે નાશ પામે? પરમાત્માની ભક્તિમાં નડતાં વિક્ષેપો કેવી રીતે દૂર થાય? સમસ્ત પ્રદેશે કર્મના ભારથી ભરેલો અને વાસનાનાં બોજથી પરાભૂત થયેલો આત્મા હલકો કેવી રીતે બને? આત્મા વાસનાથી નિર્મુક્ત કેવી રીતે થાય?

માટે જ્ઞાનનાં સ્થાને જ્ઞાનનું જેટલું માહાત્મ્ય છે, તેટલું જ ભાવનાના સ્થળે ભાવનાનું માહાત્મ્ય છે અને તેટલું જ ચારિત્ર-વિરતિ-સર્વ સાવદ્યના પ્રત્યાખ્યાનના સ્થાને પ્રત્યાખ્યાનનું માહાત્મ્ય છે.

જેમ એંજનના સ્થાને એંજનની નિરુપયોગિતા છે,
તેમ પીતપીળના સ્થાને એંજનનું એંજરસનું મહત્ત્વ છે.

આરાધની કેવી રીતે ભવ તરશે?
તેમ ભાવનાહીન અને વિરતિશૂન્ય પણ ભવ કેમ તરશે?

ત્યાગ કે વિરતિ સર્વને સુલભ નથી,
પણ ભાવના સર્વને સુલભ છે.

તેથી જ આ જિનશાસનમાં નમસ્કાર મહામંત્રને પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે. નમસ્કાર મહામંત્ર માત્ર ત્યાગનો વિષય નથી, પણ ભાવનાનો વિષય છે. મહામંત્રને જાણ્યા લીધો પણ મંત્ર મુજબ ભાવવિશુદ્ધિ ન થઈ, પરમેષ્ઠિઓના ભાવ જેવો ભાવ પોતાને ન થયો, તો તે મંત્ર કેવી રીતે ફળે? મંત્રમાં શબ્દ અને ધ્યેયની યથાર્થતા ઉપરાંત ધ્યાતાની યથાર્થતા આવશ્યક છે. ધ્યાતાની યથાર્થતા ભાવનાના બળ ઉપર આધાર રાખે છે. ત્યાગ ન મળવાથી જેમ આરાધનનો અંધકાર વ્યાપે છે, તેમ ભાવના ન વધતાં કર્તવ્યમૂઢતાનો દોષ આવે છે.

ધર્મો માત્રનું કર્તવ્ય છે કે
તેના ભાવના સર્વ જીવના હિત વિષયક હોવા જોઈએ.
તેમાં જેટલી કચાશ, તેટલી તેના ધર્મપણામાં કચાશ.

કર્તવ્યહીન થતાં બચવા માટે સર્વજીવવિષયકહિતની ભાવના

અને એ ભાવનાપૂર્વક યથાશક્ય વર્તનની આવશ્યકતા છે. વર્તનમાં ઓછા-વધતાપણું આલોચનાદિથી શુદ્ધ થઈ શકે છે. ભાવનામાં ન્યૂનતા માટે ભાવનાની પુષ્ટિ સિવાય બીજું કોઈ આલોચના કે પ્રાયશ્ચિત નથી.

લૌકિકમાં જેમ કૃતઘ્નીને કૃતજ્ઞતા સિવાય શુદ્ધિ માટે બીજું કોઈ પ્રાયશ્ચિત છે નહિ, તેમ લોકોત્તરમાં નમસ્કારભાવ વિના, સર્વ જીવોના હિતાશય વિના, સર્વ જીવો પ્રત્યે (પરિપૂર્ણ) સ્નેહ વિકસાવ્યા સિવાય બીજું પ્રાયશ્ચિત નથી.

જ્ઞાન બીજાને જાણવા માટે છે,
ભાવના પોતાને સુધારવા માટે છે.

જ્ઞાન તમામને જાણ્યા પછી પણ પોતાને, પોતાની જાતને સુધારવાની ભાવના ન જાગે, તો તે જ્ઞાન વડે શું? પોતાની જાતને સુધારવા માટે નમસ્કારભાવ, ક્ષમાપનાભાવ, સકલ સત્ત્વહિતનો ભાવ ભાવ્યા સિવાય બીજો કોઈ માર્ગ નથી, તેથી નમસ્કારને સકલ આગમમાં પ્રથમ સ્થાન આપ્યું છે.

ચૂલિકા સહિત તેને 'મહાશ્રુતસ્કંધ' કહ્યું છે.

પ્રથમ સ્થાન એટલા માટે કે તેમાં ભવ્યત્વ પરિપાક કરવાના ત્રણે સ્થાનો ગુંથી લેવામાં આવ્યા છે. અનાદિ કર્મના સંબંધમાં આવવાની યોગ્યતારૂપ સહજમલ ઘટાડવા માટે જરૂરી

સઘળી સામગ્રીનું સર્જન એકસાથે તેના વડે થઈ જાય છે. પાપને પ્રશંસવાથી, ધર્મને નિંદવાથી અને પરમ શ્રદ્ધેય તથા અનન્ય શરણભૂત અરિહંતાદિ ચારને નહિ નમવાથી, અનન્ય ભાવે તેમના શરણે નહિ રહેવાથી અને તેમના વિપક્ષ અશરણભૂત એવા સમગ્ર સંસારને ભજીને, શરણે રહેવાથી જીવની અપાત્રતા, અયોગ્યતા, ભવભ્રમણ શક્તિ વધે છે. તેનાથી વિરુદ્ધ પાપનિંદા, ધર્મપ્રશંસા અને અનન્ય ભાવે ચારને શરણે રહેવાથી મુક્તિગમન યોગ્યતા વધે, સદ્ગુણ વિકાસ અને સદાચાર નિર્માણ આપોઆપ થવા લાગે છે. નમસ્કારનું ભાવપૂર્વક સ્મરણ - રટણ સતત થયે જીવને ભાવધર્મસિદ્ધિ માટેનાં ચારે અંગોમાં વિકાસ થાય છે.

તે અંગોનાં નામ અનુક્રમે:

(૧) રત્નત્રયધરની સેવા.
(૨) રત્નત્રયધરને વિષે અદ્વિતીય ભક્તિ.
(૩) સર્વને માટે એક શુભની જ ચિન્તવના.
(૪) ચતુર્ગતિરૂપ, ચાર કષાયરૂપ સંસારની સદા જુગુપ્સા.

ભાવધર્મના આ ચારે અંગો
નમસ્કાર મહામંત્ર વડે વિકસે છે,
તેથી ધર્મના અર્થી જીવમાત્ર માટે તેનું આલંબન અનિવાર્ય છે.

કારતક સુદ-૮

'बाह्यात्मानमपास्य प्रसत्तिभाजाऽन्तरात्मना योगी ।
सततं परमात्मानमनुचिन्तयेत् तन्मयत्वाय ॥१॥'
(परिशिष्ट-३)

બાહ્યાત્મા = આત્મબાહ્ય વસ્તુ તરફ જેનું વલણ છે તે.
અંતરાત્મા = આત્મતત્ત્વ તરફ જેનું વલણ છે. વલણ = રુચિ.

બહિરાત્મા - અંતરાત્મા કોને કહેવાય?

આત્મભિન્ન એવા જડ વસ્તુઓ તરફ જેને ખેંચાણ, રુચિ આંતરપ્રીતિ છે, તેવા અભવ્ય અને મિથ્યાદૃષ્ટિ જીવને.
જેની આંતરરુચિ કે પ્રીતિ અનાત્મભાવો તરફ રહી નથી, કિન્તુ આત્મભાવો તરફ પ્રગટી છે, તે તો 'અંતરાત્મા' છે.

'અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહતિમિર હર્યું જુગતે,
વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે...'

અધ્યાત્મ = આત્મનિ = આત્મા તરફ લક્ષ્ય ગયું તે.
અધ્યાત્મ સૂર્યતુલ્ય પ્રકાશમાન તેજસ્વી છે.
જેમ તેજ તરફ નજર જવાથી અંધકાર વિલીન થાય છે,
તેમ આત્મા તરફ નજર જવાથી બાહ્યભાવ વિલીન થાય છે.

આત્મા એ પ્રકાશ છે, જડ એ અંધકાર છે.
બહિરાત્મા જડને જ સત્ય માને છે.

અંતરાત્મા આત્માને સત્ય માને છે. જડનું વળગણ અંધકારે ધકેલનાર છે, આત્માનું વળગણ પ્રકાશ તરફ લઈ જાય છે. આત્મતત્ત્વની ઓળખાણ શ્રી જિનવચનના આધારે થાય છે.

તેથી કહ્યું છે કે:

તમેવ સચ્ચં નિઃસંકં જં જિણેહિં પવેઇયં । સૂક્તિઃ

તે જ સાચું અને શંકા વગરનું છે જે ભગવાને કહ્યું છે. એવી શ્રદ્ધા જ સમ્યક્ત્વનું કારણ છે. સમ્યક્ત્વ એ અંતરાત્મભાવ છે એટલે કે આત્મતત્ત્વ તરફનું ખેંચાણ છે. જીવને આત્મતત્ત્વનું ખેંચાણ થાય, ત્યારે જ સમજવું કે સમ્યક્ત્વની પ્રાપ્તિ છે. વિષય-કષાયનો આવેશ, તત્ત્વની અશ્રદ્ધા, ગુરુનો દ્વેષ અને આત્માનું અજ્ઞાન, એ બધી વસ્તુ બહિરાત્મદશાને સૂચવે છે. તત્ત્વની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન, મહાવ્રતોનું પાલન, અપ્રમાદ, મોહ પરનો જય એ અંતરાત્મભાવની નિશાની છે. આત્મતત્ત્વને નમસ્કાર એ અંતરાત્મદશાની સ્વાભાવિક ભૂમિકા છે. 'પોતાનો આત્મા અને ભગવાનના આત્મા વચ્ચે તાત્ત્વિક અભેદ છે' એ સમજણમાંથી જ સમ્યક્ત્વ પેદા થાય છે. કઠોરતા ટાળી કોમળતા લાવવા કે ચિત્તની મલિનતા નિવારી નિર્મળતા ઉત્પન્ન કરવા માટે ત્રિભેદે અભેદને જોવો.

પ્રત્યેક શરીરમાં રહેલ આત્મા સમાન છે, એ રીતે જોવું.
એ જ રીતે ચંચળતા ટાળીને સ્થિરતા લાવવા માટે
કાળભેદે અભેદને જોવો.

'આપણા આત્માની પૂર્વોત્તર અવસ્થામાં પણ
એક જ તત્ત્વ રહેલું છે' એમ વિચારવું.

ક્ષેત્રભેદે અભેદને 'તિર્યક્સામાન્ય' કહેવાય.
કાળભેદે અભેદને 'ઊર્ધ્વતાસામાન્ય' કહેવાય.

તિર્યક્ સામાન્યનું દૃષ્ટાંત સોનાની લગડીઓમાં સોનું જોવું.
ઊર્ધ્વતા સામાન્યનું દૃષ્ટાંત કટક-કુંડલાદિમાં સુવર્ણને જોવું.

જે આત્માનો પૂજારી છે, તે સાચો ધર્માત્મા છે
અને તે જ સાચો સ્વયંસેવક છે.

પાત્રતાનો વિકાસ સત્ત્વના વિચાર સાથે સંબંધ ધરાવે છે.
ભાવનાથી પાત્રતા વિકસે છે,
જ્ઞાનથી તે સ્થિર થાય છે, ક્રિયાથી તે ઝડપી બને છે.

જ્ઞાનમાં સત્ત્વની, ભાવમાં શુદ્ધિની અને ક્રિયામાં વીર્યની
શક્તિની પ્રધાનતા છે. પરમાત્મભક્તિ અને જીવમૈત્રીરૂપી
બે તુંબડાઓની સહાયથી તપ-નિયમ-સંયમરૂપી રથમાં
બેઠેલો સાધક સુખપૂર્વક ભવસાગરને તરી જાય છે.
ભક્તિથી અનુગ્રહ અને મૈત્રીથી પુણ્યનો અનુબંધ થાય છે.

તે વડે બધી સાધના સજીવન બને છે.
જીવન તરીકે જીવોની મૈત્રી - પરમેષ્ઠિ ઉપરની ભક્તિ,
જલના સ્થાને શ્રદ્ધા અને વિશ્વાસ, પવનના સ્થાને તપ,
પ્રકાશ - ગરમીના સ્થાને જ્ઞાન અને પ્રેમ તથા
પાકના સ્થાને ચારિત્ર અને સંયમ છે.

પરમાત્મા અને જીવાત્માઓનું ધ્યાન અને ચિન્તન જીવનના સ્થાને છે, તેમાંથી આત્મજ્ઞાન પ્રગટ થાય છે. તે આત્મજ્ઞાન ઘાતીકર્મોનો ક્ષય કરાવી કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત કરાવે છે તથા અંતે શૈલેશીકરણ વડે સકલ કર્મનો ક્ષય કરી જીવ પરમનિર્વાણને પામે છે.

કારતક સુદ ૯, ગુરુવાર

લૌકિકમનો આશ્રય લેવાથી આચારશુદ્ધિ અને અલૌકિકમનો આશ્રય લેવાથી જીવની વિચારશુદ્ધિ થાય છે.

૦ વૈરાગ્યને વિકસાવવા માટે લૌકિકનો તથા મૈત્રી અને ભક્તિને વિકસાવવા માટે અલૌકિકનો આશ્રય કરવો જોઈએ. બેમાંથી એક પણ ચૂકાય તો આરાધના પાંગળી બને છે.

સ્વકર્મણા તમભ્યર્ચ્ય સિદ્ધિં વિન્દન્તિ માનવાઃ ।
અર્થાત્: પોતાના કર્મ વડે તે પરમાત્માની પૂજા કરીને માનવો સિદ્ધિ મેળવે છે.

ઈશ્વરનો કદી ઉપહાસ કરી શકાતો નથી,
કારણકે મનુષ્ય જેવું વાવે તેવું જ લણે છે.

<u>કયા ઉપાયોથી પ્રસન્નતા, શાંતિ, નિરાકુળતા, નિર્ભયતા મળી શકે?</u>

સ્વચ્છતા ધારણ કરવાથી, પ્રમાદનો ત્યાગ કરવાથી,
બુદ્ધિને નિર્મળ કરવાથી, ઇંદ્રિયોને જીતવાથી,
વૃદ્ધ પુરુષોની સેવા કરવાથી અને
ઈશ્વરસ્વરૂપ એવા પ્રાણીમાત્રમાં સદ્ભાવના રાખવાથી
માનવને અવિનાશી એવા આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે,
તેથી પ્રાન્તે મોક્ષપદ પ્રાપ્ત થાય છે.

V.V. [signature].

<u>સમવસરણના ત્રણ ગઢ અનુક્રમે</u>

(૧) સ્થૂળશરીર - વાહનોના નિવાસસ્થાનરૂપ છે.
(૨) સૂક્ષ્મવાસનાશરીર - પશુઓના નિવાસસ્થાનરૂપ છે.
(૩) કારણશરીર - ૧૨ પર્ષદાના નિવાસસ્થાનરૂપ છે.

તેની અંદર પોતાનો આત્મા છે.

તેના હૃદયસિંહાસને ચતુર્મુખ ઓંકાર ધ્વનિરૂપ પરમાત્માના
સર્વ સંશયને છેદનારા ધ્વનિનું શ્રવણ કરતાં
ભૂખ-તૃષા-શ્રમ-ખેદ: એમ સર્વ દુઃખ ભૂલાઈ જાય છે.
આમ ધર્મ ધ્યાન એ બાહ્યસમવસરણનું ધ્યાન છે.
બાહ્યનું ધ્યાન અભ્યંતરસમવસરણનું પ્રત્યક્ષ કરી શકાય.

જે પ્રભુના ઓંકાર ધ્વનિનું ધ્યાન કરે, શ્રવણ કરે અથવા
એ ધ્વનિ સંભળાવનાર પરમતત્ત્વ પ્રત્યે ભક્તિમાન રહે,
તેને ત્રણ ગઢના હજારો પગથિયાં ચઢવા સાવ સહેલાં છે.
બાકીનાને તે ચઢવા અતિદુષ્કર છે.
મિથ્યાદૃષ્ટિને સમવસરણના દર્શન દુર્લભ કે આશ્ચર્યકારક છે.
સમ્યગ્દૃષ્ટિને જ તે દર્શન સુલભ છે અને
અત્યંત પ્રીતિને પેદા કરનાર થાય છે.
'શરણું' શબ્દ કોઈ જડદાર્થોથી છૂટવાની તીવ્ર અભિલાષા
સૂચવે અને એ માટે જ કોઈ જડદાર્થો સમર્પાઈ
જવાનો ભાવ બતાવે છે. મોહથી છૂટવાની અને ધર્મને
વળગવાની તીવ્ર અભીપ્સામાંથી જે શરણભાવ પ્રગટે છે,
તે જ સાચો શરણભાવ છે. તેમાંથી પ્રાર્થના નીકળે છે કે:
'મને ભક્તિ આપો, મારાં સંશયોને હરો,
મારાં પાપોમાંથી મને મુક્ત કરો.'
કુર્યાત્ સદા મંગલમ્ | અર્થાત્: હંમેશા મંગલ કરો.

A little common sense, goodwill and
a tiny dose of unselfishness
could make this ghastly (world) earth
into an earthly paradise.

ઊંડી સમજ, સાત્ત્વિક હૃદય અને પ્રેમપૂર્વક પ્રવર્તન. એથી
વધુ શું જોઈએ? પૃથ્વીને સ્વર્ગમાં પલટવા એટલું બસ છે.
સમ્યક્ વ્યવસિતો હિ સઃ। તે સાચી રીતે જાણેલો છે.

૦ 'વૈરાગ્ય' શબ્દ કદાચ પ્રાચીનતમ લાગશે, પણ એમાં
રહેલી ભાવના અને એનો અર્થ તો સદા અર્વાચીન જ છે.
વૈરાગ્યનો સૌ પ્રથમ પાયો મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા છે.
જાણીજોઈ કરવાથી કે હોશિયારીપૂર્વક કરવાથી
આપણું જ પુણ્ય ઘટે છે, સામાને કાંઈ નુકસાન થતું નથી.
પાપની સતત ઉપેક્ષા આવશ્યક છે. તે જગતમાં રહેશે જ,
તેથી એનું ચિન્તન કે આચરણ કરવાની શી જરૂર છે?
માનવને વિવેક મળ્યો છે, તે પાપ-પુણ્યનું પૃથક્કરણ કરવા,
પાપની ઉપેક્ષા અને પુણ્યનું અનુમોદન કરવા.
આ જ પ્રાથમિક વૈરાગ્યની સાધના છે.
સમજણની પરમ લઘુરૂપ અને પ્રસન્નતારૂપ આ વૈરાગ્યમાં
ગુમાવવાનું કશું નથી અને મેળવવાનું બધું જ છે.
ભક્તિ નિર્વાણ માટે છે.
યોગ અનુભવાત્મક જ્ઞાન મેળવવા માટે છે.
શાસ્ત્ર દ્વારા પરોક્ષ જ્ઞાન મળે છે,
તે યોગ દ્વારા અપરોક્ષ કરી શકાય છે.

જ્યાં ઊંડા હૃદયનો પ્રેમ હોય છે,
ત્યાં જ નિગૂઢતમ તત્ત્વને વાચા ફૂટે છે.

જ્ઞાનદાતા અને પ્રતિગૃહીતા વચ્ચે પ્રગાઢ પ્રેમ હોય, તો જ આત્મા સ્વયં ઉપર આવી જ્ઞાનને ખુલ્લો કરે છે. માટે કહ્યું છે કેઃ તદ્ વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા। અર્થાત્ઃ તેને નમસ્કાર, પ્રશ્ન અને સેવા વડે જાણી. 'શબ્દબ્રહ્મ પરબ્રહ્મનું વાચક છે' એનો અર્થ એ થયો કે પરબ્રહ્મના કારણે જ શબ્દબ્રહ્મ પોતાનું કાર્ય કરે છે.

શબ્દબ્રહ્મમાં સફળ થવાથી પરબ્રહ્મ પ્રકટ થાય છે.
શાબ્દિક અર્થ અહીં નિરૂપયોગી છે,
કેમકે તે વિચાર દ્વારા પ્રાપ્ત થાય છે.

અહીં પરબ્રહ્મની પ્રાપ્તિમાં વિચાર એ પ્રતિબંધક તત્ત્વ છે. ભાષાવિજ્ઞાનના વિચારનો ત્યાગ કરી ભાષાનો પરાવાણીમાં-મૂળમાં ચિત્તની લીનતા થવાથી પરબ્રહ્મની પ્રાપ્તિ સરળ બને.

'નમો' પદ વડે બહારથી નાના અને અંદરથી મોટા થવાય છે.
બહારથી નાના થવાય છે = વિષયોના આકર્ષણો નહિ અડતાં.
અંદરથી મોટા થવાય છે = કષાયોના હુમલા નહિ નડતા.
શિવમસ્તુની ભાવના એ તીર્થંકરત્વના અને આત્મ-સમદર્શિત્વની ભાવના એ સિદ્ધત્વના યોનિ તથા બીજ છે.

नमो

V. Jmp.

કારતક સુદી ૧૦, શુક્રવાર

## દુષ્કૃતગર્હા

ભવોભવમાં પોતાથી તથા જે કોઈ પદાર્થ તથા શરીરો છૂટીને આવ્યા હોય તેનાથી જીવો સાથે અનુચિત, દુઃખ-ત્રાસ-ભય આપવારૂપ કે હિંસા કરવારૂપ જે ક્રિયાઓ થતી હોય તેના સાથે સંબંધ કાપી નાંખી, નવા પાપનો અનુબંધ ન થાય તે રીતે નિંદા-ગર્હા કરવાની છે તથા આ ભવમાં જે કાંઈ પાપ થયા હોય, તેના યોગ્ય ગુરુ પાસે નિઃશલ્યપણે આલોચના કરી શુદ્ધ થવું જોઈએ.

## સુકૃતાનુમોદના

આ ભવના અને ભવોભવના પોતાના તથા પરમેષ્ઠિના તથા અન્ય સર્વ જીવોના જ્યાં જ્યાં દેખાય, તે સર્વ સુકૃતોની અનુમોદના પુણ્યાનુબંધી પુણ્યનો અનુબંધ ચાલુ રાખે છે. વળી પોતે છોડેલા શરીરો તથા પદાર્થો વડે જે જે શુભ કાર્યો થતાં હોય, તેની અનુમોદના કરવાની છે. દા.ત. ઘેટાંની ઊનથી સ્વેટરશાલ વગેરે થયાં હોય અને

તેનાથી જીવદયા પળાતી હોય

તથા પરંપરાએ મોક્ષના સાધનરૂપ થતાં હોય,

તે સર્વની અનુમોદના કરવાની છે.

o ધ્યાતા પોતાનો જીવ, ધ્યાન સર્વ જીવનું, ધ્યેય શિવનું. જીવ અવ્યવહારમાંથી વ્યવહારરાશિમાં આવે છે, તે તો એકલા સિદ્ધ ભગવંતોનો જ મહાઉપકાર છે. બાકીના અરિહંતાદિ ચાર પરમેષ્ઠિઓની ભાવના સ્થૂલ પડે છે. શાસ્ત્રોમાંથી વિદિત થાય છે કે અવ્યવહાર સૂક્ષ્મ છે. એ સૂક્ષ્મ ઉપર અસર પાડવા માટે સૂક્ષ્મતત્ત્વ આવશ્યક છે.

o એક જીવ સિદ્ધ થયે નિગોદમાંથી એક જીવ જ નીકળે, તેમાં કારણ તેવો સ્વભાવ છે. આઠ રૂચકપ્રદેશો આદિ શુદ્ધ એવા આ સિદ્ધ ભગવંતોનો જ સંબંધ થઈ શકે. સમિતિ એ વ્યવહારધર્મ અને ગુપ્તિ એ નિશ્ચયધર્મ છે. નિશ્ચયદૃષ્ટિને હૃદયમાં ધારીને વ્યવહારનું પાલન કરવું.

નવકાર એ સાધન છે, નવપદ એ સાધ્ય છે.

અરિહંતનું ધ્યાન એ દયા અને પુણ્યબંધને પુષ્ટ કરે છે.
સિદ્ધોનું ધ્યાન એ ધર્મ અને નિર્જરાને પુષ્ટિકારક છે.

પુણ્યના અસંખ્ય અધ્યવસાયોના કારણે અસંખ્ય ભેદ પડે, છતાં જેમ કોડમાં કોડ ભેદ સમાઈ જાય છે, તેમ તીર્થંકર નામકર્મમાં બધી ૬૭ પુણ્યપ્રકૃતિઓ સમાઈ જાય છે. જેટલા પ્રમાણમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ દયાનાં પરિણામ આવે, તેટલા પ્રમાણમાં પુણ્યબંધ થાય છે.

અરિહંતના ધ્યાનથી પૌદ્ગલિક સુખ અને સિદ્ધના ધ્યાનથી મોક્ષસુખ - પોતાને સંપૂર્ણ સુખરૂપ અને બીજાને સંપૂર્ણ સુખ આપવારૂપ સ્વભાવની પ્રાપ્તિ થાય છે.

દયા વિના સુખ નહિ.

દયાની તરતમતા, એ જ પુણ્યના પ્રકારો છે.

અરિહંતના ધ્યાન સાથે મન જેટલા પ્રમાણમાં જોડાયેલું રહે, તેટલા પ્રમાણમાં અનાસક્તિ રહે છે.

તેથી એકલો પુણ્યબંધ નહિ, સાથે નિર્જરા પણ થાય છે.

આત્મસમદર્શિત્વ ગુણની અનુભૂતિ એ જ સમ્યગ્દર્શન છે.

સિદ્ધોની પાર્લામેન્ટમાં સિદ્ધો રાજા છે.

જીવશુદ્ધિનું કાર્ય વધારે કરે, તેને ઊંચી પોસ્ટ મળે છે.

અરિહંતો જ્ઞાન આપે છે, સિદ્ધો સુખ આપે છે તથા આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ ધર્મ આપે છે.

ચારિત્ર એ સમિતિ-ગુપ્તિસ્વરૂપ છે.

તપ નિસ્તરંગ મહોદધિતુલ્ય થવાની ક્રિયા છે, તેમાં ધ્યાન મુખ્ય છે. જ્ઞાન આત્મસમદર્શિત્વ પુષ્ટ કરવા માટે છે.

સમ્યગ્દર્શન એ જ્ઞાનથી નહિ પણ કૃપાથી અથવા આત્મસમદર્શિત્વના સ્વાનુભવથી મળે છે.

કૃપાના સ્વીકાર વિના અહં - મમભાવ જતો નથી તથા નમસ્કારનો સાચો ભાવ આવતો નથી.

'ચારિત્ર' એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ.
જેટલા અંશે સમિતિ - ગુપ્તિનું પાલન થાય,
તેટલા અંશે આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટે છે.
કર્મસત્તા જીવોને સુધારવાનું કાર્ય કરે છે,
તેથી તે ધર્મસત્તાને આધીન છે. જીવોને સુખી કરવાનું
ધ્યેય ધર્મસત્તાનું છે અને એ ધ્યેયને પાર લાવવા માટે
જ કર્મનો વિપાક અકારકપણે પમાવવાનું કાર્ય કર્યા કરે છે.

o ઈસ્લામી શાસ્ત્રોને સમજાવનાર મસ્નવી,
ખ્રિસ્તી શાસ્ત્રોને સમજાવનાર સ્વીડનબર્ગ,
હિંદુ શાસ્ત્રોને સમજાવનાર વ્યાસ, વશિષ્ઠ, વાલ્મિકીના
ગીતા, ભાગવત, યોગવાશિષ્ઠ અને રામાયણ તથા
જૈન શાસ્ત્રોને સમજાવનાર હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય છે.
તે બધાં કહે છે કે: મુક્ત પુરુષ બહારમાં સર્વ સાધારણ
હોવા છતાં અંતરમાં તે એકદમ અસાધારણ હોય છે.
ગતિ અને કૃતિમાં ભિન્ન છતાં સર્વ દેશ અને કાળના
તે પુરુષોની આંતરિક મતિ હંમેશા એકસરખી હોય છે.
વૈરાગ્ય એ ભક્તિનો ઉત્પાદક અને પોષક છે.
ભક્તિ એ જ્ઞાનનું લક્ષણ છે તથા જ્ઞાનનું ઉત્પાદન અને
પોષણ કરે છે. જ્ઞાન મુક્તિનું લક્ષણ અને સ્વભાવ છે.

ભાષાને શું વળગે ભૂર ? જે રણમાં જીતે તે શૂર.
સંસ્કૃત બોલે તે શું થયું? કંઈ પ્રાકૃતમાંથી નાસી ગયું?
બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણે પાર.
આ ત્રેપનમો તે ઓંકાર (initial of God).

Om = Aum = yes. Sign of affirmation & Symbol of eternal excistence.

Amen = तथास्तु ।

અર્ધમાત્રા - મહાશૂન્ય - પૂર્ણબ્રહ્મ - પરમાત્મા.

બ્રહ્મા अ - Excistence - મન - Creative - રજસ્
વિષ્ણુ उ - Knowledge - બુદ્ધિ - Positive - સત્ત્વ
મહેશ म - Bliss - ચિત્ત - Negative - તમસ્
શક્તિ ◡ - Peace - અહંકાર - શૂન્ય - તુરીય
સદાશિવ • - Eternal - infinite - મહાશૂન્ય - તુરીયાતીત

यस्मात् उच्चार्यमाण एव प्राणान् ऊर्ध्वम्
उत्क्रामयन्ति तस्मात् उच्यते ॐकारः ।

અર્થાત્: કારણકે ઉચ્ચારવામાત્રથી જ પ્રાણોને તે ઊંચે લઈ જાય છે, તેથી 'ૐકાર' કહેવાય છે.

प्राणान् सर्वान् परमात्मनि प्रणामयति
इति एतस्मात् प्रणवः ।

મંત્રયોગ = ભક્તિયોગ, રાજયોગ = જ્ઞાનયોગ,
હઠયોગ = વૈરાગ્ય - કર્મયોગ, લયયોગ = અનુભવયોગ.
સંસાર કેળના થડ જેવો નિઃસાર છે.
જેમ કેળના સ્તંભમાં કાષ્ઠ છે જ નહિ,
તેમ સંસારમાં સુખ છે જ નહિ.
કેળમાં કાષ્ઠ હોય તો જ સંસારમાં સાર હોય.
વૈરાગ્ય અને અભ્યાસ અન્યોન્યાશ્રિત છે.
સદ્ગુરુ મુખે શ્રવણ કરી, મનન કે નિદિધ્યાસન વડે
અનુભવેલું જ્ઞાન, તે પ્રત્યક્ષજ્ઞાન - ગુરુમુખીજ્ઞાન છે.
માત્ર મન-બુદ્ધિએ જાણેલું પણ સ્વાનુભવ વિનાનું જ્ઞાન,
તે પરોક્ષજ્ઞાન - મનોમુખીજ્ઞાન છે.
સાચી ભક્તિ - Love and fear, પ્રેમ અને ભય.
નિરાશ - અનાશ - પૂર્ણકામ - ગતકામ.
પિંડ - વ્યષ્ટિ પિંડ - microcosm - જીવ - અહમ્
અપિંડ - સમષ્ટિ - વિરાટ - macrocosm - શિવ - અર્હમ્
નિર્ગુણ - જાતીયતાથી પર - beyond sex - લિંગાલિંગ.
સ્થૂળશરીર - ભોગ - લય
સૂક્ષ્મશરીર - યોગ - વિલય
કારણશરીર - જ્ઞાન - પ્રલય
મહાકારણશરીર - ભાવના - મહાપ્રલય

સ્થૂલનો સૂક્ષ્મમાં તેમ મનનો લય બુદ્ધિમાં થાય છે.
સૂક્ષ્મનો કારણમાં તેમ બુદ્ધિનો લય ચિત્તમાં થાય છે.
કારણનો મહાકારણમાં તેમ ચિત્તનો લય અહંકારમાં થાય.
અહંકારનો લય વસ્તુમાં - બ્રહ્મમાં થાય, તે લયયોગ છે.
રાજયોગમાં માનસિક ધ્યાન અને ધારણાદિ પ્રધાન છે.
હઠયોગમાં પાંચ સ્નાયુને પ્રાધાન્ય છે.
લયયોગમાં એકીકૃત - ઘનીભૂત ચિત્તવૃત્તિને પ્રાધાન્ય છે.

પિંડ - નાનામાં નાનું બ્રહ્માંડ } બન્નેની એકતાનો
બ્રહ્માંડ - મોટામાં મોટો પિંડ } અનુભવ તે 'મુક્તિ'.

## મુમુક્ષુના ૪ પરમ ધર્મ

વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ, મુમુક્ષુતા.

## મુક્તપુરુષના ૪ પરમ ધર્મ

મુદિતા - પરમાત્માના સમાગમનો આનંદ.
મૈત્રી - શ્રી હરિ, ગુરુ, સંત, હરિજન અને સમગ્ર સજાતીય પ્રવાહ પ્રત્યે મૈત્રી.
કરુણા - શિષ્ય, મુમુક્ષુ, આશ્રિત અને આપ્ત પ્રત્યે કરુણા.
ઉપેક્ષા - માયા પ્રત્યે ઉદાસીનતા અથવા નિઃસ્પૃહતા.
મૈત્રી, કરુણા અને મુદિતામાં જેનો સમાવેશ ન થાય, તે સર્વ પ્રત્યે ઉપેક્ષા રાખવી તે મુક્તપુરુષનો ધર્મ છે.

ફારનફ સુદી - ૨૨

**Be non-judgemental :**

you must not allow your mind to judge things & people, for the mind is not an instrument of true knowledge. It is incapable of finding knowledge, but it must be moved by knowledge. Knowledge belongs to a region much higher than that of the human mind, even beyond the region of pure ideas.

The mind has to be made silent and attentive in order to receive knowledge from above and manifest it. For it is an instrument of formation, organisation and action, it is in these functions that it attains its full value and real utility.

Truth is self dependent and self-sufficient.

Mind cannot reach and touch the truth,

but heart can. Innocent and faultless heart can dwell in truth. Intellect will only help in dry discussions and hollow speculation which lead us no further.

mind and matter = [illegible] + [illegible]

Space and time = [illegible] + [illegible]

Happiness is not fulfilment of desires, but absence of desires.

It is sickness or weakness.

External youth is the freedom of desire.

He who has no desire never despairs, never dies.

mind is the instrument of ignorance. It is always groping in darkness. After stilling the mind, truth dawns. Divine is the most affectionate, kind & ready to help, therefore is adored as mother everywhere. We must accept this truth that He is omnipresent, omniscience, omnipotent.

## નમો

o વેદના જે ૨૪ કાંડ છે,
તેમાં ૨૩ કાંડ કર્મકાંડ તથા ઉપાસનાઓના છે.
૨૪મો કાંડ બૃહદારણ્યક ઉપનિષદના શતપથ બ્રાહ્મણનો જ્ઞાન કાંડ છે. તે અર્ચિરમાર્ગ છે, બાકી ધૂમ્રમાર્ગ છે.

### ચાર વેદોનાં ચાર મહાવાક્યો

સામવેદ - તત્ત્વમસિ ।
યજુર્વેદ - અહં બ્રહ્માઽસ્મિ ।
ઋગ્વેદ - પ્રજ્ઞાનમાનન્દં બ્રહ્મ ।
અથર્વવેદ - સર્વં ખલ્વિદં બ્રહ્મ ।

### સપ્તભૂમિકા

જ્ઞાનયોગ - ૐ - અનાદિ, અનંત, અદ્વૈતબ્રહ્મ, જીવન્મુક્ત
તુરીયાતીત - નિર્વિકલ્પતા - શાંતિ, શુદ્ધાદ્વૈત - પરિણામવાદ
કેવલાદ્વૈત - માયાવાદ - બ્રહ્મવિવર્તવાદ

૭ તુરીય સમાધિ
૬ પદાર્થાભાવિની
૫ અસંસક્તિ - ભક્તિયોગ.
૪ સત્ત્વાપત્તિ
કર્મયોગ ૩ તનુમાનસા - દ્વૈતવાદ
૨ વિચારણા - પ્રકૃતિ પરમાણુવાદ
૧ શુભેચ્છા - પદાર્થ વિકાસવાદ

**શુભેચ્છા**

- ૧ આત્માત્મ-વિવેક
  - સંતસમાગમ, શ્રવણ
  - મનન
  - નિદિધ્યાસન
- ૩ ષટ્સંપત્તિ
  - શમ દમ ઉપરતિ તિતિક્ષા શ્રદ્ધા સમાધાન
- ૪ મુમુક્ષુતા
  - પામર વિષયી જિજ્ઞાસુ મુક્ત
- ૨ વૈરાગ્ય
  - મૂઢ ક્ષિપ્ત વિક્ષિપ્ત એકાગ્ર નિરુદ્ધ

<u>સાધક</u>: ૧) વિવેક ૨) વૈરાગ્ય ૩) ષટ્સંપત્તિ ૪) મુમુક્ષુતા

<u>સિદ્ધ</u>: ૧) મૈત્રી ૨) કરુણા ૩) મુદિતા ૪) માધ્યસ્થ્ય

માત્ર જાણવું તે ખરું જાણવું નથી.

જાણ્યું પણ માણ્યું નહિ, તે જાણ્યું નથી.

માત્ર જાણવાથી સંપૂર્ણતા ન આવે, અનુભવવાથી આવે છે.
પોતે જાણી છે, એવું માનનારાઓ જડ થઈ જાય છે.
દેહાધ્યાસ ટાળી, મનોનાશ કરી વાસનાવિલય દ્વારા
સ્વાનુભવ થવું, તે જ ખરું 'જાણવું' છે.

કારતક સુદ-૧૨

વ્યક્તિના નાના 'હું'નો અપરિમિત 'હું'માં વિલય કરવો એ કલ્યાણદશાનું લક્ષણ છે.

જીવની જન્મભૂમિ આધ્યાત્મિક વિશ્વમાં છે. પ્રેમની ઉષ્મા અને રાગની જ્યોતિને સૌ કોઈ ઝંખે છે. પ્રેમ અને રાગ કે પ્રેમ અને વૈરાગ્ય અભિન્ન છે. નમસ્કારભાવ દ્વારા ત્રિભુવનપતિના ત્રિભુવનવિષયક હિતભાવનાં સંબંધમાં આવનારો જીવ અહીં ભુવનના જીવોનો મિત્ર બની રહે છે. સર્વજીવહિતવિષયક આ ભાવનાં સંબંધ વિના તીર્થંકરોની આજ્ઞાના પાલન માટેની પ્રેરણાશક્તિ કઈ રીતે જાગે? અને એ પ્રેરણાશક્તિ વિના આજ્ઞાપાલનના નામે સ્થૂલક્રિયાની માફક ધર્મક્રિયા કરતો રહે, તોય તે ક્રિયા તેના પરિણામને કેવી રીતે સ્પર્શે?

૦ ત્રિભુવનના જીવોને શિવમસ્તુની ભાવનાનાં વિષયભૂત બનાવવાના પરિણામ સ્વરૂપે ત્રિભુવનના જીવો જાણે એ ભાવનાના ભાવુકને ત્રિભુવનપતિપણે સ્થાપતા ન હોય અને તેમને પૂજ્યભાવથી ભજતા હોય, એમ નહિ લાગતું?

૦ ભેદબુદ્ધિ મોહ અજ્ઞાનને હિંસાદિ પાપોને ઉત્તેજે છે, તેમ બાહ્યભાવોએ વિષયોના આકર્ષણને વધારે છે.

જીવમાત્ર સાથે આત્મૌપમ્યબુદ્ધિ હિંસાદિ પાપોનું નિવારણ કરે,
તેમ આત્મા સાથેનું તાદાત્મ્ય વિષયકષાયોને નિવારે છે.
તિર્યગ્સામાન્યના વિચારથી મૈત્રી તથા ઊર્ધ્વતાસામાન્યના
વિચારથી વૈરાગ્યભાવ વિકસે, બંને પરથી ભિન્ન અને
સ્વથી અભિન્ન એમ ઉભય રીતે વિચારી શકાય છે.
૦ મૈત્રી હિતચિંતાની અપેક્ષા રાખે છે અને હિતચિંતા
આત્મજ્ઞાનની તથા યથાર્થ વિવેકની અપેક્ષા રાખે છે.

<u>યથાર્થ વિવેકના બે પ્રકારો</u>

(૧) જીવ-જીવ પ્રત્યેની સમાનતાનો વિવેક.
(૨) પુદ્ગલ પ્રત્યેની ભિન્નતાનો વિવેક.

સ્વની હિતચિંતા કે પરહિતચિંતા એ શુભ સવિકલ્પ દશાનો
પ્રારંભ છે. એનો પ્રકર્ષ અપરાધીનું પણ શુભ ચિંતવવું તે છે.

'વાસી-ચન્દનકલ્પ' અવસ્થા
એ સવિકલ્પ શુભ અવસ્થાની ટોચ છે.

નમસ્કાર એ હાથની આંખ છે.
જેમ હાથ પોતે અંધ હોવાથી પોતાની આંખ વડે
બાળ બંધુઓને મોટા તરીકે જુએ છે,
તેમ નમસ્કારભાવ જેમને પ્રાપ્ત થયો છે,
તેઓ પોતા સિવાય બાળ બંધુને પોતાથી મોટા જુએ છે.

કારતક સુદી - ૧૩

એક તરફ ત્રિભુવનપતિ અને બીજી તરફ ત્રિભુવનના બધા જીવો- એ બેની વચ્ચે પોતાનો આત્મા ગોઠવીને જીવન જીવવાનો પ્રયત્ન કરે, તો સાચી સાધનાને પાત્ર બનાય. ત્રિભુવન કે ત્રિભુવનપતિ, બેમાંથી એકનો પણ અપરાધ, આશાતના બની જીવને મોટી સજાના કારણરૂપ બને છે.

જગતના એક પણ જીવનો તિરસ્કાર
એ જગતપિતાના તિરસ્કાર સમાન છે.

જીવનો તિરસ્કાર પોતાના જ શિવસ્વરૂપનો તિરસ્કાર છે.

અરિહંતને નમસ્કાર કરવા દ્વારા જ સિદ્ધભાવ ઓળખાય. સિદ્ધનું જ્ઞાન અરિહંતના ઉપદેશથી થાય છે, એ ઉપદેશ અરિહંતને નમવાથી જ અંતઃકરણમાં પરિણામ પામે છે. અરિહંતોના સર્વોચ્ચ ભાવને પોતાનો ભાવ ન અપાય, ત્યાં સુધી સાચો આત્મસમભાવ કદાપિ સિદ્ધ થાય નહિ. 'મોહનિદ્રામાં સૂતેલો ન જાગે, તો તને અરિહંતની આણ છે' એવો ભાવાર્થ આ નવકારના પહેલાં પદમાંથી નીકળે છે.

આ અરિહંતોની આણનું ઉલ્લંઘન કરવાની શક્તિ
ત્રણ લોકમાં કોઈની નથી,
કેમકે એ આણ આધ્યાત્મિક શક્તિથી ભરેલો પુંજ છે.

સ્વને લાભ આપવાની ક્રિયા તે ધર્મક્રિયા. એમાં જે બાહ્ય
શરીર, દ્રવ્યનો ઉપયોગ થાય તે પારમાર્થિક સદુપયોગ છે.

આ નમસ્કારભાવ દ્વારા આત્માની પાત્રતાને ન પકવવા,
એ મોટો વિશ્વાપરાધ અથવા આત્મદ્રોહ છે.

જ્યાં સુધી એ પાત્રતા ન વિકસે, ત્યાં સુધી
પાપસંબંધમાં આવવાની જીવની યોગ્યતા ઘટતી નથી.
વૃત્તિમાં પાપ આર્તરૌદ્રધ્યાનરૂપે ખસતું નથી,
નિમિત્ત મળતાં જ વધતું જાય છે.

ચિત્તને આર્ત-રૌદ્ર ધ્યાન અને વિષય-કષાયમાં જતું રોકવા
તેને એક છેડેથી પ્રભુના ભાવ સાથે અને બીજા છેડેથી
જીવોની હિતચિંતા સાથે સતત બાંધેલું રાખવું જોઈએ.

o લોકના મસ્તકે બિરાજવાની જીવની પાત્રતા સકળલોકના
જીવોને પોતાના મસ્તકે પધરાવવાથી જ પ્રગટ થતી રહે છે.
લોકમાં રહેલા બધા જીવોના કલ્યાણની સર્વોચ્ચ ભાવનાનું
કેન્દ્ર આ અરિહંત પરમાત્મા હોવાથી તેઓશ્રીને નમવાથી
લોકોત્તર ભાવના સાથેનો સંબંધ સુદૃઢ બને છે.

o 'નિષેધાત્મક તત્ત્વ' એટલે સ્વભાવદશા.
નિષેધાત્મક તત્ત્વને ધ્યેયરૂપે રાખીને
વિધાયક તત્ત્વને સાધન બનાવાય તો જ વિકાસ સંભવે.

તે નિષેધાત્મક તત્ત્વને પરખવાને માટે વિભાવમાં રહેલા સ્વભાવના અંશોને આત્મસાત્ કરનારી દૃષ્ટિ, તે સમ્યગ્દૃષ્ટિ જે વિશ્વને સમ્યક્ પ્રકારે વાંચવાની દૃષ્ટિ, તે સમ્યગ્દૃષ્ટિ. સમ્યગ્દૃષ્ટિવાન સદાય જીવનાં હિતનો પક્ષપાતી હોય.

શ્રી જિનાજ્ઞા મુજબનું વર્તન જિનના દાસને
જીવના પક્ષમાં દોરે અને જડના સંબંધમાં બંધાતાં વારે છે.

આત્માને સંબંધ સર્વ સાથે રહેલો છે.
તેને શોભાવવાની પૂર્ણ પાત્રતાના વિકાસ પછી જ
તે શાશ્વતપદનો અધિકારી બને છે.

o ઘણા મોટા જળપ્રવાહ આડે એક મજબૂત શિલા આવે, તેમ એક આત્માના સર્વહિતકર શુભભાવની આડે મારાપણાની બુદ્ધિરૂપી શિલા મોટો અવરોધ ઉત્પન્ન કરે, ત્યારે તેના લાભથી ઘણા બધાં પ્રાણીઓ વંચિત રહે છે.

o મહીદાસનું વાક્ય 'પ્રજ્ઞાનં બ્રહ્મ'।
ઉદ્દાલક આરુણિનું વાક્ય 'તત્ત્વમસિ'।

o તનનો મુખ્ય આધાર અપાનવાયુ અને તેનો આધાર અન્ન છે, તેથી અન્નદાન સર્વ દાનોમાં પ્રધાન છે.

o સ્વાધ્યાયનો અર્થ ફક્ત વાંચવું અને યાદ રાખવું નહિ. 'સ્વાધ્યાય' એટલે અનુભવ અર્થે પ્રવૃત્તિ, માત્ર પાંડિત્ય નહિ.

કારતક સુદ-૧૪

બધાને પોતાના વિચારમાં લાવવાનો પાકો મૈત્રીભાવ છે.
આત્મભાવના વિકાસ અનુસાર મૈત્રીભાવનો વિકાસ થાય.
આત્મભાવનાં વિકાસ માટે પરમાત્મભાવને અને
પરમાત્મભાવની શરણાગતિ માટે નવકારને શરણે જવું પડે.

'શ્રી નવકારને શરણે જવું' એટલે

શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોના સર્વજીવહિતવિષયક ભાવમાં
પોતાના ચિત્તનું નિરંતર સ્થાપન કરવું.

જેમ જેમ ચિત્ત નમસ્કારભાવથી વાસિત થતું જાય, તેમ
તેમ જીવને ભાવ આપવાનો આંતરિકભાવ ખીલતો જાય.
બધા જીવોનું હિત પોતાના વિચારના વિષયભૂત ન બને,
ત્યાં સુધી આત્માની પાત્રતાનો પુરે પુરો વિકાસ ન ગણાય.

ધર્મનો સ્વભાવ સર્વજીવહિતવત્સલતા છે.

ધર્મની શક્તિ અચિન્ત્ય હોવાથી જ્યારે ચિત્તમાં ધર્મનો
અધ્યવસાય પ્રગટે, ત્યારે તેની અસર બધે જ ફેલાય છે.
એવા અધ્યવસાયને પ્રગટાવવા જ બધી ક્રિયાઓ છે.
એ અધ્યવસાયના એકવારના સ્પર્શમાં સાધક પોતે સકલ
વિશ્વને અંતરતરમાં સ્પર્શે છે અને તેની અસર
તેના બધા પ્રાણીઓ ઉપર ઘણા વખત સુધી રહે છે.

આમાં જીવની પાત્રતાનો વિકાસ અગત્યનો ભાગ ભજવે છે. તે પાત્રતાના વિકાસનો આધાર સંપૂર્ણ વિકસિત ચૈતન્યતત્ત્વની ઉપાસનામાં રહેલો છે. સત્યના વિચારની ભૂમિકા એ જૈન માટે સામાન્ય વસ્તુ છે. વ્યક્તિનો વિશ્વ સાથેનો સંબંધ સ્પષ્ટ કરનારું નવકારનું 'નમો' પદ છે. તત્ત્વનો અર્થ વિદ્વાનો કરી શકે, પણ તેના મર્મને ઝીલનારું કેન્દ્ર મંત્રાધિરાજની સાધના ખોલી આપે. જો એકના અધર્મના માઠા પરિણામ સંબંધી તર્કપરંપરાને ત્રિભુવન સુધી ઊંચી લઈ જઈ શકાય, તો એકના ધર્મના પ્રભાવને એ જ રીતે કેમ ન વિસ્તારી શકાય?

આત્માની ભાવાત્મકશક્તિ આગળ ચક્રવર્તીના સમગ્ર સૈન્યની સ્થૂલશક્તિ વામણી છે. ધર્મ સાથે સંબંધમાં રહેનારો આત્મા જે ગામ-નગરમાં કે વિસ્તારમાં વસતો હોય, તેના પ્રભાવે તે વિસ્તારમાં વસતા નાના-મોટા જીવો ઘણી આપત્તિમાંથી ઉગરતા હોય છે.

વિશુદ્ધ પરિણામની તાકાત જળ, પવન અને વાદળાની તાકાત કરતાં કંઈ ગુણી અમાપશક્તિ ધરાવે છે. એવો વિશુદ્ધ પરિણામ સત્યના વિચારપૂર્વકના પવિત્ર આચારમાંથી ઉત્પન્ન થાય છે. એમાં જે સંવેદન જન્મે, તેમાં સત્યનું સ્થાન પહેલું અને સ્વનું છેલ્લું હોય છે.

નમસ્કારભાવનાં સ્પંદન અનુસાર જ
જીવનો આત્મભાવ સ્પંદન પામતો રહે છે.
આત્મભાવના યોગે સાધક ધર્મના સંબંધમાં આવે છે.
એ સંબંધના પ્રભાવે તે જગતના બધા જ જીવોના
સંબંધમાં આવે છે, જેના પ્રભાવે તે બધાનો સંબંધી બને છે.
આ નમસ્કાર જે રસાયણ બધા આત્માઓને પુરું પાડે છે,
તેના અનુભવે એમ સમજાય છે કે:
'જો સાધકના ભાવમાં સર્વને સ્થાન મળે,
તો તે રસાયણમાંની સર્વોચ્ચ માત્રાનો પુરેપુરો લાભ મળે.'
વિશ્વવ્યાપક મહાશક્તિનું મૂળ છે વીતરાગતા-નિષ્પક્ષપાતતા.
ધર્મસત્તા તેનું પ્રતીક છે.
એનો સંબંધ આ નમસ્કાર કરાવી આપે છે.
નમસ્કારનો સંબંધ પોતાનો સંબંધ રહેવા છતાં
સર્વનો સંબંધ બની શકે છે.
વચ્ચે મન છે, તે જાય તો મળે આત્માનંદ અનુભવાય.
મનોનાશનો ઉપાય 'નમો' પદનો અભ્યાસ છે.
એ અભ્યાસ સર્વનો સંબંધ જોડી આપે છે.
સર્વનો સંબંધ થશે એટલે મનનો નાશ થશે સમજો,
કેમકે મનનો સ્વભાવ સ્વના વિચાર ઉપર છે.

મનનું બીજું નામ 'ન મન' છે, એટલે કોઈનો વિચાર
ન કર, માત્ર પોતાનો જ કર. તેનો પ્રતિપક્ષભાવ 'નમ' છે.

'નમશો એટલે સર્વને ગમશો.'
એ કહેવતની પાછળ ઊંડું રહસ્ય છે.
જેમ સાકર દૂધમાં ઓગળે,

તેમ મન નમસ્કારભાવમાં ઓગળી વિલીન થઈ જાય છે.
નમસ્કારભાવ સિવાય આત્મસમભાવ કદી ન સંભવે.
આત્મસમભાવ સિવાય દુર્ભાવ ન શમે, દુર્ભાવ શમન
ન થાય, ત્યાં સુધી પાપવિરમણ વૃત્તિ ન જન્મે અને એ
વૃત્તિ વિનાનું વ્રતપાલન ભાવવિહીન છે, એટલે વંધ્ય છે.

આ નમસ્કારના ભાવમાં કુંદની સુગંધ, ઇન્દુની શીતળતા,
ગોક્ષીરની મધુરતા અને તુષારની કોમળતા રહેલી છે.

ક્રિયા વખતે ક્રિયા કરનારનું લક્ષ્ય પોતાની પાત્રતાના
વિકાસ ઉપર રહે, તો જ તેમાંથી લાભ મેળવી શકે.
પાત્રતાનો વિકાસ એ જ સર્વ પ્રકારની સાધનાનું લક્ષ્ય છે.
પાત્રતાના વિકાસવાળો ધર્મી આત્મા તે જ ગણી શકાય,
કે જે સમસ્ત વિશ્વનો સંબંધી હોય.

જીવમાત્રના હિતના વિચારની ઉચ્ચ ભૂમિકા સાથે સંબંધ
સિવાય જીવની મુક્તિ થાય, એમ ન જ સ્વીકારી શકાય.

બાર માસ પર્યાયે અનુત્તર સુખનું ઉલ્લંઘન તે જઘન્ય
સંયમસ્થાનથી ચઢેલાને સંભવે કે ચરમભવ જીવને ઘટે?

કારતક વદી ૭

શબ્દમાં જે સ્વાભાવિક સામર્થ્ય જૈન મતે માન્યું છે,
તેને નૈયાયિકો પુરુષેચ્છા કે ઈશ્વરેચ્છા માત્રને જ માને છે.
એને 'સંકેત', 'શક્તિ' કે 'ઇચ્છા' શબ્દથી સંબોધે છે.
જૈનો સંકેત ઉપરાંત સ્વાભાવિક સામર્થ્યને પણ માને છે.

વૈયાકરણો શબ્દમાં બોધજનકતા રૂપ
સ્વાભાવિક શક્તિને સમજાવવા નીચેની કારિકા કહે છે:

इन्द्रियाणां स्वविषयेष्वनादि-योग्यता यथा ।
तथैव सर्वशब्दानां सम्बन्धी योग्यता तथा ॥१॥

- વૈયાકરણ ભૂષણસાર

अधिगत्याखिलं शब्दब्रह्म शास्त्रदृशा मुनिः ।
स्वसंवेद्यं परब्रह्मानुभवेनाधिगच्छति ॥ (પરિશિષ્ટ-૪)

બ્રહ્મવાદી અદ્વૈતબ્રહ્મને જ જોર આપે છે.
વાચ્ય-વાચકાદિ વ્યવહારમાં કુમારિલ ભટ્ટને અનુસરે છે.
શ્રવણની અગત્યતા માટે પૂર્વાર્ધ છે.
પશ્ચાર્ધ મનનાદિ દ્વારા નિદિધ્યાસનને ઉદ્દેશીને કહેલો છે.
શ્રવણાદિનો વિષય 'આત્મા વારે શ્રોતવ્યો' ઇત્યાદિ છે.

તે માટે ભર્તૃહરિની વાક્યપ્રદીપની કારિકાના
પ્રથમ કાંડનો પ્રથમ શ્લોક નીચે મુજબ છે:

अनादिनिधनं ब्रह्म शब्दतत्त्वं यदक्षरम् ।
विवर्ततेऽर्थभावेन प्रक्रिया जगतो यतः ॥१॥

(પરિશિષ્ટ-૫)

વૈયાકરણ મતે શબ્દને બ્રહ્મરૂપ માની,
સમગ્ર પ્રપંચને તેનો વિવર્ત-પરિણામરૂપ કહ્યો છે.
'સત્ય' એટલે યથાર્થ[1] કથન, નિયમાનુવર્તન[2], પ્રતિજ્ઞાપાલન[3]
મનવચનને[4] અગોચર તથા આત્માદિ[5] મોટું છતાં અભિન્ન.
સમતા, સંતોષ અને અહિંસાની બધી જ સદ્વૃત્તિઓ
સત્યમાં અંતર્ભાવ પામે છે. એજ સાર્વભૌમ સત્યમાંથી જ
બધી શુભવૃત્તિઓ અને અશેષ ધર્મસિદ્ધાંતો નીકળે છે.

અંતે <u>એવો નિષ્કર્ષ થાય છે</u> કે:

<u>સત્ય એટલે આત્મા, અંતરાત્મા, પરમાત્મા, વિશ્વાત્મા.</u>
<u>સત્ય જેટલું પરિચિત લાગે, તેટલું અગૂઢ અને અદ્ભુત છે.</u>
<u>એ જેટલું સીધું, સાદું અને સહેલું લાગે છે,</u>
તે<u>ટલું જ અમર્યાદ, અનંત અને અગાધ</u> છે.

કહ્યું છે કે: समुद्रो हि तरंगः, क्वचन समुद्रो न तरंगः ।
<u>અર્થાત્</u>: સમુદ્ર જ તરંગ છે, જ્યારે તરંગ સમુદ્ર નથી.

યથાર્થ કથન વડે મિથ્યાશલ્ય દૂર થાય છે,
પણ તોય તે કથન સત્ય હોય કે ન હોય,
સત્યનિષ્ઠ મનુષ્યના ભાગે એથી અધિક તો કર્તવ્ય છે.
પોતાનું કથન કે અભિપ્રાય બરાબર છે કે નહિ, તેને
તપાસવા જોઈએ અને તે મુજબ વર્તવું પણ જોઈએ.
એકલું વક્તૃત્વ કે શ્રોતૃત્વ નહિ, પણ કર્તૃત્વ પણ યથાર્થ
જોઈએ અને સત્યપાલનનો પણ આગ્રહ હોવો જોઈએ.
પ્રતિજ્ઞાપાલનમાં જેટલું સંકટ વધારે,
તેટલો આગ્રહ પણ વધારે હોવો જોઈએ,
કેમકે એમાં જ હૃદય પોતાનો ઉત્કર્ષ અનુભવે છે.
આખું વિશ્વ જાણે પ્રતિજ્ઞાપાલનથી બંધાયેલું ન હોય,
તેમ વર્તે છે. વૃષ્ટિ, વાદળ કે સમુદ્ર; પવન, સૂર્ય કે ચંદ્ર;
ગ્રહ, નક્ષત્ર કે તારા વગેરેનું નિયમપાલન અનાદિકાળથી
સિદ્ધ થઈ ચૂક્યું છે. જીવન-મૃત્યુનો નિયમ અવિચલિત છે.
સત્ય એ મન-વાણીને અગોચર છે તથા
આત્માની અંદર જેટલું છે, તોય પણ બહાર અધિક છે.
૦ ન ત્વહં નાઽહં જગન્નેદં સર્વમાત્મૈવ કેવલમ્ ।
અર્થાત્: હું નહિ, હું જગત નહિ, આ સર્વ કાંઈ નહિ,
બસ, છે તો ફક્ત આત્મા જ છે.

## સત્દેવના ૫ પ્રકારો

(૧) યથાર્થ કથન પ્રતારણા ટાળે છે.
(૨) અનંત પ્રત્યે ભક્તિ ઉપજાવે છે.
(૩) યથાર્થ સમજ નિયમાનુવર્તન કરાવે છે.
(૪) યથાર્થ વર્તન પ્રતિજ્ઞાપાલનમાં સહાયક છે.
(૫) યથાર્થ અનુભવ વિશિષ્ટ અનુભવ કરાવે છે.

અખિલ વિશ્વનું પરમ રહસ્ય તે છે, જે હોવાની સ્ફુરણા જ નહિ પણ દરેક હૃદયમાં ખાત્રી હોય છે, પણ જે પુરું જડવાનું સમાધાન હજુ કોઈ હૃદયે અનુભવ્યું નથી. એનું સ્મરણ કરી કરીને, એનું ધ્યાન ધરી ધરીને અને એના વિરહની વેદના ઝૂરી ઝૂરી અનુભવીને સંતોએ કહ્યું છે કે:

એ જ ઈશ્વર, ધ્યેય અને ગેય છે,
એને અર્થે જવું છે, એ કશાને અર્થે નથી.

એનાથી આત્મા જુદો હોઈ શકે એમ કલ્પી પણ નથી શકાતું. જે કંઈ છે, તે એને માટે જ છે, એટલું જ નહિ પણ એની અંદર જ છે, એ જ છે અને છતાં એ એથી વધારે છે. આકાશનો અંત જાણ્યા વગર જેમ પક્ષીઓ આકાશમાં ઉડ્યા જ કરે છે, તેમ આપણે એ સત્દેવના અવકાશમાં વિચાર કરીએ અને એ વિચાર સાથે અનુભવીએ કે

આપણે એ જ છીએ પણ એ આપણા કરતાં મોટું છે.
એમ ન હોત તો ભક્તિનો આનંદ જ ક્યાંથી સંભવત?
વળી સમર્પણતાનું પ્રયોજન શું રહેત?
સ્વાનુભવનો સંપૂર્ણ રસ શી રીતે ચૂસી શકાત?

૦ માયા, નિદાન અને મિથ્યાત્વઃ એ ત્રણે શલ્યોનું નિવારણ એક જ શુભભાવ વડે થઈ જાય છે અને
તે શુભભાવ એટલે 'શુભૈકચિન્તા।'
'સર્વનું શુભ થાઓ' એવો પ્રબળ વિચાર અને ભાવના તથા તેનાથી ઉત્પન્ન થતી નિર્મળતા એટલે શુભભાવ. સંશય, વિપર્યયરૂપ મિથ્યાત્વ, પરવંચનારૂપ માયા અને કૃપણ સ્વસુખાભિલાષાદિ જન્મતી ધર્મફળની ઇચ્છારૂપી નિદાનઃ આ ત્રણે દોષો સર્વના શુભની ચિન્તાને કર્તવ્ય ગણનારને નડતાં નથી. ચિત્ત શુદ્ધિ થવાથી સઘળા મૂળ અને ઉત્તર-ગુણોની આરાધના નિઃશલ્ય, નિઃશંક, નિરાશંસ અને નિરાડંબર બને તથા અસંભાવના-વિપરીત ભાવના ન રહે.

શ્રવણ વડે વિપર્યાસનું અને
મનનાદિ વડે અસંભાવનાનું નિવારણ થાય છે.
તે શ્રવણ શાનું હોવું જોઈએ?
જિનોક્ત કથનાનુસાર જીવાદિ તત્ત્વોના સાપેક્ષપણાનું.

માગસર સુદ ૨, શુક્રવાર

શ્રી અરિહંત પરમાત્મામાં સર્વસિદ્ધિપ્રદાતૃત્વ તો છે જ
પણ એ અંગેના શાસ્ત્રાર્થમાં પડવાથી કાંઈ ફાયદો નથી.
તટસ્થ દૃષ્ટિથી શું છે? એ કરતાં તો ઉપકાર દૃષ્ટિથી શું
દેખાય છે? એ વાતને જ વધારે મહત્ત્વ મળવું જોઈએ.

નમસ્કાર મહામંત્રના મંત્રાધિરાજત્વને
ઘડીક બાજુ પર મૂકી દઈએ તો યે,
તેમાં જે ધર્માત્મક (ક્રિયાત્મક) ભાગ છે, તે નમસ્કારભાવ છે.
એની સમ્યક્ સમજણ અને એ સમજણપૂર્વકનું આચરણ
કેટલી બધી સિદ્ધિઓ આપનારું છે, એ સહજ સમજાય છે.
વિનય, વિવેક, કૃતજ્ઞતાદિ ગુણો નમસ્કારભાવના જ પુત્રો છે
અને એ ભાવ જો પ્રગટશે નહિ,
તો પરલોકમાં શું બનશે, તે તો જ્ઞાની જાણે,
પરન્તુ આ લોકમાં જ જાગતા દોષો ઊભા થવા માંડશે.

'ગુણાનુરાગિતા'

એ કાંઈ પરદેશી કે પરાયો શબ્દ નથી, આપણો જ શબ્દ છે.
શાસ્ત્રપાઠો સાથે કેવળ પરીક્ષકભાવે જોયા કરવાની વૃત્તિથી
આ ભાવમાં કેટલી ક્ષતિ પહોંચે છે?
કોઈપણ કાર્ય કે વ્યાખ્યાન કે લેખનમાં જો - ચાર વાતો

શાસ્ત્રસંમત નહિ, એવું લાગતાં એને આખુંને આખું ફેંકી
દેવું અને કર્તા, વ્યાખ્યાતા કે લેખકને શાસનના શત્રુ
માનવા-મનાવવા, એમાં ગુણાનુરાગિતાનું વિસ્મરણ તો ઠીક,
કૃતઘ્ની જાણે કેટલો ભાવ છે?
કંઈ હદ છે?

નમસ્કારભાવનું જનસમૂહના હૃદયમંદિરમાં પ્રતિષ્ઠાપન
અને ઉદ્દીપન કરવાનું જે કાર્ય છે, તે શાંત અને મૂંગું છે.
એ કાર્ય કરનાર માટે એમાં વાહ-વાહનો Scope નહિ.
જેને પ્રસિદ્ધિ જોઈએ છે, 'અમે મહાન કાર્ય કરી રહ્યા છીએ'
એવો દેખાવ કરવાનું જેમને ગમે છે,
એમને આ પાયાના કાર્યમાં રસ ના પડે, એમાં નવાઈ શું?
આ એક મહાન કાર્ય છે,
અનિવાર્યપણે આવશ્યક કાર્ય છે અને એને અસરકારક
રીતે કરવાની વાત દીર્ઘદૃષ્ટિપૂર્વકનું આયોજન માંગે છે.
ખમાવવાનો, શમાવવાનો કે ઇંદ્રિયોને દમાવવાનો લાભ
એ પંચ પરમેષ્ઠિ ભગવંતોની કૃપાનું જ ફળ છે.
કેવળ પોતાની શક્તિથી જીવ કદી પણ
પ્રશસ્તભાવને પામી શકતો નહિ,
તે માટે તેને શિષ્ટ અને વિશિષ્ટ પુરુષોની કૃપા જ સહાયક છે.

<u>માગસર સુદી ૨, શનિવાર</u>

કાલ્પનિક ચૈતન્યની વાત જૈનમત પ્રમાણે
શા રીતે સંગત થાય? તે અધ્યાત્મદૃષ્ટિ જ સંગત થાય.
આવા બાબતના પ્રમાણો તર્કથી આપવાનું મુશ્કેલ છે,
પણ શાસ્ત્રોમાં ઉપાસના સંગે જે કંઈ લખાયેલું છે,
તેમાંથી એનાં પુષ્કળ પ્રમાણો મળશે.

<u>તાર્કિકની અવનતિ અને ઉપાસકની ઉન્નતિ થાય છે.</u>

જેઓને તર્ક કર્યા કરતાં જોડી જે છે, તેને છૂટું પાડે છે
અને ઉપાસકો જે છૂટું પડેલું છે, તેને ભેગું કરે છે.

<u>તર્ક કરનાર વાંધા કાઢ્યા કરશે અને</u>
ઉપાસક હશે તે સાંધવાનું કામ કરશે.
થોડીક પણ ઉપાસના જેમણે કરી છે,
તેઓ કંઈક ને કંઈક તો આગળ વધ્યા જ છે.

તાર્કિક વિદ્વાનને
કોઈપણ વાત તમે પૂછશો તો
તર્કયુક્ત વાતોની એક અદ્ભુત સૃષ્ટિ
તમારી સમક્ષ ખડી કરી દેશે,
પણ અરિહંત પરમાત્માની મૂર્તિ સામે તેમના બે હાથ ભેગા
થતા નથી અને માથું નમતું નથી. આવા તાર્કિકો શું કામના?

માગસર સુદી ૪, સોમવાર

મૈત્રી અને કરુણા સકલ સત્ત્વવિષયક હોય. પ્રમોદ
ભાવના પણ સર્વ જગમાં રહેલ ચૈતન્ય માટે ઘટે.
માધ્યસ્થ્ય કે ઉપેક્ષા એ સર્વ સત્ત્વવિષયક ન હોય.

ચિત્તમાં રહેલ રાગાદિ દોષો કે ઇન્દ્રિયો
ફેંકેલ અસ્ત્રની પેઠે વિષયો પ્રતિ પ્રવર્તે છે.
રાગ-દ્વેષના સ્વરૂપના જ્ઞાનપૂર્વક તે ઇન્દ્રિયોને તે તે
વિષયોમાં રાગ-દ્વેષપૂર્વક ન પ્રવૃત્ત થવા દેવાની ઇચ્છાથી
ચિત્તના તે મળોનો દાહ કરવા માટે મૈત્રી, કરુણા, મુદિતા
અને ઉપેક્ષાની ભાવનાના આરંભરૂપ જે પ્રયત્ન છે,
તે 'યતમાન સંજ્ઞા વૈરાગ્ય' છે.

'આ જગતમાં સાર શું છે? તથા અસાર શું છે?
તે હું ગુરુ ભગવંત તથા શાસ્ત્રથી જાણીશ'
એવો વિચાર કરી તદનુકૂલ ઉદ્યોગ આરંભવો,
તે 'યતમાન વૈરાગ્ય' છે.

યતમાન, વ્યતિરેક અને એકેન્દ્રિયસંજ્ઞાની સિદ્ધિ થયા વિના
સાધકને વશીકાર સંજ્ઞાની પ્રાપ્તિ થતી નથી, માટે
વશીકાર સંજ્ઞાના કથનથી પ્રથમના ત્રણેનું પણ ગ્રહણ થાય છે,
તેથી સૂત્રમાં તેમને પૃથક્ કહ્યા નથી.

ચિત્તની વૃત્તિઓનો સંકોચ - વિસ્તાર ધર્માદિ નિમિત્તે થાય છે. તેમાં પણ જે અભ્યંતર શ્રદ્ધા - વીર્ય - સ્મૃતિ આદિ નિમિત્તો છે, તે ચિત્તમાત્રને આધીન છે. તે માટે કહ્યું છે કે: મૈત્ર્યાદિ ભાવનાવાળાના જે કોઈ અભ્યંતર વ્યાપારો છે, તે સ્તુતિ - દાનાદિ બાહ્ય સાધનોથી નિરપેક્ષ હોવા છતાં પ્રકૃષ્ટ (શુક્લ) ધર્મને ઉત્પન્ન કરે છે.

આ શુક્લ ધર્મ રાગ - વૈરાગ્યના અભ્યાસાદિથી થાય છે અને તેના પ્રભાવે જ દંડકારણ્ય જેવા વિશાળ વનને શૂન્ય કરી શકાય છે અથવા અગસ્ત્યમુનિની જેમ સમુદ્રનું પાન કરી શકાય છે. શ્રદ્ધાદિ આધ્યાત્મિક નિમિત્તોમાં મૈત્ર્યાદિ ભાવનાઓનો સમાવેશ થઈ જાય છે. બન્ને પ્રકારના નિમિત્તોમાં અભ્યંતર નિમિત્તો બળવત્તર અને અનિવાર્ય છે.

Imp અભ્યન્તર નિમિત્તોમાં સ્વાધ્યાય અને ધ્યાન એ બંને કુશળ ચિત્તને આધીન હોવાથી શુક્લ - ઉત્કૃષ્ટ ધર્મને ઉત્પન્ન કરનારા કહ્યા છે, એમાં ય ઉપલક્ષણથી મૈત્ર્યાદિભાવોનું ગર્ભિત સૂચન આવી જાય છે. જેમ સમ્યક્ત્વ અને સર્વવિરતિ માટે ૭-૪૮ દિવસનો નિયમ છે, તેમ જિનનામ નિકાચના માટેના અંતરનો નિયમ નથી. દ્રવ્ય તીર્થંકરો તો ગૃહસ્થાવસ્થામાં કાયમ રહે છે.

મોક્ષમાર્ગ શું છે? માગસર સુદી-૭

સર્વ જીવોના અપરાધ અનંતકાળથી જીવે
અજ્ઞાન અને મોહના કારણે કર્યા છે,
તેની ક્ષમાપના ન થાય ત્યાં સુધી કર્મબંધથી મુક્ત ન થવાય.
ક્ષમાપનાની સાથે તે જીવો પણ ક્ષમા આપે એવા નમ્ર ભાવે
પ્રાર્થના કરવી જોઈએ, તો જ તે જીવો પણ કર્મબંધથી અટકે.
ક્ષમાપના વડે શુદ્ધ થયા પછી
તે જીવોનું હિતકાર્ય શક્તિ મુજબ કરવું જ જોઈએ.
જો તેમ કરવામાં ન આવે,
તો ઉપકારીઓના ઉપકારનો પ્રત્યુપકાર કેવી રીતે થાય?
એટલે ઉપકારીઓના ઋણમાંથી મુક્ત થવા માટે
નિઃસ્વાર્થ ભાવે ઉપકારીઓએ જેમ ઉપકાર કર્યા,
તેમ તેવા જ નિઃસ્વાર્થ ભાવે જીવોની ઉપર પોતાની
શક્તિને ગોપવ્યા વિના ઉપકાર કરવો જોઈએ.
તેમ કરવા છતાં જો જીવો ન માને અને અજ્ઞાન-મોહના
આવરણથી અપકાર કરે, પીડા આપે, ઉપસર્ગ કરે, મોક્ષ-
માર્ગની સાધનામાં વિઘ્ન નાખે, તો પણ તેમના પ્રત્યે ક્રોધ
કે વૈરની લાગણી ન રાખે તો જ કર્મબંધથી સર્વથા છૂટાય.
આ જ 'મોક્ષમાર્ગ' છે.

વરવાડા, માગસર સુદ ૭

જેમ ક્ષીરભાવ સર્પને પ્રભાવવાળું-ઉપકાર કરવાનું બને, તેમ રાગભાવ પણ રહી જ ઉપાધિ ઊભી થાય છે. પોતાના સ્વકુળના જ સુખ ઉપર રાગ ધરવાનું કરવાનું જે તીવ્ર આસક્તિ રહેલ છે, તે મોળી પડી જાય છે. મોળી પડેલા તે જ્ઞાન-વિચાર-વિવેકથી સમૂળ નાશ કરી શકાય.

જ્ઞા - આત્માને જાણો.
કૃ - કર્તવ્યને કરો. જાણવું, કરવું ભજવા માટે છે.
ગત્ - સ્થાવર તથા જંગમ સૌનું પૂજન.
ત્યજ - અહંભાવ તથા આસક્તિનો ત્યાગ.
ભજ - પરમાત્માને ભજો.
યજ - શરણે જાઓ.

એકબીજા તરફ દેવદૃષ્ટિથી જોતાં શીખો. દરેકમાં રહેલા દેવત્વને પિછાનો. સૌનું મંગળ ઇચ્છી માંગલ્ય વરસાવો.

o કાહુને કાહુ કટે, કડવા લાગે બોલ,
ધારે રહીને પૂછીએ, શાથી બોલ્યા નેહા?
o કૂંલે બાંધ્યું જળ રહે, જળ વિના કૂંલ ન હોય,
લાજે બાંધ્યું મન રહે, ગુરુ વિના લાજ ન હોય.
o કાષ્ઠ કાટી માળા કીધા, બીચ મેં પરોયા સુત,
માળા બિચારી ક્યા કરે, જપનેવાલા કપૂત.

V.V. Imp.

<u>નાંદીયા, માગસર સુદ ૯, શનિ</u>

ધર્મલાભ માટે લોભને ટકાવવો જોઇએ.

કષ્ટનાશ માટે કષાયનો નાશ કરવો જોઇએ.

અરિહંતના શરણાથી મૈત્રી આવે છે અને ક્રોધ જાય છે.
સિદ્ધના શરણાથી પ્રમોદ જાગે છે અને માન જાય છે.
સાધુના શરણાથી કરુણા પેદા થાય અને માયા જાય છે.
ધર્મના શરણાથી માધ્યસ્થ્ય આવે અને લોભ જાય છે.

જગત પાસે ગતિ છે, પણ દિશા નથી,
ધર્મશાસ્ત્ર સાચી દિશા બતાવે છે.

મનુષ્ય સાચી વસ્તુ ખોટી જગ્યાએ શોધે છે.

શાંત મનમાં મનની મુક્તિ છે. માત્ર શાંત અને સ્થિર
મનમાં પ્રભુનો અનુભવ કરી શકાય છે.

મનમાં બીજી વસ્તુ પેસે એટલે મનમોહન ત્યાંથી નાસી જશે.

પુદ્ગલ સાથે અભેદ અને જીવ સાથે ભેદબુદ્ધિ એ સર્વ પાપનું મૂળ છે. જીવ સાથે અભેદ અને પુદ્ગલ સાથે ભેદબુદ્ધિ એ સર્વ ધર્મનું મૂળ છે. નમસ્કાર વડે જીવ સાથે અભેદ, સામાયિક વડે પુદ્ગલ સાથે ભેદ સધાય છે, તેથી નમસ્કાર અને સામાયિક એ સાધનાના બે પાયા છે.

ક્ષણિકમાં શાશ્વતનું દર્શન કરે તે સાચો *philosopher* છે.

નમો દુર્વારરાગાદિવૈરિવારનિવારિણે[૧] ।
અર્હતે[૨] યોગિનાથાય[૩] મહાવીરાય[૪] તાયિને[૫] ॥૧॥ (પરિશિષ્ટ-૬)

૧ અરિ+હંતાણં - અપાયાપગમાતિશય - વૈરિવારનિવારિણે
૨ અરહંતાણં - પૂજાતિશય - અર્હતે
૩ અરહં+તાણં - જ્ઞાનાતિશય (ગુપ્ત કાંઈ નહિ) - યોગિનાથાય
૪ અરુહંતાણં - અપાયાપગમાતિશય - મહાવીરાય
૫ અરિહં+તાણં - વચનાતિશય - તાયિને

°

અહં = Illusion, અર્હ = Vision
નમો = Illumination
તાણં = Realisation

To bring more happiness in this world is the enlightened happiness.
It lies in the sublimation of animal instincts into spiritual yearnings.
The purpose of religion is the sublimation of the totality of self.
Do not expect anything from anybody.
Happiness is an absolutely internal factor.

તા.૧૭-૧૨-૬૧

વિતરાગ દશાનું ધ્યાન કરવાથી મોક્ષ થાય છે.

'વિતરાગ' એટલે રાગમાત્રનો અભાવ, જ્ઞાનાદિ સ્વરૂપમય આત્મગુણ રમણતા અને મોહક્ષોભથી મુક્તતા.

જેણે સર્વ જીવોનું હિત ન પણ ચિંતવ્યું હોય, તે પણ જો 'પુદ્ગલથી આત્મા ભિન્ન છે' એમ શ્રી જિનવચનથી જાણી આત્મધ્યાનમાં નિમગ્ન રહી પુદ્ગલ પ્રત્યે અરૂચિવાળો બને, તો તે પોતાનું હિત સાધીને કેવળજ્ઞાન મેળવી શકે છે.

'આત્મહિતચિંતા' એટલે પોતાના આત્માને કર્મબંધનથી મુક્ત કરવાની ચિન્તા. એ માટે પુદ્ગલથી ભિન્ન આત્મા જાણીને પોતે આત્મસ્વરૂપ છે, એવી ભાવના કરવાથી આત્મજ્ઞાન પામીને મુક્ત થઈ શકે છે.

'સર્વની મુક્તિ થાઓ' એવી ભાવના શ્રેષ્ઠ છે, પણ એવી ભાવના ન આવી હોય અને 'પોતાની મુક્તિ થાય' એવી ભાવના હોય, તેને પણ કેવળજ્ઞાન અને મોક્ષ મળી શકે. 'પોતાના મોક્ષને માટે સર્વને મોક્ષ મળો અને સર્વનું ભવદુઃખ ટળો' એ ભાવના સર્વ કોઈને આવવી જ જોઈએ એવો નિયમ નહિ. તીર્થંકર ગણધરના જીવોને તેવી ભાવના ભલે આવી પણ સામાન્ય કેવળી થઈને મોક્ષે જનાર

બધા જીવોમાં એ ભાવના આવવી જ જોઈએ અને
તો જ તે જીવની શુદ્ધિ થાય, એમ નહિ.
મોક્ષના અસંખ્ય માર્ગોમાંથી જીવને કોઈ એકથી મુક્તિ મળે,
તેમ મૈત્ર્યાદિ ભાવો પણ એક યોગ છે.
સર્વ માટે તે અનિવાર્ય નથી. - <u>પ્રદ્યોતનવિજયજી</u>

મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ અંતરાત્માને પ્રાપ્ત થાય છે.
મૈત્રી પ્રાણીઓ તરફ પ્રેમ ભાવનાર છે, પ્રમોદ ગુણીમાં
રમણ કરાવનાર છે, કરુણા હૃદયથી હિત કરનાર છે,
મધ્યસ્થતા હૃદયની વિશાળતા બતાવનાર છે.

પુદ્ગલથી અભેદબુદ્ધિ તથા જીવોથી ભેદબુદ્ધિનો નાશ થયો.
પુદ્ગલથી ભેદબુદ્ધિ તથા જીવોથી અભેદબુદ્ધિ પ્રાપ્ત થયો.

o <u>બ્રહ્માંડમાં સવારે સંધ્યાએ સુષુમ્ણા નાડીના પ્રવાહ વહેતા હોય છે, તેથી તે સમયે ઈષ્ટ મંત્રાદિના જાપ થાય તો સહેલાઈથી સુષુપ્તિ, એકાગ્રતા, વૃત્તિનિરોધાદિ થાય છે. જપ-સ્વાધ્યાયની સાથે મૌન એકાંતની પણ જરૂર છે.</u>

o પૂછનાર અશુદ્ધ નૈગમ, જવાબ દેનાર શુદ્ધ નૈગમ છે.
ક્યાં રહો છો? લોકમાં, તીર્છલોકમાં, જંબૂદ્વીપમાં, ભરતક્ષેત્રમાં,
મધ્યખંડમાં, અમુક દેશ, શહેર, સ્થાન અને ઘરમાં.
અહીં સુધી નૈગમની વિચારણા છે.

<u>સંગ્રહનય</u> - શરીરમાં, <u>વ્યવહારનય</u> - ગાદી ઉપર,

<u>ઋજુનય</u> - આત્મપ્રદેશોમાં અગર ઉપયોગમાં,

<u>શબ્દનય</u> - સ્વભાવમાં, <u>સમભિરૂઢનય</u> - મારા ગુણોમાં

<u>એવંભૂતનય</u> - જ્ઞાન અને દર્શનમાં.

<u>પ્રદેશ</u>

નૈ. - કયા દ્રવ્યનો? છએ દ્રવ્યનો.
આકાશપ્રદેશ ઉપર છએ દ્રવ્ય છે.

સં. - કાળ અપ્રદેશી છે માટે પાંચ દ્રવ્યનો.

વ્ય.- જે દ્રવ્ય મુખ્ય છે તેનો.

ઋ.- જે દ્રવ્યનો ઉપયોગ રાખી મૂકે, તેનો.

શ. - જે દ્રવ્યનું નામ લે, તેનો.

સ. - એક આકાશપ્રદેશમાં ધર્મ - અધર્મનો એક અને જીવ તથા પુદ્ગલના અનંત પ્રદેશો છે.

એ. - જે દ્રવ્યની ક્રિયા ગૃહણ અને પર્યાયસહિત હોય, તે સમયે તે પ્રદેશ તે દ્રવ્યનો ગણાય.

ο <u>નાદ ૯ પ્રકારના છે.</u>

<u>સત્યગુરુનો *ઉદ્રેક થતો જાય, તેમ તે સંભળાવા માંડે છે.</u>
તે એક પ્રકારના બ્રહ્મવાદના સંચાલનરૂપ છે.
તેના સૂક્ષ્મ - સૂક્ષ્મતર અવસ્થા તે બિંદુ અને કલારૂપ છે.

*ઉદ્રેક = ભારે વૃદ્ધિ

તે બધું પ્રકૃતિતત્ત્વનું જ સ્થૂલ પરિણામ છે.
આત્મા તો કૂટસ્થ-અપરિણામી-નિત્ય, શુદ્ધ, બુદ્ધરૂપ છે.
રૌદ્રધ્યાનનું નિવારણ સામાયિકના પરિણામથી સુલભ બને.
આર્તધ્યાનનું નિવારણ નમસ્કારના પરિણામથી સિદ્ધ થાય.

તીવ્ર કષાયને મંદ બનાવનાર મૈત્રી છે.
મંદ કષાયોને નિર્મૂલ કરનાર ભક્તિ છે.
મૈત્રીથી આર્તરૌદ્ર ધ્યાન જાય છે.
ભક્તિથી ધર્મશુક્લધ્યાન ઉત્પન્ન થાય છે.
મૈત્રીનો વિષય સકલજીવરાશિ છે.
ભક્તિનો વિષય પરમાત્મતત્ત્વ છે.
જીવને ઊંચે ચઢવા અને નીચે પડતો અટકાવવા માટે
મૈત્રી દ્વારા સકલજીવરાશિ અને ભક્તિ દ્વારા
સર્વ પરમેષ્ઠિ ભગવંતો આલંબન પૂરું પાડે છે.

आलंबनादरोद्भूतप्रत्यूहक्षययोगतः ।
ध्यानाद्यारोहणभ्रंशो योगिनां नोपजायते ॥१॥
- ध्यानाधिकार-३३ (પરિશિષ્ટ-૭)

દુર્ગતિમાં પડતા બચાવનાર મૈત્રીભાવ છે.
સદ્ગતિમાં લઈ જનાર ભક્તિભાવ છે.
મૈત્રીશૂન્ય જીવો હિંસાદિ પાપ આચરી દુર્ગતિમાં રૂલી જાય.

ભક્તિશૂન્ય જીવો મુક્તિના દર્શનને પામી શકતા નથી.
મૈત્રીનું ધ્યેય ભક્તિ અને ભક્તિનું સાધન મૈત્રી છે.
મૈત્રી વિના ભક્તિ અને ભક્તિ વિના મુક્તિ અસાધ્ય છે.
ભક્તિ માટે નમસ્કારમંત્ર, મૈત્રી માટે સામાયિક સૂત્ર છે.
એનાથી ભક્તિ કેળવાય અને ભાવનાથી મૈત્રી સ્થિર થાય છે.

માગસર વદી ૧૦, સોમવાર

ક્રિયાએ કર્મ, પરિણામે બંધ.
ઉપયોગે ધર્મ, રુચિ અનુસાર વીર્ય.
'ઉપયોગ' એટલે આત્મદ્રવ્યનું સતત ભાન.
ઉત્કૃષ્ટ આત્મદ્રવ્ય તીર્થંકર પરમાત્માનું છે.
તેના સાક્ષી તેમનો ઉત્કૃષ્ટ કરુણાભાવ છે.
તે ભાવનું સ્મરણ કરાવનાર તેમની મુદ્રા છે.
તેમના આત્મદ્રવ્યનું સ્મરણ કરાવનાર તેમનું નામ છે.
એ રીતે નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ વડે
V. Imp. સર્વ ક્ષેત્ર અને સર્વ કાળમાં રહેલા
સર્વ જીવોને જેઓ પવિત્ર કરી રહ્યા છે,
તેમનું ધ્યાન એ સર્વોત્કૃષ્ટ ધ્યાન છે.
ત્રિભુવનને પવિત્ર કરવાની શક્તિ તેમના ભાવમાં છે.
ભાવની શક્તિ અચિન્ત્ય છે.

ચારૂપ, પોષ વદી ૪/૨

કર્મ પરિણામ સંસારી જીવને આરાધતા કરવા ઇચ્છે છે,
ત્યારે તેના હૃદયમાં ભાવનાઓની વૃદ્ધિ કરે છે,
તેથી સદ્બોધ સાથે આવેલું સૈન્ય બળવાન બને છે.
વિવેક = સારા - નરસાની પરખ. એ તેનો પૂર્વાર્ધ છે.
ઉત્તરાર્ધ સારા પ્રત્યે પક્ષપાત અને નરસા પ્રત્યે ઘૃણારૂપ છે.
'પ્રતિયોગારૂપે પ્રભુનું સ્મરણ સર્વ સિદ્ધિનું કારણ છે'
એનો અર્થ આરાધનાત્મક અનુગ્રહમાં છુપાયેલો છે.

'નમો' પદ તથા

આ નવકારમંત્રના પ્રથમ પદનો અર્થ અને તેની ભાવના:
દ્વેષના પરિણામને બાળું છું, સ્નેહના પરિણામને નમું છું,
રાગના પરિણામને શમું છું.

દ્વેષનો પરિણામ અશુભકર્મની પ્રકૃતિને બંધાવે છે.
સ્નેહનો પરિણામ શુભકર્મની પ્રકૃતિને આકર્ષે છે.
રાગનો પરિણામ બંધને નિકાચીત કરે છે, તેથી અશુભને
ખપાવવા, શુભને ઉપાર્જવા અને કર્મને રસરહિત કરવા
માટે મહામંત્રના સ્થાને 'નમો' પદ છે.

'નમો' પદને વારંવાર જપવાથી
તે જીવમાં રૂપાંતર લાવવાનું રસાયણ બને છે.

यस्य चित्तं द्रवीभूतं कृपया सर्वजन्तुषु ।
तस्य ज्ञानेन मोक्षेण किं जटाभस्मलेपनैः ॥१॥

(પરિશિષ્ટ-૮)

ઇચ્છાનું કાર્ય અનુકંપા, પ્રવૃત્તિનું કાર્ય નિર્વેદ,
સ્થૈર્યનું કાર્ય સંવેગ, સિદ્ધિનું કાર્ય પ્રશમ.

કેવળ સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં જ જીવને ઉપદેશથી ઇચ્છાયોગ આદિ પ્રવૃત્તિ થાય છે. અથવા પ્રવૃત્તિથી અનુકંપાદિ ભાવોની વિશેષ પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે. સામાન્ય અનુકંપાદિમાં સામાન્ય ઇચ્છાયોગાદિ હેતુ જાણવા. વિશેષ પ્રકારના ઉત્કૃષ્ટ અનુકંપાદિમાં તે વિશેષ જાણવા. ઇચ્છાયોગની પ્રાપ્તિ થતાં, એટલે કે સામગ્રી આદિથી વિકલ અથવા અલ્પ પણ પ્રવૃત્તિ ઉલ્લાસપૂર્વક યોગમાં થતાં જ

અનુકંપા સહજ રીતે વધે છે.

જો અનુકંપા ન વધે, તો સમજવું કે ઇચ્છાયોગમાં ઠેકાણું નથી.

આ જ હકીકત પ્રશમાદિ વિશે પણ જાણવી.

'હેતુમસ્ય પરં, સત્ત્વાદ્યોગો નિવર્તનમ્ ।'

અર્થાત્: આ કહેવાનો હેતુ એ છે કે સત્ત્વથી પાપ છૂટે છે.
'યોગબિંદુ'નો આ ૪૨૦મો શ્લોક બહુ-પુનઃપુનઃ મનનીય છે.
એમાંથી અનેક નવા નવા પદાર્થો ખુલે છે, નીકળે છે.

मणिमन्त्रौषधादीनां भावानां विशेषतः ।
अचिन्त्यमिह विज्ञेयं वस्तुमाहात्म्यकारकम् ॥
-पृ-१२१ श्लो-३५१ (परिशिष्ट-९)

0 જ્યારે આપણા હૃદયમાં યથાર્થ ભાવપૂર્વકની
ભાવકરુણા ઉત્પન્ન થાય છે,
ત્યારે તે વડે ઘણા જીવો તે તે પાપસ્થાનોને સેવતા અટકે છે.
આજે આપણે કંઈ પાપસ્થાનકો નિવારીએ છીએ, તેમાં
પ્રધાનકારણ અન્ય મહાસત્ત્વોની કરુણા ભાવનું સમજાય છે.
તે તે તીર્થમાં પ્રવર્તતી પાપ નિવર્તનની તમામ પ્રવૃત્તિ પ્રત્યે
તીર્થપતિની કરુણા આદિમ કારણ બને છે.
આ રીતે આપણી પ્રત્યેક આરાધના અનેક ભાવો વડે
મહાસત્ત્વો પુષ્ટ કરી રહ્યા છે એમ સમજાય છે.
એ કાર્ય એ મહાસત્ત્વોનું પોતાનું છે,
તેથી 'આરાધનામાં હું એકલો નથી, પણ
વિશ્વના તમામ જીવો મારી સાથે છે'
એ ભાવ પ્રાપ્ત થાય છે એટલું જ નહિ, કિન્તુ
'ઘણા જીવોની આરાધનામાં પણ મારો ભાવ સહાયક છે.
આમ બધા મળીને ઉપર જઈ રહ્યા છીએ.
મહાસત્ત્વો આપણને બધાને એકસાથે ઉપર લઈ જઈ રહ્યા છે.'

આમ ઉર્ધ્વીકરણ એ વિશ્વનું સ્વયંસંચાલક મહાન અંગ છે.

વિશ્વના મૂળતત્ત્વો સ્વયં કાર્ય કરી રહ્યા છે.

એના પ્રસારને કોણ રોકી શકે?

(૧) વચનાદ્ રદ્ | અનુષ્ઠાનં | મૈત્ર્યાદિભાવ

(૨) રક્ષોદિતં ધ્યાન | ચારિત્ર ધર્મ | સંવિગ્નં દર્શન

યોગનું ફળ મોક્ષ છે.

યોગ૰શ્લોક ૫૨ એમ જણાવે છે કે યોગવૃદ્ધિમાં મોક્ષ-વૃદ્ધિ થાય જ છે. ભવાભિનંદીને મોક્ષલક્ષ ન હોય. યોગ૰શ્લોક ૯૭માં વર્ણવેલ ગુણો મોક્ષના અભ્યાસમાં જ સંભવે. ભવાભિનંદિતા જાય એટલે મૈત્ર્યાદિ પ્રગટે છે. યોગ૰શ્લોક ૯૯માં ચરમાવર્તને નવનીતાદિ કલ્પ કહ્યો છે. એ શબ્દ માધુર્યનો સૂચક છે. તે મોક્ષ વિના ન હોય. યોગદૃષ્ટિમાં મિત્રાદૃષ્ટિવાળા જીવોને વર્ષોલ્લકની નિષ્પત્તિમાં અનુક્રમે ઇક્ષુ આદિ કલ્પ કહ્યાં છે. અભવ્યોને નલાદિ કલ્પ કહ્યા છે. ભવ્ય-અભવ્ય વચ્ચેનો તફાવત માધુર્ય અને સંયોગના કારણે છે. એ ભાવો મૈત્ર્યાદિ વિના ન ઘટે.

'યોગબિન્દુ' ગ્રન્થના શ્લોક ૧૯૩માં

અપુનર્બન્ધકને ક્રોધાદિ અબાધિત, શાન્ત, દાન્ત, ગમ્ભીર વગેરે કહેલ છે, તે મૈત્ર્યાદિ વિના કેમ ઘટે?

પ્રત્યેક ધર્માનુષ્ઠાનમાં મૈત્ર્યાદિ ૪ છે.
ચારમાંથી એક એક નહિ, પણ ચારેચાર અતિ આવશ્યક છે.
મૈત્રી સર્વસત્ત્વવિષયક હોવાથી અને તેના જ પરિણામ
પ્રમોદાદિ હોવાથી એ ચારે ભાવો મૈત્રીસાથે રહે છે.
એ ચારમાંથી અન્યતમ એકેય વખત ક્યાંય મળતું નથી,
એ પણ જણાવે છે કે ચારેય સાથે જ હોય છે.
ચારેયનો પરસ્પર અવિનાભાવ છે.
પ્રણિધાનાદિ લક્ષણોમાં પણ ચારે ભાવો પડેલા છે.
અનુષ્ઠાનમાં વચન અને યથોદિત એ બે અંશ
વીતરાગ અને શાસ્ત્ર પ્રત્યેના પ્રમોદને કહે છે.
યોગ૦ શ્લોક ૨૨૬/૭૮ अहिंसा लक्खणस्स । આ પદ
જણાવે છે કે કરુણા એ ધર્મનું લક્ષણ છે,
તેથી અનુષ્ઠાનમાં મૈત્રી છે.
પ્રત્યેક અનુષ્ઠાન સર્વહિતકર હોવાથી અને તે જીવોમાં
કેટલાક ઉપેક્ષણીય હોવાથી જો તેમના પ્રત્યે મૈત્રી ન હોય
તો આપણા અનુષ્ઠાનનો લાભ તે જીવોને ન થાય.
વળી નાની પણ અવિધિમાં ષટ્કાયની વિરાધના કરી છે.
એથી ઊલટું અલ્પ પણ વિધિ સાચવવામાં
ષટ્ જીવનિકાયની આરાધના છે.

આપણી પ્રત્યેક ક્રિયા, પછી તે શુભ હોય કે અશુભ,
તેનો સંબંધ સર્વ જીવો સાથે છે.

પ્રાયશ્ચિત ગ્રન્થોમાં સંભાવનાની અપેક્ષાએ વિરાધના ઘટાવી છે, તે વ્યવહાર છે. નિશ્ચયથી સર્વ જીવોની વિરાધના કે આરાધના એક જ ક્રિયા કરે છે. 'આરાતાંગ વેદવી બાધા હોય નહિ' એનો અર્થ પણ એ જ છે.

આ વિચારણા ત્રણપૂરક છે.

'ઔચિત્ય' શબ્દનો પ્રયોગ શાસ્ત્રકારો પુનઃ પુનઃ કરે છે,
તે આ ભાવ લાવ્યા વિના કેમ આવે?

आनन्दो जायतेऽत्यंतं । અર્થાત્ઃ અત્યંત આનંદ થાય છે.

યોગ૦શ્લોક ૨૮૨ એ પ્રમોદભાવનું ફળ છે.

પ્રમોદભાવ ગ્રંથિભેદમાં અનન્ય કારણ હોઈ, શાન લાગે છે. ગ્રંથિભેદતાં એ પ્રમોદ તેમના પ્રત્યે થાય છે કે જેઓ સર્વ જીવોના હિત કરે અને બીજાનું ધ્યેય પણ એવું જ છે.

એ પ્રમોદ એક પ્રકારનું આસ્તિક્ય જ છે.

मुक्तेरासन्नभावेन प्रमोदो ह्येष विजृम्भते ।

અર્થાત્ઃ મુક્તિ નજીક થવાથી જે આનંદ પ્રગટે છે તે. એવો શ્લોક 'યોગબિન્દુ'માં આવે છે. તાત્પર્ય કે મોક્ષની ઇચ્છા પ્રધાનતર થતાં જ પ્રમોદભાવ પ્રગટ થાય છે.

એ પ્રમોદનો વિષય સમજાતાં પણ સર્વજીવહિતકર ટેવાથી અંતે જીવમાં એ ગુણ (સર્વજીવહિતકારિતા) પ્રગટે જ છે. પ્રથમ અવસ્થામાં ભલે એ ગુણ ન હોય પણ પ્રમોદભાવનું એ અંતિમ ફળ છે કે તે ભગવાન સ્વયં સૌના પ્રમોદનો વિષય બને છે.

૦ ચારે ભાવોના ઉત્કૃષ્ટ વિષયો સર્વ સત્ત્વો, દુઃખિત જીવો, ગુણાધિકો અને ઉપેક્ષણીય આત્માઓ છે. તેને સ્પર્શ્યા વિના શુદ્ધ ધર્મધ્યાન સંભવતું નથી. ધર્મ પોતે જ ભદ્ર પરિણામરૂપ છે અર્થાત્ જે આત્મામાં ધર્મ રહે છે, તે બીજાઓના (ગુણાધિકોના) ભાવોને લે છે અને બીજાઓને (હીનગુણીને) ભાવો આપે છે, અર્થાત્ ગુણાધિકોના કરુણાદિ ભાવોને અને હીનગુણીના પ્રમોદાદિ ભાવોને પોતા તરફ આકર્ષે છે. આ આદાન-પ્રદાનથી ધર્મ ટકે છે, પુષ્ટ થાય છે અને ધર્મનું સ્વરૂપ પણ તે છે.

એ સ્વરૂપ જ વસ્તુમાત્રના સ્વરૂપનું પણ સ્વરૂપ છે. ધર્મ વિના કોઈપણ વસ્તુનો તથાસ્વભાવ ટકી જ ન શકે. ઉપેક્ષણીયને ઉપેક્ષાભાવ એટલે તેમના પ્રત્યે પ્રવૃત્તિ કે વૃત્તિમાં દ્વેષભાવ ન આવતાં, પ્રવૃત્તિમાં મૈત્રી પણ ન આવતાં,

## नवमो

કુપથ વૃત્તિમાં મૈત્રીને ધિક્કારા કરવી તે ઉપેક્ષાભાવ પ્રત્યેની
અરુચિ ઉપેક્ષાભાવની વૃત્તિમાં ધર્મ પ્રત્યે અરુચિ જગાડે છે.
એ અરુચિ જાગવી એટલે ધર્મ માટે અયોગ્ય બને છે,
મહાપુરુષોની કરુણાનું ભાજન બને છે.
એ કરુણા પછી એને વધતા ભાવો તરફ લઈ જાય છે.
એમાં પણ બાળજીવોના ભાવોને ઝીલવાનું અને
બાળજીવોને ભાવો આપવાનું સામર્થ્ય વધતું જાય છે.
ધર્મની આટલી સમજ આવ્યા પછી સમજાય છે કે
ઉપેક્ષાભાવને ઉપાલંભ ન આપવો,
એ એને અધર્મમાં ન કાઢવા બરાબર છે.
એ જ ભાવોમાં ચિત્તવૃત્તિને બહાર લાવવા તે અપરાધ છે કે
જે વિમર્શવાન, ગંભીર ચિત્ત અને માર્ગાનુસારી ન કરે.
'કરુણાના વિષયને કરુણા ન આપવી' એટલે એમાં ધર્મના
બીજ ન નાખવા. 'ગુણીને પ્રમોદ ન આપવો' એટલે
પોતાની યોગ્યતા વધારવી. 'સત્ત્વોને મૈત્રી ન આપવી'
એટલે પોતાના સમ પરિણામને પોતામાં વિસ્તૃત કરવો.
જીવોનો સૌથી મોટો ઉપકાર એ છે કે તેઓ મૈત્ર્યાદિના
વિષય બની આપણને ધર્મમાં અવકાશ વધારી રહ્યા છે.
અપ્રમત્ત યતિ આદિને મૈત્ર્યાદિ ભાવો સિદ્ધ થાય છે.

'એતાસાં ભાવપરિણતૌ મુક્તિઃ ન તત્ર એતાઃ ।'

અર્થ: આ મૈત્રી આદિ ભાવોની પરિણતિમાં મોક્ષ છે.

મોક્ષમાં આ ભાવનાઓ હોતી નથી.

ભાવપરિણતિનો અર્થ સ્વરૂપભાવ અથવા આ ભાવો તે આત્માનું સ્વરૂપ છે. સિદ્ધિ થયે વિનિયોગ હોવો જોઈએ.

સિદ્ધિનો વિનિયોગ અનિર્વચનીય છે.

'સંસારભાવોત્તીર્ણત્વાત્ ।'નો અર્થ આ સંસારમાં જેમ પ્રવૃત્તિરૂપ મૈત્રી હોય છે, તેવી મૈત્રી સિદ્ધાવસ્થામાં નથી. આ વચનથી સિદ્ધગત વિલક્ષણ મૈત્રીનો નિષેધ કેમ થઈ શકે?

અયોગી યોગનું ચિત્ત ભાવનાથી રહિત હોય, પણ ભાવપરિણતિ સ્વરૂપભાવનો નિષેધ કેમ થઈ શકે?

'જ્ઞાનસાર'ના માધ્યસ્થાષ્ટકના અંતિમ શ્લોકમાં માર્ગપતિત, અપુનર્બંધક, માર્ગાભિમુખ, સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત અને સર્વવિરતને વિષે ચારિત્રક સંબંધ ચરક-ચારણ ન્યાયથી હિતની ઇચ્છા (પ્રવૃત્યાત્મક મૈત્રી) કહી છે. ઉપશમશ્રેણિને સ્પર્શેલ મહામુનિને નીચેના જીવો પ્રત્યે તે ન્યાયથી હિત પ્રવૃત્તિ હોય. દેશવિરતને સર્વવિરત પ્રત્યે તે ન્યાય ન ઘટે. તાત્પર્ય કે પાત્રમાં પ્રવૃત્તિ કરવી. આ વાત પ્રવૃત્તિ પુરતી જ છે,

બાકી ભાવના તો સર્વ વિષે જ કહી છે.

<u>ચારૂપ, પોષ વદી ૬, શનિ</u>

મુનિની મૈત્રી અપુનર્બંધકને અપ્રમત્તગુણ તરફ લઈ
જતી હોય એવું લાગે છે. મૈત્રી તે આત્મગુણ છે.
તે દર્શનને દર્શન, જ્ઞાનને જ્ઞાન, ચારિત્રને ચારિત્ર બનાવે.
વિકલ્પરહિત સદ્બોધ પરાર્થપ્રકાશક હોય છે,
તેથી સમ્યગ્જ્ઞાન અને મૈત્રીને વિખૂટા ન પાડી શકાય.
ચારિત્રનું તો લક્ષણ જ હિતાશય છે.
એ રીતે ભાવચતુષ્ટય સર્વત્ર અનુસ્યૂત છે.
તે સર્વ શાસ્ત્રોનો નિગર્ભ છે, એને સાંભળવાની
યોગ્યતા માટે અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા હોવા જોઈએ.
અન્યથા બોધ કેમ થાય?
<u>મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય નવકારમાં ભાવરૂપે</u>
<u>અને સામાયિકમાં ક્રિયારૂપે અનુસ્યૂત છે.</u>
ભાવ વિનાની ક્રિયા - ક્રિયા વિનાનો ભાવ જો નિરપેક્ષ
હોય, તો નિષ્ફળ બને છે; જો સાપેક્ષ હોય, તો સફળ છે,
<u>તેથી નવકાર અને કરેમિભંતે મળીને જ જિનશાસન</u>
<u>બને છે અને તે ભાવ અને ક્રિયાનો સુમેળ કરાવે છે,</u>
અનેકાન્તવાદરૂપ અમૃતનું પાન કરાવે છે,
તેથી તેમાં જીવને અજરામર બનાવવાની શક્તિ રહેલી છે.

V.V. Imp.

પાટણ, મહા સુદ ૨

દુષ્કૃતગર્હા વિના દુષ્કૃતનું વર્જન ભવી અનંતવાર કર્યું છે.
સુકૃતાનુમોદન વિના સુકૃતનું સેવન અનંતવાર કર્યું છે.
પ્રભુ પ્રત્યે અનન્ય શરણનો ભાવ કેળવ્યા વિના
પ્રભુને અનંતવાર ભજ્યા છે, પણ તે બધું જ માત્ર
પોતાના સુખના આશયવાળું હોવાથી નિષ્ફળ ગયું છે.
સુકૃતની ખાતર સુકૃતનું સેવન, દુષ્કૃત એ દુષ્કૃત છે માટે
તેનું વર્જન અને પ્રભુ એ પ્રભુ છે માટે તેમનું ભજન
આ ભવી કદી કર્યું નથી. જો એકવાર તે બુદ્ધિ આવી જાય,
તો તેના ભવભ્રમણનો અંત આવ્યા વિના રહે નહિ.

અભવ્યો પણ ગ્રૈવેયકને યોગ્ય આરાધના કરે,
ત્યારે શુક્લ લેશ્યાવાળા હોય છે અને
તે લેશ્યા વખતે બીજાના હિતનું ચિન્તન પણ કરે છે,
પરન્તુ તે વડે પોતાને લાભ થશે એવો અધ્યવસાય ન મટે.
પોતાના લાભ માટે બીજાના હિતની ચિંતા કરે,
ત્યાં સુધી તેની ભવ્યતા પરિપક્વ થતી નથી.
ભવ્યત્વ પરિપાકની નિશાની પોતા અને પર વચ્ચેનો ભેદ
મટી જાય પરંતુ હિતચિન્તન એ પોતાનું જ હિતચિન્તન છે.
પોતા માટે નહિ પણ પરને પોતા સમાન ગણીને તેનું
હિતચિન્તન થાય તો તે ભવ્યત્વભાવની નિશાની છે.

most Important

પાટણ, મહા સુદી ૫, શુક્રવાર

પ્રભુનો અનુગ્રહ વિશ્વવ્યાપી છે.
આપણે કોઈને દુઃખ આપતા નથી અને
બીજા આપણને દુઃખ આપતા નથી,
આપણે પાપ કરતા નથી અને
બીજા ઉત્તમ જીવો પણ પાપ કરતા નથી,
તેની પાછળ પ્રભુના ઉપદેશની વિશ્વવ્યાપી અસર છે.
આપણે ધર્મ કરીએ, ધર્મથી સદ્ગતિ પામીએ, ઉત્તરોત્તર
મોક્ષના અવ્યાબાધ સુખના અધિકારી થઈએ છીએ અને
તે રીતે જે જે જીવો ધર્મ પામીને યાવત્ મોક્ષ મેળવે છે,
તેની પાછળ પ્રભુનો ઉપદેશ અને તીર્થનો પ્રભાવ છે.
એ તીર્થ પ્રભુની કરુણાથી સ્થાપિત થાય છે, તેથી
'સર્વત્ર પ્રભુની કરુણા વ્યાપી છે'
એમ કહેવું ખોટું નથી.
પ્રભુની આજ્ઞાનું પાલન જેમ ઉર્ધ્વગતિ આપે છે,
તેમ આજ્ઞાનું ખંડન અધોગતિ આપે છે.
તે અધોગતિ પણ જીવનું શુદ્ધિકરણ કરી
ઉત્તરોત્તર ઉર્ધ્વગતિમાં લઈ જનારી થાય છે.
એ બધાની પાછળ પ્રભુની વિશ્વવત્સલતા હેતુ છે.

તેને આધીન થઈ પ્રકૃતિમંડળ પોતાનું અલગ ન્યાયપૂર્ણ
કાર્ય કરે છે, તેની પાછળ પ્રબળ પ્રભુની પ્રભુતાનો છે.
પ્રભુની એ પ્રભુતા જીવો પ્રત્યે વીતરાગબુદ્ધિ વૃત્તિ,
નિષ્પક્ષપાતદૃષ્ટિ અને અખંડ આસૈશ્વર્યતાને સૂચવે છે.
આ જાતિનો વિચાર કરતાં જ પ્રભુની આજ્ઞાના પાલન
પ્રત્યે અંતરંગ પ્રેમ પેદા કરે છે અને જાણ્યાજાણ્યે
એ આજ્ઞાના ભંગ પ્રત્યે ભયની લાગણી જગાડે છે.

એ રીતે પ્રેમ અને ભય ઉભય લાગણી મળી,
તે જ જીવને સન્માર્ગ ઉપર ચાલવાનું બળ આપે છે.

પ્રભુનો નમસ્કાર એમ નિવેદન કરનારો છે,
તેમ પ્રભુને ન નમવાનો અધ્યવસાય વિનાશકારક બહુ છે,
એવા ઉભય પ્રકારની સમજણ આવશ્યક છે.

ઊર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વસ્થા: | સાત્ત્વિક જીવો ઊર્ધ્વલોકે જાય,
મધ્યે તિષ્ઠન્તિ રાજસા: | રાજસિક જીવો મધ્યલોકમાં રહે,
અધો ગચ્છન્તિ તામસા: | તામસિક જીવો નરકમાં જાય છે.

God is divine,
at the same time universal.
To make the world happy is
bringing happiness to God.

પાટણ, મહા સુદ ૧૧, ૨૪૬

સર્વ જીવરાશિ પ્રત્યે સ્નેહનો પરિણામ એ 'સમ્યગ્દર્શન'.
તેને શુભાત્મ પરિણામ ઉપરાંત
સર્વનું શુભચિન્તન અથવા શુભૈકદૃષ્ટિના પણ કહેવાય.
અનંતાનુબંધી આદિ ૭ પ્રકૃતિના ક્ષયક્ષયોપશમથી પ્રગટતા આ
શુભાત્મ પરિણામના આધારે તે જ સાચું અને શંકા વિનાનું
જે શ્રી જિનોએ કહ્યું છે, એવી આસ્તિક્ય બુદ્ધિ થાય છે.
એમાંથી અનુકંપા અને નિર્વેદ-સંવેગાદિ ભાવો પેદા થાય.
ઉપશમ પણ એનું જ ફળ છે.
એ રીતે શમ-સંવેગ-આસ્તિક્યાદિથી પ્રગટ થતા સર્વના
શુભચિન્તનરૂપ શુભાત્મ પરિણામનું નામ 'સમ્યગ્દર્શન' છે.
સર્વ જીવરાશિ પ્રત્યે તે સ્નેહનો પરિણામ છે.
એ પરિણામસહિત રંકપણું, દાસપણું કે *ચેટપણું શ્રેષ્ઠ છે
અને એ પરિણામથી શૂન્ય ચક્રવર્તિપણું પણ નિકૃષ્ટ છે.
આત્મા આત્માને ચાહે, તે તેનો સ્વભાવ છે.
શારીરિક કરતાં માનસિક સ્નાન વધુ જરૂરી છે.
ઉચ્ચ વિચારોવાળું મન જ શરીરનું મૂલ્ય વધારે છે.
સારાય જગતનું ભલું વાંછે અને
શક્તિના પ્રમાણમાં તેનો અમલ કરે, તે મહાન આત્મા છે.

*ચેટપણું = સેવકપણું

મહા સુદ ૧૨

શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રભુના સાન્નિધ્યમાં

જે એક મહાન વસ્તુ મળી, તે સર્વ જીવરાશિ પ્રત્યેનો સ્નેહનો પરિણામ, જે સ્નેહ પરિણામથી દ્વેષ પરિણામ, દ્વેષ પરિણામને પેદા કરનાર પોતાના એકલાના જ સુખ પ્રત્યેનો રાગ પરિણામ તથા તે બંનેના મૂળરૂપ અજ્ઞાન અને મોહના પરિણામ સમૂળ નાશ પામે છે. અજ્ઞાન પરિણામ સ્વપરની સાચી ઓળખાણ થવા દેતો નથી અને મોહ પરિણામ વિપરીત ઓળખાણ કરાવે છે. સર્વના સુખમાં જ પોતાનું સુખ છુપાયેલું છે અને સર્વ નિરપેક્ષ સ્વસુખના વિચારમાં કેવળ દુઃખ છુપાયેલું છે.

આ એક જાતનો વિપર્યાસ - મોહ પરિણામ છે.

તેનો નાશ અને તેના કારણે ઉત્પન્ન થતો કેવળ સ્વસુખના જ એક રાગનો પરિણામ અને તેમાંથી ઉત્પન્ન થતો બાળ જીવો પ્રત્યેનો દ્વેષનો પરિણામ સર્વ જીવરાશિ પ્રત્યેના સ્નેહના પરિણામથી વિલય પામે છે અને આત્મા રાગ-દ્વેષ-મોહથી વિમુક્ત બનીને સર્વજ્ઞ-સર્વદર્શી અનંત શક્તિમાન, શુદ્ધ-બુદ્ધ, મુક્ત, સિદ્ધ પરિણામ પામે છે.

સ્નેહ એ આત્મસમદર્શિત્વરૂપ,

પરમાત્મસમદર્શિત્વરૂપ અને સર્વાત્મસમદર્શિત્વરૂપ છે.

પાટણ, મહા સુદ ૧૫, સોમ, સવારે ૮ વાગે

કલારવાના પાડાના શ્રી શાંતિનાથ ભગવાનની આઠ દિવસ
થયેલ ભક્તિના પરિણામે આજે એ સમજાયું છે કે:

ભક્તિનું ફળ સદ્બુદ્ધિ છે.

જિનેશ્વરોનું નામ કે ગુરૂઓ, સત્પુરૂષો કે દયાળુ આત્માઓની મન-વચન-કાયાથી થયેલી ભક્તિ કદી નિષ્ફળ જતી નથી. એ ભક્તિનું પ્રધાન ફળ કોઈ હોય, તો તે સદ્બુદ્ધિ છે, સમ્યગ્ સમજણ છે અને વિવેકની નિર્મળ શક્તિ છે. શાસ્ત્રવાંચનથી બોધ થાય છે, સદ્બુદ્ધિ નહિ. સદ્બુદ્ધિનો હેતુ શાસ્ત્રશ્રવણ કે પઠન નથી, પણ શાસ્ત્ર ભક્તિ છે.

ભક્તિ વિના બુદ્ધિ સુધરતી નથી.

શાસ્ત્ર બુદ્ધિ વધારે છે, ભક્તિ બુદ્ધિ સુધારે છે.

દેવ-ગુરૂ-ધર્મ કે પંચ પરમેષ્ઠિની ભક્તિ શુદ્ધ બુદ્ધિ તથા બોધિ બીજ (સદ્બોધનો હેતુ) મેળવવા માટે છે.

કહ્યું છે કે:

તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ જિણચંદ। અર્થાત્:
હે જિનચંદ્ર। હે પાર્શ્વ ભગવંત। હે દેવ। પ્રત્યેક ભવ-જન્મ-સ્થાનના કાર્યમાં મને સદ્બુદ્ધિ તથા બોધિ આપો.

સદ્બુદ્ધિથી સદ્બોધ-સદ્બોધથી સત્પુરૂષાર્થ પ્રાપ્ત થાય છે.

મહા વદી ૧૪, શુક્ર

દૈન્યં પ્રભુતોષસાધનમ્ ।

અકૃતિ: દૈન્ય એ પ્રભુને સંતોષવાનું સાધન છે.

સ્વાર્થ-ઈર્ષા-દ્વેષના સ્થાને નિ:સ્વાર્થતા, માયાળુતા, શાંતિ, અને પ્રેમના બીજ વાવનારને ઉત્તમ ફળોનો પાક મળે છે.

જે તારા માટે કાંટા પાથરે, તેના માટે તું પુષ્પો પાથરજે.

ગુમાવેલું બધું મળશે પણ ગુમાવેલો સમય નહિ મળે.

પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય એ જીવનો સ્વભાવ છે. તેનો પ્રતિબંધક મૈત્રીનો અભાવ છે, દ્વેષનો સદ્ભાવ છે. પ્રમોદાદિ ગુણો આત્મધર્મ રૂપ હોવાથી દ્વેષના સ્થાને સ્નેહ આવે એટલે તે એની મેળે આવિર્ભાવ પામે છે.

ક્ષમાદિ ગમે તે એક પ્રકારના ગુણમાં ગૌણપણે બાકી આઠે ય ગુણોનો સમાવેશ છે. બાકીનાને છોડી કોઈપણ એક ગુણ સાચું ગુણ બની ન શકે. ક્ષમાને જય આગળ આવે છે, ત્યારે ત્યાં ય મન-વચન-કાયા અને નમ્રસ્વરૂપના ગુણ અંશે અંશે પણ હોય જ છે. જો ન હોય, તો તે ધર્મસ્વરૂપ બની શકતું નહિ અને અધર્મનો ક્ષય કરી શકતું નહિ.

ગુણ એ સ્નેહનો અને પાપ એ અદ્વેષનો પરિણામ છે.

સ્નેહનો પરિપાક ભૂખ્યાને અન્ન આપવારૂપે,
તરસ્યાને જલ આપવારૂપે, નાગાને વસ્ત્ર આપવારૂપે,
આશ્રયરહિતને આશ્રય આપવારૂપે,
થાકેલાને આસન આપવારૂપે, શરીરથી શુશ્રૂષારૂપે,
વચનથી આશ્વાસનરૂપે, મનથી હિતચિંતનરૂપે અને
મન, વચન, ધન, તન, આદિ સર્વ વડે ગુણવાનને
નમસ્કારરૂપે પ્રગટ થાય છે, તેથી તે ધર્મ છે.
દ્વેષ એ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ કે પરિગ્રહરૂપે;
ક્રોધ એ માન, માયા કે લોભરૂપે;
રાગ-દ્વેષ એ કલહ, અભ્યાખ્યાન કે પરપરિવાદરૂપે, રતિ-અરતિરૂપે, માયા-મૃષા કે મિથ્યાત્વશલ્યરૂપે પ્રગટ થાય છે.
દ્વેષની પાછળ એક બાજુ મોહ, વિપર્યાસ અને અજ્ઞાન તથા બીજી બાજુ સ્વસુખવિષયક તીવ્ર આસક્તિ અને રાગભાવ કામ કરી રહેલ છે, તેથી મોહ અને રાગ જેના મૂળમાં છે, એવો દ્વેષ ટાળવાનું એકમાત્ર સાધન સ્નેહ છે.

દ્વેષ કેવળ સ્નેહના પરિપાકથી જ ટળવો શક્ય છે,
બીજી કોઈ રીતે શક્ય નથી.

સ્નેહ ન હોવો એ જ મોહ, અજ્ઞાન, વિપર્યાસ કે દ્વેષ છે, તેથી તે બધાને જીતવા તે બધાના શત્રુસ્વરૂપ એક

<u>સ્નેહનો પરિહ્લાદ એ જ ઉદ્દેશ અને આહ્લાદ છે;</u>
<u>તે જ શ્રદ્ધેય, ધ્યેય અને આરાધ્ય છે.</u>

જેનામાં દયા નથી, તેને દેવ-ગુરુ ઉપર ભક્તિ કેમ જાગે?
જેનામાં દેવ-ગુરુ ઉપર ભક્તિ હોય,
તેનામાં દયા ન હોય એમ કેમ બને?

<u>જગતની નાની-મોટી સેવા એ જગતનો ભક્તિ અને દયા છે.</u>

0 મૌન is not silence,
one cannot remain silent.
માત્ર વૈખરીનો ઉપયોગ જ બંધ રહે છે;
મધ્યમા, પશ્યંતી યા સાંકેતિક ભાષા તો ચાલે જ છે.
મુનેર્ભાવઃ મૌનં। <u>અર્થાત્</u>: મુનીનો ભાવ જ મૌન.
મુનિભાવમાં જ રહેવાનું.
આવશ્યક કર્મ માટે વાણી અને વ્યવહાર બંધ કરવાનો
એ એક પ્રકારનું મૌન છે.

<u>યોગદૃષ્ટિએ કાય, વાક્, મનઃ ત્રણેની પ્રવૃત્તિ રોકવાની છે.</u>

0 ચિત્ત આપકો સ્થિર કરો, સ્થિર કરી રાખો નેમ.
શ્વાસોં દેખો સુરતસેં, તબ પાવો સુખ-ચેન.

0 મુખસેં જપે સો માનવી, હિરદે જપે સો સાધ.
સુરતાસે જપે સો સંતજન, *તાકા *મતા અગાધ.

*તાકા = તેનો, મતા = માન્યા છે.

મહા વદી ૨, બુધવાર

નમસ્કારનો ભાવ જીવરાશિ પ્રત્યે સ્નેહને વિસ્તારે છે.
જે ભાવ સ્નેહમાંથી કોઈને પણ પીડા નહિ આપવાની
પ્રતિજ્ઞાના માર્ગે દોરી જાય છે, તે સામાયિકનો ભાવ છે.
પહેલા જગતના જીવો પ્રત્યે ઉત્કટતાનો પરિણામ વિકસે છે,
પછી પોતાના ગુણોની એકતા ભાસે છે અને
અંતે આત્મરમણતા પ્રાપ્ત થાય છે.

કહ્યું છે કે:

जगज्जीवेषु नो भाति द्वैविध्यं कर्मनिर्मितं ।
यदा शुद्धनयस्थित्या, तदा साम्यमनाहतम् ॥
स्वगुणेभ्योऽपि कौटस्थ्यादेकत्वाध्यवसायतः ।
आत्मारामं मनो यस्य तस्य साम्यमनुत्तरम् ॥ (परिशिष्ट-१०)

શ્રદ્ધાથી આંતરલાભ - આત્મલાભ વધે છે.
બુદ્ધિથી બાહ્યલાભ - ભૌતિક લાભની વૃદ્ધિ થાય છે.
જે મનુષ્યમાં શુદ્ધ શ્રદ્ધા હોય, તેની બુદ્ધિ જાગૃત હોય છે.

ચિદાકાર ચિદ્‌લાભ ઘન, ચિદાનંદ ચિદ્રૂપ,
ચિદાભાસ કરુણા થકી, હોયે ત્રિલોકી ભૂપ.

પંડિત મોહનવિજય પ્રણીત શ્રી ચંદરાજાનો રાસ. સં.-૧૭૮૩
ઉલ્લાસ - 3, મંગલાચરણ, ગા - ૨૪

<u>જ્ઞાનની ૭ ભૂમિકા:</u> <u>મહા વદી ૩, ગુરૂવાર</u>

(૧) <u>શુભેચ્છા</u> – પોતાને આત્માની સમજ, શાસ્ત્ર અને સત્સંગ દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરવાની અભિલાષા તે.

(૨) <u>વિચારણા</u> – શાસ્ત્ર – સત્સંગથી સંસાર અને મોક્ષનું સ્વરૂપ સમજતાં વૈરાગ્યાભ્યાસથી સદાચારમાં પ્રવૃત્ત થવું તે.

(૩) <u>તનુમાનસા</u> – શુભેચ્છા અને વિચારણાના અભ્યાસથી ઇંદ્રિયોના વિષયમાં આસક્તિ ઘટતાં મનનું સૂક્ષ્મ થઈ જવું તે.

(૪) <u>સત્ત્વાપત્તિ</u> – વિષયોથી પૂર્ણ વિરક્ત થઈ અને પછી સત્ય આત્મામાં સ્થિર થઈ જવું તે.

(૫) <u>અસંસક્તિ</u> – મનમાં સંપૂર્ણ અશક્તિ અને આત્મતત્ત્વમાં દૃઢ સ્થિતિ રાખવી તે.

(૬) <u>પદાર્થાભાવિની</u> – આત્મામાં નિશ્ચલ સ્થિતિ થઈ જવાથી આંતરબાહ્ય વસ્તુઓના અભાવની દૃઢ ભાવના થઈ જવી, પરમાત્માની સત્તા અને પદાર્થની અસત્તાનો બહુ સમય સુધી યત્નપૂર્વક અભ્યાસને કર્યા કરવો તે.

(૭) <u>તુર્યગા</u> – પદાર્થનો અનુભવ ન રહેવાથી પોતાના અસલ સ્વરૂપમાં નિરંતર સ્થિત રહેવાનું નામ તુર્યગા છે.

જીવન્મુક્તને આ અવસ્થાનો અનુભવ થાય છે.

વિદેહમુક્તિ એ અવસ્થાથી પર છે.

## અંતરત્યાગાભ્યાસ

(૧) બ્રહ્મભાવના (૨) આત્મભાવના (૩) કેવલભાવ.

## મનોલય

(૧) વાસનાત્યાગ (૬) સર્વત્યાગ

(૨) રાગ-મુક્ત (૭) લયક્રિયા

(૩) સંકલ્પનો ત્યાગ (૮) અહંભાવનાશ

(૪) ભોગોથી વિરક્તિ (૯) સંગનો અભાવ

(૫) કર્તૃત્વભાવનો ત્યાગ (૧૦) સમાધિનો અભ્યાસ.

## પ્રાણનિરોધ

(૧) વૈરાગ્ય (૬) વૈરાગ્યાભ્યાસ

(૨) વાસનાક્ષય (૭) પ્રણવોચ્ચારણ

(૩) પરમકારણનું ધ્યાન (૮) એકાંતમાં ધ્યાન

(૪) શૂન્ય આકાશનું ચિંતન. (૯) રેચક-પૂરક-કુંભક

(૫) આકાશ-મેરુ-પૃથ્વીનું-ધ્યાન (૧૦) શાસ્ત્ર સત્સંગતિ

Self love grows through ignorance: the more there is self love, the more will one take to objects of the world. The more there is the weight of worldly possessions, the more will one go down.

ભક્તિ ઉપર જ ફળની નિર્ભરતા માને તે 'જૈન'.
ભગવાન ઉપર જ ફળની નિર્ભરતા માને તે 'અજૈન'.

સાધકને સિદ્ધ કરી આપનાર માટે સિદ્ધચક્ર.

અજ્ઞાનનું ફળ સ્વાર્થ, સ્વાર્થનું ફળ કષાય, કષાયનું ફળ
ધર્મદ્વેષ, ધર્મદ્વેષનું ફળ હિંસાદિ તથા હિંસાદિનું ફળ દુર્ગતિ છે.

જ્ઞાનનું ફળ મૈત્રી, મૈત્રીનું ફળ ભક્તિ,
ભક્તિનું ફળ છે વિરતિ અને વિરતિનું ફળ સદ્ગતિ છે.

ગુણ તરફ ન જુએ અને પિંડ તરફ જુએ તે 'દૃષ્ટિરાગ' છે.

સિદ્ધપણું ફળ છે, અરિહંતપણું બીજ છે.
મોક્ષાભિલાષ એ ફળની અભિલાષા છે.
મૈત્રી અભિલાષ એ બીજની ઇચ્છા છે.

ખાવાના કામમાં અનાજ આવે, ફોતર નહિ પણ
અનાજના અર્થીએ પ્રથમ ગવેષણા ફોતરની કરવી જોઇએ.

(૧) જઘન્ય: ધર્મનો પ્રારંભ મૈત્ર્યાદિ ભાવોથી થાય છે.
(૨) મધ્યમ: ધર્મની પ્રગતિ આત્મતુલ્ય વર્તાવથી થાય છે.
(3) ઉત્કૃષ્ટ: ધર્મનો પ્રકર્ષ સર્વને આત્માધિક અનુભવવાથી.

ઉપકાર કરવા માટે જ જેણે દેહધારી જન્મ ન લીધો,
એ ભાવનાપૂર્વક સર્વનું સતત સ્મરણ કરવાથી
વિરાટ ચૈતન્યનો ઉપકાર મનાય છે.

નિશ્ચયથી સિદ્ધ અને વ્યવહારથી સર્વજીવોનો ઉપકાર માનવો.

નિશ્ચય ધ્યેયરૂપ છે.

તે હૃદયે ધરી ચરમ કે સિદ્ધ થવાની ભાવના ભાવી સર્વ જીવોની સાથે આત્માધિકપણે વ્યવહારથી પાલન કરવાનું છે. તેથી થતો પાપક્ષય અને પુણ્યઉપાર્જન ભવસમુદ્ર પાર પમાડે. દેહધારી અને દેહાતીત જીવો પોતપોતાની રીતે સમાન ઉપકાર કરી રહ્યા છે. 'નમો તિત્થસ્સ |'ની પાછળ તીર્થ જેની રક્ષા માટે છે, તે સર્વ જીવોના જીવત્વનો આદર-સન્માન છુપાયેલ છે. 'તીર્થમાં ઉભયનો સમાદેશ છે' એવું સમજાવનાર તીર્થ હોવાથી તીર્થ નમસ્કરણીય છે.

તીર્થના ઉપકાર વડે જ સ્વર્ગ અને મોક્ષના સુખો મળે છે.

અભવ્ય આત્મા મોક્ષ અને અરિહંતકૃપાને માનતો નથી, બાકી બધું દૃશ્ય હોવાથી માને છે.

મુક્તિ અને કૃપા - એ બન્ને અતીન્દ્રિય વસ્તુ હોવાથી તેના બુદ્ધિના વિષયમાં આવતા નથી, તેથી તે અભવિ છે.

ભવ્યજીવ સિદ્ધો, અરિહંતો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓની કૃપાને માને છે અને સર્વભૂત-પ્રાણી ઉપર કૃપાને કરે છે.

જે કૃપાને માને તે જ કૃપાને કરે, જે કૃપાને ઉપકારક તરીકે માને, તે તેના વિષયભૂત જીવોને પણ ઉપકારક માને અને

કૃપાના કર્તા એવા અરિહંત - સિદ્ધોને પણ ઉપકારક માને.
આમ તીર્થનો નમસ્કાર સંસારી અને સિદ્ધ - ઉભયના જીવો
પ્રતિ નમસ્કારને લઈ જઈ ગુણબહુમાનનો ભાવ જગાડે છે.

'ગુણ કરનારનું બહુમાન' એનો અર્થ કરવાથી
ગુણી અને ગુણ કરનાર ઉભયનું ગ્રહણ થાય છે.

'શિવમસ્તુ' એ 'નિર્વિકલ્પ સુખ સૌને મળો' એવા નિશ્ચયની
ભાવના છે. પરહિતનિરતા વગેરે ત્રણ પ્રાર્થનાઓ
સવિકલ્પ ઉપાધિ વ્યવહાર છે, પહેલી ભાવના નિશ્ચય છે.

'વિષયસુખની અભિલાષા' એટલે
જીવો ઉપર દ્વેષ છે અને પુદ્ગલ ઉપર રાગ.
'દૃષ્ટિરાગ' એટલે પૌદ્ગલિકસુખમાં સુખબુદ્ધિ,
'તેનો નાશ' એટલે આત્મિકસુખમાં સુખબુદ્ધિ.

તેમાં જીવોની હિંસા નહિ એટલે જીવ પ્રત્યે પ્રેમસ્વરૂપ છે.
પૌદ્ગલિક સુખમાં સુખબુદ્ધિ એ જીવ ઉપર દ્વેષરૂપ છે,
કેમકે જીવની હિંસા વિના પૌદ્ગલિક સુખ
મળતા નહિ, ભોગવાતા નહિ, સચવાતા નહિ.

દૃષ્ટિરાગ = મિથ્યાદૃષ્ટિ, અનાત્મમાં આત્મબુદ્ધિ, તેનો રાગ,
સમ્યગ્દૃષ્ટિ = દૃષ્ટિરાગનો નાશ.

આત્મામાં આત્મત્વબુદ્ધિ એટલે જીવમાત્ર પ્રત્યે પ્રેમ.

પુદ્ગલનો પ્રેમ કે પૌદ્ગલિક સુખની ઇચ્છા
એ જીવ પ્રત્યે પ્રેમ થવા દેતા નથી, માટે ત્યાજ્ય છે.
જીવ પ્રત્યે દ્વેષ એ હિંસા વગેરે ભવમાં ભટકાવનાર છે.
પુદ્ગલમાં પ્રેમ પણ ભટકાવનારો છે.
જીવ પ્રત્યે પ્રેમ કેળવે વિષયો પ્રત્યેની આસક્તિ જાય છે.
'વિષયો વિપાકે વિરસ છે, દુર્ગતિદાયક છે'
એટલો વિચારમાત્ર વૈરાગ્યને સ્થિર કરતો નથી,
પણ 'વિષયાસક્તિ જીવ પ્રત્યે દ્વેષમાં, હિંસામાં પરિણમે છે
અને જીવની પીડા પોતાની પીડા વગેરે અનુબંધ થાય છે'
એવી સમજણમાં વૈરાગ્યની સ્થિરતા છે.
બાળ જીવોને પીડા આપવાથી પોતાનો જીવ પીડા પામે છે.
'પુદ્ગલ પ્રત્યે રાગ કરવાથી નહિ,
પણ જીવો પ્રત્યે દ્વેષ કરવાથી જીવ બેચેની અનુભવે છે,
અસમાધિભાવ પામે છે અને તેથી અનુબંધન કરે છે'
એ સાચી સમજણ છે.
આધ્યાત્મિક વિકાસ સુખમાં તો સુખનો અનુભવ કરાવે,
પણ દુઃખમાં ય સુખની માત્રા ઓછી થવા દેતું નથી,
એ જ એની મહત્તા છે.
મહર્ષિઓ સુખ-દુઃખ બન્નેમાં સદા પ્રસન્નમુખ રહે છે.

મહા વદી ૭, બુધવાર

આપણે સૌ જાણીએ છીએ કે નવ પ્રકારના પુણ્ય છે. અન્ન પુણ્ય સહિત મનપુણ્યથી પવિત્ર અંતઃકરણવાળો બનેલો જીવ પ્રભુની કરુણારાશિને પિછાની શકે છે. 'પ્રભુની કરુણા સર્વ જીવોના દુઃખોનો ઉચ્છેદ કરવા સમર્થ છે' એવું ભાન પવિત્ર અંતઃકરણવાળા જીવોને જ થઈ શકે છે. જેઓ નવ પ્રકારના પુણ્ય વડે અઢાર પ્રકારના પાપોનું પ્રક્ષાલન કરી પવિત્ર અંતઃકરણવાળા બને છે, તેઓના હૃદયમાં જ પ્રભુની અનંત કરુણાની ઝાંખી થઈ શકે છે.

અપવિત્ર અંતઃકરણવાળા જીવોના હૃદયમાં
પ્રભુની કરુણાનો સ્પર્શ થઈ શકતો નથી.
મૈત્ર્યભાવથી પવિત્ર અંતઃકરણવાળા જીવોને જ
ધર્મના અધિકારી માનવા જોઈએ.

ધર્મની શક્તિ ભેદાનુભાવથી જ ત્રિભુવનવ્યાપિની છે. તે ધર્મ શુદ્ધ અંતઃકરણવાળા જીવોમાં જ પ્રતિબિંબિત થાય.

સંસાર પિયર, શાસન સાસરું

સંસાર પિયર, શાસન સાસરું અને ભગવાન પતિ એટલે
ભગવાનના સગાં એ આપણા સગાં.
ભગવાનના સગાં કોઈનું ઓછું જણાત.

પ્રભુને આપણા ઉપર પ્રેમ જાગે મોક્ષરૂપ પુત્ર જન્મે.
સંસારરૂપ પિયરનું મમત્વ છોડીએ પ્રભુરૂપ પતિ પાસેથી
ઊંચી ચાલની પ્રાપ્તિ થાય છે. શાસનરૂપ સાસરીયાંની
અંદર જગતના તમામે તમામ જીવો એ મહાકુટુંબરૂપ છે.

એ કુટુંબ જ પોતાનું લાગે અને

એના ઉપર ભરપૂર પ્રેમ જોડાય, ત્યારે જ ભગવાન રીઝે.
'ભગવાન રીઝે' એટલે આપણા આત્માનો મોક્ષ થાય,

મોક્ષરૂપી અમૂલ્ય પુત્રરત્નની પ્રાપ્તિ થાય.

જગતના જીવો સાથે સત્કાર રહે, સર્વને સહાય કરવાનું
ચાલુ રહે, તો જ ભગવાન સાથે પ્રેમ થશે. ભગવાનને
આપણા ઉપર પ્રેમ થશે, તો ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત થશે.
અનુગ્રહના ફળરૂપે સદ્‌ગુણ વિકાસ થશે, સદાચાર નિર્માણ થશે,

અને અશેષ કર્મનો ક્ષય થશે.

પ્રભુના શાસનમાં રહેવાનું શીખવાને સંસાર એક શાળા છે,
શાસન એ ભવ્યકુટુંબ છે. ભગવાન સૌ સાથે સંકળાયેલા છે,

કેમકે તેઓ તેમનાથી જ ઊંચા આવ્યા છે.

'પ્રભુના સંબંધો તે મારા સંબંધો'

તે માનવામાં જેટલી અધૂરાશ, તેટલો પ્રભુ પર પ્રેમ ઓછો.
આપણને અત્યારે ભગવાનની સાથે છૂટાછેડા ચાલે છે.

આપણે ફક્ત ભગવાનને જ પ્રેમ કરીએ તે ન ચાલે.
ભગવાન પણ આપણને પ્રેમ કરે, ત્યારે જ કામ થાય.
ભગવાન આપણને ત્યારે જ પ્રેમ કરે કે ભગવાનના
સંબંધીઓને પણ આપણે પ્રેમ કરીએ, સંસારરૂપ પિયરની
મમતા છોડી શાસનરૂપ સાસરીયાં ઉપર આપણે પ્રેમ જોડીએ.

કુળવાન સ્ત્રી પતિને રીઝવવા માટે જ બધી પ્રવૃત્તિ કરે છે.

તે પતિને ક્યારે રીઝવી શકે?

જ્યારે પતિ કહે તેમ કરે,

પતિના સગાંને પોતાના જ સગાં માને ત્યારે.

સગાં ઉપર પતિ જેટલો પ્રેમ ધરાવે, તેટલો જ પ્રેમ તેણે ધરાવવો જોઈએ. પહેલાં સાસરું અને પછી પિયર.

પહેલાં સાસરાના સગાં અને પછી પિયરના સગાં.

પહેલાં સાસરાનું કામ પછી પિયરનું કામ.

પિયર, પિયરના સગાં, પિયરીયાનું કામ,

આમ બધેથી મમત્વ ઉઠાડી સાસરાના સગાં અને કામ પ્રત્યે મમત્વ જાગે, તો પતિને અને પતિના સગાંને રીઝવી શકે.

ફક્ત પતિને રીઝવવા પ્રયત્ન કરે તો નહિ ચાલે,

કેમકે પતિને જેના ઉપર પ્રેમ છે, તેઓને સ્ત્રી તરફથી અસંતોષ રહેતો હોય તો પતિને આનંદ નહિ જ રહે.

જો સ્ત્રીને સાસરે ગયા પછી પિયરની અને
પિયરના સગાં ઉપરની મમતા રહી ગઈ,
તો પતિ અને સાસરીયાં પક્ષના માણસો તેને ઉદ્ધત કરશે.
પિયરમાં કોઈ માંદુ હોય અગર કોઈ કામ પડ્યે પિયર જાય
અને તેમને પણ સાચવે તથા તેમની પણ સેવા કરે,
તો પણ તેનું ચિત્ત તો પતિમાં અને છોકરામાં જ હોય.
આમ ઉચિત વ્યવહાર હોય અને તે જરૂરી પણ ખરો.
સાસરાની જરૂરીયાત પહેલા અને પિયરની પછી હોય.
ચિત્ત સાસરે અને કાયા પિયર.
કહ્યું છે કે: મન મહિલાનું વહાલા ઉપરે, બીજાં કામ કરંત,
તેમ શ્રુતધર્મે તેહનું, ચિત્ત રહે જ્ઞાનાક્ષેપકવંત.

<u>શાસનની પ્રભાવના</u>

'શાસન' એટલે ભગવાનનો ભાવ,
સર્વને સુખી કરવાની ભગવાનની ઇચ્છા. એ ઇચ્છાની
જગતમાં પ્રભાવના કરવી, એ જ શાસનની ભાવપ્રભાવના.
એનું બીજું નામ પ્રભુના ભાવની પ્રભાવના.
તે મન, વચન, કાયા અને ધનથી પણ થાય.
<u>અનુષ્ઠાનો પણ ભગવાનની ભાવનાની પ્રભાવના માટે છે,</u>
<u>પોતાના ભાવની કે સ્વાર્થભાવની પ્રભાવના માટે નહિ.</u>

સર્વત્ર શુભમાં ભગવાનનો કરુણાભાવ વ્યાપક રીતે કાર્ય કરી રહ્યો છે. તે શોધવું, સ્વીકારવું અને પ્રચારવું, તેનું જ નામ 'નમ્રતાનો ભાવ' છે, એ જ સાચો નમસ્કાર છે.

મનથી જે જે વિચારાય, વચનથી જે જે બોલાય,
કાયાથી જે જે વર્તાવ થાય, તે દરેકમાં ભગવાનની
ભાવનાની મુખ્યતા રહે, તે શાસનની પ્રભાવના ગણાય.

Imp.

## ભગવાનની આજ્ઞા એ શું ચીજ છે?

'તમારે આ પ્રમાણે વર્તવું, આ પ્રમાણે ન વર્તવું' એમ પ્રભુએ કહ્યું નથી પણ 'સર્વનું દુઃખ દૂર થાઓ અને સર્વને નિત્ય સુખ થાઓ' આવો વિશિષ્ટભાવ પ્રભુને જગતના જીવમાત્ર પ્રત્યે આવ્યો, તે કરુણાભાવથી તીર્થનું પ્રવર્તન કરી જગતની અંદર તે ભાવ વહેતો મૂક્યો, તેનું નામ 'આજ્ઞા પ્રવર્તન'.

તે ભાવ જેનામાં પાત્રતા હતી, તેણે અપનાવ્યો.

બધા જીવોના હિતનો ભાવ ફેલાવ્યો, તેનું જ નામ તીર્થનું અથવા આજ્ઞાનું પ્રવર્તન અને તેને ભાવથી અનુસર્યા એટલે તેઓએ 'તેમની આજ્ઞા પાળી' એમ કહેવાય.

ભગવાને વહેતા મૂકેલા એ ભાવને
આજે આપણે આચાર્ય ભગવંતાદિ પાસેથી પામ્યા,
એ ભગવાને પ્રવર્તેલા તીર્થના પ્રભાવે છે.

જ્યાં જ્યાં બહુ જનના હિતની ભાવના પ્રવર્તી રહી છે,
ત્યાં ત્યાં જાણી-અજાણી પ્રભુનું શાસન પ્રવર્તી રહ્યું છે.
ત્રણે યોગો ભગવાનના ભાવની પ્રભાવના માટે જોડાય,
ત્યારે જ સાચો ભાવનમસ્કાર થાય અને અહં જાય.
'નમસ્કાર સિદ્ધ કરવો' એટલે નમોભાવ સિદ્ધ કરવો.

નમોભાવ ભગવાનના ભાવની પ્રભાવનાથી,
તે ભાવને મન-વચન-કાયા વડે અપનાવવાથી સિદ્ધ થાય છે.

ભગવાને પ્રવર્તાવેલા કરુણાભાવની પ્રભાવના
એ શાસનની સાચી પ્રભાવના છે.

શાસનની પ્રભાવનાના નામે પોતાની પ્રભાવના કરવી
તે ભગવાનનો અને ભગવાનની આજ્ઞાનો દ્રોહ છે.

પ્રભુની ભાવનાનાં પ્રચાર માટે સ્થપાયેલા તીર્થના પ્રભાવે
આપણને શુભભાવ આવ્યો છે તેથી નહીં, પ્રભુની ભાવનામાં
અને એ ભાવનાથી સ્થપાયેલા તીર્થમાં અને એ તીર્થના
સ્થાપકમાં અચિન્ત્યશક્તિ રહેલી છે, માટે તેની ભક્તિ
કરવા મને પ્રેરણા જાગે છે, તેમાં ભક્તિનો આનંદ છે.
અન્યથા જગત મને પ્રભુનો ભક્ત માને છે, તેનો આનંદ છે.
તે અહંનો આનંદ છે, ત્યાં નમસ્કારભાવ નહિ હોવાથી
શાસન નહિ, કિન્તુ શાસનના સ્થાને પોતાનો અહં છે.

તેના પ્રભાવનામાં પ્રભુના શાસનનો દ્રોહ છે,
આરાધનાનો અંશ પણ નહિ, કારણ કે
આરાધનાની શરૂઆત નમ્રભાવથી છે, અહંભાવથી નહિ.
નમ્રભાવમાં ધર્મ છે, અહંભાવમાં અધર્મ છે.
'બધા ય કરતાં હું હલકો છું, બધા ય મારાથી ચઢીયાતા છે'
આ ભાવમાં નમસ્કારભાવ છે.
તે ભાવ સાચા તત્ત્વજ્ઞાનથી સાંપડે છે.
સાચું તત્ત્વજ્ઞાન પોતાનો અપરાધ અને
બીજાનો ગુણ જોતાં શીખવે છે.
'ખમામિ' અને 'નમામિ' એ બે જિનશાસનનો સાર છે.

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય

દુઃખગર્ભિત વૈરાગ્યમાં પોતાના દુઃખનો ભય હોય છે, જ્યારે
જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં પરના દુઃખનો ભય હોય છે.
સર્વત્ર હિતચિન્તનમ્ । અસૂયાતન્તુવિચ્છેદ: ।
અક્ષરિ: સર્વત્ર હિતની ચિંતા, ઈર્ષ્યારૂપી તન્તુનો છેદ.
બીજાના ગુણની અંદર દોષનો આરોપ થાય,
પોતાના ગુણ જેટલો જ બીજાનો ગુણ જોઈને હર્ષ ન થાય,
તો તે વૈરાગ્ય જ્ઞાનગર્ભિત નહિ.
સમતામૃતમજ્જનં । અક્ષરિ: સમતારૂપી અમૃતમાં ડુબવું.

<u>પાટણ, મહા વદી ૧૧, સવારે ૭ વાગે</u>

आर्तेषु = આર્તધ્યાનવાળા.

दीनेषु = પોતાને દીન ભાવનારા.

भीतेषु = ભવથી ભયભીત થયેલા.

याचमानेषु जीवितम् = ધર્મજીવિતને યાચતા.

જ્યારે પર્યાયદૃષ્ટિ છોડીને ચૈતન્ય સંશુદ્ધ અભેદદૃષ્ટિ આવે,
ત્યારે જ નિરન્તર સમતારૂપી અમૃતમાં મગ્ન થાય.
મગ્ન રહેવાય, તો જ તે રાગ ગલિત બને.

धर्मे लोकस्य योजनम् । અર્થાત્: લોકને ધર્મમાં જોડવા.

<u>જેનાથી પોતાને મોક્ષની રુચિ સમજાય, તે ધર્મ જેની પાસે નથી તેને પમાડવાની ભાવના ન હોય અને એવું પોતાનું જ લક્ષ્ય હોય, તો તે પણ રાગગર્ભ વૈરાગ્યનું લક્ષ્ય નથી.</u>

પરાબુદ્ધિરૂપ કારુણ્ય અથવા કારુણ્યરૂપ પરાબુદ્ધિ
અથવા કારુણ્ય અધિકરણક + પરાબુદ્ધિ લેવાથી
સિદ્ધ ભગવંતમાં પરમ કારુણિકતા ઘટે છે.

દુષ્કૃતને કૃશાનુબુદ્ધિએ જોવા, સુકૃતને બંધુબુદ્ધિએ જોવા, અરિહંતાદિને શરણભૂત માનવા, અર્થાત્ પ્રભુની આજ્ઞાનું જે કોઈ પાલન કરે તે સુખી થાય, ન કરે તે દુઃખી થાય. કર્મનો નિયમ પણ પ્રભુની આજ્ઞાને આધીન પ્રવર્તે છે.

પ્રભુની આજ્ઞા એ ધ્રુવ, નિત્ય અને શાશ્વત છે.
જો કર્મનો નિયમ ન્યાયપૂર્ણ છે,
તો ધર્મનો નિયમ સર્વને સુખકારી છે.
સર્વનું હિત ઇચ્છવું એ ધર્મ છે, પ્રભુની આજ્ઞા છે.
એનું જે આરાધન કરે છે, તેને કર્મ સદા અનુકૂળ રહે છે,
જે વિરાધન કરે છે, તેને કર્મ સદા પ્રતિકૂળ રહે છે.
તેથી જગતમાં જે કાંઈ બને છે,
તે ધર્મને આધીન કર્મના નિયમને અનુરૂપ બને છે.

મુક્તિ માટે વિરતિ, વિરતિ માટે ભક્તિ, ભક્તિ માટે મૈત્રી, મૈત્રી માટે ક્ષમાપના, ક્ષમાપના માટે દુષ્કૃતગર્હા, દુષ્કૃતગર્હા માટે સુકૃતાનુમોદના, સુકૃતાનુમોદના માટે કૃતજ્ઞતા, કૃતજ્ઞતા માટે સહજ યોગ્યતા, સહજ યોગ્યતા માટે કાળસ્વભાવ, ભવિતવ્યતા તથા પ્રારબ્ધ અને કર્મ બધા માટે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું બહુમાન, આજ્ઞાના બહુમાન માટે આજ્ઞાના પ્રભાવનું જ્ઞાન, આજ્ઞાના પ્રભાવના જ્ઞાન માટે વિશ્વના સ્વરૂપનું અવલોકન, જેમાં અજાણતાં અજ્ઞાનીને પણ આજ્ઞાપાલનથી મળતું સુખ અને જ્ઞાનીને જાણવા છતાં પણ જો આજ્ઞા ન પાળે તો દુઃખ, અનુગ્રહ નિગ્રહ કરવાની આજ્ઞાની શક્તિ, આજ્ઞામાં

એ પ્રભાવ આવવાનું કારણ છે, લોકોનું હિત કરવાની
બુદ્ધિમાંથી આશયની ઉત્પત્તિ અથવા વિશ્વહિતચિન્તન
એ આશયનું સ્વરૂપ, મનની વિશુદ્ધ લેશ્યા, કુન્દેન્દુ વિશદ
મન, સુકૃતનો પક્ષપાત, દુષ્કૃતનો દ્વેષ, સર્વ સુખ પામો એવી
ઉત્કટ ભાવના અને તેમાંથી ફલિત થતાં અનુષ્ઠાન.

મહા વદી ૧૨, શનિવાર

ઉત્તમ ગ્રન્થો પચાવવાના હોય છે.
'પચાવવા' એટલે તેમાં બતાવ્યા મુજબ ક્રિયાવાન થવું.

તાત્પર્ય નિર્ણયની છ કસોટી

(૧) ઉપક્રમોપસંહાર (૨) અભ્યાસ (૩) અપૂર્વતા
(૪) ઉપપત્તિ (૫) અર્થવાદ (૬) ફલ.

o નામના પ્રભાવથી નામીની પ્રાપ્તિ બળાત્કારથી થાય છે.
નામ પ્રભુને આકર્ષવાનું સુંદર અને શક્તિવાન સાધન છે.
નામસ્મરણ એ સાધન નહિ પણ સાધનરાજ છે.

લખવા અને બોલવાના પુરુષાર્થ કરતાં
આચરણનો પુરુષાર્થ ચઢી જાય છે.

સુખમાં જે વસ્તુ જરૂરી છે: આનંદ અને તૃપ્તિ.
તે ક્ષણિક સુખમાં કદી હોય નહિ.
તૃપ્તિ ત્યારે થાય, જ્યારે તે નિત્ય હોય.

ઐહિક આનંદથી સુખ નહિ, પણ દુઃખ આવી પડે છે.

નિત્યાનંદ એ જ તૃપ્તિનો હેતુ છે.

તેના ચિંતન ભાવ, ભાવના કે પ્રેમ છે.

પ્રભુપ્રેમ તે જ પ્રભુકૃપા છે.

તેનું પહેલું સોપાન નામસ્મરણ. તે માર્ગ સુસાધ્ય છે.
ભાવપૂર્વકના નામસ્મરણથી મનુષ્યજન્મનું ધ્યેય સિદ્ધ થાય.
યોગઃ કર્મસુ કૌશલમ્ । એનો એક અર્થ થોડી મહેનતે
મોટું ફળ મેળવવાની કુશળતા છે. તે નામયોગથી સિદ્ધ થાય છે.
આમ નામસ્મરણ એ અન્ય નિરપેક્ષ સ્વતંત્ર સાધન છે.
૪ પ્રકારના ભક્તો: આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની.
કિમલભ્યં ભગવતિ પ્રસન્ને શ્રી નિકેતને? અર્થાત્:
શ્રીનિકેતન એવા પરમાત્મા પ્રસન્ન થયે છતે શું ન મળે?

દેહાભિમાનવાળાને નિર્ગુણ ભક્તિ અસાધ્ય છે.

માત્ર સગુણ ભક્તિ જ સુલભ અને સાધ્ય છે.

નામસ્મરણ એ તેનું સુલભતમ સાધન છે.

નામજપના અનુષ્ઠાનથી સત્ત્વવૃદ્ધિ થાય છે.

નામ એ ધ્વનિરૂપ હોઈ કે આકાશતત્ત્વનું હોવાથી
પૃથ્વી-અપ્-તેજ-વાયુતત્ત્વ કરતાં
સૂક્ષ્મ અને અધિક શક્તિવાળું છે.

## મંત્રજપની 3 વિશેષતા

(1) પ્રભુનો મંત્ર જપવો કેમકે તે પોતે મંત્રસ્વરૂપ છે.
(2) મંત્રના બીજાક્ષરો ચિત્તસ્વરૂપ છે, જ્ઞાનના ભંડાર છે.
(3) નામ એ ચૈતન્યનું નિધાન છે.

આ પ્રકારની 3 વિશેષતાથી મંત્ર જપનારને
પરમાત્માનો સાક્ષાત્કાર થવામાં વાર લાગતી નથી.
'પહેલાં કરો અને પછી કહો'નો નિયમ અબાધિત છે.
બુદ્ધિને પ્રેરનાર તત્ત્વ આત્મતત્ત્વ છે.
'નમો અરિહંતાણં / મિત્તી મે સવ્વભૂએસુ ।'
એ પંચદશાક્ષરી મહામંત્ર છે.
નામ એ વસ્તુતંત્ર છે, કર્તૃતંત્ર નથી.
નામ એ બ્રહ્મરૂપ અને ભગવતસ્વરૂપ છે.
नहि वस्तुशक्तिः श्रद्धादिकमपेक्षते इत्यर्थः ।
અર્થાત્: વસ્તુની માત્ર શક્તિ જ કામ કરતી નથી,
તેમાં શ્રદ્ધા રાખવી એ પણ અપેક્ષિત છે.
મૃત્તિકામાંથી ઘટ બને, તેને આરંભવાદ કહેવાય.
દૂધમાંથી દહીં બને, તેને પરિણામવાદ કહેવાય.
રજ્જુમાં સર્પ દેખાય, તેને વિવર્તવાદ કહેવાય.
વિવર્ત = અધિષ્ઠાનમાં ભ્રમથી અન્ય પદાર્થની ઝાંખી થવી તે.

અદ્વૈતવાદીઓ કહે છે કે:

વિવર્તમાં અધિષ્ઠાનજ્ઞાનનો લોપ થઈ
આરોપિત પદાર્થનો ભાસ થાય છે.

'વસ્તુમાં મૂળતત્ત્વના ભ્રમથી જગતનો અધ્યાસ થાય છે:
વિવર્તમાં અધિષ્ઠાન સત્ય અને આરોપ મિથ્યા રહે છે.

અધિષ્ઠાનજ્ઞાનનો લોપ થઈ તેમાં અન્ય વિજાતીય વસ્તુનો ભાસ થવો, તેને 'અધ્યસ્ત વિવર્ત' કહે છે અને અધિષ્ઠાનજ્ઞાનનો લોપ ન થતાં તેમાં બાહ્ય વસ્તુનો ભાસ થવો, તેને 'અનધ્યસ્ત વિવર્ત' કહે છે.

સુવર્ણમાં અલંકારનો અધ્યાસ તે અનધ્યસ્ત વિવર્ત છે. તેમાં અધિષ્ઠાનજ્ઞાનનો લોપ થતો નથી. પરમાત્માના નામ અને રૂપમાં પરમાત્માનો અધ્યાસ એ અનધ્યસ્ત વિવર્ત છે. જેમ પ્રભુનો જન્મ કે દેહ પ્રભુથી ભિન્ન નથી, પ્રભુરૂપ જ છે, તેમ પ્રભુનું નામ પણ બ્રહ્મથી ભિન્ન નથી, બ્રહ્મરૂપ જ છે, ધ્વનિરૂપ અવતાર છે, તેમ તે પ્રભુની જ શક્તિ છે. વસ્તુશક્તિને કાર્ય કરવા ભાવની અપેક્ષા રહેતી નથી. ભગવાનની પેઠે જ ભગવાનના નામો પણ પતિતપાવન છે. અગ્નિમાં કપૂર અથવા કાષ્ઠ બાળવાની નૈસર્ગિક અંગભૂત શક્તિ છે, પણ તે જ કપૂર કે કાષ્ઠ જો પાણીથી ભીના હોય,

તો પ્રતિબંધક સદા પાણાનો અંશ નષ્ટ કરી
કપૂર કે કાષ્ઠ બાળવામાં થોડો વખત લાગે છે,
એ રીતે પૂર્વના પાપનો અને પાપરૂપી પ્રતિબંધનો નાશ કરી
ઈષ્ટ ફળ પ્રગટાવવામાં થોડો સમય લાગશે.
એટલા જ માટે નામની વસ્તુ ઉપર,
તે વસ્તુની શક્તિ ઉપર વિશ્વાસ રાખી
સત્સાધકોએ નામપરાયણ થવું જોઈએ.
વાચક-વાચ્યનો ભેદ ભૌતિક પદાર્થને લાગુ પડે છે.
ભગવાન અને ભગવન્નામ એ બન્ને અભૌતિક છે,
આધ્યાત્મિક છે, તેથી તેને એ ન્યાય લાગુ પડે નહિ.
નામની મહિમા એ અર્થવાદ છે એટલે વૃથા ગૌરવ નહિ.
નામજપ સાધકોને લાભ પ્રાપ્ત કરાવે છે.
જ્ઞાનીઓને તે જ્ઞાનનો પરિપાક કરે છે.
ગુરુ-શાસ્ત્ર દ્વારા પરોક્ષજ્ઞાન થયા પછી તે અપરોક્ષ થાય
તદર્થે નામસ્મરણાદિથી ચિત્તના મળ-વિક્ષેપાદિ દોષ ટાળવા.
તે જ રીતે અપરોક્ષજ્ઞાનનો ઉદય થયા પછી
તેને દૃઢ કરવા માટે લક્ષ્યાર્થાનુસંધાનપૂર્વક
પુનઃ પુનઃ નામસ્મરણ આવશ્યક છે.
આ ટેવ પરિપક્વ થયા પછી તે સહજ બને છે.

મહા વદી ૧૩, રવિવાર

સર્પ, વીંછી, વરૂ, વાઘ, શ્વાન, ગજ, વાનર, માર્જાર, ઘેટાં અને
તેમ જ વૃત્તિના સંસ્કાર તોડવા લવોના લવ કરવા પડે છે.

વૃત્તિનો આત્મા સાથે સંબંધ

ચિત્તનો ચૈતન્ય સાથે સંયોગ કરવો, તેનું નામ 'યોગ' છે.
પીપીલિકા, મર્કટ, મીન, વિહંગમ વગેરે માર્ગો પ્રસિદ્ધ છે.

દ્વૈત સાધન અને ગુરૂ તત્ત્વ છે.

નામસ્મરણ લક્ષ્યાનુસંધાનપૂર્વક થવું જોઈએ.

વાચિક જપનું ફળ - ભોગ
ઉપાંશુ જપનું ફળ - સ્વર્ગ
માનસ જપનું ફળ - મોક્ષ

શાસ્ત્રનિયમ એ નિસર્ગનો જ નિયમ બતાવવા માટે છે.

સંઘે શક્તિઃ કલૌયુગે ।

અર્થાત્ઃ કલિયુગમાં સંઘ-સમૂહમાં જ શક્તિ છે.

નામજપ એ ભગવત્કૃપા આકર્ષણનું એક યંત્ર છે.

તપથી અંતઃકરણની વિશુદ્ધિ થાય છે.

તપની શક્તિથી અપાય પણ ઉપાયરૂપ બની જાય છે.

નિર્ગર્વતા, નિર્મત્સરતા, ભૂતદયા, નમ્રતા,
સરળતા અને પરોપકાર એ સૌ ઉપાયના અનુપાન છે.

V. Imp.

મહા વદી ૧૩, રવિવાર

૮૪ લાખ યોનિઓમાં અન્ય યોનિ વિષયાનંદ માટે છે,
માત્ર મનુષ્યયોનિ જ બ્રહ્માનંદ માટે છે.
વિષયાનંદ એ વિષય અને ઇંદ્રિયોના સંયોગમાં
પશુ-પંખીઓને પણ મળે છે, જ્યારે
બ્રહ્માનંદ વિષયેન્દ્રિયાતીત છે, મનુષ્ય બુદ્ધ્યતીત છે.
નામસ્મરણથી બ્રહ્માનંદ-પરમાનંદ મળે છે તથા
મલ-વિક્ષેપનો નાશ થઈ અનુભવજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

કઈ 3 વસ્તુ સંતોષગુણને પ્રગટાવે?

૧. કર્મનો અટલ નિયમ.
૨. વિશ્વનું ન્યાયપૂર્ણ સંચાલન.
3. આત્માની પરિપૂર્ણતાનું જ્ઞાન.

એ સંતોષ જ સમતાનું બીજું નામ છે. કર્મનો નિયમ
અફર હોઈ અને પ્રભુઆજ્ઞાનું સર્વત્ર સામ્રાજ્ય હોઈ
અસંતોષ કે ફરિયાદ કે રાગ-દ્વેષ કે હર્ષ-શોક કરવાનું
કોઈ કારણ જ નથી. આત્મતત્ત્વ પૂર્ણ-આપ્તકામ છે,
આત્મામાં વૃદ્ધિ-હાનિ ન થાય એવું
નિશ્ચય અને સત્યજ્ઞાન સંતોષગુણ પેદા કરે છે.
પ્રભુસ્મરણથી આ સત્યજ્ઞાનનો સાક્ષાત્કાર સરળ બને છે.

ફાગણ સુદ ૨

ભગવાનને જુદા માની તેમની ભક્તિ જેઓ કરે છે, તેઓ જગતના સર્જક નિયમાનુસાર ધ્યાતામાં ધ્યેયાંશની વૃદ્ધિ કરી અનુક્રમે કીટ-ભ્રમરના ન્યાયે આપોઆપ જ પોતાની તદ્રૂપતા અથવા તો પ્રભુરૂપતાનું ભાન પામે છે.

°

Bhakti Yoga is the method to kill the sense of seperateness or egoism. It annihilates the modifications of the mind and fills the individual with universal consciousness. This method attempts to purify the emotions until they become divine emotions of worship.

One variety of ભક્ત feels that everything is god except himself. He feels that he is the only one who is not God and all else is God. Therefore he worships everything or the God in everything.

The elixir of man's life lies within.

પરમવિનયસ્વરૂપ માતાજીના દર્શન કરવા ભક્તિ જોઈએ.

ભક્તિમય જીવન થાય, ત્યાં શંકા રહેય નહિ.

વિદ્યાથી કાર્યદક્ષતા અને બ્રહ્મચર્યથી કાર્યક્ષમતા આવે છે.

અવિદ્વાન હારતો નથી પણ અસંયમી હારી જતો હોય છે.

○ સરળતાની સીમા તે ભરત.

સ્નેહની સીમા તે રામ. ભક્તિની સીમા તે સીતા.

સ્નેહ અને ભક્તિનો સુમેળ તે સીતારામ.

સત્કાર્યનો સ્વીકાર તે સત્કાર.

સંતો શ્રીફળ જેવા છે, ઉપરથી કઠોર - અંદર મીઠા.

શઠ લોક બોર જેવા છે, ઉપરથી મીઠા - અંદર કઠોર.

શઠતા = નિષ્ઠુરતા અને સ્વાર્થ, તે સ્નેહને સ્મશાન બનાવે.

કૈકેયી બોર છે, કૌશલ્યા શ્રીફળ છે.

કઠોર સારો પણ નઠોર સારો નહિ.

○ મન એ મર્કટ, યૌવન એ મદિરા, ધન એ વીંછી છે.

અધિકાર અને અવિવેક ભળે, તો માનવ દાનવ થાય.

બીજાનો વિચાર ન કરતાં,

પોતાના જ સુખનો વિચાર તે 'વાસના'.

સામાના ભોગે સુખી થવાનો વિચાર તે 'દુર્વાસના'.

દુર્વાસનામાંથી જ નિષ્ઠુરતા જન્મે છે.

## વનવાસ એટલે શું?

વિષયાનુરાગમાંથી વિશ્વાનુરાગમાં જવું, તેનું નામ 'વનવાસ'.

વિશ્વાનુરાગ પછી વિષયાનુરાગ ફીક્કો લાગે છે.

ત્યાગનો સ્વાદ ચાખ્યા પછી ભોગ મીઠા લાગતા નથી.

ગુણપલટો જ્ઞાને લવાય, બળથી કે જડથી ન લવાય.

ચાતુર્ય નહિ પણ ચારિત્રથી જીવનપલટો લવાય.

'ચારિત્ર' એટલે મન-ઇંદ્રિયનો નિગ્રહ.

'ત્યાગ' એટલે સમર્પણ, તેથી નિર્મળ અંતઃકરણ, વિશ્વ અનુરાગી થવાય. મન-ઇંદ્રિયનિગ્રહથી કર્તૃત્વાભિમાન જાય.

અભિપ્રાય અને અનુભવ માગ્યા વિના આપવા નહિ.

ક્ષમા ધા અને ક્ષમા કર.

માત્ર વાતો કર્યા કરવી, વિચારો વાગોળવા કે ચર્ચાઓ કરવી, તેનો કંઈ અર્થ નથી.

શબ્દો માત્ર દિશાસૂચન કરે છે, ચાલવાનું તો પોતે જ છે.

અખંડ જાગૃતિ, નિર્ભયતા, ક્ષમા અને પ્રલોભન વિજયથી વિશ્વપ્રેમ, આત્મસાક્ષાત્કાર, બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થાય.

પાપીને ધર્મ એ યમરાજ જેવો અને પુણ્યવાનને તે પરમબંધુ સમાન ભાસે છે.

શાસ્ત્રોમાં ધર્મને 'યમરાજ'ની ઉપમા આ જ દૃષ્ટિએ છે.

જ્ઞાન અને ક્રિયાનો યોગ:　　　　ફાગણ સુદી 3

ભાવના એ જ્ઞાન-ક્રિયા ઉભયાત્મક માનસિક ક્રિયા છે.

'જ્ઞાન' એટલે એક વખત જાણવું.

'ચિન્તન' એટલે જાણેલ ઉપર વિચારવું.

'ભાવના' એટલે જાણેલને પુનઃ પુનઃ વિચારવું.

એક જ વિષયનો આંતરે આંતરે વિચાર તે 'ભાવના' છે.

નિરંતર અંતર્મુહૂર્ત સુધી વિચાર તે 'ધ્યાન' છે.

કાયા કરતાં વચન અને વચન કરતાં પણ મન

આત્માની અત્યંત નજીક છે.

મન બે પ્રકારે રહેલ છે:

સંસ્કાર કે લેશ્યા રૂપે અને વિચાર કે ઉપયોગ રૂપે.

મનનો પડઘો કે મનનું પ્રતિબિંબ એ જ વચન છે.

સમસ્ત સત્ત્વવિષયક મધુર પરિણામ એ આત્મગુણ છે.

સ્થિર પરિણતિ ન થાય,

ત્યાં સુધી તેને ભાવવી આવશ્યક છે.

મૈત્રીની ભાવપરિણતિ એ સ્વરૂપલાભરૂપ છે.

સ્વરૂપલાભ અને ક્ષાયિકભાવ - બંને એક જ છે.

o

out of the fullness of heart,

their (God's) mouth speaketh.

ફાગણ સુદી ૯

## ચિત્તના પાંચ દોષો

(૧) આસક્તિ નિવારવા માટે વિરતિ - રાગ.
(૨) અશાંતિ નિવારવા માટે અકષાયતા - દ્વેષ.
(૩) અનાગ્રહ નિવારવા માટે સમ્યગ્દર્શન - અસ્મિતા.
(૪) અસ્થિરતા નિવારવા માટે અયોગતા - અભિનિવેશ.
(૫) અણસમજ કે અવિદ્યા નિવારવા માટે સમ્યગ્જ્ઞાન.

वीतरागोऽयं देवो ध्यातव्यो मुमुक्षुभिः ।
स्वर्गापवर्गफलदः शक्तिस्तस्य हि तादृशी ॥
स देवः परमात्माख्यः शुद्धि-बोधि-प्रभावकः ।
अशरीरोऽप्यनन्तेन वीर्येण भव मोचकः ॥ (પરિશિષ્ટ-૧૧)

પ્રભુ પાસે નીચેની ત્રણ વસ્તુ નિરંતર પ્રાર્થવાથી
સર્વ ઈચ્છિતની સિદ્ધિ થાય છે:

૧. પ્રભુની આજ્ઞા ૨. ગુરુની આજ્ઞા
૩. જીવોની મૈત્રી.

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव बन्धुः च सखा त्वमेव ।
त्वमेव विद्या च द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देव देव ॥ (પરિશિષ્ટ-૧૨)

ફાગણ સુદ ૧૦, ગુરુવાર

શુક્લ ધ્યાનના બે પગથિયાં:

(1) To empty all the unnecessary thoughts from the mind.

(2) To see that all thoughts are unnecessary.

ધ્યાન કે જપ દ્વારા પરમાત્મતત્વ પ્રત્યે જવાનો માર્ગ હાથમાં ન આવે તો આગમનો બોધ રૂક્ષ બની જાય છે.

May the Lord of the cosmos bless all.

Truth, serene and supreme,
can wait patiently for her day.
To know eternity is called illumination.
To ignore eternity is
to draw misfortune on oneself.
The masters of light seek those alone
who are already seeking them,
who in their conscious or
unconscious minds
are eager to return home.

દ્રવ્યાદિ અષ્ટક:                    ફાગણ વદી ૫, સોમવાર

દ્રવ્ય - પરમ પદ અર્હંકારના પાંચ અવયવ.

ક્ષેત્ર - નાભિકંદ નીચેનું અધિષ્ઠાન કમળ, કર્ણિકા, અષ્ટદળ, દળાગ્ર અને અંતરદિશા.

કાળ - ઉચ્ચારણ કાળ કળાપંચક:
હ્રસ્વ - દીર્ઘ - પ્લુત - સૂક્ષ્મ - અતિસૂક્ષ્મ.

ભાવ - વાચ્ય, ધ્યેયપંચક, પદમયી દેવતા.

ધ્યાતા - જાગ્રત, સ્વપ્ન આદિ અવસ્થાપંચક.

ધ્યેય - પરમેષ્ઠિપંચક.

ધ્યાન - જ્ઞાન, ક્રિયાત્મક વિમર્શ.

ફળ - આત્મજ્ઞાન અને તે દ્વારા મુક્તિ.

ધર્મચક્રનું આરાધન કરવા છતાં જો એનું પરિણામ વ્યક્તિગત રીતે જીવનશુદ્ધિ તથા ચિત્તશુદ્ધિરૂપે અને સામાજિક રીતે જો એ વ્યવહારશુદ્ધિરૂપે ન આવતું હોય, તો સમજવું કે પાયામાં ક્યાંક ચૂક રહેલી છે.

અહિંસાના પ્રભાવે અંતરમાંથી રાગ-દ્વેષ, ગમા-અણગમા ઓછા થાય, ચિત્તમાં વાત્સલ્યજન્ય પ્રસન્નતાનો સ્વરૂપ પ્રગટ આત્માનુભવ થાય અને જીવનમાં વિશ્વમૈત્રીની ભાવનાની પ્રતિષ્ઠા થાય, તો જ ધર્મચક્ર સાર્થક ઠરે.

સંયમના પ્રભાવે વાસનાનો પરાજય થાય,
વિલાસ તરફ દોડતું મન વૈરાગ્ય તરફ ફરતું લાગે અને
ચિત્તમાં સમતારસની સરિતા વહેતી લાગે.
તપના પ્રભાવે ચિત્તમાંથી કષાય અને ક્લેશો ઓછા થાય,
કર્મના બંધનો ઢીલા પડતાં લાગે અને
નિર્ભયતા, સરળતા, સહૃદયતાનો પ્રાદુર્ભાવ થતો દેખાય.
એમ ન થાય તો તળાવે જાય છતાં તરસ્યા રહ્યા જેવું બને.
હૃદયને વિકસિત કરનાર સર્વોત્કૃષ્ટ સાધન મૈત્રીભાવ છે.
મૈત્રીભાવનાં અભ્યાસ વિના
અહિંસાધર્મનું પાલન શક્ય જ નથી.
एको भवति अन्यस्यं प्रेरयति इति भावना ।
અર્થાત્: જીવ એકલો છે, અન્ય તેને પ્રેરણા કરે છે,
આ પ્રકારે 'ભાવના' છે.
એક જ માનવ જ્યારે ભાનને ભૂલે ત્યારે Dog
પરંતુ સદ્ભાવના દ્વારા ભાનને આવકારે ત્યારે God.

°

Body is the temple of God.
As a man thinketh, so he becomes.
More the people intelligent,
worse is the government.

0 ભેદ-અભેદ સુગત મીમાંસક
જિનવર દોય કર ભારી રે... ...(૬)

ઉત્પાદ નાશ ભેદ માનનાર ભેદવાદી-બૌદ્ધ.
ધ્રૌવ્ય માનનાર અભેદવાદી-મીમાંસક.

તત્ત્વજ્ઞાનની શરૂઆત દુઃખથી મુક્ત કરવાની ઇચ્છામાંથી થાય.

(૧) સર્વના સુખના અભિલાષ વિના કરાતો ધર્મ-ધર્મ નથી.

(૨) પરહિતચિન્તન વિનાનું આત્મહિતચિન્તન આત્માની ભવવૃદ્ધિનું કારણ છે.

(૩) આત્મસમદર્શિત્વ પછી જ ગુણઠાણું પ્રાપ્ત થઈ શકે.

(૪) ભવની ભાવના આત્મા ઉપર સાક્ષાત્ અસર થાય છે (કર્મ માધ્યમ વિના).

વિપદઃ સન્તુ નઃ શશ્વત્ = વિપત્તિઓ કાયમ હોતી નથી.

મહાપુરુષના ચિત્તમાં ઈશ્વરનું સાન્નિધ્ય સદૈવ રહેવાને માટે દુઃખની વ્યથા અને સંકટની જરૂર છે.

જાગૃત રહે માટે તેને પ્રભુની સંગતિની ઉપયોગીતા છે.

દુઃખ મેં સુમિરન સબ કરે, સુખ મેં કરે ન કોઈ
સુખ મેં જો સુમિરન કરે, દુઃખ કાહે કો હોઈ?
દુઃખમાં હરિ સંભારતા, સુખમાં સંભારે ન કોઈ
જો સુખમાં સંભારીએ, તો દુઃખ શેનું હોય?

-કવિ દલપતરામ

० <u>અહંકાર એ નાશનું નગારું છે.</u>

<u>ભક્તિ, નમસ્કાર અને અભેદભાવનાથી તેનો નાશ થાય છે.</u>

વિચારમાં સ્યાદ્વાદ અને વર્તનમાં અહિંસા તો જ આવે
કે જો જીવમાત્ર પ્રત્યે આત્મસમભાવનું દર્શન થાય.

જ્યાં સુધી મન મરતું નથી,
વૃત્તિ સંકલ્પ-વિકલ્પથી રહિત થતી નથી,
ત્યાં સુધી બ્રહ્માનંદનો સ્વાનુભવ થતો નથી.

<u>મનનો સંપૂર્ણ વિલય એ જ 'બ્રહ્મદર્શન' અથવા 'મોક્ષ'.</u>

વિષયાનન્દ સંસાર હૈ, ભજનાનન્દ ઇતિહાસ.
બ્રહ્માનન્દ જીવન્મુક્તિ, ભયા વાસના નાશ.

आत्मसत्यानुबोधेन, न संकल्पयते यदा ।
अमनस्तां तदा याति, ग्राह्याभावे तदग्रहम् ॥ (परिशिष्ट-१३)

० એક રામ દશરથ ઘર ડોલે, દૂજા રામ સકલ ઘટ બોલે,
તિસરા રામ કા સકલ પસારા, ચૌથા રામ સબસે ન્યારા.

અનેકવિધ બંધનોમાં જકડાયેલો રહે તે 'જીવ'.
અનેકવિધ બંધનોથી મુક્ત બને તે 'શિવ'.

<u>મુક્તિ = જીવના અખંડ સચ્ચિદાનંદ સ્વરૂપનો અનુભવ.</u>

જે આ જગતપ્રપંચને ભેદી શકે છે,
તે ચૈતન્યશક્તિ જગતના દરેક માનવમાં છુપાયેલી છે.

જે શક્તિ ઇચ્છે તે શાક્ત, પછી એ ઉપાસના કરે કે ન કરે.

શક્તિને કોણ નથી ઇચ્છતું?

ભૌતિક સારા ખાન-પાન શા માટે ઇચ્છે છે?

ઊંચા ઔષધ-અનુપાન પણ શા માટે ઇચ્છે છે?

શક્તિ માટે જ ને? માટે તે પણ શાક્ત છે.

૦ આત્મૌપમ્ય, અદ્વૈતદર્શન અને અનાસક્ત યોગ
દ્વારા ભૌતિકસંગ્રહ - એ ત્રણે વસ્તુ સમાન છે.

એક આચાર સંપ્રદાયગત છે, બીજો આચાર સમષ્ટિગત છે
અને ત્રીજો આચાર ચિત્ત અને મનના મળોને શોધવાનો છે.

પહેલો સ્વસંપ્રદાયગત આચારધર્મના નિયમોને,
બીજો સમષ્ટિગત ભૂતદયા - અતિથિસત્કાર - ઇષ્ટાપૂર્તાદિ,
ત્રીજો આચાર અધ્યાત્મ અને યોગસાધનાને સમાવે છે.

જેમ અધ્યાપક, ડૉક્ટર, વકીલ અથવા ઉદ્યોગપતિ ઇચ્છાથી
જ બની શકાતું નથી, તેમ અધ્યાત્મમાર્ગમાં પણ ઇચ્છા
કરવાથી યોગી કે અધ્યાત્મી બની શકાતું નથી. તે માટે વર્ષો
સુધી શાસ્ત્રો અને ગુરુઓ પાસેથી તાલીમ લેવી જોઈએ.

વાચ્ય-વાચક સંબંધ નિત્ય છે, સંકેત દ્વારા તે પ્રગટે છે.

'આ શબ્દથી આ અર્થ જાણવો'

એ જાતનો સંકેત તે કૃત સંબંધને સ્પષ્ટ કરે છે.

સંકેતનું જ્ઞાન કોષ વગેરેથી થાય છે.

શબ્દમાં વાચકશક્તિ છે, અર્થમાં વાચ્યશક્તિ છે.

વાચક અને વાચ્ય વચ્ચે સ્વાભાવિક સંબંધ છે, એ સંબંધનું જ્ઞાન સંકેતથી - સંકેતનું જ્ઞાન કોષાદિથી થાય.

વાચ્ય-વાચકભાવ સંબંધ વાચ્ય-વાચક ઉભયનિષ્ઠ છે.

એ સંબંધને 'શક્તિ' પણ કહેવાય છે.

સંકેત એ શક્તિનો, સંબંધનો ગ્રાહક છે.

વ્યાકરણ, કોશ વગેરે શબ્દમાં રહેલા વાચકશક્તિના ગ્રાહક છે.

'આ શબ્દથી આ અર્થ વાચ્ય જાણો'

એવા ઈશ્વરેચ્છા નૈયાયિક મતે અને જૈન મતે સ્વાભાવિક સામર્થ્ય એ જ શક્તિ છે, તેને ગ્રહણ કરનાર સંકેત છે.

કેટલાક 'શક્તિગ્રહ' સંકેતથી નહિ પણ વ્યવહારથી માને છે.

વિશ્વને ધારણ કરનાર તત્ત્વ સત્પુરુષોમાં રહેલું ઔચિત્ય છે.

વિષયમાં વિતૃષ્ણા તે વૈરાગ્ય, સ્થિતિમાં યત્ન તે અભ્યાસ.

o રાગ અને દ્વેષમાં દ્વેષ એ નિર્બળ છે, તેથી તેને કાઢવા માટેનો ઉપાય પહેલો જ લેવો જોઈએ.

દ્વેષ ટક્યે રાગ નીકળે અને દ્વેષ મૈત્ર્યાદિભાવો વડે ટળે છે. તે પછી વૈરાગ્યભાવની પ્રબળતા અને ગુણાનુરાગ આદિ પ્રશસ્ત રાગભાવની દૃઢતા થવાથી દ્વેષ આપોઆપ જાય છે.

૦ આવશ્યક સૂત્ર સાથે ઓઘનિર્યુક્તિ અને
દશવૈકાલિક સૂત્ર સાથે પિંડનિર્યુક્તિનો સંબંધ છે.
ઉત્તરાધ્યયન સૂત્ર, આચારાંગ, દશવૈકાલિક, ઓઘનિર્યુક્તિ,
પિંડવિશુદ્ધિ એ સૂત્રો ઉત્સર્ગમાર્ગને જણાવનારા છે, જ્યારે
નિશીથ સૂત્રાદિ ઉત્સર્ગ કે અપવાદમાર્ગને જણાવનારા છે.

ગૂઢભાષાદિ કાર્ય કરે તે આજ્ઞા વ્યવહાર.
નિશીથ, દશાશ્રુત, બૃહત્કલ્પ વગેરે શાસ્ત્રો, તે શ્રુત વ્યવહાર.
સાંકેતિક શબ્દોથી જે વ્યવહાર કરે, તે ધારણા વ્યવહાર.
દ્રવ્યાદિની વિચારણાથી જે આપે, તે જીત વ્યવહાર છે.
નવ પૂર્વથી કેવલજ્ઞાની સુધીના આગમ વ્યવહારી ગણાય.

સામાયિકથી માંડી દ્વાદશાંગીનો સાર...
તે પાંચે પ્રકારના આચારમાં મુખ્ય ચારિત્રાચાર છે.

માન એટલે શું?

કાર્યમાં કારણનો ઉપચાર કરીને અનુપકારિત્વ, તે 'માન'.
માનનો નાશ થતાં અનુપકારિત્વ નાશ પામે છે, એટલે કે
ઉપકારિત્વ પ્રગટે છે, કારણકે તે આત્માનું સ્વરૂપ છે.
શ્રી અરિહંતના ૧૨ કે અનંતચતુષ્ટયાદિ ૪ ગુણો મુખ્ય છે.
બાકી તો અનંત ગુણો છે.
તે તેઓના આત્માના સ્વભાવરૂપ હોવાથી ઉપકાર કરે જ.

ગુરુનું કાર્ય ઉપકારકરણ છે, તેમ ન હોય તો તે ગુરુ નહિ.
જેમ રાજા અનંતુ છે, તેમ ભલો છે,
માટે તે રાજા સ્વરૂપ (ગુરુ) છે, તેમ ઉપકારિત્વ પણ
સક્રિય હોય તો જ સ્વરૂપ અર્થાત્ વાસ્તવિક ગણાય.
છદ્મસ્થપણે જીવ ઔદયિક અને ક્ષાયોપશમિક ભાવથી
ઉપકાર કરે છે, તેમ વીતરાગતા પછી તો ક્ષાયિકભાવે
ઉપકારિત્વ પ્રગટવાથી તે ગુરુના બળે ઉપકાર કેમ ન કરે?
ઉપકારિત્વ માનાભાવરૂપ છે,
તો માનના અભાવે તેનો સદ્ભાવ કેમ ન માનવો?
વસ્તુ વિચારતાં, ધ્યાન ધરતાં મન વિશ્રામ પામે, રસા-
સ્વાદસુખ ઉપજે, પરિણમન કરે, તે અનુભવપ્રત્યક્ષ જાણવું.
જેમ સાકરના એક જ ગાંગડાને ચાખી જોતાં
હજાર મણ સાકરનો અનુભવ થાય છે, તેમ
સમ્યગ્દૃષ્ટિ જીવ અંશે આત્માને કેવળીસદૃશ અનુભવે.
0 દ્રવ્યાર્થિકનયે જીવ તુંબા-મૃત્તિકાન્યાયે કર્મ સાથે મળેલ છે
અને પર્યાયાર્થિકનયે આત્મા કર્મ સાથે ક્ષીર-નીરન્યાયે
એકરૂપ કે લોલીભૂત થઈ થઈને ચતુર્ગતિ ભ્રમણ કરે છે.
0 નામજિનનું રટણ જીભમાં, સ્થાપનાજિનનું ચક્ષુમાં,
દ્રવ્યજિનનું મનોયોગમાં અને ભાવજિનનું હૃદયમાં છે.

૪ પ્રકારે શ્રી જિનવચનાનુસારી સ્યાદ્વાદ દેશના:
કાર્ય - કારણ, નિમિત્ત - ઉપાદાન, દ્રવ્ય - ભાવ
અને નિશ્ચય - વ્યવહારનયયુક્ત.

શ્રી આચારાંગસૂત્રના 'લોકસાર' નામના અધ્યયનમાં કહ્યું છે:
આત્મસ્વરૂપાવલંબી જીવ જ સાધક છે, બાકી સાધક નથી.
મોક્ષનો કર્તા આત્મા ખરો પણ મોક્ષની રુચિ વિનાનું
કર્તાપણું પ્રગટે નહીં અને તે રુચિ શ્રી અરિહંત દેવને દીઠે
નિપજે, માટે શ્રી અરિહંતનું દર્શન, તે રુચિનું કારણ છે
અને સ્વયં રુચિ, તે મોક્ષનું કારણ છે.
એ રીતે મોક્ષરૂપ કાર્યનું મૂળ કારણ શ્રી અરિહંત જ છે.
તે માટે જિનના ફરમાને શ્રી અરિહંતનો ઉપકારતત્ત્વ જાણું.

સમ્યગ્દર્શન ગુણ પ્રગટે ભાર ટળે,
સમ્યગ્જ્ઞાન ગુણે પરભાવ ટળે.

વળી મિથ્યાત્વમોહ અને ચારિત્રમોહના નાશ વડે વેર ટળે,
છઠ્ઠા ગુણસ્થાનકે અભાવ વિષયનો રાગ ઉદયમાંથી ટળે.
સત્તામાંથી રાગ-દ્વેષ-મોહ ટળતાં આત્મા પરમાત્મા બને.

અવિરતિ - ચારિત્રમોહના ઉદયે આકુળતા,
અજ્ઞાનમિથ્યાત્વના ઉદયે ઉદ્વેગતા, વેદનીય ઉદયે અશાતા
અને વીર્યાંતરાયના ઉદયે અસ્થિરતા નિપજે છે.

## છ પ્રકારના પુદ્ગલ

બાદર બાદર – લકડી, માટી, પાષાણ.
બાદર – ઘી, દૂધ, પાણી, તેલ, મધ, ગોળ, ખાંડ.
બાદર સૂક્ષ્મ – છાયા, ધૂપ આદિ.
સૂક્ષ્મ બાદર – ગંધ, રસ, સ્પર્શ, શબ્દાદિ.
સૂક્ષ્મ – કર્મવર્ગણા
સૂક્ષ્મ સૂક્ષ્મ – પરમાણુવાદિ.

આત્મોપયોગ સહિતના ધ્યાન વડે મુનિને આત્મપ્રદેશે રહેલ કર્મવર્ગણાની અનંતી નિર્જરા, સમય સમયે વિશુદ્ધિ થાય છે.

## વ્યવહાર સમકિત

દેવ શ્રી અરિહંત, ગુરૂ સુસાધુ, ધર્મ કેવલી પ્રરૂપ્યો, તેને સાત નય, જે પ્રમાણ, ચાર નિક્ષેપ સદ્દહે, તે વ્યવહાર સમકિત, મુક્તિનું કારણ, ધર્મ પ્રગટ થવાની યોગ્યતા. જ્ઞાન વિના પણ ઘણા જીવોને એવી રુચિ હોય.

## નિશ્ચય સમકિત

નિશ્ચય દેવ તે આપણો આત્મા, નિશ્ચય ગુરૂ તે આપણી તત્ત્વરમણા આત્મા, નિશ્ચય ધર્મ તે આપણા જીવનો સ્વભાવ. એવી શુદ્ધ સદ્દહણા તે મોક્ષનું કારણ, કેમકે જીવસ્વરૂપ ઓળખ્યા વિના કર્મ ખપે નહિ.

<u>મિથ્યાત્વ રાગ</u> - જીવચેતના લક્ષણવંત ઔપાધિક ઉદયભાવ છે.
<u>મિથ્યાત્વ કુગુરુ</u> - અસત્પ્રરૂપક ઔપાધિક ત્યાજ્ય છે.
<u>મિથ્યાત્વ કુદેવ</u> - વીતરાગદેવનું સ્વરૂપ ન જાણનાર હોય.
<u>મિથ્યાત્વ કુધર્મ</u> - અનેકાંતમાર્ગ વાણીકરણ ઉપર રચ્યા છે તે,
અંતરંગ ધર્મ નહિ ઓળખ્યા તેવો ધર્મ.

સંસારી જીવના પ્રત્યેક કાર્યમાં કારણપંચકનો સમવાય ઘટે. પુદ્ગલના કાર્યમાં અથવા અલોકાકાશના પરિણમનમાં જ્યાં જેટલા કારણો ઘટે, ત્યાં તેટલા ઘટાવવા. વિશ્વના પરિણામમાં તો મુખ્યત્વે પુદ્ગલના સ્વભાવને જ કહી કે માની શકાય, તેમાં જીવના અદૃષ્ટને અભાવ કરવાનું કદાપિ હોય નહિ.

જ્યાં જેનો ઉપકાર કે પ્રભાવ ઘટતો હોય,
ત્યાં તેનો તે ઘટાવવો.
દરેક જીવનો દરેક જીવ ઉપર ઉપગ્રહ થાય જ...
એવું ન ઘટે, છતાં
અનાદિ-અનંતકાળની અપેક્ષાએ માને તો વાંધો ન આવે.
ધર્મ એ સમગ્ર વિશ્વનું પરમાર્થભૂત કારણ છે.

## <u>સાધના</u>

સ્ત્રી અને પુરુષ - એ બે શબ્દો તો વ્યવહારથી છે. વસ્તુતઃ બે પ્રકૃતિ છેઃ એક નારી અને બીજી નરપ્રકૃતિ.

શબ્દો વડે જેને 'પુરુષ' કહેવાય છે, તે તો પ્રાકૃત ભાવ છે.
પ્રકૃતિના રાજ્યમાં કોઈ પુરુષ કેવી રીતે હોઈ શકે?
બધા એક જ ભગવાનને ઇચ્છે છે. શા માટે?
કારણકે એ એક જ માત્ર પૂર્ણ પુરુષ છે.
તંત્ર મુજબ બધા જીવો પૃથ્વીની માટી ઉપર
પ્રકૃતિ પુરુષના અંશરૂપે જન્મેલા છે.
એક સદાશિવ ચિરાયુ ભગવાન કૃષ્ણ પુરુષ છે?
આ કેવળ વૈષ્ણવ દર્શનની વાત નથી,
બધાં દર્શનનો મુદ્દો એક જ છે, પદ્ધતિ જુદી છે એટલું જ.

સાધનાના સ્પષ્ટ લક્ષણો

સાધના તો શરીર વડે જ થાય.
શરીર અને મન તંદુરસ્ત ન હોય તો સાધના થતી જ નથી.
સાધના એક એવી વસ્તુ છે કે ચોક્કસ જાણું કાંઈ લાભ
થાય - ન થાય પણ શરીર સંપૂર્ણપણે નિરોગી બને છે.
સાધનાનું પ્રથમ અને પ્રત્યક્ષ ફળ
શરીરનું સ્વાસ્થ્ય તથા આનંદમય માનસિક અવસ્થા છે.
મહાદુઃખની કોઈ બાબત બની હોય,
ત્યારે પણ સાધકના અંતરમાં એ દુઃખનું કારણ
પ્રગટ થઈને તેના ફળરૂપે તો પાછો આનંદ જ જન્મે છે.

<u>આસો વદી ૭, સોમવાર</u>

ધર્મવિચાર સનાતન છે, ધર્મદૃષ્ટિ નહિ.

ધર્મવિચાર કહે છે કે: આત્મોન્નતિ-સર્વોત્કૃષ્ટભાવ માટે દાન કરો પણ દાનનો પ્રકાર દેશ, કાળ, પાત્ર પ્રમાણે રાખો.

જીવમાત્ર પ્રત્યે સમભાવ એ ધર્મ છે.

જે વડે સમભાવ, સહાનુભૂતિ અને સહકારવૃત્તિ વિકસે, તે ધર્મનાં અંગ છે.

નિરાકાર મંતવ્યોને સાકાર કરવાના ઉપાયો એજ નહિ.

ક્ષયોપશમ પદાર્થ સર્વઘાતિ પ્રકૃતિનો અનુદય તે 'ઉપશમ'.
દેશઘાતિ સ્પર્ધકોનો અનંત અનંત ગુણહીન ઉદય તે 'ક્ષય'.
બે મળીને 'ક્ષયોપશમ' કહેવાય છે.

<u>ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ શેનો હોય?</u>

તે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાનનો હોય, કેમકે ક્ષયોપશમ વખતે તે જ પ્રકૃતિઓનો ઉદય પણ રહેલો છે.

મોહનીયમાં ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોતા નથી.

સરાગ સંયમ વખતે ૧૨ કષાયોનો ક્ષયોપશમ અને મંદ સંજ્વલનાદિનો ઉદય હોય છે.

પ્રશસ્ત રાગ વખતે પ્રથમ ગુણસ્થાનકે કષાયની ઉત્તરોત્તર અધિક મંદતા હોય છે.

ચતુર્થ ગુણસ્થાનકે ૭ પ્રકૃતિનો ક્ષયોપશમ હોય છે.
કષાયો ઉત્તરોત્તર દૂર થતાં જાય, તેમ તેમ વિશુદ્ધિ વધે,
તેથી પ્રશસ્તતાની માત્રા પણ વધતી જાય છે.
પ્રશસ્તરાગ = રાગનું ઘટવું, હળવું અને વિશુદ્ધિનું વધવું.
તે જ વીતરાગભાવનું કારણ બને છે.
વીતરાગભાવ આવતે પ્રશસ્તતાના બદલે શુદ્ધતા હોય છે.
તે આવતે મૈત્ર્યાદિ ભાવોનો પ્રકર્ષ હોય છે.
એ પ્રકર્ષનું કાર્ય વિનિયોગ છે.
સિદ્ધેશ્ચોત્તરકાર્યં વિનિયોગઃ ।
જેમ વસ્ત્રશુદ્ધિ જલથી છે, સુવર્ણશુદ્ધિ અનલથી છે તથા
પૃથ્વીની શુદ્ધિ આદિત્યથી છે,
તેમ ભાવરૂપી વસ્ત્રની શુદ્ધિ ધ્યાનરૂપી જલથી છે,
ભાવરૂપી સોનાની શુદ્ધિ ધ્યાનરૂપી અનલથી છે તથા
ભાવરૂપી મહીની (પૃથ્વી)ની શુદ્ધિ ધ્યાનરૂપી સૂર્યથી છે.
કર્મનો તાપ, શોષ અને ભેદ ધ્યાનથી થાય છે.
કર્મરોગની ચિકિત્સા ધ્યાનયોગથી છે.
ચઉશરણગમનાદિથી શુભપરિણામ વધે છે, તેથી
શુભ પ્રકૃતિઓનો નવો બંધ, પૂર્વબદ્ધ પ્રકૃતિઓનો શુભાનુબંધ
અને મંદ અનુબંધવાળી પ્રકૃતિઓનો તીવ્ર અનુબંધ થાય છે.

અશુભ પ્રકૃતિઓ નિરનુબંધ બને છે અને તીવ્ર અશુભ અનુબંધવાળી પ્રકૃતિ મંદ અશુભ અનુબંધવાળી બને છે.

શ્રી પંચસૂત્રમાં કહ્યું છે કે:

દુષ્કૃતગર્હાથી અશુભકર્મના અનુબંધો
મંદવિપાક વડે શિથિલ થાય (અલ્પવિપાકી),
પુદ્ગલ દૂર થવા વડે ક્ષીણ થાય (સુખાપનેય) તથા
મૂળથી નાશ, ક્ષય થાય છે (અપુનર્ભાવિ).
જે નિરનુબંધ અશુભકર્મ અવશેષ રહે છે,
તે ભગ્ન સામર્થ્યવાળું અને સુખાપનેય બનીને
કટકબદ્ધ વિષની જેમ અલ્પવિપાકવાળું તથા
અપુનર્ભાવવાળું થયું હોવાથી ફરી તેવો બંધ થતો નથી.

કુશલ કર્મો

કુશલ કર્મો 'आसन्नीक्रियन्ते' અર્થાત્ આક્ષેપક છે.
કુશલ કર્મો 'परिपोष्यन्ते' અર્થાત્ ભાવોપચય થાય છે.
કુશલ કર્મો 'निर्माप्यन्ते' અર્થાત્ પરિસમાપ્તિ પામે છે.
શુભ પ્રવર્તક - પરમ શુભસાધક અનુબંધ વડે
કુશલ કર્મો પરંપરાએ નિર્વાહપ્રાપક બને છે.
'કુશલ કર્મ સાનુબંધ બને' અર્થાત્ સુપ્રયુક્ત ઔષધની
જેમ આત્યન્તિક અનુબંધવાળું બને તે.

આસો વદી-૮

## પદ, વર્ણ અને મંત્રનું ધ્યેય

અથ પદસ્થસ્ય ધ્યેયસ્ય લક્ષણમાહ ।

અર્થ: હવે પદસ્થ આદિ ધ્યેયના લક્ષણને કહે છે.

(૧) સંકેત એ વાચ્ય-વાચકના ઇતરેતર અધ્યાસરૂપ સ્મૃત્યાત્મક છે.

(૨) સંકલ્પ વિકલ્પાત્મક હોવાથી ઉપચારથી પદ છે.
સકલ વ્યવહાર શબ્દાનુવિદ્ધ છે, જ્યારે સંવેદન શબ્દમય છે.
સામાન્યથી શબ્દ સર્વભૂતો-પ્રાણીઓમાં અવ્યક્ત ધ્વનિરૂપ છે.

(3) પદ એ વાચ્યનો સંકેત છે.
વર્ણોની સમાન પદ અનેક નથી, એક છે.
અભિવ્યક્તિમાં પ્રમાણ એકબુદ્ધિવિષયત્વ તથા વક્તાના
એક જ પ્રયત્નથી ધ્વનિ વગેરે દ્વારા ઉત્પન્ન થાય છે.
વર્ણ તો પ્રયત્નભેદથી પણ ઉત્પન્ન થાય છે, કિન્તુ
પદ એ અભાગ (અવિભાજ્ય) અને નિરંશ છે.
વર્ણસમૂહ વચનના વર્ણોની જેમ સાંશ (સાંશયુક્ત) છે.
પદ અક્રમ હોવાથી એક જ સમયમાં ઉત્પન્ન થાય છે.
વર્ણોની માફક ઉત્પત્તિમાં ક્રમ નથી.
આ કારણોથી પદસ્ફોટ એ વર્ણોથી ભિન્ન છે.

સ્ફોટ એ બૌદ્ધ (બુદ્ધિમાત્ર ગ્રાહ્ય) છે તથા અંત્ય વર્ણના પ્રત્યયરૂપ વ્યાપારથી વ્યક્ત થાય છે. વર્ણો એક નહિ છતાં બાળકોને લક્ષ્યમાં રાખી પ્રતિપાદનની ઇચ્છાથી વક્તાએ બોલેલા અને શ્રોતાએ સાંભળેલા આવા પ્રકારના વર્ણોથી જ સિદ્ધવત્ અને પરમાર્થવત્ એકબીજાની સંપ્રતિપત્તિના સંવાદથી પ્રતીત થાય છે, વ્યવહારમાં આવે પણ વર્ણોથી ભિન્નરૂપે વ્યવહારમાં આવતા નથી. અનાદિ વાગ્વ્યવહારની વાસનાથી વશીકૃત લૌકિક બુદ્ધિ જ તેનું કારણ છે.

(૪) પદ કે અર્થવાચક શબ્દ વર્ણસમૂહરૂપ છે અને તે સ્વાભાવિક શક્તિ-સંકેત વડે અર્થનો બોધ કરાવે છે.

અર્થ પ્રતિપાદન માટે પદમાં સમર્થ યોગ્યતા છે. સંકેત વાચ્ય-વાચકના સંબંધના સ્મરણરૂપ છે. વાચ્ય-વાચક સંબંધ અનાદિસિદ્ધ છે અને તે કોશાદિથી ગ્રહણ થાય છે.

(૫) પદસ્થ ધ્યાન માટે સિદ્ધાંતરૂપ સમુદ્રથી ઉત્પન્ન થયેલ કોઈપણ અક્ષર કે પદ શાસ્ત્રકારોને અભિમત છે. કોઈપણ અક્ષર કે જેનું આલંબન લઈને યોગી રાગરહિત થઈને પરમપદને પામે, તે ઉપયોગી પદ, મંત્રપદ કે મંત્રાક્ષર છે. મંત્રયોગનો મુખ્ય ઉદ્દેશ અંતરાત્માનો પરમાત્મા સાથે અભેદ સાધવાનો છે, તે આ પ્રકારે સાધી શકાય છે.

(૬) વર્ણ, પદ અને મંત્ર,

એ ત્રણ મંત્રમાર્ગના ભેદ અથવા પ્રકારો છે.

મંત્રને પદ અને પદને વર્ણ ઉપર આધાર રાખવો પડે છે.

કેવળ વર્ણને પણ મંત્રની સંજ્ઞા આપવામાં આવે છે,
તેથી મંત્રો બે પ્રકારના બને: કૂટ અને અકૂટ.
સંયુક્ત (વર્ણો) હોય, તેને 'કૂટ' કહે છે.
જે વર્ણો સંયુક્ત ન હોય, તેને 'અકૂટ' કહે છે.
કૂટ મંત્રમાં ઘણા વર્ણો, અક્ષરો હોવા છતાં
તેમાં એક જ અક્ષર મંત્રરૂપ હોય છે.

(૭) પરિકરસહિત મંત્ર હોય, તો જ તે મંત્રનું કાર્ય કરી શકે.
Imp. એકલો વર્ણ હોય, તો તે કાર્ય ન કરી શકે.
પરિકર બે પ્રકારે: બાહ્ય અને અભ્યંતર.
આ બંને પ્રકારના પરિકરસહિત જો મંત્ર હોય,
તો જ તે પરિપૂર્ણ ફળને આપે છે.
મંડલ, મુદ્રા વગેરે બાહ્યપરિકર અને
નાદ, બિન્દુ, કલા વગેરે અભ્યંતરપરિકર છે.
મંડલ, મુદ્રાદિ અને નાદ, બિન્દુ, કલાદિ મંત્રના ઉદ્દીપક છે.
ઉદ્દીપક હોવાથી તેઓ અર્થક્રિયાનાં જનક છે.
મંડલ, મુદ્રાદિ એકલા પણ ફળ આપે છે,

પણ તે ફળ સામાન્ય પ્રકારનું હોય છે.

જ્યાં ભેગા થાય, ત્યારે વિશિષ્ટ પ્રકારનું ફળ આપે છે.

(૮) પદ એ શબ્દ-ધ્વનિરૂપ હોવાથી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ એક છે. સઘળા શબ્દોમાં શબ્દત્વ એક હોવાથી શબ્દ એક છે, એ રીતે શબ્દ બ્રહ્મસ્વરૂપે એક છે કે જેના પ્રભાવે જિનેશ્વરો પણ સર્વ ભાવો કહેવા સમર્થ બને છે. તે શબ્દબ્રહ્મરૂપ શ્રુત દેવતા (સરસ્વતી) જયવંત વર્તે છે.

આ દૃષ્ટિથી કહેવામાં આવ્યું છે કે:

એક પણ પદ બ્રહ્માક્ષરની વિભૂતિ પ્રાપ્ત કરે તો તે આરાધકની આગળ કામધેનુના આકારમાં આવિર્ભૂત થાય છે. આરાધક તેની અલૌકિક શક્તિનો અધિકારી બની જાય.

કેવળ સામાયિક પદમાત્રના આરાધનથી
અનંત આત્માઓ સિદ્ધિપદને પામ્યા છે.

(૯) પર્યાયાર્થિકનયની દૃષ્ટિથી પદ-શબ્દ અનેક રૂપ પણ છે,
અર્થાત્ શબ્દો અનેક પ્રકારના છે.

વાજાં, વીણા, મૃદંગ વગેરેના મધુર શબ્દો છે અને
કરભ-રાસભાદિના કટુ શબ્દો છે.

બંનેમાં શબ્દત્વ સમાન છે, અર્થ જાણીને બંને પ્રત્યે જેઓને સમાનભાવ-સમભાવ રહે છે, તેઓ યોગી છે.

(૧૦) પદ સાર્થ વાચ્યાર્થ સંસ્પૃષ્ટ છે.

પદથી જ વાચ્યાર્થનો બોધ થાય છે. સંકેત તો વાચક અને વાચ્યના ઇતરેતર અધ્યાસરૂપ સ્મૃતિ-આત્મક છે.

(૧૧) વર્ણ અને પદ પૌદ્‌ગલિક છે.

ભાષા પર્યાપ્તિ દ્વારા જીવમાં ઉત્પન્ન થયેલ શક્તિથી ભાષા વર્ગણાના પુદ્‌ગલો પ્રગટ થાય છે.

એક, બે અને ત્રણથી આરંભી સંખ્યાત, અસંખ્યાત અને અનન્તાનંત પ્રદેશવાળી વર્ગણાઓ રૂપ દૃશ્ય અને અદૃશ્ય પુદ્‌ગલોથી જગલોક ગાઢ ભર્યો છે. તેમાંથી વર્ણ પરિણામને યોગ્ય ભાષા વર્ગણાના અનંત પ્રદેશવાળા પુદ્‌ગલોને યોગાખ્ય વીર્ય વડે ગ્રહણ કરાય જાય તે તે સ્થાને તે તે વર્ણને પરિણામભાવને છોડવા પડે છે. આ પ્રકારના સર્વ વિકારો પુદ્‌ગલમાં ઉત્પન્ન થાય છે, તેથી અનુમાન થાય છે કે:

શબ્દ એ પુદ્‌ગલનો પરિણામ છે.

(૧૨) મંત્ર સાધારણ રીતે વાક્ય સ્વરૂપે રહેલ છે, પણ કોઈ વખતે વર્ણ અથવા પદરૂપે પણ રહેલ છે.

(અ) પદમાં વાચ્ય-વાચક સંબંધથી સ્થાપિત થએલું ધ્યેય અને પદનો વાચ્ય-વાચક સંબંધ (સંકેત) ભાવનાપૂર્વક સંપાદન કરવામાં આવે, તો તે ધ્યેય (વાચ્ય) પદસ્થ કહેવાય.

(૭) ધ્યેયના વાચક પદની મુખ્યતા દ્વારા ધ્યાનસ્થ ધ્યાતાની વૃત્તિ જ્યારે ઊંડી થાય છે, ત્યારે ધ્યેયના ગુણોના સંસર્ગ અથવા આલંબનારોપથી ધ્યાતાના નિર્મળ અંતરાત્મા વિષે ધ્યેયની પ્રતિચ્છાયા પડે તે છાયાપદ સાથે સમાપત્તિરૂપ ધ્યાન વિશેષ હોવાથી 'પદસ્થ' કહેવાય.

(૮) પદસ્થ ધ્યાન જ્યારે સ્થિરતાને ધારણ કરે છે, ત્યારે ધ્યેય નજીક ન હોવા છતાં પણ જાણે સામે આલેખિત હોય તેવું સ્પષ્ટ ભાસમાન થાય છે.

(૧૩) યથાસ્થિત-અકાલ્પનિક વસ્તુ તે 'ધ્યેય'.

ક્રિયાપૂર્વક જે વારંવાર ચિન્તવવાને યોગ્ય છે તે 'ધ્યેય'. ધ્યાતા સન્મુખ ધ્યેય વસ્તુપણે વિદ્યમાન નહિં હોવાથી તે અનુમાનથી સાધ્ય કરાય છે. સાધ્ય તે છે કે જે અપ્રતીત હોય છતાં પણ અનિરાકૃત અને અભીપ્સિત હોય.

'અપ્રતીત' એટલે જેની તુરતાતુરત કે સરળ રીતે પ્રતીતિ થવા શક્ય ન હોય તે. જો પ્રકારે ધ્યેય સાધ્ય છે: અનિરાકૃત = સ્વસિદ્ધાન્તથી અવિરૂદ્ધ, અભીપ્સિત = ઇષ્ટ.

(૧૪) ધ્યેયનું સ્વરૂપ શું હોઈ શકે?

અતિશયવાળા જિનેશ્વર ભગવંત, ગણધર ભગવંત, દેવ, દેવ અથવા મંત્રના વર્ણો વગેરે.

ધ્યેયના આલંબન વડે પ્રભુનું ચૈતન્ય સાધવામાં આવે
અને સર્વત્ર વ્યાપ્ત થઈ
પ્રભુ, આત્મા અને મનનો સંયોગ થાય, તો જાપનો
ધ્યેયૈકત્વરૂપ બારમો પ્રકાર સિદ્ધ થાય; તેને ધ્યાતા, ધ્યેય
અને ધ્યાનની સમાપત્તિરૂપ ધ્યાનવિશેષ કહેવાય છે.

(૧૫) પદસ્થ ધ્યેયનું એટલે ધ્યેય અથવા સાધ્ય કે
જે પદની સાથે વાચ્ય-વાચકભાવ સંબંધથી રહેલું છે
અથવા સંસર્ગ કે અભેદ આરોપથી રહેલું છે તેનું.
ધ્યેયનો સ્પષ્ટ રીતે સાક્ષાત્કાર થવો સંભવિત ન હોય,
ત્યારે મંત્રપદની મુખ્યતા સ્વીકારી, તે દ્વારા પ્રતીતિ અને
ઉપલબ્ધિ માટે જે પ્રયત્ન કરવામાં આવે છે,
તે 'પદસ્થ ધ્યાન' કહેવાય છે.

(૧૬) પદમાં તેના અર્થને સૂચવનાર સામર્થ્ય અને
તે પ્રકારનો સંકેત પણ છે.
તે સિવાય ધ્યાતાની સમક્ષ કોઈ પદાર્થ નથી.
આ પ્રકારે પદના શબ્દની પાછળ ઊઠતો સંકલ્પ પણ તે પદ
પરત્વે વસ્તુશૂન્ય નિશ્ચય તે વિકલ્પ કે વિચ્છિન્ન છે.
આવા વિચ્છિન્નમાં ધ્યાતા લીન થાય,
ત્યારે સમાપત્તિરૂપ ધ્યાનવિશેષ (સ્વાપદશા) વર્તે છે.

(૨૭) પદાર્થના સ્વરૂપને 'લક્ષણ' કહેવામાં આવે છે.

જે વડે વસ્તુઓ ઓળખાય તે લક્ષણ.

(૨૮) સિદ્ધાંતવેદીઓ વ્યાખ્યાનપણે કહે છે કે:

પવિત્રપદોનું એટલે પવિત્ર પદોની મુખ્યતાવાળા ધ્યેયનું.

સમાલંબન એટલે સમાપત્તિપૂર્વક આલંબન લઈ,

ધ્યાતા વડે જે યથાવિધિ ક્રિયા કરાય, તે પદસ્થ ધ્યાન છે.

(૨૯) પદોની પવિત્રતા તેને કહેનારની યોગ્યતા ઉપર છે,
મિથ્યાત્વ દોષથી રહિત, વિશિષ્ટ બુદ્ધિવાળાએ કહેલ
હોય અને જે સર્વ અઘટિત હેતુ, યુક્તિ અને દૃષ્ટાંતોનો
ધ્વંસ કરવામાં સમર્થ હોય, તે પવિત્ર પદો છે.

આપ્તપુરુષોના મુખકમળમાંથી નીકળેલાં વચનો પવિત્ર છે.

(૩૦) નિરતિશય પ્રભાવવાળા સત્ત્વ, સંકલ્પ સુમુનિઓ
ચારિત્રબળ અને તપોબળથી સર્વાર્થ પુદ્ગલોનું ઉપાદાન કરી
તેમને કોઈપણ ભાષામાં પ્રયુક્ત કરી મંત્રરૂપે પરિણમાવી શકે.

(૩૧) જે લક્ષણોપેત હોય તે પવિત્ર હોય છે.

સર્વજ્ઞ ભાષિત વાણી (શબ્દો) પવિત્ર હોય છે,
કેમકે તે લક્ષણોપેત છે અને દેવતાથી અધિષ્ઠિત છે.

(૩૨) મંત્રયોગમાં મંત્રના શબ્દોની પવિત્રતાનો આધાર
તે કોના કહેલા છે, તેના ઉપર રહે છે.

આ કલ્યાણકારી મંત્રના પ્રથમ દ્રષ્ટા અર્હત્ પ્રરૂપકનો
નિઃસંશય રીતે નિર્દેશ કરવામાં આવે છે.

(૨૦) પવિત્ર પદો પણ ગુરુમુખેથી લેવા જોઈએ. ગુરુ સમ્યગ્-દૃઢચારિત્રી જોઈએ, જ્ઞાન-ક્રિયાસંપન્ન જોઈએ.

કલ્યાણકૃત પદો પવિત્ર ગણાય છે.

ગુરુમુખે ગ્રહણ કરવાથી અને આમ્નાયનું અનુપાલન કરવાથી અર્થ-ક્રિયાના સામર્થ્યવાળી ફળની નિષ્પત્તિ થાય છે.

(૨૧) વાચ્ય પદાર્થમાં ઉપયોગની, જ્ઞાનની, સંવેદનની એકાગ્રતા તે 'આલંબન' છે. અહીં વાચ્ય પદાર્થ સ્વરૂપથી વિદ્યમાન નહિ હોવાથી વાચકપદની મુખ્યતાવાળી ધ્યેયની ઉપલબ્ધિ જે તેમાં ઉપયોગની એકાગ્રતા તે 'સમાલંબન' છે.

સમાપત્તિપૂર્વક આલંબન તે સમાલંબન છે.

આલંબન ધ્યેયનું સંભવે છે.

અહીં ધ્યેય પવિત્ર પદરૂપ છે, એટલે
પવિત્ર પદમય ધ્યેયનું એવું વિશિષ્ટ આલંબન કે જેમાં
ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની સમાપત્તિ સંભવે છે.

(૨૨) એક સંબંધિ જ્ઞાન અપરસંબંધિ સ્મારક છે, એ ન્યાયે પદની સાથે વાચ્ય-વાચકભાવ સંબંધથી સંબંધિત વાચ્યનું સ્મરણ થાય છે. તેમાં એકાગ્રતા થવી તે 'પદસ્થધ્યાન' છે.

(૨૩) <u>સમાલંબનની પ્રક્રિયાના ત્રણ પદો:</u>

(a) સ્મરણ (b) ચિંતન (c) ધ્યાન.

આ ત્રણ પદો દ્વારા જે સમાપત્તિરૂપ
વિશિષ્ટ ધ્યાન સધાય છે, તે 'સમાલંબન' છે.

(૨૪) 'વિધિકૃતે।' એટલે યથાવિધિ કરવામાં આવે તે.
મંત્રયોગમાં વિધિ અથવા આમ્નાય સાચવવાના હોય છે.
અહીં ધ્યાતા વડે તે અધ્યાહાર છે.
ઇંદ્રિય અને મનને વશ રાખનાર તે ધ્યાતા.
તે માટે વિષયોનો વૈરાગ્ય, મૈત્ર્યાદિનો અભ્યાસ જોઇએ.
વૈરાગ્યથી ઇંદ્રિયો અને મૈત્ર્યાદિથી મન વશ થાય છે
તથા મન શુદ્ધ અને નિર્વિકાર બને છે.

(૨૫) સિદ્ધાન્ત પારંગત, સૌદ પૂર્વાચાર્યો તથા આપ્તપુરુષોનું
વચન સર્વથા પ્રમાણ - શ્રદ્ધેય - ધ્યેય - ગ્રાહ્ય - વાચ્ય છે.
આપ્તપુરુષોનું વચન અવિસંવાદી, સફલ પ્રવૃત્તિજનક છે.

(૨૬) <u>પદસ્થ ધ્યાન એટલે શું?</u>

ધ્યાતા સમક્ષ ધ્યેય વસ્તુ વિદ્યમાન નથી.
ધ્યેયની ઉપલબ્ધિ માટે વાચકપદની મુખ્યતા છે.
તેના સમાલંબન એટલે સ્મરણ, ચિંતન અને ભાવનાથી
ઉત્પન્ન થયેલ સ્થિર અધ્યવસાય તે 'પદસ્થ ધ્યાન' છે.

(૨૭)અનાશ્રાતં - સંશય, વિપર્યયરહિતપણે કહ્યું છે,
અભ્રાન્તપણે કહેલ છે. ધ્યેય પદસ્થની સાથે એકાત્મતાવાળું છે.
ધ્યાનની ક્રિયા વચનપદ દ્વારા સાધવાની છે. ચિન્તા
અને ભાવનાદિ ઉત્પન્ન થયેલો જે સ્થિર અધ્યવસાય,
તે ધ્યાન છે. અન્ય ધ્યેયરૂપ આલંબન વિનાનો એક
સરખો ધ્યેયરૂપ આલંબનનો જે ચિન્તન પ્રવાહ તે ધ્યાન.
આપ્ત પુરુષોએ આવા ધ્યાનનું ફળ અનુભવ્યું છે.

ના.ક. પદ અથવા શબ્દની ૪ ઉચ્ચારણ અવસ્થા છે.
પહેલી ૩ અવસ્થા સૂક્ષ્મ છે, ચોથી સ્થૂલ છે.
પહેલી ૩ 'પરા' અને ચોથીને 'અપરા' પણ કહે છે.
વસ્તુતઃ તેના નામ પરા, પશ્યન્તી, મધ્યમા, વૈખરી છે. પહેલી
૩ અવસ્થા સૂક્ષ્મ હોવાથી 'અલખ-અગોચર' પણ કહે છે.
(a) પદ એ સંજ્ઞા અને વ્યંજનારૂપે મૂર્ત છે, પૌદ્ગલિક છે.
વ્યક્તિ તથા શક્તિરૂપે એ મૂર્ત અને ભાવમય છે.
(b) પદનું આકલન થાય ત્યાં સુધી કલાન્વિત છે. સમાપત્તિ
ધ્યાનમાં કલાતીત છે, કેમકે તેમાં બાહ્યરૂપતા રહેતી નથી.
(c) ૨૪ રાજલોકના જીવોની માનસિક ઇચ્છાને કારણે થતું
સ્પન્દન અથવા નાડીસંચાર પદરૂપ છે અને તે સૂક્ષ્મ છે.
જ્યારે તે મનોમય અથવા મનોગમ્ય થાય, ત્યારે બાદર છે.

(d) ધ્યાનની જાગ્રતાવસ્થામાં પદનો સ્પષ્ટ નાદ અને ધ્યેય વસ્તુનું સ્થિરત્વ હોય, ત્યારે તે પદ 'વ્યક્ત' (લક્ષ્ય) છે. સ્વપ્નાવસ્થામાં અવિસ્પષ્ટતા અને અવાચ્યરૂપતાના કારણે ધ્યેય વસ્તુના અસ્થિરત્વનો જ્યારે અનુભવ થાય, ત્યારે તે 'અવ્યક્ત' અથવા 'અલક્ષ્ય' છે.

(e) પદ મંત્રમય હોવાથી મનોગમ્ય અને સગુણ છે. અનાહતરૂપે સૂક્ષ્મ અને જ્યોતિર્મય હોવાથી નિર્ગુણ છે.

(f) ઉચ્ચારણ સ્થાનના કારણે પદ __દેશ સંસ્થિત__ છે, ઉચ્ચારણ બાદ તે પુદ્ગલો __દિગ્વ્યાપી__ અને __સર્વગ__ બને.

(g) પદ ધ્વનિરૂપે રૂપયુક્ત છે, પુદ્ગલરૂપે અરૂપ છે.

(h) પદ એ ભાષાવર્ગણા રૂપે તો __શાશ્વત__ છે, કિન્તુ પદ એ શ્રોત્રગ્રાહ્ય પરિણામની દૃષ્ટિએ __નશ્વર__ છે.

(i) અક્ષર, તત્ત્વ, માતૃકા એ વર્ણના પર્યાયવાચક શબ્દો છે. શબ્દ, અભિધાન વગેરે પદના પર્યાયવાચક શબ્દો છે.

(j) મંત્ર સાધારણ તથા વાક્યરૂપે હોય છે, કિન્તુ કોઈ વખતે તે વર્ણ અથવા પદરૂપે પણ હોય છે.

o __વેદોનું આદેશાત્મકવાક્ય__: સત્યં વદ। ધર્મં ચર।
इतिहास-पुराणाभ्यां वेदं समुपबृंहयेत् ।
__અર્થાત્__: ઈતિહાસ અને પુરાણ વડે વેદનો ઉપબૃંહણ કર.

તેનો અર્થ આમ છે કે:

ઇતિહાસ અને પુરાણોમાંથી વેદ પ્રગટ થાય છે.

o જ્ઞાનની પ્રાપ્તિ માટે શુદ્ધ મન એ પહેલી આવશ્યકતા છે અને શુદ્ધ મન નિષ્કામભાવે કર્મ કરવાથી થાય છે. નિષ્કામભાવ સર્વને આત્મતુલ્ય ગણવાથી આવે છે એટલે ચિત્તશુદ્ધિનો પ્રથમ ઉપાય સર્વાત્મભાવ થયો.

ઈશ્વરાનુગ્રહાદેવ, પુંસામદ્વૈતવાસના ।

અર્થાત્: શુદ્ધ મનની સેવા કે ભક્તિ વડે મનુષ્ય ઉપર ઈશ્વરકૃપા આણી આપે છે. તેનાથી અદ્વૈતજ્ઞાન લાધે છે.

o અહિંસા એ બુદ્ધિ - તર્ક - દલીલ કે વાદનો વિષય નથી.

V. Imp.

એ વિષય છે અંતઃ સંવેદનનો,
દિલના ઊંડાણમાં ઊગેલા કરુણાનો.

જેના દિલમાં કરુણાનો ઉદય થયો નથી,
અન્ય જીવોના સુખ-દુઃખ વિષે સંવેદન ઊભું થયું નથી,
તેના માટે હિંસા કે અહિંસાની ચર્ચાનો કોઈ અર્થ નથી.

પ્રાણહત્યા એ ધર્મની દૃષ્ટિએ પાપ છે,
કુદરતની દૃષ્ટિએ ગુન્હો છે,
જીવસૃષ્ટિ સાથેનું અદ્વૈત જ્યારે માનવજાતિને ગળે ઉતરે,
ત્યારે 'અહિંસા એ પરમ ધર્મ છે' તે સત્ય સમજાય છે.

આસો વદી-૧૨, રવિ

ભક્તિ પણ એક પ્રકારની ક્રિયા છે,
કેમકે ક્રિયાગુણના અનુમોદનરૂપે તે વિહિત છે.
જો ક્રિયા વિહિત નથી, તો ભક્તિની જરૂર જ ક્યાં છે?
ક્રિયાના ફળરૂપે જ ભક્તિ કરવાની છે,
તેથી ભક્તિમાં પણ ક્રિયા છે અને ક્રિયામાં પણ ક્રિયા છે.
ક્રિયા વડે જ મોહનો ક્ષય થાય છે. ક્રિયાયોગ એ જ
અંતરાત્મભાવ છે અને એનું જ બીજું નામ 'અધ્યાત્મ' છે.
'અધ્યાત્મ' એટલે આત્મામાં જોવું.

અંતરાત્મભાવ એટલે શું?

'અંતરાત્મભાવ' એટલે દેહબુદ્ધિ છોડીને
આત્મામાં જ આત્મબુદ્ધિ રાખવી અથવા તો
'પોતાની જાત જ સર્વ ભાવે દેહસ્વરૂપ નથી, કિન્તુ
આત્મસ્વરૂપ છે' એવા ધારણામાં જ કાયમ રહેવું તે.
ક્રિયા, ભક્તિ, અંતરાત્મભાવ કે અધ્યાત્મ:
એ બધા એક જ અર્થને સૂચવે છે અને
એ બધાની સિદ્ધિનો ઉપાય પણ એક જ છે. તે છે સતત
સત્ત્વહિતાશય કે સમસ્ત સત્ત્વવિષયક સ્નેહનો પરિણામ,
જેને બીજા શબ્દોમાં 'મૈત્રીભાવ' કહેવાય છે.

યશોવિજય ગુર્જર સાહિત્યસંગ્રહ-૨, ગાથા ૨૮માં કહ્યું છે કે:

આપ સમ સકલ જગ લેખવે, શાખવે ભેદીને તત્ત્વ રે,
માર્ગ કહેતો મત હારજે, ધારજે તું દૃઢ સત્ત્વ રે,
ચેતન જ્ઞાન અજવાળજે...

ઉપાસના કે ભક્તિમાં સર્વ આત્માની સાથે અભેદ-અદ્વૈત રહેલ છે. પોતાના આત્માને જેવું સ્વરૂપ આપે કે માને, તેવું જ બનવું માનીને તાદૃશ ફળ મેળવી શકે. શુદ્ધ આત્મામાં અનંત સામર્થ્ય હોવાથી ઘણું અચિન્ત્ય બને છે, જે બુદ્ધિના વિષયમાં આવવું અતિદુષ્કર છે.

વીતરાગતાનું વિધેયાત્મક સ્વરૂપ

સર્વભૂતાત્મભૂતભાવ છે, પરંતુ તે ભાવ માનસિક નહિ. મોહનીય કર્મના ક્ષય પછી તે આત્માના સ્વભાવભૂત હોવાથી તેને અનંત જ્ઞાન-દર્શન સ્વરૂપ માની શકાય. સર્વ ભૂતાત્મભૂતભાવનું કાર્ય કેવળજ્ઞાન કે કેવળદર્શન સ્વરૂપ અથવા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માનવામાં આવે છે.

જે જે ગુણો જિનનામાં છે,
તે બધાં પોતપોતામાં પરિણમન પામે તે જ નમનું કાર્ય.

ઉપાસક કે સાધક પોતાના ભક્તિભાવમાં
જેવું માને કે જુએ, તેવું તેને ફળ મળે.

નમો

દરેકનું ચૈતન્ય સર્વદા કથંચિત્ અભિન્ન હોઈ,
શુદ્ધ ચૈતન્યનું જ તે કાર્ય અથવા ફળ છે.

શુદ્ધ ચૈતન્ય સાથે આપણો અભેદ કોઈ અંશે રહેલો છે, તેને અભાવ કરીને જે કોઈ ઉપાસના કે ભક્તિ કરે, તેને તે જરૂર ધાર્યું ફળ આપે છે. સર્વે શબ્દાઃ સાક્ષાત્ પરંપરયા વા બ્રહ્મપર-બોધકાનિ | અર્થાત્ : બધા શબ્દો સાક્ષાત્ કે પરંપરાએ 'આત્માદિ બધું એક છે' એવું જણાવનાર છે. મુનિશ્રી શાસ્ત્રદૃષ્ટિએ અખિલ શબ્દબ્રહ્મનું ભાન કર્યું. સર્વત્ર બ્રહ્મમયી દૃષ્ટિ કેળવવાનું સર્વ શાસ્ત્રોનું ફરમાન છે. તેવી દૃષ્ટિ કેળવવાથી નામ-રૂપાત્મક જગતમાં કે સર્વ જીવાત્માઓમાં પરમાત્મા કે પોતાનો આત્મા જે દેખાય છે, તેનું જ નામ પરબ્રહ્મનો સાક્ષાત્કાર યા અનુભવ છે. આ દૃષ્ટિ ભાવવા માટે કંઈ બધાં શાસ્ત્રો, આગમો કે તંત્રો જાણવાની જરૂર નથી, પણ જે કંઈ જાણ્યું છે, તેમાં સ્થિરતાપૂર્વક ગતિ યા અભ્યાસાદિ કરવાનાં છે. યમ-નિયમાદિના પાલનપૂર્વક, શાસ્ત્રોમાં કહેલ રીત મુજબ, એકનિષ્ઠાપૂર્વક તથા સતત દીર્ઘકાળ સુધી અભ્યાસાદિ કરે, તો તેને પરબ્રહ્મ કે પરમપદની પ્રાપ્તિ અવશ્ય થાય છે. યોનિમુદ્રાને આપણે ત્યાં 'સૌભાગ્ય મુદ્રા' કહે છે. ભગવાનને અંજનશલાકા કરતી વખતે તે મુદ્રાપૂર્વક મંત્રન્યાસાદિ થાય.

જાપ પૂર્વે મંડલ-મુદ્રાદિ કરવાથી ઘણો લાભ થાય છે.
નાદ, બિંદુ, કલાદિ મંત્ર-તંત્રોનું વિશદ અને વિસ્તારપૂર્વક
વર્ણન શારદાતિલક ગ્રંથમાં આવે છે.

સંક્ષેપમાં પરા-પશ્યંતીરૂપ માનસજાપ એ નાદ છે.
બિંદુ એ પરમ ચૈતન્યશક્તિનું શિવાત્મકસ્વરૂપ છે
અને કલા એનો જ અંશ વિકૃતિ છે.
તેને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશરૂપ પણ કહી શકાય.

૦ પ્રણવની ત્રણ વ્યસ્ત માત્રાઓ:

| | અકાર | ઉકાર | મકાર |
|---|---|---|---|
| વેદ ત્રિવર્ગ - | ઋક | યજુર | સામ |
| ભોગ્ય ત્રિવર્ગ - | ભૂલોક | ભુવલોક | સ્વર્લોક |
| ભોક્તૃ ત્રિવર્ગ - | વિશ્વ | તૈજસ | પ્રાજ્ઞ |
| અવસ્થા ત્રિવર્ગ - | જાગ્રત | સ્વપ્ન | સુષુપ્તિ |
| ભોગ ત્રિવર્ગ - | સ્થૂલ | સૂક્ષ્મ | કારણ |
| ગુણ ત્રિવર્ગ - | સત્ત્વ | રજસ | તમસ |
| દેવ ત્રિવર્ગ - | વિષ્ણુ | બ્રહ્મા | રુદ્ર |

આ ત્રિવર્ગો અથવા ત્રિપુટીઓ પરસ્પર સંકલિત હોય છે
તથા તેમાં સમસ્ત પ્રણવની ચોથી (તુરીય) નાદમાત્રા અને
ઈશ્વરપદ અને સદાશિવપદને લગતી પાંચમી (તુરીયાતીત)
બિન્દુમાત્રા ગૂંથાયેલી હોય છે.

ચોથા-પાંચમા પદના અનુભવો જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિમાં
રચી-પચી રહેનાર જીવને સ્ફુટ થતાં નથી.
તે અનુભવ તેને નિમેષકાળમાં ચરતી મીંચાયેલી આંખ
વડે એમ માત્ર ધાબું જ જણાય અથવા અંધારાનું પટલ
જ દેખાય, તેમ અજ્ઞાન ભ્રમિકામાં ઢંકાયેલા રહે છે.

કલા-નાદ-બિન્દુ

કલા-પ્રકૃતિ-અવ્યક્તરૂપા.

सच्चिदानंदविभवात् सकलात् परमेश्वरात् ।
आसीच्छक्तिस्ततो नादो नादाद्बिन्दुसमुद्भवः ॥१॥

-શારદાતિલક પ્રથમ પટલ ૭/૬

અર્થાત્: સચ્ચિદાનંદનો અનુભવ કરનારા બધા પરમેશ્વરથી
શક્તિ પ્રગટે, તેમાંથી નાદ-નાદમાંથી બિન્દુ પ્રગટે છે.
આ વિચાર સદુત્પત્તિવાદી સાંખ્યમતને અનુસારે સમજવો.
સૃષ્ટિકાળમાં જે અવ્યક્તપ્રધાન (અવિદ્યાયુક્ત જડ હોવા છતાં)
પરમેશ્વરનું જ સકલ-સગુણ સ્વરૂપ, તેને 'કલા' કહે છે.
તે જ્યારે સર્જનોન્મુખ બને,
ત્યારે અવ્યક્તાક્ષરસ્વરૂપ નાદ ઉત્પન્ન થાય છે.
તે પણ કેવળ જડરૂપ નથી, કિન્તુ ચૈતન્યયુક્ત છે.
તેમાંથી બિન્દુબાદ સચરાચર જગતની પૂર્વાવસ્થા થાય છે.

## 'કલાપંચક' એટલે શું?

નિવૃત્તિ:, પ્રતિષ્ઠા, વિદ્યા, શાન્તિ:, શાન્ત્યતીતિ
ભૂતોની એ પાંચ પ્રકારની શક્તિને 'કલાપંચક' કહે છે.

## માતૃકાધ્યાનની પ્રક્રિયા

માતૃકાધ્યાનની વિસ્તારપૂર્વક પ્રક્રિયા તંત્રગ્રંથોમાં કરી છે.
આપણા પ્રબુદ્ધ શાસ્ત્રકારોએ પોતાના અનેક ગ્રંથોમાં
વર્ણમાલા અથવા માતૃકાપદના ધ્યાનનો પ્રારંભ કરતાં પહેલાં
તેનાં ફલવર્ણનનાં અનેક શ્લોકોમાં આમ કહ્યું છે કે:

અથ વર્ણાત્મકં વક્ષ્યે, વિશ્વબોધવિધાયિનીમ્ |
યસ્યામનુપલબ્ધાયાં સર્વમેતજ્જગજ્જડમ્ ||૧||
અધીત્રિર્જુહુયાલ્લક્ષં તદર્ધં વા સમાહિત: |
સર્વાન્ કામાનવાપ્નોતિ પરાં સિદ્ધિં ચ વિન્દતિ ||૨||

(પરિશિષ્ટ-૧૪)

૦ જડ-અજડનો પરસ્પર ઉપકાર થાય છે,
તે સાંખ્ય મતે જડ કૂટસ્થ નિત્ય અક્રિય હોવાથી
ઉપકારરૂપ ક્રિયા કરી શકતો નથી,
કિન્તુ અજડ પ્રકૃતિમાં જ ગતિ હોવાથી
તે અજડપ્રધાન પ્રકૃતિ જેમ જડ ઉપર ઉપકાર-અતિશય
કરે છે, તેમ અજડ ઉપર પણ ઉપકાર-અતિશય કરે છે.

'ઉપકાર'નો અર્થ અતિશયનું આધાન કરીએ તો ઉપરનો
અર્થ ઘટે, પણ 'સાવધાન ઉપકાર' એવો અર્થ કરીએ,
તો જડ ઉપર તે ઉપકાર ન થઈ શકે.
ધર્મભાવનામાં ધર્મનું નિરૂપચરિત રૂપ કહ્યું છે, તે વેદાદિને
પણ સંમત છે, પરંતુ તે નિમિત્ત કારણરૂપે સમજવું.
એનો ધર્મ જીવને રક્ષણાદિમાં નિમિત્ત કારણ થઈ શકે.
પોતામાં તે ઉપાદાનરૂપે કામ કરે અને
જીવમાં તે નિરૂપચરિત નિમિત્ત કારણરૂપે કામ કરે.
જીવોની ઉત્ક્રાન્તિ જેમ તેમના કર્મ અને પ્રયત્નાનુસાર થાય,
તેમ પ્રભુના સંકલ્પાનુસાર પણ થાય છે.
ભૂતકાલીન ઉન્નતિમાં સ્વકર્મની મુખ્યતા અને
પ્રભુના સંકલ્પની ગૌણતા કહી શકાય,
પણ ભાવિ ઉત્ક્રાંતિ માટે પ્રભુના સંકલ્પાદિની મુખ્યતા અને
સ્વપ્રયત્ન (પુરૂષાર્થ) તથા કર્મની ગૌણતા માનવી જોઈએ,
કેમકે તેમ માનવાથી જ અહંકારનો નાશ કરી શકાય છે.
પ્રમાદનું પોષણ થવા વખતે પુરૂષાર્થની મુખ્યતા અને પ્રભુ
સંકલ્પની ગૌણતા તથા અહંકારના પોષણ થવા વખતે
પ્રભુ સંકલ્પાદિની મુખ્યતા અને પુરૂષાર્થની ગૌણતા
માની શકાય, પરન્તુ સ્વીકાર બંનેનો જ થવો જોઈએ.

o પ્રાકૃત વ્યાકરણમાં ચતુર્થીના સ્થાને સામાન્યતઃ ષષ્ઠી આવે છે, છતાં તે વિભક્તિઓમાં વ્યત્યય કરનારાં સૂત્રો જોતાં લાગે છે કે 'ક્વચિત્ દ્વિતીયાદેઃ |' સૂત્ર-૩-૧૩૪ દ્વિતીયાદિ સર્વ એટલે બધી વિભક્તિઓને સ્થાને ષષ્ઠી પ્રાકૃતમાં આવી શકે છે. ચતુર્થીની જગ્યાએ પ્રથમા ન આવે. 'દીવઓ તાણં સરણં ગઈ પઈટ્ઠા |'માં આર્ષ પ્રયોગ સમજવો.

o કલા એ પરમતત્ત્વરૂપ શિવની જ પ્રતિરૂપ શક્તિ છે.

શિવ-શક્તિનો સંયોગ થયા પછી જ
નાદ-બિન્દુ વગેરેનું સર્જન થાય છે.

ઇતરોમાં જેમ મંત્ર-વેધ-દૃષ્ટિ વગેરેથી દીક્ષા અપાય છે, તેમ કલાની પણ પૂર્વે જણાવ્યા મુજબ પાંચ પ્રકારની દીક્ષા અપાય: નિવૃત્તિ, પ્રતિષ્ઠા, વિદ્યા, શાંતિ, શાન્ત્યતીતા.

તેનો વિસ્તાર નીચે મુજબ છે:

નિવૃત્ત્યાદ્યાઃ કલાઃ પઞ્ચભૂતાનાં શક્તયો મતાઃ |
તસ્માદ્ ભૂતમયે દેહે ધ્યાત્વા તાં વેદયેચ્છિવશોઃ ||૧||
નિવૃત્તિર્જાનુપર્યન્તતલાદારભ્ય સંસ્થિતા |
જાનુનોર્નાભિપર્યન્તં પ્રતિષ્ઠા વ્યાપ્ય તિષ્ઠતિ ||૨||
નાભેઃ કણ્ઠાવધિવ્યાપ્તા વિદ્યા શાન્તિસ્તતઃ પરમ્ |
કણ્ઠાલ્લલાટપર્યન્તં વ્યાપ્તા તસ્માચ્છિખાવધિ ||૩||

શાન્ત્યતીતા કલા સૈષા કલાવ્યાપ્તિરિતીરિતા ।
સંહારક્રમયોગેન સ્થાનાત્સ્થાનાન્તરે ગુરુઃ ॥૪॥
સંયોજ્ય વેદયેદ્વિદ્વાનાસ્યા તાઃ શિવાવધિ ।
ઇયં પ્રોક્તા કલાદીક્ષા દિવ્યભાવપ્રદાયિની ॥૫॥

(પરિશિષ્ટ-૧૫)

પછી બોધમયી દીક્ષાના વર્ણન બાદ એક શ્લોકમાં કહ્યું છે કે:

તદ્વર્ણો સંહરેદ્ બિન્દૌ કલાયાં તં નિયોજયેત્ ।
તાં નાદેઽનન્તરં નાદં નાદાન્તે યોજયેદ્ ગુરુઃ ॥૨॥

અર્થ :- અર્ણો-હ-ક્ષૌ, બિન્દૌ શિવે
(બિન્દુઃ શિવાત્મક ઇત્યુક્તેઃ ।), તં શિવમ્ ।

(પરિશિષ્ટ-૧૬)

## ભક્તિથી સાક્ષાત્કાર

ભિન્ન ભિન્ન શાસ્ત્રોમાં જે ભિન્ન ભિન્ન પ્રક્રિયાઓ દર્શાવી છે, તેમાંથી ગમે તે એક પ્રક્રિયાને બદલે જો ભક્તિયોગ દ્વારા સાધનામાં મંડ્યા રહેવાય, તો પછી જે કાંઈ તત્ત્વ છે તેનો સાક્ષાત્કાર થાય છે. આમાં પણ સરળ માર્ગ છે કે જે કાંઈ શુભાશુભ કર્મ થાય, તે બધું જ જો ભગવાનને અર્પણભાવે અર્પણ થાય, તો તેથી સુખ-દુઃખના પ્રસંગોમાં પણ સમત્વ, અલિપ્તતા, સંતુષ્ટતા રહી શકે છે.

જ્ઞાનસાર-અનુભવાષ્ટકમાં ૮મો શ્લોક છે કે:

अधिगत्याऽखिलं शब्दब्रह्म शास्त्रदृशा मुनिः ।
स्वसंवेद्यं परंब्रह्माऽनुभवेनाधिगच्छति ॥

અહીં 'अखिलं शब्दब्रह्म'માં 'અખિલ'નો અર્થ સારભૂત-રહસ્યભૂત શબ્દબ્રહ્મ ૐકાર કે પ્રણવાક્ષર કરી શકાય. કહ્યું છે કે: अकारं चाऽप्युकारं च मकारं च प्रजापतिः। वेदत्रयान्निरदुहत् भूर्भुवःस्वरितीति च ॥१॥ (પરિશિષ્ટ-૧૭)

નમસ્કાર કઈ રીતે અખિલ શબ્દબ્રહ્મરૂપ?

અહીં વેદોના સારભૂત કે દોહનભૂત ઓંકાર એમ અખિલ શબ્દબ્રહ્મરૂપ છે, તેમ અર્હંકાર કે નમસ્કાર પણ ચૌદપૂર્વ અને દ્વાદશાંગીના સારરૂપ કે સંક્ષેપરૂપ હોવાથી.

૦ સર્વ કાર્યોમાં પ્રભુનો સંકલ્પ કાર્યના અનાશ્રયભૂત (ઉપાદાન=કાર્યનો આશ્રય) હોવાથી નિમિત્ત કારણ કહી શકાય. એમ પ્રત્યેક કાર્યની પાછળ કોઈનું જ્ઞાન અપેક્ષિત છે, તેમ પ્રભુસંકલ્પ કે જે ભગવાનના આત્મધર્મરૂપ છે, તે પણ અપેક્ષિત છે. નૈયાયિક મતે જન્ય કાર્યમાત્ર પ્રત્યે ઉપાદાનજ્ઞ જીવના જ્ઞાન, ઇચ્છા અને કૃતિ હોય જ છે, તો પછી જે કાર્યો ઉપાદાનજ્ઞ જીવથી થતાં દેખાતાં નથી, તેવાં સમુદ્ર, પૃથ્વી, પર્વતાદિ કાર્યો માટે પણ ઈશ્વરના નિત્યજ્ઞાન, નિત્યઇચ્છા અને નિત્યકૃતિ માનવાં જોઈએ.

આ ત્રણે ઈશ્વરનાં સ્વતંત્ર ગુણ માન્યાં છે.

सर्वभावेषु कर्तृत्वं ज्ञातृत्वं यदि सम्मतम् ।
मतं नः सन्ति सर्वज्ञा मुक्ताः कायभृतोऽपि च ॥
- वीतरागस्तोत्र (પરિશિષ્ટ-૧૮)

સર્વ ભાવોમાં પ્રભુનું જ્ઞાતૃત્વ માન્યું છે,
ઇચ્છા કે કૃતિ માન્યાં નહિ.

જીવની મુક્તિમાં ઈશ્વરનું નિમિત્ત કર્તૃત્વ માની-કહી શકાય,
પરન્તુ જીવના સંસારમાં ઈશ્વરનું ગૌણભૂત નિમિત્ત
કર્તૃત્વ હોવા છતાં તેમ બોલી શકાય નહિ.
નિમિત્ત કર્તૃત્વ પણ અનેક જાતનાં હોય છે,
તેથી જીવના સંસારમાં ઈશ્વરનું નિમિત્ત કર્તૃત્વ
ન માની શકાય, ન કહી શકાય.

ઉપનિષદોમાં ઓંકારની ૪ માત્રાની ગણત્રી કરી છે.
પાંચ માત્રાની વાત વિચારણીય છે.
આ વિષયમાં વેદાન્તસાર ગ્રન્થ જોવો જોઈએ.

योगाङ्गानुष्ठानादशुद्धिक्षये ज्ञानदीप्तिराविवेकख्यातेः ।
-પાદ ૨ સૂ-૨૮ टीका, वाचस्पतिमिश्र

અર્થ: યોગના અંગો આચરવા વડે અશુદ્ધિ ક્ષય થવાથી
જ્ઞાન પ્રગટ થાય છે. આ વાત અવિવેક ખ્યાતિ છે.

જીવોનો એમ પરસ્પર ઉપકારી-ઉપકાર્યભાવ છે,
તેમ સચેતન-અચેતન સર્વ પદાર્થોનો
પરસ્પર ઉપકાર-આલંબનાદિ થયા જ કરે છે.
'तेष्वेकोनानुपदैवतादीनि च विकार्य-
विकारकभावेनाऽवस्थितानि परस्परार्थत्वात् ।'
(परिशिष्ट-१९)

અહીંયા 'આદિ' શબ્દથી પૃથ્વ્યાદિ પાંચ ભૂતોનો પણ પરસ્પર ઉપકાર-આધારાદિ કહ્યો છે. આકાશ, ક્ષેત્ર, કાલાદિ અજીવ તત્ત્વો પણ જીવોના હિત માટે પરિણમન કરે છે.

સર્વ જીવો આકાશાદિ અજીવ પદાર્થોના
ઉપયોગ અને સહાયથી સ્વહિત કરે છે.

એ રીતે સર્વને સર્વનો પરસ્પર વિકાર્ય-વિકારકભાવ છે.

o ધર્મ એ જડતાની વસ્તુ નથી, આત્મસંતોષની વસ્તુ છે. ધર્મપ્રભાવ ઉપચાર માત્ર કે કેવળ ભક્તિભાવની ભાષા નથી, કિન્તુ પરમાર્થ સત્ય છે, એ વાત આચાર્ય ભદ્રંકરસૂરિજી મહારાજ સાહેબે અનેક દાખલાઓ આપી સ્પષ્ટ કરી હતી.

તીર્થંકર ભગવંતના જે ૩૪ અતિશયો છે,
તેમાં તેમની ભાવના-આત્મદ્રવ્યની શ્રેષ્ઠતા જ કારણભૂત છે.
વળી આપણા પણ ભૌતિક શુભભાવનાદિ હોય તેના

આજુબાજુના સર્વ જીવો ઉપર પણ સચોટ અસર થાય છે.

કાળ-સ્વભાવાદિ પાંચે કારણોમાં

મોક્ષ માટે મુખ્ય હેતુ તીર્થંકર ભગવંતો જ છે.

ભર્તૃહરિના મતે વિશ્વમાં જ્ઞાનાદ્વૈત નથી, પણ શબ્દાદ્વૈત છે,

કેમકે જ્ઞાન પણ અક્ષર કે શબ્દાત્મક છે.

બૌદ્ધોનો એક વિભાગ વિજ્ઞાનાદ્વૈત માને છે.

શંકરાચાર્ય સઘળું બ્રહ્મ-સ્વરૂપ માની બ્રહ્માદ્વૈતવાદ માને છે.

૦ મોહનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થતા ગુણમાં

કરુણા, મૈત્રી વગેરેને સ્વીકારવામાં બાધ નથી.

નામાદિ ચારે નિક્ષેપા કથંચિત્ અભિન્ન હોવાથી

ઉપાસના કે બધી આરાધનામાં તે ભાવ યાદ રહેવો જોઈએ.

તે વિના આરાધનામાં પ્રગતિ કે દૃઢતા થાય નહિ.

વેદ પ્રામાણ્યવાદી બધા દર્શનો સગુણબ્રહ્મમાં જ મુક્તદશા

માને છે. તે ભક્તિ અનંત કલ્યાણકર ગુણો માને છે,

તેમાં મૈત્રી-કરુણા-દયાદિ તો હોય જ.

જેઓ સચ્ચિદાનંદ રૂપ મુક્તિ માને છે, તેમાં પણ 'ચિત્-

ચૈતન્ય' એટલે જ્ઞાનના પ્રકારમાં મૈત્રી-કરુણાદિ આવી શકે.

આ બધાને મતે નિર્ગુણબ્રહ્મ ઉપચરિત છે.

કેવલાદ્વૈતવાદી શંકરાચાર્ય નિર્ગુણબ્રહ્મમાં ગુણ માનતા નથી.

તે મુક્તિદશામાં કેવળ કૂટસ્થ ચૈતન્યસ્વરૂપ વિભુ દશા માને છે. 'તેમને કાંઈ કરવાનું રહેતું નથી' તે મતવાળા પણ સગુણ ઈશ્વરસ્વરૂપ રામ-કૃષ્ણાદિમાં કરૂણાદિ માને છે. વૈકુંઠમાં રહીને જીવોને કર્માનુસાર સુખ-દુઃખ આપે છે અને જીવોના કલ્યાણ માટે તેઓ અવતારો પણ લે છે. તેમના તરફથી સંસારી જીવોને સદા અનુગ્રહ દયા કરે છે. મૈત્ર્યાદિભાવો સમ્યક્ત્વની જેમ સર્વ પ્રકારના યોગોમાં તથા અહિંસાની જેમ મુક્તિની સાધનામાં પણ જરૂરી છે. મૈત્ર્યાદિભાવો એ અહિંસાની જ બીજી બાજુ રૂપ છે, તેથી તેને માટે શાસ્ત્રોમાં જુદું કાંઈ કહેવાનું રહેતું જ નથી.

૦ ઉપાસનાના વિષયમાં સ્થૂલ તર્કોનો અવકાશ જ નથી. સ્વાનુભવ બાદ સૂક્ષ્મ વાતો આપોઆપ સમજાઈ જાય. વેદાંતનો એકાત્મવાદ કે અદ્વૈતવાદ અનેકાન્તદૃષ્ટિએ સંગત-યુક્તિયુક્ત છે. એક આત્માને બધા આત્માઓ સાથે ભાવથી ઘનિષ્ઠ સંબંધ રહેલો છે,

પરન્તુ જે ન માને, તેને તેનો લાભ ન દેખાય તેમ બને. તીર્થંકર કે સિદ્ધ ભગવંતોનું જે કોઈ આલંબન લે અને જેટલે અંશે તેઓ માટેના સમર્પણભાવની ઉપાસના કરે, તે સર્વને તેઓ સ્પષ્ટ કે અદૃશ્યપણે સહાય કરે જ છે.

V. Imp.

ધર્મની અંદર જે કાંઈ ઝઘડા કે વાદવિવાદો ચાલે છે,
તેનું મૂળ કારણ એ લાગે છે કે જેને જે ગુર્વાદિથી
લાભ થયો હોય, તે ગુર્વાદિનું પ્રાધાન્ય અન્ય ઉપર લાદવા
પ્રયાસ થતો હોવાથી વૈમનસ્ય વધે છે. બધાને કોઈ
એક જ ગચ્છ કે દેવ પ્રાધાન્યભૂત ન લાગે, તેથી બાલને જે
દેવ કે ગચ્છ ઉપર સ્વસંસ્કારવશ સદ્ભાવ યા ગુણાનુરાગ
બહુમાનાદિ થયા હોય, તેમાં ફેરફાર કે હાનિ થાય તેવો
કોઈએ પણ પ્રયત્ન કે આગ્રહ રાખવો જોઈએ નહિ.
આ વાત ધ્યાનમાં રાખીને જ લખવા-બોલવાનું થાય,
તો ઘણા ખરા વૈર-વિરોધો શમી જાય.

વિશ્વનું વ્યવસ્થિત બંધારણ ચાલે છે,
તે જીવોના અદૃષ્ટ એટલે દ્રવ્ય-ભાવકર્મના પ્રભાવે છે,
તેથી તેવા ધર્મનો પ્રભાવ માની શકાય.

દશવિધ ક્ષાંત્યાદિ ધર્મ કે સર્વ જીવોના અદૃષ્ટ ધર્મને
ઈશ્વર કે સંચાલક કહેવામાં જૈન શૈલીએ બાધ નથી.
'ક્ષાયિકભાવના ગુણો સંસારી જીવોને સક્રિયપણે લાભ કરે'
એવું શાસ્ત્રદૃષ્ટિથી ઉપદેશાદિમાં કહેવાય નહિ,
પણ ઉપાસનાદિમાં તેવો સ્પષ્ટ અનુભવ થાય છે.
ઉપદેશ તો જે શૈલીએ અપાતો હોય, તેમ જ અપાય.

'દેવ-ગુરુનું આલંબન જે કોઈ લે, તેમને જ લાભ કરે છે.
બાહ્ય બધાને સ્વભાવતઃ લાભ કરે છે'
આદિ કહેવાથી પ્રમાદની પુષ્ટિ થવાનું જોખમ છે.

0 દેશઘાતિ પ્રકૃતિનો ઉદય વર્તતો હોય,
તે વખતે તેનો ક્ષયોપશમ પણ સાથે હોય છે,
તેથી તેવા દેશઘાતી કર્મ પ્રકૃતિઓનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય, પરન્તુ સર્વઘાતી કર્મ પ્રકૃતિઓનો ન હોઈ શકે. જેમકે મોહનીયના અંત્ય ચાર કષાયનો ન હોય, પણ સંજ્વલનાદિ દેશઘાતીનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય.

ભવમાત્ર સાથે કથંચિત્ અભેદ સંબંધ પણ રહેલો જ છે. તેને સિદ્ધ કરવા માટે મૈત્ર્યાદિ ભાવોની અનિવાર્યતા છે. અદ્વૈત તત્ત્વજ્ઞાન વડે ધ્યાનમાં ભવમાત્ર સાથે અભેદનું સંવેદન થાય છે, છતાં પ તેને મૈત્ર્યાદિ ભાવો જીવનમાં આવી જ જાય તેવું બનતું નથી. મૈત્ર્યાદિ ભાવો આવે, છતાં ભવમાત્ર સાથે કથંચિત્ અભેદભાવ ન પણ આવે. જૈન મત મુજબઃ ભવના હિતાર્થ માટે મૈત્ર્યાદિ ભાવો એક પ્રબળ સાધન છે, કિન્તુ વૈશેષિક દર્શન પ્રમાણે વિશ્વના વિરૂપતા પરિણામો માટે પણ ભવમાત્રના અદૃષ્ટ અર્થાત્
ધર્મ અને અધર્મ નિમિત્ત કારણ છે.

જૈન ગ્રન્થોમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ નથી,
તેથી તેનું સમર્થન કે વિરોધ ઉલ્લેખ મળ્યા પછી જ થઈ શકે.

૦ મરાઠી ગ્રન્થ 'ધવલગિરિ'માં પણ એમ લખ્યું છે કે:
કરુણાભાવ કે સર્વાત્મભાવ,
સર્વ જીવો સાથે તાદાત્મ્યભાવ અનુભવવો તે છે.
જ્યાં સુધી સંસારમાં એક પણ જીવ જાણે કે દુઃખી છે,
ત્યાં સુધી તીવ્ર સંવેગવાળો મુમુક્ષુ આત્મા
પોતાને પૂર્ણ સુખી માની શકતો નથી.
સર્વને પોતાના જેવા ગુણોનો વિનિયોગ કરવાની શક્તિ
મેળવવા જ તે સિદ્ધિના સુખને અથવા મુક્તિપદને ઝંખે છે.
કેવળ પોતાના મોક્ષ માટેની ઇચ્છામાત્રથી
મુક્તિ મળવી અસંભવિત છે.

૦ ઉપાસનાના વિષયમાં જેને જેવું સ્વરૂપ ઉપાસ્યને
આપવું રુચે તેવું આપે, તેને તેવું ફળ જરૂર પ્રાપ્ત થાય.
સ્વચૈતન્ય, દેવ-ગુરુ કે પરમ ચૈતન્યમાં કથંચિત્ અભેદ છે
એટલે કે પોતાના શુદ્ધ ચૈતન્યમાં પણ અનંત શક્તિ છે.
તેને જેવી રીતે જોવામાં આવે, તેવી રીતે ફળ આપે છે.
આ તત્ત્વ તે 'આઈડીયલ રીઆલીટી' અને અભ્યાસ વધતાં
તે 'મટીરીયલાઈઝ્ડ રીઆલીટી'ના સ્વરૂપને ધારણ કરે છે.

વળી અહિંસા કે દયા, પ્રેમભાવ કે મૈત્રી
એ પર્યાય શબ્દો અથવા તો સિક્કાની બે બાજુ જેવા છે.
મુક્તાત્માઓમાં ભલે ભાવનાત્મક મૈત્ર્યાદિ ભાવો ન કહીએ,
પરંતુ તે સ્વભાવરૂપે કે અનંત જ્ઞાન-દર્શનાદિમાં
અંતર્ગત સમાધિરૂપે માનીએ, તો માની શકાય.
જોવા માટે તો પરંપરા કે શૈલી જે દર્શનની હોય,
તે જ રૂપે જોવું કે કહેવું યોગ્ય છે,
અન્યથા વ્યર્થ વિરોધ અને શક્તિનો દુર્વ્યય થવા સંભવ છે.
મૈત્ર્યાદિ અહીં ભાવનાદિ ત્રણ પ્રકારનાં ફળ પ્રાપ્ત થાય.
માધ્યસ્થ્ય નિર્ફળ છે.
Imp. પંડિતજીએ કહ્યું કે: શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સિદ્ધાત્માઓમાં
પણ આ ભાવનાઓથી પ્રાપ્ત થતું ફળ ભલે રહેતું નથી,
પરન્તુ તેમનો સ્વભાવ કે પ્રભાવ જ એવો છે કે
તેથી સર્વને હિત-સુખ અને શાંતિ વગેરે
જે કાંઈ પ્રાપ્ત થાય છે, તેમાં તે મુખ્ય ગણાય.
મૈત્રી, કરૂણા, દયા, પ્રેમ અને આત્મૌપમ્યાદિ ભાવો જ
સર્વત્ર અત્યંત કાર્યકર દેખાય છે.
૦ नामाकृतिद्रव्यभावैः | ગાથાનો અર્થ:
નામાદિ ચારે નિક્ષેપાથી સર્વ ક્ષેત્ર અને કાળમાં રહેલ

અરિહંતોની સાથે ઉપાસના કરીએ છીએ, જે અરિહંતો સદૈવ નિરુપાધિ ત્રણે ભુવનના સર્વ જીવોને સર્વક્ષેત્ર અને સર્વકાળમાં પવિત્ર કરી રહ્યા છે. નામાકૃતિ અને ક્ષેત્રકાળ એ ચારે પદોનો ભાવની પર અન્વય થઈ શકે.

o 'તવાયત્તો ભવોધાર! ભવોત્તારોऽપિ તે વશઃ।'

સંસાર અને મોક્ષ એ બન્ને ભગવાનને જ આધીન છે. અર્થાત્ કે સંસારમાં જે કાંઈ પણ સાનુકૂળતાદિ મળે છે, તે તથા મોક્ષમાર્ગની સામગ્રી વગેરે ભગવાન જ આપે છે. એ અર્થમાં ભગવાનને જીવમાત્રના સંસાર કે મોક્ષના કે સમષ્ટિગત સંસાર અને મોક્ષના હેતુ કે કર્તા કહી શકાય. બીજો અર્થ: જીવની અપાત્રતાને અંગે તારી કૃપાના અભાવે ભવભ્રમણ થાય અને તારી કૃપાના યોગમાં મોક્ષ થાય છે અર્થાત્ ભવ કે મોક્ષ તારી કૃપા ઉપર જ આધાર રાખે છે.

o 'મૈત્ર્યાદિષુ બલાનિ।' એ સૂત્રની ટીકામાં મુદિતાના બળથી 'જીવલોકસ્ય માધ્યસ્થ્યમાદત્તે।' એમ કહ્યું છે. એનું તાત્પર્ય એ છે કે મુદિતા ભાવનામાં સંયમ કરવાથી અપૂર્વ મધ્યસ્થતા, ન્યાયપ્રિયતા, ગુણાનુરાગતાદિ પ્રગટે છે. તેના પ્રભાવે લોકોમાં તે મધ્યસ્થ, લવાદ કે સરપંચની જેમ પૂજાઈને મધ્યસ્થ તરીકે લોકોનું બહુમાન પામે છે.

o આત્મતત્ત્વનું જ્ઞાન અને મહત્ત્વ સમજવા માટે
બૃહદારણ્યક ઉપનિષદમાં મૈત્રેયીનો એક સંવાદ છે,
જેમાં કહ્યું છે કે: પતિ, પુત્ર કે ઐશ્વર્યાદિ
કાંઈ પતિ, પુત્ર કે ઐશ્વર્યાદિ હોવાના કારણે પ્રિય નથી,
પરન્તુ તે પોતાના જ આત્માના સ્વાર્થના કારણે પ્રિય છે,
અર્થાત્ કે પતિ એ પતિના આત્માના કારણે પ્રિય નથી,
પણ એ જ્યાં સુધી મારા સુખનું સાધન છે, ત્યાં સુધી જ
તે પ્રિય છે, પરંતુ તે જ્યા મારા સુખનાં સાધન મટી જાય,
તો પછી તે સર્વ પ્રિય લાગતાં નથી.

o ઉપાસના કે ભક્તિભાવની ભાષામાં
તર્ક કે બુદ્ધિવાદનો આશ્રય લેવો યોગ્ય નથી.
Historical truth & scientific facts કરતાં
પણ ideal truths & reality વધુ મહત્ત્વનાં છે.
એ સિદ્ધિ થયા પછી જ સાચી શાંતિ અનુભવાય છે.

o છઠ્ઠે ગુણઠાણે મુનિને જે કરુણા-દયાની ઈચ્છા હોય,
તે સંજ્વલન કષાયયુક્ત હોઈ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમરૂપ છે.
'સર્વનું હિત થાઓ.'
એવા મૈત્ર્યાદિભાવોના પરિણામ પણ ઉદયાનુવિદ્ધ
ક્ષયોપશમરૂપ યાવત્ દશમા ગુણઠાણા સુધી હોય.

પછી ક્ષાયિકભાવ પ્રગટે તે બધા ભાવો ક્ષાયિક દર્શનના
અંગભૂત સ્વભાવરૂપ બને પણ આભાસરૂપ ન જ બને.

મુક્તદશામાં ક્ષાયોપશમિકભાવના જે ગુણો હોય,
તે ક્ષાયિકભાવમાં પરિણમી જાય, પરંતુ તેનો અભાવ ન થાય.
અભાવ થયે આત્મા નિર્ગુણ - અનાત્મા - જડરૂપ થઈ જાય.

સમ્યગ્દર્શનના લિંગમાં અનુકંપાદિ કહ્યાં છે,
તેમાં મૈત્ર્યાદિ ભાવો આવી જાય છે.

'ઉપદેશ રત્નાકર'ની પહેલી ગાથામાં ધર્મનું સુંદર રીતિએ
વિશેષણ આપતા કહ્યું છે કે: अणिट्ठहरणो | અને ટીકામાં
કહે છે: સ્વગત - પરગત - ઉભયગત અનિષ્ટને હરે છે
એમ કહ્યું છે અને તે ત્રણેનાં ઉદાહરણો આપ્યાં છે.

ધર્મ પોતાને કે પરને યોગ્યતા મુજબ લાભ કરે.
ઉપાદાન, નિમિત્ત તથા પાંચે કારણો મળીને કાર્ય થાય.

અનુગ્રહની સક્રિય પ્રવૃત્તિ તીર્થંકર દશામાં ઘટે.
સિદ્ધ દશામાં ભૂતપૂર્વ નયથી અથવા ધ્રુવ, લોહચુંબક કે
સૂર્ય-ચંદ્રની જેમ સ્વભાવથી પણ ઘટે.

શુભાશુભભાવોની અસરો યોગ્ય પાત્રો ઉપર અવશ્ય થાય.

મૈત્ર્યાદિ ભાવોમાં નિષેધાત્મક તથા વિધાનાત્મક
ઉભય પ્રકારની વ્યાખ્યાઓ શાસ્ત્રોએ બતાવી છે,

તેમ તે એક જ વસ્તુની બે બાજુ જેવું ગણાય.
સ્વમાત્ર પ્રતિબદ્ધ મિતાદ્ધ પણ મુક્તિ થઈ શકે,
તેને શાસ્ત્રોમાં 'મુંડ કેવલી' કહ્યાં છે.
'કેવલજ્ઞાનની પ્રાપ્તિનો રાજમાર્ગ મૈત્ર્યાદિ ભાવો છે;'
એ રીતે ઉપદેશ દેવો જોઈએ.

o પોતાના આત્માની કામના તૃપ્ત કરવા માટે
બધા તેને પ્રિય લાગે છે.
બધું સ્વાત્માની તૃપ્તિ માટે જ કરે છે,
તેમ બૃહદારણ્યકનો નિષ્કર્ષ આત્મસિદ્ધિ માટે છે:
આત્મા વા રે શ્રોતવ્યો મન્તવ્યો નિદિધ્યાસિતવ્યો ।
શ્રુતિ: આત્મા સાંભળવા યોગ્ય છે, માનવા યોગ્ય છે
અને અત્યંત અભ્યાસ કરવા યોગ્ય છે.

o સંવરના ૫૭ ભેદોમાં અનુપ્રેક્ષાના ઉપલક્ષણમાં મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ 'નવતત્ત્વ' પ્રકરણમાં કહી છે. તેને પુણ્યતત્ત્વમાં, નિર્જરાતત્ત્વમાં કે શુભાસ્રવતત્ત્વમાં પણ લઈ શકાય. મૈત્ર્યાદિભાવો એમ સમ્યગ્દર્શન ગુણમાં સમાય, તેમ ભાવરૂપ હોવાથી સમ્યગ્જ્ઞાનમાં પણ લઈ શકાય.
'મૈત્રી પવિત્ર પાત્રાય'ના શ્લોકમાં
પ્રભુનું યોગસ્વરૂપ વર્ણવ્યું છે, તે ભાવનારૂપ

છદ્મસ્થદશામાં અને આત્મસ્વભાવરૂપ વીતરાગ દશામાં ઘટે.

o ભાવનું ફળ અતિપ્રબળ વૈરાગ્ય છે,
તેથી લોકૈષણા કે લોકસંગ્રહની ભાવના મંદ પડી જાય છે,
લોકોપકારની વૃત્તિ રહી શકે છે અને
જ્યારે જરૂર પડે, ત્યારે
તેને આનંદપૂર્વક આચરણમાં પણ મૂકી શકે છે.
'અન્ય સાધુની નિરપેક્ષવૃત્તિ'
એ દોષ નથી, પણ મહાન ગુણ ગણાય.

o પરદુઃખ અનુકરણની પૂર્વભૂમિકામાં
પરદુઃખ દૂરીકરણનો ભાવ અન્તસ્ત હોય છે જ.
તે વિના પરદુઃખ અનુકરણ ન હોઈ શકે.

o સ્ફુરેલું સત્ય એને પ્રગટ કરવાના
વાણીવિલાસના અભાવે ગૌણ પડતું જાય.

o સર્વ જીવ હિતચિંતકભાવનો મહિમા
આજ અને આવતીકાલની પેઢી માટે અતિ અગત્યનો છે.
'સર્વના વિચારથી ધર્મનો પ્રારંભ અને એકના ધર્મથી
સર્વને લાભ' એ વિચાર સનાતન સત્યરૂપ સમજાય છે.

o અસંભાવના = વિપરીત ભાવના.
અસંભાવનાનાં બે પ્રકારો : પ્રમાણગત અને પ્રમેયગત.

## (1) પ્રમાણગત અસંભાવના

વેદાન્ત વાક્યો અથવા ઉપનિષદરૂપ પ્રમાણવાક્યો,
તે જીવ અને બ્રહ્મના અભેદને કે અન્ય કોઈ તાત્પર્યને,
સેવ્ય-સેવકભાવને અથવા ઉપાસનાને જણાવે છે,
એવો સંદેહ તે પ્રમાણને લગતી અસંભાવના.
તે ઉપનિષદોનું પૂર્ણ અવલોકન-શ્રવણ કર્યે દૂર થાય.

## (2) પ્રમેયગત અસંભાવના

'પ્રમેય' અર્થાત્ જાણવા યોગ્ય જીવ અને બ્રહ્મનો અભેદ,
તે ચાર વેદના ચાર મહાવાક્યો:
(a) તત્ત્વમસિ - તે તું છે.
(b) અહં બ્રહ્માઽસ્મિ - હું બ્રહ્મ છું.
(c) પ્રજ્ઞાનં બ્રહ્મ - બ્રહ્મ જ્ઞાનમય છે.
(d) અયમાત્મા બ્રહ્મ - આ દેહમાં રહેલ આત્મા બ્રહ્મ છે.
મનન કરવાથી આ સંદેહ દૂર થાય છે.
'હું સંસારી બ્રહ્મરૂપ શી રીતે હોઉં?'
એવા વિપરીત ભાવનાને તથા આ બંને અસંભાવનાને
નિદિધ્યાસન અથવા શુદ્ધ ધ્યાનયોગ દૂર કરે છે.
વસ્તુસ્વરૂપ સ્વભાવે શૂન્ય, તેમાં પ્રણવની ઉઠે ધૂન્ય,
તે ઓંકારતણી ત્રિવર્ગ, તત્ત્વ બધાં તેનાં ઉપસર્ગ.

૦ સચેતન પ્રાણીઓના નૈસર્ગિક શ્વાસ - પ્રશ્વાસથી પ્રકટતા ધ્વનિને સકાર - હકાર યોગવાળો 'સોઽહં' શબ્દ કહે છે.

આ શબ્દ ક્રિયાપદરૂપ નહિ પણ વાક્યરૂપ છે.

તેનો અર્થ 'તે (ચૈતન્ય પરમેશ્વર) હું છું' એવો થાય છે.

આ નૈસર્ગિક મહાવાક્ય પ્રાણીઓના અખંડ જપનો વિષય બને છે, પરંતુ તેના ભાવાર્થ ઉપર લક્ષ જતું નથી.

આ શબ્દને 'અજપા' પણ કહે છે.

આ ધ્વનિમાં જે વ્યંજનવાળો ભાગ છે,

તે બાદ કરતાં જે બાકીનો અવાજ કેવળ ધ્વનિ રહે છે,

તે ૐકારનું રૂપ પકડે છે, તેને જ 'પ્રણવ' કહે છે.

તે સગુણ - નિર્ગુણ ઉભયબ્રહ્મનો વાચક બને છે અને

પરમેશ્વરના નવા નવા વૈભવોને દર્શાવે છે,

તેથી તે 'પ્રકર્ષેણ નવઃ' ઇત્યાદિ છે.

તેને 'શબ્દબ્રહ્મ' યા 'અપરબ્રહ્મ' પણ કહે છે અને

'વેદાદિ' અથવા 'વેદસાર' પણ ઇત્યાદિ છે.

સમગ્ર વેદનું તાત્પર્ય છે : જીવ - બ્રહ્મની એકતા. તે તેના સાધન વડે સમજાય છે, તેથી 'આદ્ય બીજાક્ષર' પણ કહે છે.

૦ અન્વયી કારણને 'ઉપાદાન' અથવા 'સમવાયી' કહે છે.

વ્યતિરેક કારણને 'વિવર્ત' પણ કહે છે.

અધિષ્ઠાન કે આધારમાં ફેરફાર થયા વિના જાણે પદાર્થ ભાસે તે આધાર. અધિષ્ઠાનને વ્યતિરેક કે વિવર્ત કારણ કહે છે. જેમ ખારી ભૂમિમાં ઝાંઝવાનું જળ ભાસે, ત્યાં ખારી ભૂમિ તે વ્યતિરેક કારણ. તેના આધાર વિના આવો ભાસ થઈ શકતો નથી, તેથી તેને કારણવર્ગમાં મૂકાય છે.

માયા એ જગતનું અન્વયી - ઉપાદાન કારણ છે.

પરમાત્મા એ વ્યતિરેક - વિવર્ત કારણ છે.

પરાભક્તિ તથા અપરાભક્તિ

'હું અને દેવ જુદા છીએ' એવા ભાવનાથી જે આરાધના કરવી તે અન્ય આરાધના. તેથી ઊલટી અર્થાત્ 'હું અને દેવ એક જ વસ્તુ છીએ' એવા આત્મભાવના ઉપર બંધાયેલી ભક્તિ તે અનન્ય આરાધના કે 'પરાભક્તિ' છે. 'અપરાભક્તિ' સગુણ રતિરૂપ છે. તે પરમેશ્વરના અખંડ આનંદ સ્વરૂપ સાથે સતત જોડાયેલા રહેવાની ઉત્કટ ભાવના છે. તેને 'અખંડ વિરહવેદના' પણ કહેવાય છે.

0 અંજનવિદ્યા - દાટેલા ધન ઉપર ચરવા - ફરવા છતાં મનુષ્ય નિર્ધન રહે છે અને જેને તે ધનનું દર્શન થાય, તે ધનવાન રહે છે, તેમ અખંડ સુષુપ્તિ સમયે પ્રાજ્ઞ બ્રહ્મસંબંધમાં આવે છે, છતાં બ્રહ્મથી વિછૂટી રહે છે.

<u>આસો વદી ૯, ભોમ</u>

૦ ષટ્ચક્રમય ચિતિશક્તિની ઉપાસનાથી પ્રપંચનો સર્વ વિલાસ સમજાય. પ્રપંચથી પર વસ્તુનો અનુભવ છ ચક્રોથી પરબ્રહ્મિકામાં અર્થાત્ બ્રહ્મરંધ્રાદિ આકાશસ્થાનમાં થાય છે.

૦ દૃઢ ભાવના વડે, પૂર્વાપર વિચાર કર્યા વિના, ઇન્દ્રિયો અને મન વિષયસંસ્કારને એકદમ પકડે, તેવા ચિત્તના વલણને 'વાસના' કહે છે.

તે કર્મના સંસ્કારરૂપે કર્મેન્દ્રિયોને પ્રેરે, ચિત્તનો ક્ષોભ કરે, રાગાદિ ક્લેશના સંસ્કારરૂપે સુખ-દુઃખ ઉપજાવે અને જ્ઞાનના સંસ્કારરૂપે રહીને તે સ્મૃતિઓને જગાવે છે.

ઈશ્વરથી કીટપર્યંત પદાર્થનો બોધ વાણી વડે થાય છે. ધ્વનિ અથવા નાદ કોઈપણ અર્થનો બોધક થાય નહિ અર્થાત્ વાચક બને નહિ, ત્યાં સુધી માત્ર અવાજ છે. બોધક થાય, ત્યારે તે ધ્વનિવાચક શબ્દનું રૂપ પકડે છે. તેની ૪ અવસ્થાઓ: પરા, પશ્યંતી, મધ્યમા, વૈખરી.

વિશ્વ ઉપર સંચાલન કર્મનું છે. કર્મ ઉપર ધર્મનું, ધર્મ ઉપર જિનેશ્વર ભગવાનની આજ્ઞાનું અને આજ્ઞા ઉપર જીવરાશિ ઉપરના ભાવનું સામ્રાજ્ય છે. ધર્મ એ ભાવમાં છે, પ્રવૃત્તિમાં નહિ. પ્રવૃત્તિ તો ભાવની દ્યોતક છે.

આસો વદી ૧૦

શ્રી જંબૂવિજયજીનું મંતવ્ય:

સાધના, ઉપાસના કે ભક્તિભાવના વિષયોમાં
સ્થૂલ તર્કો કે બુદ્ધિને અવકાશ જ નથી.
ભક્તિભાવની ચતુર્થ ભાષા fourth dimensionરૂપ
હોવાથી આવા અતીન્દ્રિય વિષયોમાં
શાસ્ત્રીય - બૌદ્ધિક ખુલાસા કે ચર્ચાને સ્થાન જ નથી.
આગમિક દૃષ્ટિએ તો ભક્તિભાવની બધી ભાષા ઔપચારિક
છે, તેવું શાસ્ત્રમાં ઠેર ઠેર નિરૂપણ જોવા મળે છે,
પરન્તુ સૂક્ષ્મદૃષ્ટિએ - અનુભવની દૃષ્ટિએ જોતાં લાગે છે કે
ભક્તિભાવની ભાષા જ ઉપાસનામાં કે પરમાર્થની પ્રાપ્તિમાં
યથાર્થ છે તેથી અરિહંત કે સિદ્ધ ભગવંતોમાં કરૂણા - મૈત્રી
વગેરે મોહનીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થતા ગુણોમાં ઘટે છે.
ભક્તિ પ્રસંગે ગુરુ કે દેવ સાથે સાક્ષાત
અનુભવ - વાર્તાલાપ જેવું પણ થઈ શકે છે.
બન્ને નિશ્ચયે કથંચિત અભિન્ન છે.
શબ્દાર્થપ્રત્યયાસ્તુલ્યનામધેયાઃ ।
એ ભાવ ઉપાસનામાં - આરાધનામાં યાદ રહેવો જોઈએ.
તે વિના આરાધનામાં ખાસ પ્રગતિ કે દૃઢતા સંભવ નથી.

સિદ્ધના જીવોમાં પણ મહિનાદના ક્રમિક પ્રગટતા ગુણોમાં
મૈત્રી-કરુણાદિ ભાવો સંભવે, એમ તેઓનું મંતવ્ય છે.

ઉપાસના કે સાધના જેવા અતીન્દ્રિય વિષયોમાં
કેવળ શાસ્ત્રાર્થ ચર્ચા કે તર્કોમાં ન પડતાં,
જેને જે ઉપાસનાદિ ગમે તે માર્ગે જ આગળ જવામાં
અને તેવો માર્ગ જેને ગમે, તેમની સાથે જ સંબંધ કે
વાર્તાલાપાદિ કરવો પડે તો જ કરવો હિતાવહ છે.

સર્વ પ્રકારના યોગોમાં સમ્યક્ત્વની જેમ તથા મુક્તિની
સાધનામાં અહિંસાની જેમ મૈત્ર્યાદિભાવો પણ જરૂરી છે.
મૈત્ર્યાદિભાવો અહિંસાની જ બીજી બાજુરૂપ છે,
તેથી તેના માટે કાંઈ જુદું કહેવાનું ન હોય.

o હું એક એવા દેશમાં જવા માંગું છું કે જ્યાં મનુષ્યની કીંમત તેના ઉચ્ચાર, કપડાં કે મિલ્કત ઉપરથી નહીં, પણ એના ચારિત્ર્ય અને શક્તિ પરથી અંકાતી હોય. છે કોઈ એવી જગા? મને આશા છે કે હું એવી જગા શોધી કાઢીશ.

o એકલું સમજવું બસ નથી. સમજવાની સાથે જ શું કરવું અને શું ન કરવું, તેની સૂઝ પણ પડવી જોઈએ.

સમજણની સાથે અનુકરણ
અને ઉચ્ચારની સાથે આચાર હોય, તો તે શોભે છે.

ત્યાગનો સ્વભાવ ઉદાર - દાનનો સ્વભાવ માયાળુ છે.

ત્યાગનો નિવાસ ધર્મની ટોચ છે.

દાનનું રહેઠાણ ધર્મની તળેટીએ છે.

o व्यासभाष्य: प्रसन्नमेकाग्रं स्थितिपदं लभते ।

टीका : प्रसन्नं वक्ष्यमाणेभ्य उपायेभ्यः एकाग्रं स्थितिपदं लभते । असत्यां पुनर्मैत्र्यादिभावनायां न ते उपायाः स्थित्यैकल्पन्त इति । (परिशिष्ट-२०)

o સર્વ પુદ્ગલો ઉપર જેવો માધ્યસ્થ કે ઔદાસિન્યભાવ, તેવો જ સર્વ જીવો ઉપર ભાવ હોવો, એ સદ્ગુણ નહિ, કિન્તુ સદ્ગુણાભાસ યા વૈરાગ્યાભાસ છે.

તે 'મણૌ ચ કાચે ચ સમાનુબન્ધ: ।' જેવો છે.

પ્રકૃતિ: જીવ મણિ છે, પુદ્ગલ કાચ છે.

બંને ઉપર કદાપિ સમાન ભાવ ન જ હોઈ શકે.

પુદ્ગલ ઉપર વૈરાગ્ય અને જીવ ઉપર મૈત્ર્યાદિભાવ આવે ત્યારે જ સાચું માધ્યસ્થ્ય કહેવાય. નિર્મળ અને નિષ્પક્ષપાત બુદ્ધિમાં જીવો પ્રત્યે આત્મસમભાવ જાગે છે અને પુદ્ગલો પ્રત્યે આત્માથી ભિન્ન ભાવ પ્રગટે છે.

શબ્દાદિ પુદ્ગલો સંબંધમાં આવે કે ન આવે,

તો પણ તે જીવ રાગાદિને પાત્ર નથી,

તેમ જ અપ્રભુતસત્વાદિ ચૈતન્યને ધિક્કાર કરનારા જીવો સંબંધમાં આવે કે ન આવે, તો પણ મૈત્ર્યાદિને પાત્ર છે.

આસો વદી ૧૦, શુક્રવાર

આરાધનાને સજીવ બનાવનાર બે ચીજ મુખ્ય છે: એક પરમાત્માનો અનુગ્રહ અને બીજો જીવાત્માનો પ્રેમ. બંને વસ્તુ અતર્કગ્રાહ્ય તથા કેવળ શ્રદ્ધાનો વિષય છે, તેથી અત્યંત લઘુકર્મિતા આવ્યા પછી જ સમજાય છે. એકબાજુ પોતાનો જીવાત્મા, બીજીબાજુ સર્વ જીવાત્મા અને ત્રીજી તરફ પરમાત્મા. એ રીતે ત્રણેનો અભેદ સાધવાનો પ્રયાસ એ જ સાધનાને સિદ્ધિ તરફ લઈ જાય. અનાદિ મોહ-વાસનાના કારણે જીવને પુદ્ગલ સાથે અભેદ સહજ બન્યો છે. તત્ત્વજ્ઞાનની વાસનાથી પણ તે દૂર થઈ શકતો નથી, તેથી તેને દૂર કરવા માટે તત્ત્વજ્ઞાનના અભ્યાસની સાથે સર્વ જીવાત્મા અને પરમાત્મા સાથે પોતાના આત્માને કથંચિત અભેદ રહેલો છે, તેને ધ્યાન અને ભાવનાના અભ્યાસથી સિદ્ધ કરવો જોઈએ. જેમ પુદ્ગલ સાથે સર્વથા અભેદબુદ્ધિ એ ભ્રાંતિ છે,

તેમ જીવાત્મા અને પરમાત્મા સાથે
સર્વથા ભેદની બુદ્ધિ એ પણ ભ્રાંતિ છે.

જેને ભ્રાંતિ એકબાજુએ સરકાવી છે.

એકના નિવારણથી બીજી ભ્રાંતિનું નિવારણ થઈ શકે છે.
પુદ્ગલ સાથે અભેદનો ભ્રમ નિવારણ થતા ચિદ્રૂપ જીવો
સાથે ભેદનો ભ્રમ નિવારણ થઈ શકતો નથી અને તેના
ચિદ્રૂપ પુદ્ગલ સાથે અભેદનો ભ્રમ નિવારણ ન થાય.
વિષયોમાં દોષદર્શનજનિત વૈરાગ્યનો અભ્યાસ અને જીવોમાં
ગુણદર્શનજનિત પ્રેમનો અભ્યાસ બે સાથે સાથે થાય,
તો જ સિદ્ધિના માર્ગની સાધના ટોચે પહોંચે.

'ધર્મ' શબ્દનો મૂળ અર્થ જ એ છે કે ફાયદા-નુકસાનની
વાતને નજર સામે રાખ્યા વગર કરવું ઘટે તે કરવું.
ધર્મની પાછળ પડેલા અને છેલ્લા આ જ એક ભાવના છે.
જીવનની ધરતીમાં વિશ્વકલ્યાણની વાડી લહેરાવવાની
એક વિશિષ્ટ કળાનું નામ 'ધર્મ' છે,
તેમાં શુષ્કવાદ કે વાહિયાતને વર્જ્ય છે.

o 'નિવૃત્તિ' એટલે નિષ્ક્રિયતા નહિ, પણ બુદ્ધિને
પરમાત્મામાં સ્થિર કરીને રાગ, દ્વેષ, કામ, ક્રોધ, સ્વાર્થ
વગેરે અંતઃકરણની વિપરીત ગતિઓને રોકી, સ્થિતપ્રજ્ઞ
થઈને સ્વધર્માનુસાર કર્મ કરવું તે. સાચા ધર્મનો શ્રેષ્ઠતમ
આદર્શ નિઃસ્વાર્થતા અને અહંતા-મમતાનો પરિત્યાગ છે.

ધર્મ આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા કેળવવાનું શીખવે છે.
જે મનુષ્યને પોતાના સ્વરૂપમાં,
પોતાના અથાગ સામર્થ્યમાં શ્રદ્ધા નથી, તે જ નાસ્તિક છે.

૦ સતત સ્વ-સ્વરૂપનું અનુસંધાન કે નિદિધ્યાસન
એ જ્ઞાનમાર્ગમાં સર્વોત્તમ છે તથા કાયમ સર્વાત્મભાવ,
સર્વ પ્રત્યે અહૈતુક-નિઃસ્વાર્થ પ્રેમ અને આત્મનિવેદન
એ ભક્તિમાર્ગમાં સર્વોત્તમ ગણાય છે.

૦ સંસ્કૃતિ એ ધર્મ, સાહિત્ય, કવિતા અને લલિતકલાઓ
દ્વારા સમાજમાં સ્થપાતી, માનવને ભેટ આપી શકાય છે.
સુધારો બહારનો છે, સંસ્કૃતિ આંતરિક છે.

૦ શાશ્વત અભેદભાવથી
વિરોધી ભાવના ભાવને ક્રિયા કરવી, એ સર્વ પાપ છે.
મનની ગતિ સત્યથી વિરુદ્ધની હોવાથી મનુષ્યે પદાર્થોમાં
અને શરીરોમાં મમતા અને અહંતા ન રાખવા જોઈએ.
નીતિશાસ્ત્રનો અવિચળ પાયો અદ્વૈત છે.

૦ આ સંસારનું ચક્ર ચલાવનારી અને તેનું સંચાલન
કરનારી શક્તિને કોઈની ય સહાયની અપેક્ષા નથી.
જે અનંત, અમર્યાદિત સત્તા સંકલ્પમાત્રથી જ વિશ્વને
પોતાની અંદર ઉત્પન્ન કરે છે, બાંધી રાખે છે અને

વિધ્વંસ પણ કરી શકે છે, એને અજ્ઞાનગ્રસ્ત, શક્તિહીન
પામરકોટિના જંતુઓની મદદની જરા પણ જરૂર નથી.

૦ આપણાં દુઃખોનું, આપણી અંદર રહેલ નિર્બળતાનું
આદિ કારણ આસક્તિ છે. નાશવંત શરીરોમાં અને
પદાર્થોમાં અત્યંત અનુરક્તિ રહેલ છે. મનથી આપણે
જાણીએ છીએ કે સર્વે નામરૂપાત્મક પદાર્થો પરિવર્તનશીલ છે.
આ વિચાર શ્રવણ દ્વારા, વાંચન દ્વારા રોજ આપણા
મનમાં પ્રવેશ કરે છે, છતાં પામરતા કેમ ટળતી નથી?

હા, નિષ્કામ કર્મથી જ તે ટળી શકે.

ફળ માટે કર્મ કરી પણ કામના ન રાખો.

વિશુદ્ધ પ્રેમથી પ્રેરાઈને કામ કરો.

શુદ્ધ પ્રેમથી કરેલ કાર્યોનું પરિણામ ગમે તે આવે,
તો પણ ચિત્તમાં પ્રસન્નતા જ રહે છે.

આવા માનવી જ સ્થિતપ્રજ્ઞ બને છે.

પ્રેમ, અનાસક્તિ, નિઃસ્વાર્થતા, સમતા, સમદૃષ્ટિ કે અભય એ
અલંકારિક શબ્દો નથી પણ આત્માની જીવંત શક્તિઓ છે.
આપણા અંદર રહેલી ચૈતન્યશક્તિને જાગ્રત કરવાનું
અમાપ સામર્થ્ય આ ગુણોમાં રહેલું છે.

આત્મતત્ત્વના અથવા આત્મત્વના અહર્નિશ સ્મરણ વડે

આ સદ્ગુણ સહજ વિકસે છે, ચિત્ત નિર્મળ થવા માંડે છે
અને તાદાત્મ્ય સંબંધથી આત્માનું અપરોક્ષ જ્ઞાન થાય છે.

વિદ્યયા વિન્દતેઽમૃતમ્ | વિદ્યા એટલે જ્ઞાન.

બુદ્ધિની પ્રતીતિથી થનારું જ્ઞાન એ વાસ્તવિક જ્ઞાન છે.

અહીં વિદ્યા તે અધ્યાત્મ વિદ્યા અને

અમૃત તે અમૃતસ્વરૂપ પરબ્રહ્મ - પરમેશ્વર છે.

દશ આંગળીવાળા હાથ મનુષ્યનું સૌથી મોટું ધન છે.

તેનો સદુપયોગ કરવામાં મનુષ્યમાત્ર સ્વતંત્ર છે.

જાતીયવૃત્તિ એ પ્રેમનું સ્થૂલ સ્વરૂપ છે. એને પારખી
લઈને પ્રેમતત્ત્વના સૂક્ષ્મ સ્વરૂપો તરફ પોતાના જીવનને
દોરનાર વ્યક્તિ તે વૃત્તિને ઉર્ધ્વમાર્ગે વાળી શકે છે.
આવું કર્યા પછી જડ અને સ્થૂલમાર્ગો દ્વારા આ જાતીય
વૃત્તિનું શમન કરવાનો પ્રશ્ન તેઓને માટે રહેતો નથી
અને સ્થૂલવૃત્તિ શુદ્ધ, શુદ્ધતર, શુદ્ધતમ બનવા લાગે છે,

દેહના આકર્ષણનો મહિમા ઘટતો જઈને

આખરે તે સંપૂર્ણ ઘસાઈ જાય છે અને

વિશ્વને આવરી લેનાર પ્રેમતત્ત્વમાં પરિણામ પામે છે.

જાતીય આકર્ષણ સૌ માટે અણકલ્પી આપત્તિ સમાન છે.
એની અગાઉથી કલ્પના કરી લેનાર સદ્ભાગી જાણવો

તેના વૃદ્ધિ માટે કોઈ આડકતરા માર્ગનું શરણું નહિ લે,
પરંતુ તે વૃત્તિને ઉર્ધ્વગામી બનાવીને
પરિણામે સમગ્ર જીવનને પ્રેમમય બનાવી દેશે.
તેવું પ્રેમમય જીવન માનવજાત માટે ઉદ્ધારક બની રહે છે.
આધ્યાત્મિકતાની આ ઉચ્ચ સ્થિતિએ પહોંચનાર વ્યક્તિઓ
ભલે ગણ્યાગાંઠી હોય, પરંતુ આખરે તેઓ જ સૌ કોઈ માટે
આદર્શ અને માર્ગદર્શક બની રહે છે.

o ભૂલને કારણે જન્મ થાય છે,
ભૂલો કરતાં કરતાં જ જીવન વીતાવાય છે અને
ભૂલને કારણે જ મૃત્યુ થાય છે.
એટલે મનુષ્યનો સ્વભાવ છે ભૂલો કરવાનો અને
કર્તવ્ય છે પશ્ચાત્તાપ કરી ક્ષમા માંગવાનું.
ક્ષમા માંગવામાં નમસ્કારનો ભાવ અનિવાર્યપણે રહે છે,
કોઈક જો નમસ્કાર (નમવું) ના સૂઝે, તો ક્ષમા માંગવાનું
નિરર્થક બની જાય છે. વળી ભૂલો ના થાય એવી
પરિસ્થિતિ સર્જવાનો એકમાત્ર ઉપાય નમસ્કારમંત્ર છે.
ભાવૌષધની અસર અકલ્પ્ય છે, માત્ર નિષ્ઠા જોઈએ.

o 'ૐ નમઃ સિદ્ધં ।' પ્રાકૃતમાં 'નમઃ' થઈ શકે નહિ.
'નમો' હોય તો જ પ્રાકૃત કહી શકાય.

નમઃના યોગમાં ચતુર્થી આવે, છતાં આર્ષ કે આગમિક પ્રયોગોને કદાપિ વ્યાકરણના નિયમો પ્રતિબંધક બનતાં નથી. સિદ્ધે ભો પયઓ ણમો જિણમએ। અહીં સપ્તમી હોવા છતાં દ્વિતીયા કે ષષ્ઠીના અર્થમાં આવી શકે. 'પ્રબોધટીકા'માં તેની છાયા ચતુર્થીમાં આપીને કર્મમાં દ્વિતીયા અર્થ કર્યો છે. સિદ્ધાણં આણં। અહીં સામાસિક દ્વિતીયાંત પદ સિદ્ધાણં। થઈ શકે. સાહૂણં આણં। = સાહૂ + આણં। એમાં પૂર્વના ઊ સ્વરનો લોપ વ્યાકરણના નિયમથી થઈ શકે, પણ પછીના 'આ'નો લોપ થઈ શકે નહિ. છતાં કોઈ કરે તો અપવાદથી એમ સિદ્ધ થઈ શકે, તેવું વિદ્યાશાળાના પંડિતે કહ્યું છે.

આત્માના વિશેષણ તરીકે

અરિહંત આદિ પાંચે પદોને ઘટાવી શકાય. એમ કે:

પૂજ્ય એવા આત્માને નમસ્કાર થાઓ.

સિદ્ધ એવા આત્માને નમસ્કાર થાઓ.

આચરિત એવા આત્માને નમસ્કાર થાઓ.

સુશિક્ષિત એવા આત્માને નમસ્કાર થાઓ.

'સાધુ' અર્થાત્ પવિત્ર એવા આત્માને નમસ્કાર થાઓ.

'મંત્રચૈતન્ય' અર્થાત્ અભિસુપ્ત મંત્રને ચૈતન્યમાં, ઉપયોગમાં, જાગૃતમાં લાવવું તે.

આસો વદ ૧૩, સોમવાર

વેદને નિગમ, તંત્રને આગમ અને પિટકને પુરાણ કહે છે.

નૈગમનયથી અન્યનો ધર્મ સર્વને લાભ કરે છે.

એવંભૂત નયથી પોતાનો ધર્મ માત્ર પોતાને લાભ કરે છે.

'નમો અરિહંતાણં'માં

નમસ્કાર એ ભૂલનો એકરાર અને શુદ્ધિ છે.

'પોતાની ભૂલ મોટી અને બીજાનો ગુણ મોટો'

એ નમસ્કારભાવની પહેલી શરત છે.

'આ જગતમાં બીજાથી પોતાને લાભ અને પોતાની ભૂલથી જ પોતાની હાનિ' એ નિશ્ચય ઉપર નમસ્કારભાવ ઊભો છે.

પોતાને જન્મ-જરા-મૃત્યુનું દુઃખ છે,

તેમાં પોતાની જ ભૂલો કારણ છે, બીજાની નહિ.

બીજાની ભૂલો બીજાને નુકસાન કરે, પોતાને નહિ.

'ભૂલ પોતાની અને ગુણ બીજાનો' એ હકીકત છે.

તેના સ્વીકારથી જ નમસ્કારભાવ જાગે છે.

એ કારણે સત્પુરુષોનું લક્ષણ 'નાની પણ પોતાની ભૂલને મોટી જોવી' અને 'નાના પણ પરના ગુણને મોટો માનવો' તે છે.

એ લક્ષણ આવ્યા વિના સજ્જનતા પણ આવતી નથી,

તો ધર્મ તો ક્યાંથી જ આવે?

દરેક પોતાના કર્મને અને
તજ્જનિત જન્મ-જરાનો નાશ કરવા માટે છે.
કર્મનાશનો અમોઘ ઉપાય નમસ્કારભાવ છે,
કેમકે તે કર્મબંધનો પ્રતિપક્ષી છે.
કર્મનો બંધ અહંકારભાવથી છે.
તેમાં પોતાના ગુણ અને બીજાની ભૂલ જોવાની દૃષ્ટિ છે.
નમસ્કારભાવમાં પોતાની ભૂલને અને
બીજાના ગુણને જોવાની દૃષ્ટિ છે.
'જગતના સર્વ જીવો અને પુદ્ગલો તરફથી
પોતાને ગુણ થઈ રહ્યો છે' એમ જોવું અને
તેને ગુણ તરીકે માનવો, એ ગુણદૃષ્ટિ છે.

ગુણીના ગુણને જોવા અને માનવા એ તો ગુણદૃષ્ટિ છે જ પણ નિર્ગુણ અને અચેતન પદાર્થોથી પણ પોતાને ગુણ થઈ રહેલ છે એ જોતાં શીખવું તે ગુણદૃષ્ટિની પરાકાષ્ઠા છે.

એવી ગુણદૃષ્ટિ સમ્યગ્જ્ઞાનથી આવે છે.

સમ્યગ્જ્ઞાન વડે જીવ જાણી શકે છે કે સર્વ જીવો મૈત્રી-કરુણાના વિષય બની પોતાને અનંત લાભ કરી રહ્યા છે તથા સર્વ પુદ્ગલો માધ્યસ્થ્યભાવનો વિષય બનીને અનંત સુખ અને આનંદનું કારણ બની રહ્યા છે,

એવા જ્ઞાની પુરુષોનો સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્દર્શન ગુણ
જોઈને હર્ષ પામવું અને એ ગુણયુક્ત ચારિત્રપાલન
જોઈને પ્રમોદ ધારણ કરવાથી ગુણદૃષ્ટિનો વિકાસ થાય છે.
બીજાનો ગુણ અને પોતાની ભૂલ જોતાં જેઓને આવડે,
તેઓનો નમસ્કારભાવ સાચે ક્રમે ચાલેલો છે.
તે જ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર છે.
એ નમસ્કારભાવ વડે જ સર્વ અરિહંતો અને ગણધરો
પૂર્વજન્મમાં આરાધના કરી ત્રણ જગતને પૂજનીય બને છે.
નમસ્કારભાવમાં જ સામાયિક રહેલું છે અને
સામાયિકમાં સકલ દ્વાદશાંગી ભરેલી છે.
દ્વાદશાંગીનો સંક્ષેપ સામાયિકમાં છે અને
સામાયિકનો સાર નમસ્કારમાં છે.
એ નમસ્કાર 'ખામેમિ સવ્વ જીવે'ની ભાવનાથી પ્રગટે છે.
એ ભાવનાનો વિકાસ થતાં પરગુણ જોવાની દૃષ્ટિ ઊઘડે છે, જેનું
પરિણામ શિવમસ્તુ સર્વ જગતઃની ભાવનામાં આવે છે.
અંતરાત્મા = સમ્યગ્દર્શન પરિણામવાળો આત્મા.
ધ્યાનનું વિશુદ્ધ ફળ સમાધિરૂપ છે.
નિદાન સ્વસુખના અભિલાષરૂપ છે.
નિદાનનો ત્યાગ કરવાનું સર્વ જિનેશ્વરોએ ઉપદેશ્યું છે.

નિદાન આર્તધ્યાન સ્વરૂપ છે. સર્વના સુખની અભિલાષા વિના ક્યારેય નિર્નિદાનતા કે નિરાશંસતા આવતી નથી.

આસો વદી ૦)), બુધવાર

વીરપ્રભુ નિર્વાણ દિન, ગૌતમપ્રભુ કેવળજ્ઞાન દિન.

सिक्खियं ठियं जियं मियं जाव गुरुवायणोवगयं वायणाए पुच्छणाए परियट्टणाए धम्मकहाए नो अणुप्पेहाए ता दव्वसुयं। -श्री अनुयोगद्वार सूत्र

અર્થ: શીખેલું, સ્થિર કરેલું, યાદ કરેલું અને ગુરૂવાચના દ્વારા પ્રાપ્ત થયેલું હોય અને વાચના, પૃચ્છના, પરાવર્તના તથા ધર્મકથા કરતો હોય, તો પણ જો અનુપ્રેક્ષા મનનરૂપ ઉપયોગમાં ન હોય, તો તે દ્રવ્યશ્રુત છે.

પ્રભુ પ્રભુ રટ લાગી નહિ, પડ્યો ન સદ્ગુરુ પાય,
દીઠા નહિ નિજદોષ તો, તરીએ કવણ ઉપાય?

અંતરાત્માથી = આત્માના અંતર્ગત સ્વરૂપથી જ તન્મય થા.

'જ્ઞાનસાર'ના ઈંદ્રિયજય અષ્ટકના શ્લોક ૩માં કહ્યું છે કે:
આત્મસ્વરૂપના અવલંબન સિવાય તૃષ્ણાનો છેદ ન થાય.

સર્વ તીર્થંકર તથા ગણધરોએ જેનો આશ્રય લીધો છે
અને જેનો આશ્રય લેવાનું જગતને ઉપદેશ્યું છે,
તે નમસ્કાર આખરે શું પદાર્થ છે?

(૧) સર્વ જીવોની ક્ષમા માંગવા અને તેઓ ક્ષમા આપે
તેવી પ્રાર્થના કરવી, એમાં નમસ્કારભાવ રહેલો છે.
અહીં ભૂલોનો એકરાર અને પ્રાયશ્ચિત્ત છે.
અરિહંતોને નમસ્કાર તેમનામાં રહેલા આ ભાવને કારણે છે.
અરિહંતોમાં સર્વ જીવો પ્રત્યે ક્ષમાપનાનો ભાવ રહેલો હતો
અને એથી જ આત્માની શુદ્ધિ થયેલી હતી,
તેથી તેમના નમસ્કાર દ્વારા જીવો પ્રત્યે
આવો ક્ષમાપનાભાવ પ્રાપ્ત કરવાનો ભાવ રહેલો છે.
(૨) સમિતિ-ગુપ્તિ દ્વારા મન-ઇંદ્રિયોને દમીને ક્ષમાપના
ભાવ સાર્થક કર્યો હતો. જીવોને ખમાવીને પછી પણ
જો પાંચ ઇંદ્રિયો અને ત્રણ બળને અંકુશમાં રખાય નહિ,
તો તે ક્ષમાપના કુંભારની ક્ષમાપના જેવી બને છે,
તેથી આ સંસારના સર્વ જીવોને ફરીવાર પીડામાં નિમિત્ત
ન બનવા માટે મન-ઇંદ્રિયોને અંકુશમાં લેવા જોઇએ.
એવો અંકુશ સંયમ દ્વારા, ગુરુકુલવાસના સેવન દ્વારા
અરિહંતાદિ પંચ પરમેષ્ઠિએ પ્રાપ્ત કર્યો હતો.
તે પ્રાપ્ત કરવાની અભિલાષા નમસ્કાર દ્વારા વ્યક્ત થાય છે.
(3) સર્વ જીવો સાથે ક્ષમાપના અને સંયમ દ્વારા
ભૂતભાવ અને વર્તમાનભાવના પાપની શુદ્ધિ થાય ભાવિ

પાપની શુદ્ધિ કરવા માટે સર્વ જીવોનું શુભ ઇચ્છવાનું છે.
તે વડે લોભકષાય શમે છે અને જીવોને આપેલાં પાપના
પ્રાયશ્ચિત સાથે જીવો તરફથી મળેલા લાભનો બદલો અપાય છે.

જીવોને દુઃખ આપ્યું છે અને સુખ લીધું છે,
તેનું ઋણ ફેડવા માટે જીવોનું શુભ ચિન્તવવાનું છે.
શિવમસ્તુ સર્વ જગતઃની ભાવના વડે
સર્વ શુભ ચિન્તવાય છે.

અરિહંતાદિ એ ભાવ વડે જ પરમેષ્ઠિ પદને પામેલા છે,
તેથી તેમના નમસ્કારથી એ ભાવ પણ સિદ્ધ કરવાનો છે.

(૪) એથી નમવું એટલે ખમવું, દમવું અને શમવું.
ખમવા માટે સર્વ જીવરાશિ,
દમવા માટે પણ તેની જ પીડાનો પરિહાર,
શમવા માટે પણ તેનું જ શુભ ચિન્તવન.

સર્વનું શુભ ચિન્તવનારમાં એક એવો સંતોષ ગુણ પેદા
થાય છે કે તે વડે લોભકષાય સમૂલ નિવૃત્ત થાય છે.

(૫) 'સર્વ જગત' એટલે સર્વ શરીર,
'ભૂતગણ' એટલે શરીરમાં રહેલ પંચભૂત અને ઇંદ્રિયગણ.
'દોષ' એટલે કફ, પિત્ત, વાયુ અને તેમાંથી ઉત્પન્ન થતાં
શરીર અને મન સંબંધી વિકારો.

સર્વત્ર-સર્વસ્થાને લોક સમગ્ર શરીર પિંડબ્રહ્માંડનું પ્રતીક છે,
તેથી સમગ્ર શરીર સુખી બને એટલે બ્રહ્માંડ સુખી બને.
બ્રહ્માંડને સુખી કરવાનો ઉપાય પીંડને સુખી કરવું તે છે.

પીંડને સુખી કરવું સ્વાધીન છે.

સ્વાધીન કાર્ય વડે સર્વને સુખી કરી શકાય છે.

(૬) નમો અરિહંતાણં ।

એ સર્વ મહામંત્રો અને પ્રવરવિદ્યાઓનું બીજ છે, તેથી
તેને નમસ્કાર કરી સર્વ વિદ્યા-મંત્રોને નમસ્કાર થઈ જાય.
તેના આલંબનથી સર્વ વિદ્યા-મંત્રોનું આલંબન લેવાઈ
જાય છે, કેમકે તેમાં જે વસ્તુ મુખ્ય છે: એક 'અરિહં'
એટલે પૂજ્યતા અને 'તાણં' એટલે મનન વડે રક્ષણ.
જેટલા પૂજ્ય મંત્રો છે અને મનન વડે ત્રાણ કરનારા છે,
તે બધાને 'નમો' પદ વડે નમસ્કાર થઈ જાય છે, એટલે
સર્વ મહામંત્રો અને સર્વ પ્રવરવિદ્યાઓનું સાધારણ નામ
'નમો અરિહંતાણં' મંત્ર હોવાથી તે સર્વ વ્યાપક, સર્વ શ્રેષ્ઠ છે.

'સર્વ મંત્રરત્નોની ઉત્પત્તિ ભૂમિ તે મંત્ર છે'

એવું શાસ્ત્રવચન યથાર્થ છે.

(૭) 'નમવું' એ દુષ્કૃતગર્હા રૂપ, 'શમવું' એ સુકૃતાનુમોદના
રૂપ, 'દમવું' એ શરણગમનરૂપ છે. એ ત્રિરત્નની વિચારણા છે.

વ્યવહારનયથી તો જેવી ક્રિયા, દાન, શીલ છે, તેમને
નમવું એ દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદન, શરણાગમનરૂપ છે.

વ્યવહારના પાલનથી નિશ્ચયની પ્રાપ્તિ થાય છે.
નિશ્ચયના લક્ષ્યપૂર્વક વ્યવહારનું પાલન કરવાનું છે.

આપણા સૂક્ષ્મ પણ દુષ્કૃતની અશુભ અસર અને અલ્પ
પણ શુભભાવની શુભ અસર સમસ્તલોક સુધી પહોંચે છે
એવી શ્રદ્ધા જાગ્યા વિના સાચી દુષ્કૃતગર્હા અને
સાચી સુકૃતાનુમોદના થઈ શકતી નથી.

પિંડ અને બ્રહ્માંડનો સંબંધ છે.

પિંડમાં જે સારી કે નરસી અસરો થાય છે,
તે બધી પિંડ દ્વારા બ્રહ્માંડમાં પહોંચે છે અને બ્રહ્માંડમાં
જે સારી-નરસી અસરો થાય છે, તે પિંડમાં પહોંચે છે.
એ રીતે પીંડ અને બ્રહ્માંડમાં ઐક્ય માનવામાં ન આવે,
ત્યાં સુધી પાપના મૂળને બાળી સુકૃતની ટોચે પહોંચવા માટે
જરૂરી વીર્યોલ્લાસ પ્રગટી શકતો નથી.

એ નિયમ શાસ્ત્રોક્ત અને સ્વાનુભવસિદ્ધ છે કે:
બ્રહ્માંડથી પીંડને અલગ માની પીંડની શુદ્ધિ કરવાની ભાવના
ગમે તેટલી તીવ્ર હોય, તો પણ તેમાં તે બળ પ્રગટી શકતું
નથી કે જે સર્વથા પાપરહિત બનવા માટે પુરતું હોય.

અનુભવ એક મોટું પ્રમાણ છે.
એ વાત અનુભવસિદ્ધ છે કે:
સર્વના વિચારથી સ્વમાં જવ આવે છે.
૦ મોક્ષ વિના પુદ્ગલ સાથે સર્વથા ભેદ સિદ્ધ થઈ ન
શકે, તેથી તે અવસ્થા પૂર્વે તે સાધ્ય તરીકે હોઈ શકે,
પ્રસંગોચિત સમાધિ માટે જીવદ્રવ્યોની સાથે
ભેદ કે અભેદની ભાવના હોઈ શકે.
સાધ્ય જે સિદ્ધાવસ્થા, તે ભેદ-અભેદ ઉભયથી અતીત છે,
તેથી ભેદ કે અભેદ સાધ્ય ન બની શકે, સાધન બની શકે.
કથંચિત અભેદ તે વ્યાવહારિક સત્ય છે.
ભાવના તો નયાપેક્ષયા સર્વથા અભેદની જ હોઈ શકે,
તે વિના સંપૂર્ણ મૈત્રી ન ઘટે.
ભાવનાનું જગત લોકોત્તર હોવાથી તેમાં સર્વથા અભેદને
બાધ નથી. ભેદ કે અભેદ સાધ્ય નથી, પણ ભાવ્ય છે.
આ વિષય માટે 'તત્ત્વાનુશાસન' ગ્રન્થમાંના
શ્લોક - ૧૭૫ થી ૧૭૮ સુધી જોવા યોગ્ય છે.
સ્વરૂપાસ્તિત્વ અને સાદૃશ્યાસ્તિત્વ એ બે સ્વયંસિદ્ધ છે.
તેને ભૂલી જઈ જીવ જ્યારે અમૈત્રીમાં પડે છે,
ત્યારે મૈત્રી માટે અભેદભાવના અનિવાર્ય થઈ પડે છે.

० परस्परोपग्रहो जीवानां ।
જીવોનાં સર્વ જીવોની સાથે

લગાલગ સર્વ સંબંધો આ સંસારમાં થાય છે,
તેથી આ સૂત્ર ત્રણે કાળની અપેક્ષાએ વ્યાપક છે.
પરસ્પર = પ્રત્યેક જીવનો પ્રત્યેક જીવ સાથે.

સર્વ કાળના સર્વ પરમેષ્ઠિ ભગવંતોનો ઉપગ્રહ સર્વ ભવ્યજીવો સાથે થાય એ તો નવકાર જ બતાવી આપે છે. જો ત્રણે કાળના અરિહંતાદિનો આપણા ઉપર ઉપગ્રહ ન થતો હોય, તો તેમનું સ્મરણ શા માટે?

એવી જ રીતે સર્વ જીવોનો ઉપગ્રહ ન થતો હોય, તો તેમની સાથે મૈત્ર્યાદિ ભાવનાઓ શા માટે ભાવવી જોઈએ?

'વિક્રિયા તે પૌદ્ગલિક પરિણામ છે. સૂર્યની ગતિ, મેઘોનું નિર્માણ વગેરે બધા વૈક્રિયિક પરિણામો છે, તેના ઉપર ધર્મનું પ્રભુત્વ છે' એમ શ્રી 'યોગશાસ્ત્રમાં' સ્પષ્ટ છે.

વળી વિક્રિયામાં આવેલાં પુદ્ગલો જ્ઞાનાવરણાદિ કર્મના ક્ષય-ક્ષયોપશમમાં નિમિત્ત બની શકે છે, કેમકે તેનું ચિન્તન તે નિર્જરાનું કારણ છે.

એ અપેક્ષાએ તેનું નિમિત્તપણું સિદ્ધ છે.

વૈક્રિયિક પરિણામ, જે પુદ્ગલ વર્ગણાઓમાં થાય છે,

તે પુદ્ગલોનું જો અન્ય પુદ્ગલ વર્ગણાઓમાં રૂપાંતર શક્ય હોય, તો અપેક્ષાએ વૈસ્રસિક પુદ્ગલોને કર્માદિમાં નિમિત્ત માની શકાય. વિસ્રસા પણ પૌદ્ગલિક કર્મ હોવાથી તે નિષ્પ્રયોજન કે નિર્નિમિત્ત ન હોઈ શકે. તત્ત્વાર્થ સૂત્રના અ.૫, સૂ-૧૯/૨૦માં અનુક્રમે પુદ્ગલોનું પ્રયોજન અને નિમિત્તતા જણાવેલ છે. આ બધાં કાર્યો જીવદ્રવ્ય સંબંધી હોવાથી જીવોનાં અદૃષ્ટ સાથે સંબંધ ધરાવે છે. અદૃષ્ટ ઉપર ધર્મની સત્તા હોવાથી વૈસ્રસિક કાર્યો પર ધર્મસત્તા ન માનીએ તો ધર્મનું ગૌરવ ઘટે છે.

'ઉપમિતિ'માં કહ્યું છે કે:

'કાર્યમાત્ર પ્રત્યે સુસ્થિત ભગવંત પરમ કારણ છે.' એ અપેક્ષાએ પણ વિસ્રસા કાર્યમાં તેઓ જ સ્વામી છે. તત્ત્વતઃ સ્વભાવ અને ધર્મ એક જ વસ્તુ છે. વૈસ્રસિક પરિણામોનો પ્રાદુર્ભાવ જો સ્વભાવે હોય, તો તે ધર્મથી જ છે.

અતિ આગ્રહની પાછળ મનોમાલિન્ય છે.

આગ્રહનો અભાવ એ મૂર્ખતા-મૂઢતા છે.

આચાર અને વિચાર એકતા પામે, ત્યારે સદાચાર બને છે. એ સ્થિતિ પામવા મન અને બુદ્ધિને શુદ્ધ કરવા પડે છે. મનશુદ્ધિ માટે ભક્તિ-બુદ્ધિની શુદ્ધિ માટે સ્વાધ્યાય જરૂરી.

એ રીતે મન અને બુદ્ધિ શુદ્ધ થાય, ત્યારે આચાર અને વિચારની એકતા સધાય. એ એકતા તેને પ્રભુની સમીપ લઈ જાય, તે ભગવાનને પામે, સ્વયં પ્રભુ બને.

o જીવનમાં સુખ-દુઃખ બધાને આવે છે.

સુખ કે દુઃખ આપણે માંગીએ તો જ આવે એવું નથી. આપણી ઇચ્છા કે અનિચ્છાની પરવા રાખ્યા વિના જ તે આવે છે, પરંતુ આવી પડે અને તે ભોગવવું એ બંધન છે. સુખ-દુઃખ આપણા જ કર્મે આવેલા ન્યાયયુક્ત વસ્તુ છે, એમ માની સમતાથી તે બંનેને ભોગવી લેવા તે મુક્તિ છે. તે ઉદયને કર્મનું ફળ માનો અથવા કાર્ય-કારણભાવથી સર્જાતી પરિસ્થિતિ માનો, તેમાં કશો ફેર પડતો નથી.

o 'ક્લેશ' એટલે બોજો, ચિત્ત ઉપરનો ભાર. આ જગત મારે માટે છે અને મારું છે, એ માન્યતા જ ક્લેશરૂપ નથી, જાણે પોતાના માથે ઉપાડેલો વ્યર્થ ભાર છે.

આ જગત કર્મના નિયમને અનુસરીને છે અને કર્મનો નિયમ ધર્મના નિયમને અનુસરે છે.

તેના નિયમ મુજબ ચાલવા જગતનો ઉપયોગ કરવાનો છે, કિન્તુ તેના ઉપર મમતા કરવા માટે નહિ, એવું જેને ભાન થાય છે, તેનો અવિદ્યારૂપી ચિત્તનો ક્લેશ શમી જાય છે.

o અનન્ય ભક્તિ = અનેકમાં એક જ દેવને નિહાળવા.

પૃથ્વીતત્ત્વ ગણેશ, તેની ઉપાસનાથી વિઘ્ન ટળે છે.

જળતત્ત્વ શિવ, તેની ઉપાસનાથી લાભ મળે છે.

તેજતત્ત્વ માતાજી (લક્ષ્મી), તેની ઉપાસનાથી ધન મળે છે.

આકાશતત્ત્વ વિષ્ણુ, તેની ઉપાસના પ્રેમ આપે છે.

પ્રકૃતિને વશ રહે તે 'જીવ'. પ્રકૃતિને વશ કરે તે 'શિવ'.

લોકોને ધર્મ કરાવડાવવાની ઇચ્છા છે, ધર્મ જાણવાની નહિ.

પ્રકૃતિ ઉપર વિજય મેળવનાર મુક્ત બને છે.

'પ્રકૃતિ' એટલે સ્વભાવ.

સ્વભાવ પાંચ તત્ત્વો અને મન, બુદ્ધિ, અહંકાર મુજબ ઘડાય.

અષ્ટધા પ્રકૃતિ ઉપર જે વિજય મેળવે, તેને મુક્તિ મળે છે.

તમોગુણની અધિકતા રજોગુણથી અને

રજોગુણની અધિકતા સત્ત્વગુણથી જાય છે.

રજોગુણ કામ અને ક્રોધનો જનક છે.

સત્કર્મથી સત્ત્વગુણ વધે છે.

સત્ત્વ પણ થોડો અહંભાવ લાવી સત્ત્વગુણનો નાશ કરે છે.

કામ ૧૧ સ્થળે રહેલો છે: ૧૦ ઇંદ્રિયો અને મન.

કામ રાવણ છે, તેને ૧૦ ઇંદ્રિયોરૂપી ૧૦ માથાં છે.

'૧૦ મુખવાળો' એટલે અસત્યવાદી.

Imp એ રાવણ મરશે, ત્યારે રામ આવશે.

રામ જેવા નિર્વિકારી બનવાનું કામ મટે છે.

ત્રિગુણાતીત થવું એ જ તેનો ઉપાય છે.

સેવા લે તે ધર્મ નહિ, સેવા કરે તે ધર્મ.

મન કરે તે ન કરી, આત્મા કરે તે કરી.

તપ ન કરે, તેનું પતન થાય છે.

માનવજીવન ભોગ માટે નહિ પણ ભજન માટે છે.

ઈર્ષ્યા-અસૂયા ધર્મમાર્ગે જવામાં અવરોધક, વિઘ્નકારક છે.

બુદ્ધિ અસૂયા વિનાની અનસૂયા બને,
ત્યારે જ દત્તાત્રેય અત્રિઋષિ = ત્રિગુણાતીત અવસ્થા આવે.

ત્રિગુણાતીત બનવું હોય, તેમને અનસૂય થવું પડે.

અનસૂય તે જ થઈ શકે, જે સર્વ સાથે મિત્રભાવ ધરાવે.

જાણવું અને તે મુજબ જીવવું, એ બે જુદી ચીજ છે.

માનવજન્મ ભગવાનનું કાર્ય કરવા માટે છે, પોતાનું નહિ.

ભગવાનનું કાર્ય સર્વને સુખી કરવાનું છે, માત્ર પોતાને નહિ,
એવી સમજ જેને આવી છે, તેને દુઃખ, શોક, સંતાપ નથી.

જગત જગદીશ માટે છે, પોતાને માટે નહિ.

જગદીશ જગત માટે છે, માટે જગતે જગદીશના થવું જોઈએ.

પરમાત્માને ચરણે જીવન સમર્પી દેવાની વૃત્તિ, તે 'ભાવના'.

V.V. Imp. આ ભાવના એ જ સાચું ઐશ્વર્ય છે,
ધનનું કે બુદ્ધિનું ઐશ્વર્ય એ તો વિનશ્વર છે.
ભાવનાનું ઐશ્વર્ય આત્માની સર્વ કામનાને પૂર્ણ કરનાર છે.
એમ થાય એટલે માત્ર ચૈતન્યરૂપે આપણું અસ્તિત્વ કાયમ
રહે, એ જ બ્રાહ્મીસ્થિતિ અથવા ઊંચામાં ઊંચી સ્થિતિ છે.
એ સ્થિતિ પામ્યા પછી આગળની કોઈ સ્થિતિ છે નહિ.
મનુષ્ય દેહે માનવીએ આ જ સ્થિતિ મેળવવાની છે.
એ માટે એને બહાર કાંઈ શોધવાનું નથી.
એની અંદર જ એ સ્થિતિ રહેલી છે,
તેથી તેને અંતર્મુખ થવાની જરૂર છે.

o આ દૃશ્યજગતની પારના તત્ત્વને કવિજન, કલાવિદ્,
સાધુ-સંત અને તત્ત્વજ્ઞ પુરુષો સ્પર્શ કરી શકે છે.
કવિજન પ્રતિભા વડે અલૌકિક તત્ત્વને જોઈને શબ્દદ્વારા
ભાવસૃષ્ટિને સુંદરરૂપે ઉપજાવી સહૃદય જનને સમજાવે.
કલાવિદો લલિતકલા દ્વારા અમૂર્તરૂપ મૂર્તરૂપમાં ઓળખાવે.
સાધુજનો હૃદયશુદ્ધિ દ્વારા વીતરાગી ચિત્ત વડે સર્વ
પ્રાણીઓના હૃદયના અંતર્યામી સ્વરૂપ સાથે સ્પર્શ કરે.
તત્ત્વજ્ઞ જ્ઞાની પુરુષો પોતાની વિવેકપ્રજ્ઞાના બળ વડે
જેવું છે તેવું અલૌકિક સ્વરૂપ ઓળખી શકે છે.

o તત્ત્વજ્ઞાન, સમજણ અથવા સૂઝ એક જ વસ્તુ છે.
તેને 'અનુભવ' પણ કહી શકાય છે.
અધ્યાત્મવિદ્યા સર્વ વિદ્યાઓમાં મોટી વિદ્યા છે,
કેમકે તે મોક્ષપ્રદાયિની વિદ્યા છે.
તે વિદ્યા પાંડિત્ય મેળવવા માટે નહિ,
પરંતુ પોતાના બંધની નિવૃત્તિ કરવા અર્થે છે.
દેવ-ગુરુ-સંતની ભક્તિમાં સર્વ ગહન વિદ્યાની ચાવી છે.
'ઈશ એ આત્મરૂપ છે, જુદાં નહિ'
એવી ઓળખ પૂર્વ ઋષિઓને થઈ હતી.
ઈશને આત્મરૂપે ન ઓળખવાથી જ જીવને ભવભ્રમણરૂપ
સંસાર છે. હરિની માયા અને જીવની અવિદ્યા વડે જીવત્વ
ઊભું થાય છે, તેથી હરિ આત્મારૂપે ઓળખાતો નથી.

o ભક્તિ એક પંખિણી છે.
જ્ઞાન અને વૈરાગ્ય તેની બે પાંખો છે.
સર્વ સાધનોમાં ભક્તિ એ અંગી છે,
વૈરાગ્ય અને જ્ઞાન એ અંગ છે.
આ ભક્તિ નિષ્કામ પ્રેમસ્વરૂપ તથા સર્વાત્મભાવનારૂપ છે.
આત્મભાવની જાગૃતિવાળી ભક્તિ વિરહવેદનાવાળી હોય.
આવી ભક્તિ વડે જ્ઞાનનિષ્ઠા જન્મે છે,

હૃદયપરિવર્તન થાય તો મોહ-માયાનું બળ ઘટે છે.
સાચી ભક્તિ વડે નર જ નારાયણસ્વરૂપ બને છે.
જીવન્મુક્તિ રૂપી ફળની સિદ્ધિ માટે હૃદયપલટાની અને
તે દ્વારા આત્મનિવૃત્તિની જરૂર છે.

૦ શબ્દબ્રહ્મ અથવા પ્રણવ દ્વારા બ્રહ્માનુભવ થાય છે.
પરબ્રહ્મપદનું સાધન અપરબ્રહ્મ (ઓંકાર) બને છે.
શબ્દબ્રહ્મ સાધન છે, પરબ્રહ્મ સાધ્ય છે.

પ્રણવના અવધિએ જે ભિન્નુભાવ અથવા શૂન્યભાવ જન્મે,
તેમાંથી શૂન્યવાદી અને બ્રહ્મવાદીના નિર્દેશો ઊભા થાય છે.
'શૂન્ય' એટલે જગત શૂન્ય થયા પછી કેવળ પૂર્ણબ્રહ્મ રહે છે.
મિથ્યા શૂન્યવાદી કરતાં સાચા શૂન્યવાદી અને
સાચા શૂન્યવાદી કરતાં બ્રહ્મવાદી ચઢિયાતા છે.
સાચા શૂન્યવાદી વિરાગી હોય છે,
મિથ્યા શૂન્યવાદી સંસારની આસક્તિવાળા હોય છે.
અનુભવી બ્રહ્મવાદી પરપક્ષના વિચારોનું સમાધાન કરી શકે.
કેવળ પાંડિત્યથી ઈશ્વર અને સ્વબ્રહ્મની પ્રાપ્તિ થતી નથી.
તે માટે અનુભવી સંતોની ભક્તિ અને
તે વડે ભગવદ્ કૃપાની જરૂર છે, એથી દૃષ્ટિ ઊઘડે છે.
ગુરુભક્તિનું ફળ અદ્વૈતની નિષ્ઠા છે.

માયાવાદ કે પછી શૂન્યવાદ મોઢે બોલવાની કસરત નહિ,
પણ અનુભવથી સમજવાની કળા છે.

૦ બ્રહ્મ વસ્તુના સત્-ચિત્-આનંદ નામના સ્વભાવ ધર્મો ભીતરના અધ્યાત્મ ભાવથી સત્ત્વ, રજ અને તમ એ નામના ગુણોનું રૂપ પકડી માયાશક્તિરૂપે પલટાય છે. તામસના પંચભૂત અને પંચતન્માત્રા, રાજસના દશ ઈંદ્રિયો અને સત્ત્વના મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર અંતઃકરણો એ સૃષ્ટિના ૨૪ કારણો છે. ૨૪ને પોષણ આપનાર ૨૫મા પ્રકૃતિ એ નટી અને ૨૬મો પુરુષ પરાત્પર છે. તેના અભાવ અદ્ભુત નાટક ભજવે છે, છતાં પરમાત્માના મૂળ સ્વરૂપને ઓળખ-પત્તા ન જાણવા શકે.

જે મૂળ ચૈતન્ય આવરણ પામી ઢંકાય,
તે પ્રકૃતિના પાશમાં પડેલો જીવાત્મા છે.

જડે પામેલા એ આભાસરૂપ જીવને છૂટવાનો માર્ગ પોતે જેના આભાસ છે, તેવા પોતાના ઉલ્લાસમાં પરમાત્માને
તેણે પોતાના સ્વરૂપ તરીકે ઓળખવાનો છે.

સ્વરૂપઓળખનાં બે સાધનો:

(૧) તીવ્ર વૈરાગ્ય: પોતાનું પરમાત્મતત્ત્વ જ્યાં સુધી ના મળે, ત્યાં સુધી જીવને જરા પણ ચેન પડવું ન જોઈએ,

તેને સંવેગ કે નિર્વેદ કરી શકાય. જેમ માછલું પાણી વિના તરફડે, તેને કામધેનુના દૂધમાં નાંખે તો પણ તેની રતિ બેચેની દૂર થાય નહિ, એવો નિર્વેદ એ પ્રથમ સાધન છે.

(૨) સર્વત્ર આત્મદર્શન: તેને આસ્તિક્ય, અનુકંપા અથવા ઉપશમ કરી શકાય. તેથી નિષ્કામ - નિરાશંસ - પ્રેમલક્ષણા ભક્તિ પેદા થાય છે. ૯ ભક્તિ સકામ છે, જ્યારે ભક્તિનો ૧૦મો પ્રકાર નિષ્કામ છે. સાત્વિક ભક્તિ કર્મક્ષય માટે, પ્રભુ પ્રીત્યર્થે અને શાસ્ત્રાજ્ઞા પાલન અર્થે કરવી જોઈએ. રાજસ ભક્તિ વિષયાર્થે, યશકીર્ત્યર્થે, ઐશ્વર્ય ધનાર્થે થાય. જ્યારે તામસ ભક્તિ હિંસાર્થે, દંભાર્થે અને માત્સર્યાર્થે થાય.

આ રીતે ચિત્તના ત્રણ પ્રકાર અને પ્રયોજનોને
લક્ષમાં લઈ ૯ પ્રકારની ભક્તિ થાય છે.
તે પ્રત્યેકને ભજવાના પાછા ૯ પ્રકાર છે,
તેને આગળના સાથે ગુણવાથી ૮૧ પ્રકાર થાય છે.

ભક્તિના ૯ પ્રકાર

(૧) શ્રવણ (૨) અર્ચન (૩) વંદન (૪) કીર્તન (૫) દાસત્વ (૬) પાદસેવન (૭) સ્મરણ (૮) સખ્યત્વ (૯) આત્મનિવેદન.

મોક્ષની સાધનશ્રેણી

(૧) વિરત - વૈરાગ્ય (૨) પ્રભુભક્તિ (૩) આત્મદર્શન.

o બ્રહ્મપદ એ પરમ સત્ય છે (નિજ સ્વરૂપ),
ઈશ્વરપદ એ વ્યવહાર સત્ય છે
(માયાદિ પ્રકટતું અનંત ઐશ્વર્ય).

<u>જગપદ</u> એ પ્રાતિભાસિક સત્ય છે (કલ્પિત, કલ્પનાનું વિશ્વ).
મિથ્યા બંધુઓ અનંત ઈશ્વરના ઐશ્વર્યને પરમ સત્ય
માની મોહ પામે છે, જ્યારે ઈશ્વર પોતાના શિવપદને
અથવા કૈવલ્યપદને સાચું માનીને સદા મુક્ત રહે છે.

એક જ પરમાર્થવસ્તુ પોતાના અંતઃસામર્થ્ય વડે
ઈશ્વર, માયા અને જગરૂપે સમજાય છે.

આનંદ સમજાય પણ પદાર્થરૂપે દેખાડી શકાય નહિ.
પરાવાણીઆદિ પારનો શબ્દ તે ચૈતન્ય, પરબ્રહ્મનો બોધક છે.
<u>પરાવાણી</u> = કલ્પના. તે અરૂપી કામ અને સંકલ્પ પ્રગટાવે.
<u>પશ્યંતીવાણી</u> = કામના. તે અરૂપી કામરૂપી ભાવને પ્રગટાવે.
<u>મધ્યમાવાણી</u> = જલ્પના. તે રૂપી ભાવવાળા શબ્દોના ઘાટ ઘડે.
<u>વૈખરીવાણી</u> = ઉચ્ચારો. તે અનેક ઘાટવાળા શબ્દપદાર્થો
સમજાવે. તેથી વાણી વડે અર્થ સમજવાનો યોગ આવે.

o રાગ-દ્વેષવાળી આપણી દૃષ્ટિ અથવા ક્લેશવાળી ચિત્તની
સ્થિતિ વસ્તુને જુએ છે, તેથી દેખાડી શકતી જ નથી.
અવિદ્યા આપણા અંતઃકરણને અંધકાર આપે છે અને

રાગ અને દ્વેષ વસ્તુને ખોટા રંગમાં રંગેલી દેખાડે છે.
અવિદ્યાથી અંતઃકરણની જે સ્થિતિ થાય, તે 'અદૃષ્ટિતત્ત્વ'.
તે વડે દ્રવ્યદ્વૈત, ભાવદ્વૈત અને ક્રિયાદ્વૈત
એમ ત્રણ પ્રકારનાં દ્વૈત અનુભવમાં આવે છે.
દૃષ્ટિતત્ત્વ વસ્તુને અને અદૃષ્ટિતત્ત્વ શૂન્યને વળગે છે.
દૃષ્ટિતત્ત્વ વડે મન અનુભવ અથવા જ્ઞાનાતીન્દ્રિય વસ્તુનું
ભાન કે સ્ફુરણ પ્રગટે છે.
ધર્મતત્ત્વ એ પુરુષતંત્ર છે, જ્ઞાનતત્ત્વ એ વસ્તુતંત્ર છે.
'વેદાંત' એટલે વેદના અંતમાં આવતો ભાગ
અથવા અર્થતઃ વેદનું તાત્પર્ય તે 'વેદાંત' છે.
તેને 'ઉપનિષદ્' નામ એટલા માટે છે કે
ગુરુની પાસે બેસી શ્રવણ વડે રહસ્યજ્ઞાન મેળવવું તે,
વળી જન્મની અવિદ્યાને તે (ષદ્ = કાપવું) કાપે છે,
તેથી પણ 'ઉપનિષદ્' કહેવાય છે.
પ્રતિષ્ઠતે પરંપરયા વિહરતિ યેન માર્ગેણ તત્પ્રસ્થાનમ્ ।
અર્થાત્: જે માર્ગે મનુષ્ય ચાલે, તો તે ભયસ્થાનમાં
ન જાય, પરન્તુ ઇષ્ટસ્થાને જ જાય તેવો રાજમાર્ગ.
છાંદોગ્ય ઉપનિષદનું છઠ્ઠું પ્રપાઠક, ખંડ ત્રીજો,
તેમાં ત્રણ મૂર્ત ભૂતોનો આધાર લેવામાં આવ્યો છે.

તેમાં જગતની પ્રક્રિયા પૃથ્વી, જળ, તેજ, જે સદ્‌ગુણમાંથી
પ્રગટ થયાં છે, તેના ત્રિવૃત્કરણ-ત્રિગુણાત્મકરણ ઉપર રચાઈ છે.
ઉદ્દાલક પોતાના પુત્રને ત્યાં એવું સમજાવે છે કે:
જગતના સઘળા પદાર્થો આ ત્રણ ભૂતોમાંથી પ્રગટ થાય છે,
તેમાં સ્થિતિ પામે છે અને તેમાં લય પામે છે.
એ નિયમ જેવી પિંડમાં ચાલે છે,
તેવી બ્રહ્માંડમાં પણ ચાલે છે.
જેમ 'અન્ન' અર્થાત્ પૃથ્વીનું કાર્ય, તે ખાધા પછી સ્થૂળ,
સૂક્ષ્મ અને કારણ એ ત્રણ રૂપમાં પલટાઈ જાય છે,
સ્થૂળ ભાગમાંથી મળ, મધ્યમ ભાગમાંથી માંસ અને
કારણ ભાગમાંથી મન ઉત્પન્ન થાય છે,
તેવી જ રીતે જળનો સ્થૂળભાગ મૂત્રરૂપમાં, મધ્યમભાગ
રુધિરરૂપમાં અને સૂક્ષ્મભાગ પ્રાણના રૂપમાં પલટાય છે.
અગ્નિ પણ સ્થૂળરૂપમાં દેહના હાડકારૂપ, મધ્યમભાગ
મજ્જારૂપ અને સૂક્ષ્મ ભાગ વાણીના બળમાં પલટાય છે.
આ પ્રકારે ત્રણ તત્ત્વ કાળા, ધોળા અને લાલ રંગમાં
સામાન્ય રીતે સૃષ્ટિના સર્વ પદાર્થોમાં અનેક રૂપે ઓળખાય.
આ ત્રણ ભૂતનાં મિશ્ર કાર્યો, જડ-ચૈતન્યના પ્રેરક બળથી
અનેકાકાર થાય અને જગતના અનેક ભોગોને સિદ્ધ કરે છે.

આ જગચૈતન્યનો આત્મા તે મૂળનું સદ્બ્રહ્મ છે, તેની
એકાત્મભાવના અનુભવ વડે જે જીવાત્મા આ જગતના મૂળ
કારણ સદ્બ્રહ્મમાં એકરૂપ થાય છે, તે બ્રહ્મવિદ્યાને જાણે છે.
એમ કહી ૯ પ્રકારનાં દૃષ્ટાંતો આપી ૯ વાર શ્વેતકેતુને
ઉદ્દાલક તે (તત્) એટલે જગત કારણ સદ્બ્રહ્મ, તું (ત્વમ્)
છે (અસિ), એ પ્રકારના મહાવાક્યનો ઉપદેશ કરે છે.
આમ ત્રિવૃત્કરણ શાસ્ત્રના ઉદ્દેશ સાથે સંબંધવાળું
છે અને એ શાસ્ત્રનું પરમ પ્રયોજન બ્રહ્માત્મૈક્યનો
અનુભવ, તેને સિદ્ધ કરવામાં તે રોકાય છે. આમ પૂર્વા-
પર-તેજનાં ત્રિવૃત્કરણ એ છાંદોગ્ય ઉપનિષદમાં અવાન્તર
વાક્ય બની 'તત્ત્વમસિ' મહાવાક્યનું પ્રકરણ બને છે.

તૈત્તિરીય ઉપનિષદમાં એ ત્રણ ઉપરાંત
બે પહેલાંનાં તત્ત્વો આકાશ અને વાયુનો સ્વીકાર છે તથા
તેમાં 'આકાશ ચૈતન્યમાંથી પ્રકટ થયું છે'
એવું વર્ણન કરવામાં આવ્યું છે.

આમ આખો પંચ મહાભૂતોને 'ચૈતન્યની લહેરો' કહે છે. તે
જડ પદાર્થ નથી, એવું સમજાવે છે. એમાં ન્યાય વૈશેષિકની
પંચભૂત પ્રક્રિયા તેને માન્ય નથી, પણ વેદાન્તના પાયાની
અદ્વૈતવાદની પ્રક્રિયા સાથે પોતાના વિચાર ગૂંથે છે.

## વેદાન્ત શાસ્ત્રના પાયાના ૩ સિદ્ધાન્તો

(૧) સચ્ચિદાનંદ બ્રહ્મતત્ત્વ સત્ય વસ્તુ છે,
ત્રણે કાળમાં બાધ ન પામે એવી એ વસ્તુ છે.

(૨) દૃશ્ય જગત એ બ્રહ્મને આધારે પ્રકાશે છે.
તે સ્વતંત્ર સત્તા ધરાવતું નથી, તેથી મિથ્યા છે.

(૩) જગતનો અનુભવ કરનાર દેહધારી જીવ અથવા શારીર આત્મા ખરી રીતે મૂળ બ્રહ્મરૂપ જ છે, કોઈ રીતે ભિન્ન પદાર્થ નથી. તે અલ્પજ્ઞ છે, પરતન્ત્ર છે, સુખી છે, દુઃખી છે, જન્મ-મરણ પામે છે, વગેરે એના સંબંધી જે સંસારભાવના છે, તે અજ્ઞાને કરી ઉભી થયેલ છે. એ ભ્રમ યથાર્થ જ્ઞાન વડે અર્થાત્ કે 'હું ખરેખર બ્રહ્મરૂપ છું' આ અનુભવ વડે દૂર થઈ શકે છે.

આ ભ્રમ દૂર થવો એનું નામ જ 'મોક્ષ' છે.

o 'બીજનો ચંદ્ર વૃક્ષની શાખા ઉપર છે' એ વાક્યનું તાત્પર્ય 'શાખા ઉપર જ ચંદ્ર છે' એમ કહેવામાં નથી, પણ ભટકતી નેત્રવૃત્તિને એક સ્થાને એકાગ્ર કરવાને સાચો બીજનો ચંદ્રમા કે જે આકાશમાં છે તેનું ભાન કરાવવામાં છે. એમ જગતની ઉત્પત્તિની પ્રક્રિયા અને એ જગતમાં જીવ પરમેશ્વરથી વિખૂટો પડેલો નથી, સંસારમાં બંધાયેલો છે,

તે પરમેશ્વરની સાથે ભક્તિભાવથી જોડાઈ પરમેશ્વરરૂપ બને છે. એ પ્રક્રિયામાં ઉપાસનાથી જ્ઞાનરૂપ થવાય એ વાત શાખા-ચંદ્ર જેવી છે, એટલે કે ઉપાસના સિદ્ધ થતાં સાચો જ્ઞાનાત્મ અનુભવ સિદ્ધ થાય છે, પરન્તુ વસ્તુતઃ છૂટો પડેલો જીવ જ્ઞાનમાં પેસી જાય છે, એવું તાત્પર્ય નથી. જીવને જ્ઞાનભાવે ઓળખવામાં કાર્ય-કારણવાદની સઘળી પ્રક્રિયાનું તાત્પર્ય છે, નહિ કે તે પ્રક્રિયામાં જ તાત્પર્ય છે.

૦ સ્થૂલને જોતાં નાવે પાર, અન્તર ઉતરે લાધે સાર,
રૂપ ભેદે દેહાભિમાન, જીવેશ્વરનું સૌ ટાળો ભાન ...(૯૭)
એ પંચીકરણ મળવાથી, એથી થાય અનુભવ પરિપાક,
જગતપણું જેને છે સત્ય, તેથી એનું કરવું નિત્ય ...(૯૮)

૦ 'પ્રકરણ'નો અર્થ સાધારણ રીતે ગ્રન્થનો વિભાગ સમજવામાં આવે છે, પરન્તુ વેદાન્ત શાસ્ત્રમાં પ્રકરણ એ પારિભાષિક શબ્દ છે. શાસ્ત્રમાં કહેવાયું છે કે:

શાસ્ત્રૈકદેશસંબદ્ધં શાસ્ત્રકાર્યાન્તરે સ્થિતમ્ ।
આહુઃ પ્રકરણન્નામ શાસ્ત્રવેદવિપશ્ચિતઃ ॥૧॥

અર્થાત્: શાસ્ત્રના એકભાગથી જોડાયેલું,
શાસ્ત્રના બીજા કાર્ય માટે રહેલું હોય,
તેને શાસ્ત્રને જાણનારા પંડિત પુરુષો 'પ્રકરણ' કહે છે.

પાંચ ભૂતોમાં ત્રણ મૂર્ત અને બે અમૂર્ત તત્ત્વો છે.
ભગવદ્ ગીતાના છઠ્ઠા અધ્યાયના ૪-૫ શ્લોકમાં જગતની
પ્રકૃતિના બે ભાગ પાડવામાં આવ્યા છે: અપરા અને પરા.
અપરામાં પાંચ ભૂત અને મન, બુદ્ધિ, અહંકાર એ ત્રણ
માનસ તત્ત્વોનો સમાવેશ કર્યો છે, પરાપ્રકૃતિ તે જીવચેતન.
પાંચ ભૂતો તે ક્ષેત્રરૂપ જીવના સ્થૂલ શરીર અવયવો છે
અને ત્રણ માનસ તત્ત્વો એના અવયવોને સાધનારા છે.
એ આઠ મળીને પિંડ-બ્રહ્માંડની રચના થાય છે.
પાછળના વેદાન્તમાં એક જ પદાર્થનો મૂળ ઉપનિષદમાં
સ્વીકાર હોવાથી અને મન, બુદ્ધિ, અહંકારાદિ માનસ
સામગ્રી પંચભૂતોના પરિણામરૂપ હોવાથી માત્ર એ પાંચ
ભૂતોના શુદ્ધ અણુઓ વડે ક્ષેત્રનું સ્વરૂપ સમજાવ્યું છે.
ધ્યાન અને ધર્મતત્ત્વ પુરુષતંત્ર છે.
જ્ઞાન અને બ્રહ્મતત્ત્વ વસ્તુતંત્ર છે.
પુરુષની યોગ્યતા મુજબ ધર્મનો અધિકાર બદલાય છે.
બ્રહ્મનું જ્ઞાન પુરુષ ભેદે ભેદ પામતું નથી,
પણ વસ્તુતંત્ર હોવાથી એકસરખું રહે છે.
ઓંકાર પરમેશ્વર સાથે સંબંધ બાંધતો કો' વિલક્ષણ શબ્દ છે.
પિંડ વ્યષ્ટિચૈતન્ય અને બ્રહ્માંડ સમષ્ટિચૈતન્ય છે.

o પંચીકરણની પ્રક્રિયા જગતની સૃષ્ટિનું સત્યપણું સાબિત કરવા અર્થે નહિ, પરન્તુ દેખાતા જગતનું મૂળકારણ બ્રહ્મ સાચું છે અને તેનો અનેકાકાર ભાસતો નામરૂપવાળો વિલાસ એ ખોટો છે, એ મૂળ વાત સમજાવવા માટે છે.

Imp ખોટામાં જે સાચાપણાનો ભ્રમ થયો છે,
તે દૂર કરવાનું અમોઘ સાધન તત્ત્વજ્ઞાન જ છે,
પરન્તુ તત્ત્વજ્ઞાન ચિત્તને નિર્મળ, નિરૂદ્ધ અને નિરાવરણ
કર્યા વિના કદાપિ પ્રકટ થતું નહિ.

o ચિત્તને નિર્મળ કરવાનું સાધન <u>કર્મયોગ</u> છે,
ચિત્તનો નિરોધ કરવાનું સાધન <u>ભક્તિયોગ</u> છે તથા
ચિત્તને નિરાવરણ કરવાનું સાધન 'તત્ત્વમસિ' વગેરે
મહાવાક્યોના પ્રબોધરૂપ <u>રાજયોગ</u> છે.

એ રીતે ત્રણ પ્રકારના યોગ વડે ચિત્તના ત્રણ પ્રકારના
દોષ: મળ-વિક્ષેપ-આવરણ વિલય પામે છે.

<u>ચિત્તનિરોધ કરનારા 'યોગ' નામના સાધનના ૪ વિભાગો:</u>
<u>રાજયોગ, હઠયોગ, મંત્રયોગ અને લયયોગ.</u>
આ ચારે વિભાગો તત્ત્વજ્ઞાનના ઉપકારક છે.

(૧) ગુરુ અને શિષ્યના આત્માનો
પ્રત્યક્ષ તાદાત્મ્યભાવ પ્રકટ કરનાર તે '<u>રાજયોગ</u>' છે.

(૨) પ્રાણ દ્વારા ચૈતન્ય સધાવનાર યોગ તે 'હઠયોગ' છે.
(૩) શબ્દ દ્વારા ચૈતન્ય સધાવનાર યોગ તે 'મંત્રયોગ' છે.
(૪) આત્મા - ચિત્તનો સમન્વય કે ચિત્તના એકીકરણ વડે આત્માનું અદ્વૈતપણું જગાવનાર યોગ તે 'લયયોગ' છે.

યોગ વડે બ્રહ્માત્મૈક્યનો પ્રત્યક્ષ અનુભવ પ્રકટતો નથી, કિન્તુ તે ચિત્તની વિશુદ્ધ અવસ્થા ઉત્પન્ન કરે છે અને તે વડે સાધક આત્માના શુદ્ધ રૂપનો સાક્ષાત્કાર થાય છે અર્થાત્ બુદ્ધિના શુદ્ધ સાક્ષી ચૈતન્યને પ્રકટ કર્યા પછી તે સાક્ષી ચૈતન્ય બ્રહ્મરૂપ વસ્તુ સાથે અભિન્ન છે, એ અનુભવ પ્રકટ થવામાં વિલંબ થતો નથી.

બુદ્ધિના શુદ્ધ રૂપનો અનુભવ થયા પછી પુરુષોત્તમ, પરમેશ્વર અને પરબ્રહ્મના શુદ્ધરૂપ સાથેનું તાદાત્મ્ય મહાવાક્યના પ્રબોધ વડે જેમ દીવાસળી ઘસાએ અને દીવો થાય છે, તેમ સત્વરે ઉદય પામે છે.

૦ દેશકાળ અને કાર્ય-કારણની મર્યાદામાં બંધાયેલું, પાશબદ્ધ થયેલું આપણું ચિત્ત, પિંડગત જીવનું બ્રહ્માંડગત ઈશ્વર સાથે તાદાત્મ્ય પ્રકટવા દેતું નથી, પરન્તુ દેશકાળ અને કાર્ય-કારણવાળા વસ્તુના સ્વભાવમાં એક જ નિયમ પ્રવર્તે છે, એટલું જો ચિત્ત સમજી શકે તો જીવ-ઈશ્વરના

ભેદનો ભ્રમ નાશ થાય. આથી પાશબદ્ધ ચિત્તને પાશ
કાપવાનો અમોઘ ઉપાય તે 'નાદાનુસંધાન' પણ છે.
પ્રણવનો નાદ કે ગુંજન કે ધ્વનિ ધારાબદ્ધ દશામાં થાય છે,
ત્યારે સ્થૂળમાંથી શૂન્ય, સ્પન્દ અથવા કોલ વિનાનું અર્ધું
કેન્દ્રભાગમાં રહેલું બિન્દુ સમાન જે તત્ત્વ પ્રગટ થાય છે.
આ શૂન્ય અથવા બિન્દુ જો કે સ્પન્દ અને કોલ વિનાનું
છે, તો પણ તેમાં અદ્ભુત જ્ઞાન, ક્રિયા, ઇચ્છાશક્તિનું
ગુપ્ત બળ એકત્રિત થયેલું રહેલ છે.

આ ગુપ્ત-અવ્યક્ત-ઘનીભૂત બળ પ્રણવની બિન્દુમાત્રામાં
રહેલું છે, તેથી તેનું બીજું નામ 'કારણબિન્દુ' પણ છે.
તે ખાલી ખોખું કે શૂન્ય નહિ, પરન્તુ સત્તાવાળું છે,
તેથી તેને 'સદ્બ્રહ્મ' અથવા 'સદાશિવ' કે પરાદેવતા કે
'શક્તિસહિત શિવ' કે 'સદાશિવ' પણ કહે છે.

'શબ્દબ્રહ્મ પરબ્રહ્મનું વાચક છે' એનો અર્થ એ થયો કે:
પરબ્રહ્મના કારણે જ શબ્દબ્રહ્મ પોતાનું કાર્ય કરે છે.
શબ્દબ્રહ્મમાં એકતા થવાથી પરબ્રહ્મ પ્રકટ થાય છે.
આસ્તિક અર્થ અહીં નિરૂપયોગી છે,
કેમકે તે વિચાર દ્વારા પ્રાપ્ત થાય છે.
અહીં પરબ્રહ્મની પ્રાપ્તિમાં વિચાર એ પ્રતિબંધક તત્ત્વ છે.

ભાષાવિજ્ઞાનના વિચારનો ત્યાગ કરી ભાષાના મૂળમાં પરા-
વાણીમાં ચિત્તની લીનતાથી પરબ્રહ્મની પ્રાપ્તિ સહજ બને છે.
જગતનું કારણબિંદુ જે સચ્ચિદઘન છે, તે *potential* છે.
કાર્ય કરવાને ઉન્મુખ તે *kinetic* છે,
તેને 'ઈશ્વરતત્ત્વ,' 'અપરબ્રહ્મ' કે 'શબ્દબ્રહ્મ-પ્રણવ' કહે છે.
શબ્દબ્રહ્મ ઓંકાર પોતે અર્થબ્રહ્મ-ઈશ્વરતત્ત્વને જગાવે છે,
તેથી 'પ્રણવ' શબ્દ પરમેશ્વરનો સહજ વાચક શબ્દ છે.
પરમેશ્વરના એ સુંદર અને રહસ્યવાળા નામના અર્થને
ઉકેલવાની પ્રક્રિયાને 'પ્રણવોત્કીલન' પણ કહેવાય છે.
પ્રણવની બિંદુમાત્રા પાંચમી અને નાદકલા ચોથી (અર્ધમાત્રા) છે.
ઉચ્ચારના ક્રમ વડે એ સમગ્ર પછી
આ 'સમસ્ત' પ્રણવ (ઓંકાર બ્રહ્મ)
વ્યસ્ત પ્રણવ એટલે કે ભેદ પામતો અક્ષર થાય છે.
આ ભેદાતા રૂપને અકાર, ઉકાર, મકાર એવી 3 માત્રાઓ છે.
પ્રથમ માત્રા ઉચ્ચારના ક્રમમાં 'કંઠમૂલ'માંથી જાગે છે,
તેથી તેને 'આદી' કે 'સૃષ્ટિમાત્રા' કહે છે.
બીજી માત્રા કંઠના મધ્યમાંથી જાગે છે,
તેથી તેને 'ઉન્મેષસ્થિતિ માત્રા' કે 'અંકુરકાઢતી માત્રા' કહે છે.
ત્રીજી માત્રા વાણીનાં સઘળાં સ્પર્શ સ્થાનોને પૂર્ણ કરી,

જે ટીકને બંધ કરી શબ્દનું પૂર્ણ માપ કે લય કરે છે,
તેથી તેને 'માનમાત્રા' અથવા 'લયમાત્રા' પણ કહે છે.
પ્રણવનો આ વ્યસ્ત = ભેદાયેલો ત્રિવર્ગ છે.
ત્રિવર્ગની સૃષ્ટિમાંથી તત્ત્વોની વિસૃષ્ટિ પ્રકટ થાય છે.
આ ત્રિવર્ગો અથવા ત્રિપુટીઓ પરસ્પર સંકલિત હોય
અને તેમાં સમસ્ત પ્રણવની ચોથી (તુરીય) નાદમાત્રા તથા
પાંચમી (તુરીયાતીત) બિન્દુમાત્રા અનુક્રમે
ઈશ્વરપદ અને સદાશિવપદને લગતી ગુંથાયેલી હોય છે,
પરંતુ ચોથા અને પાંચમા પદના અનુભવો જાગ્રત, સ્વપ્ન
અને સુષુપ્તિમાં રચાયેલા રહેનાર જીવને સ્ફુટ થતા નથી.
તે અનુભવો નિમેષકાળમાં રહે છે અને
અજ્ઞાન ભૂમિકામાં ઢંકાયેલા રહે છે.
ન્યાયમતે સંકેત ઈશ્વરેચ્છા કે
મનુષ્યેચ્છા - જીવેચ્છારૂપ છે.
સંકેત પદાર્થ જ્ઞાનરૂપ નહિ, પણ ઈચ્છારૂપ છે.
અયોગીને ૮ પ્રકારે સંકેતજ્ઞાન થઈ શકે:
शक्तिग्रहं व्याकरणोपमानकोशाप्तवाक्याद्व्यवहारतश्च
वाक्यस्य शेषाद्विवृतेर्वदन्ति सान्निध्यतः
सिद्धपदस्य वृद्धाः। (परिशिष्ट-२१)

યોગીઓને યોગજ પ્રત્યક્ષથી પણ સંકેતનું જ્ઞાન થઈ શકે.
વાચકશક્તિ અને વાચ્ય-વાચકસંબંધ એક જ વસ્તુ છે.
નૈયાયિકો મતે સંબંધ પ્રવાહતઃ અનાદિ છે.
તેને અનાદિ શબ્દરૂપ પણ કહે છે.
જૈન મતે તે સ્વાભાવિક સામર્થ્ય-આપ્તોચ્ચરિત સામર્થ્યરૂપ છે.
પ્રસિદ્ધ અર્થ ઉપરાંત
શાસ્ત્રકારોને સંમત અન્ય અર્થો પણ કાઢી શકાય.
જેનું ફળ યથાર્થ આવે તેવી વિવક્ષાને
ideal reality કહી શકાય.
ચિત્રકાર કે શિલ્પી પ્રથમ ચિત્ર કે રૂપને પોતાના જ્ઞાનમાં કે મગજમાં તૈયાર કરે છે. ઈજનેર પણ મકાન અથવા પુલ બાંધતાં પહેલાં પોતાના મનમાં રૂપરેખા તૈયાર કરે અને પછી તે મુજબ જ materialisation થાય છે, તેથી તે ideal reality કેવળ કલ્પના કે તરંગ નહિ,
પણ વાસ્તવિક કે સત્યરૂપ ગણાય છે.
'આત્મા એ જ સામાયિક.'
એમ દ્રવ્યાર્થિક અભેદનયને આલંબીને સંગ્રહનયનું કથન છે.
સામાયિકનું પ્રયોજન પણ આત્મા જ છે,
એ પર્યાયાર્થિકનયને આશ્રીને વ્યવહારનયનું કથન છે.

जीवो गुणपडिवन्नो नयस्स दव्वट्ठियस्स सामाइयं ।
सो चेव पज्जवट्ठियनयस्स जीवस्स एस गुणो ॥

– आ० नि, गा० २६४३

અર્થ: ગુણને પ્રાપ્ત થયેલ જીવ દ્રવ્યાર્થિકનયથી સામાયિક છે, તે જ સામાયિક પર્યાયાર્થિકનયથી જીવનો ગુણ છે. જીવત્વ સામાન્યને આગળ કરવાથી સમત્વ પ્રાપ્ત થાય, તે સંગ્રહનયમાં ગણાય. જીવત્વ સામાન્યને આગળ કર્યા વિના સામાયિકનો લાભ ન થાય. સર્વ જીવની ઉપર આપણો એકસરખો સમત્વભાવ સિદ્ધ થયેથી દરેક પુદ્ગલ ઉપર વૈરાગ્યભાવ સિદ્ધ થવામાં મદદ મળે છે, કારણકે વિષયનું યથાર્થ જ્ઞાન અને સ્વરૂપનું દર્શન છે.

0 अनलं = न विद्यते अलं यस्य ।

અર્થ: જેટલું નાંખો તેટલું ખાઈ જાય, તે અનલ.
વાસનાઓ અનલ સમાન હોય છે.

ઇંદ્રિયવૃત્તિરહિત જે ઉપશમ સુખ અત્યંત સારભૂત છે.
ઇંદ્રિયસુખવ્યાધિ પ્રતિકારતુલ્ય છે, જે અતિપ્રતિકૂળ છે, અર્થાત્ અધિક વ્યાધિ નિપજાવનાર છે.

સંસારી = વિષયાનંદી, ત્યાગી = આત્માનંદી.

દિવસોનો કદી દુકાળ નથી. કીર્તિ સારા કામોની સહચરી છે.

જે <u>નવકારનું શરણું લે છે, તે પામે ભવપાર રે</u>
દુનિયામાં દૂજો નહિ દીસે, તુજ સમો આધાર રે...
ડૂબતા પ્રાણી ને છે ઉગારી, તું હી જ તારણહાર રે... જે નવ૦
પરમેષ્ઠિ છે ઊંચા તુજમાં, પાંચ પાંચ ઉદાર રે...
અરિહંત સિદ્ધ અને આચારજ, પાઠક ને અણગાર રે... જે નવ૦
મંગલનું મંદિર છે તું હિ, તું ભવભંજનહાર રે...
ઇચ્છા સઘળી પૂરી કરતો, કલ્પવૃક્ષ અવતાર રે... જે નવ૦
જેના જેના હૈયે રમતો, ભમતો નહિ સંસાર રે...
તુજ ચરણે મુજ વંદન હોજો, શ્વાસોશ્વાસ હજાર રે... જે નવ૦

## <u>શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન</u>

તું હી સાહિબા રે મનમાન્યા, તું તો અકળ સ્વરૂપ જણાયો,
મનમાં કેમે ન માયો, શબ્દે બોલવા ઓળખાવ્યો,
શબ્દાતીત કરાયો. તું હી...(૧)
રૂપ નિરાળો પરિચય કીનો, રૂપમાંહિ નહીં આયો,
પ્રાતિહારજ અતિશય અહિનાણે, શરણમાં બુધે ન ભળાયો.
તું હી...(૨)
શબ્દ ન રૂપ ન ગંધ ન રસ નહીં, ફરસ ન વરણ ન વેદ,
નહીં સંસ્થા છેદ ન ભેદ ન, હાસ નહીં નહીં ખેદ.
તું હી...(3)
(ચાલુ...)

સુખ નહીં દુ:ખ નહીં વળી વાંછા નહીં,
નહીં રોગ શોગ ને ભોગ,
નહીં ગતિ નહીં થિતિ નહીં રતિ-અરતિ,
નહીં ગુરુ લઘુ ને શોગ. તું હી...(૪)

પુણ્ય ન પાપ ન બંધ ન દેહ ન,
જનમ ન મરણ ન ક્રીડા,
રાગ ન દ્વેષ ન કલહ ન ભય નહીં,
નહીં સંતાપ ન પીડા. તું હી...(૫)

અલખ અગોચર અજ અવિનાશી, અવિકાર નિરૂપાધિ,
પૂરણ બ્રહ્મ ચિદાનંદ સાહિબ, ધ્યાવો સહજ સમાધિ.
તું હી...(૬)

જે જે પૂજા તે તે અંગે, તું તો અંગથી દૂરે,
તે માટે પૂજા ઉપચારિક, ન ઘટે ધ્યાનને પૂરે.
તું હી...(૭)

ચિદાનંદ ઘન કેરી પૂજા, નિર્વિકલ્પ ઉપયોગ,
આતમ પરમાતમને અભેદે, નહીં કોઈ જડનો ભોગ.
તું હી...(૮)

રૂપાતીત ધ્યાનમાં રહેતાં, ચંદ્રપ્રભુ જિનરાજ,
માનવિજય વાચક ઈમ બોલે, પ્રભુ સરિખાઈ થાય.
તું હી...(૯)

नमो

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૫)**
દેહભાવ વડે દાસ છું, જીવભાવે તમારો જ અંશ છું, આત્મભાવે તું જ હું છું. આ પ્રમાણે મારી મતિ નિશ્ચિત છે. - રામાયણ

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૫)**
શાશ્વત આનંદરૂપ, અંધકારના સમૂહને દૂર કરવા સૂર્ય સમાન તથા સર્વજ્ઞ એવા જે કોઈ પરમાત્મા છે, તેમને નમસ્કાર થાઓ.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૮)**
બાહ્યાત્માને દૂર કરીને અંતરાત્મા વડે પ્રસન્નતાને ભજનારા યોગી, તન્મય થવા માટે સતત પરમાત્માનું ચિંતન કરે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૪૬)**
જેવી રીતે ઈન્દ્રિયોમાં પોતાના વિષયો તરફ આકર્ષવાની યોગ્યતા અનાદિથી પડેલી છે, તેવી જ રીતે સર્વ શબ્દોમાં સંબંધની યોગ્યતા છે.
શાસ્ત્રદ્રષ્ટિથી સંપૂર્ણ શબ્દબ્રહ્મને જાણી સ્વસંવેદ્ય પરબ્રહ્મને મુનિ અનુભવથી જાણે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૪૭)**
અનાદિ-અનંત બ્રહ્મશબ્દનું સ્વરૂપ અક્ષર પદાર્થરૂપ પરિણામ પામે છે, કારણકે જગતની આ પ્રક્રિયા છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૫૯)**
દુઃખેથી અટકાવી શકાય એવા રાગાદિ શત્રુઓના સમૂહને નિવારનાર, અરિહંત, યોગીનાથ, મહાવીર, રક્ષણ કરનારને નમસ્કાર હો.

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૬૩)**
આલંબનના આદરથી પ્રગટ થયેલા વિઘ્નક્ષયના યોગ તથા ધ્યાનાદિ ઉચ્ચારદશાથી યોગીઓને પડવાનું થતું નથી. - ધ્યાનાધિકાર, ૩૩

## નમો

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૬૬)**
જેનું ચિત્ત સર્વ જીવો પ્રત્યેની કરૂણા વડે ભીનું થયેલું છે, તે આત્માને જ્ઞાન, મોક્ષ કે જટા ને ભસ્મના લેપ વડે સર્યું (અર્થાત્ જીવો પ્રત્યેની કરૂણા મુખ્ય કર્તવ્ય છે).

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૬૭)**
મણી, મંત્ર, ઔષધિ આદિ પદાર્થોનું વીર્ય વિશેષથી આશ્ચર્યકારક અચિન્ત્ય જાણવું.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૮૪)**
જગતના જીવોમાં કર્મ નિમિત્તક વિવિધતા જ્યારે નજરમાં ન આવે (આત્મતત્ત્વ જ ધ્યાનમાં લેવાય), ત્યારે શુદ્ધનયની સ્થિતિ વડે અનાહત સામ્ય પ્રાપ્ત થાય છે. પોતાના ગુણથી પણ નિશ્ચલ એકત્વના અધ્યવસાયથી જેનું મન આત્મામાં રમણ કરે છે, તેને અનુત્તર સામ્ય પ્રાપ્ત થાય છે.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૧૧)**
વીતરાગ એવા પણ મુમુક્ષુઓ વડે ધ્યાન કરાતા આ દેવ સ્વર્ગ અને અપવર્ગનાં ફળને આપનારા છે, કારણકે તેમની તેવી શક્તિ છે. પરમાત્મા નામના તે દેવ શુદ્ધ બોધના પ્રભાવવાળા છે, અશરીરી એવા પણ તેઓ અનંતવીર્ય વડે સંસારથી છોડાવનાર છે.

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૧૧)**
હે દેવ! તમે જ માતા, તમે જ પિતા, તમે જ ભાઈ, તમે જ મિત્ર, તમે જ વિદ્યા, તમે જ ધન, તમે જ મારૂં સર્વસ્વ અને તમે જ મારા દેવ છો.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૧૬)**
આત્મસત્યના બોધ વડે જ્યારે કોઈ સંકલ્પ (વિકલ્પ) થતો નથી, ત્યારે અમનસ્તા (નિર્વિચાર) સ્થિતિ પામે છે, કેમકે ગ્રાહ્યના અભાવમાં તે ગ્રહણ વગરનો થાય છે.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૪૬)**
હવે સકલ જીવોને બોધ આપનારી વર્ણમાતૃકા કહીશું, જે ન મળે તો આખું જગત જડ રહે છે. આ વર્ણમાતૃકા વડે એક લાખ અથવા તેનાથી અડધા (૫૦,૦૦૦)વાર હોમ કરે, તે વ્યક્તિ સર્વ ઈચ્છિતો અને શ્રેષ્ઠ સિદ્ધિ એવા મોક્ષને મેળવે છે.

नमो

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૪૮ - ૧૪૯)**

નિવૃત્તિ આદિ પાંચ કલાઓ જીવની શક્તિઓ છે, તેથી પંચભૂતમય એવા દેહમાં ધ્યાન કરીને હે શિષ્ય! તેનો અનુભવ કર. નિવૃત્તિ એ તળીયાથી માંડીને ઘુંટણ સુધી રહેલી છે અને પ્રતિષ્ઠા જાનુથી નાભિ સુધી વ્યાપીને રહેલી છે. નાભિથી કંઠ સુધી વિદ્યા રહેલી છે, ત્યાર પછી શાંતિ. શાંત્યતીતા કલા જાણવી, કલાનો વ્યાપ આ રીતે જાણવો. સંહાર અને કૂમના યોગ વડે એક સ્થાનથી બીજા સ્થાને ગુરૂ. ભેગા કરીને વિદ્વાનની આજ્ઞા વડે તેને શિવ (મોક્ષ) સુધી અનુભવે છે. આ દિવ્ય ભાવને આપનારી કલા 'દિક્ષા' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૪૯)**

કલાને નાદમાં અને નાદને બીજા નાદમાં તથા નાદને અંતે ગુરૂ સ્થાપે. ત્યારપછી હ અને ક્ષ માં શિવને સંહરે અને તેને કલામાં સ્થાપન કરે.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૫૦)**

અકાર, ઉકાર મકાર - આ ૩ વેદમાંથી પાતાલલોક-મૃત્યુલોક-સ્વર્ગલોક બનાવ્યા છે.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૫૧)**

સર્વ પદાર્થોનું જ્ઞાતૃત્વ એ જ કર્તાપણું છે એ વાત જો માનો છો, તો તે અમારો મત છે, કેમકે અમારા સર્વજ્ઞ અશરીરી (સિદ્ધ) તથા શરીરધારી (અરિહંત) પણ છે.

**પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૫૨)**

તિર્યંચ, મનુષ્ય, દેવતાદિ પરસ્પર વિદ્યાર્થ-વિધાયકભાવ વડે પરસ્પર ઉપકાર કરે છે.

**પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૭૦)**

પ્રસન્ન, એકાગ્ર સ્થિતિપદ મેળવાય છે. ટીકાઃ કહેવાતા ઉપાયો વડે એકાગ્ર સ્થિતિપદ મેળવે છે. મૈત્ર્યાદિ ભાવના ન હોતે છતે તે ઉપાયો સ્થિતિ માટે સમર્થ થતા નથી.

**પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૨૦૮)**

વ્યાકરણ, ઉપમાન, કોશ, વાક્ય, વ્યવહાર, વાક્યના શેષ વિવરણ અને સાંન્નિધ્યથી સિદ્ધપદની શક્તિનું ગ્રહણ વૃદ્ધપુરૂષો માને છે.

नमो

# એકવીસમી સદીનો #હેશટેગ...

આજે સાંભરે છે મારી ૨૦ વર્ષની ઉંમરે કહેલું પૂજ્ય પંન્યાસજી મહારાજે કેઃ 'नंदी सया संजमे । સંયમમાં સદા આનંદ છે. આનંદનું ઉત્પત્તિ સ્થળ જ સંયમ છે!' ૨૧મી સદીની નવી પેઢી હવે કહે છેઃ જીવનમાં એક હેશટેગ - આનંદનો એક થીમ - એક મંત્ર તો હોવો જ જોઈએ, જે આપણી ક્ષણેક્ષણને રોજેરોજ વિલક્ષણ બનાવે! ખરે જ, મુજ જીવનનો એક હેશટેગ બની ગયો છેઃ **#everydayisphenomenal.**

પૂર્વના સૂરિજી ભગવંતોએ અધ્યાત્મવિરાસતને જાળવવાનું જે વ્રત લીધેલું, તેવું જ જીવનવ્રત પૂજ્ય પંન્યાસજી મહારાજે લઈને જાણે આપણી જ માટે પોતાની આંતરોપાસના ભરેલી દિવ્ય શબ્દાવલિ લખી! મન ઉપર રોજેરોજ તેઓના નવા વિચારોનો તેજલિસોટો અમીટ છાપ આંકે છે. આ રોજનીશીઓને જોતા, સ્પર્શતા, ખોલતા, વાંચતા, સમજતા, સંકલન કરતા અને તેમાં રહેલ હસ્તાક્ષરોમાં વીંટળાયેલ તત્ત્વરહસ્યનું અમૃત પીતા જે જે અનુભૂતિઓ થાય છે, તે ખરે જ અવર્ણનીય છે!

જગથી અલિપ્ત રહી, ગંભીર-ગહન સાધના દ્વારા અધ્યાત્મની અનુભૂતિનાં પરમોચ્ચ આકાશને આંબ્યા પૂજ્ય ગુરુમહારાજ! તેઓની પવિત્રતા અને દિવ્યતા એકબાજુ આનંદવિભોર કરી દે છે, તો બીજીબાજુ ઘણી ય વાર વહી જતાં પરિતૃપ્તિનાં હર્ષાશ્રુમાં કામ કરતાં-કરતાં થોભાવી દઈને મારા જ પૂણ્યની અનુમોદના કરાવે છે.

હસ્તાક્ષરોનો આ સમન્વયકારી સંપૂટ સૌ સાધકોમાં
ઉર્મિ છલકાવી તત્ત્વનાં બહુમાનમાં વૃદ્ધિ કરાવે તેવી અભિલાષા.

**ભારતી દિપક મહેતા**

॥ शुभम् भवतु ॥




ઉપર દર્શાવેલ ૫ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૦ - ૧૯૭૧ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

ॐ

ह्रीँ

ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ।

अर्हं

नमः ।



બીજનો ચંદ્ર



નીલકમલ



સ્વસ્તિક

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in